

શ્રી. આઉડાળ
ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા

હરિૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
સ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતદર્શન ગ્રંથમાળા — ૩

# શ્રી આણ્ડાળ

( દક્ષિણ ભારતની મહાન ભક્ત કવયિત્રી )

લેખક
ડૉ. ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર

શ્રીઆણ્ડાળ

SHREEANDAL

પ્રથમ સંસ્કરણ : ૧૯૮૪

પ્રત સંખ્યા : ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૨૮–૦૦

© : સરદાર પટેલ યુનિવર્સિટી

યોજના દાન : હરિૐ આશ્રમ, નડિયાદ.

મુદ્રક અને પ્રકાશક : રતિલાલ ઠક્કર
કુલ સચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

તિરુપ્પાવૈ જીયર

ગોદાગ્રજ

શ્રીરામાનુજાચાર્યને

# આમુખ

ભારતનાં મહાન સ્ત્રી–સંતોમાં તામિળનાડુનાં શ્રીઆણ્ડાળનું સ્થાન છે. ઉત્તર ભારતમાં જેમ ભક્ત મીરાંબાઇ તેમ દક્ષિણ ભારતમાં ભક્ત શ્રીઆણ્ડાળ સુપ્રસિદ્ધ છે. મીરાંની જેમ શ્રીઆણ્ડાળ ભગવાન શ્રીરંગનાથને વરેલાં અને પ્રેમલક્ષણા ભક્તિમાં આજીવન સતત નિમગ્ન રહેલાં.

'શ્રીઆણ્ડાળ' નામના આ પુસ્તકમાં તેમના પુનિત જીવન અને કવનનું સમુચિત પશ્ચાદ્ભૂ સહિત, સવિસ્તર નિરૂપણ થયું છે. અભ્યાસી લેખકે તેમાં તામિળનાડુના વૈષ્ણવ–આળવાર સંતો, તેમની ભક્તિપ્રણાલી, તેનો શ્રીઆણ્ડાળ પર પડેલો પ્રભાવ, તદનુરૂપ થયેલું તેમનું રોમાંચક જીવનઘડતર, તેમની ઉત્કટ પ્રભુપ્રીતિ, તેમાંથી સહજરૂપે પ્રગટેલાં પદો અને પુસ્તકો, તેમાં અભિવ્યક્ત વેધક ભાવ–બોધ વગેરેનું સમર્થન દૃષ્ટાંત–અવતરણ સહિત વિશદ વ્યવસ્થિત વિગતવાર આલેખન કર્યું છે. શ્રીઆણ્ડાળના પ્રેરક જીવન અને કવનનો તેમાંથી પર્યાપ્ત પરિચય મળી રહે છે. લેખકને તે માટે ધન્યવાદ ઘટે છે.

આવા ઉપયોગી પુસ્તકના પ્રકાશનમાં વિવિધરૂપે સહયોગ આપનાર સૌ કોઇનો–વિદ્વાન લેખકનો, સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અને તદઅંતર્ગત સંતદર્શન ગ્રંથશ્રેણીના પ્રકાશન માટે આવશ્યક અનુદાન આપનાર હરિૐ આશ્રમ, નડિયાદનો અને પ્રો. જશવંત શેખડીવાળાનો–હું વ્યક્તિગતરૂપમાં તેમ જ સરદાર પટેલ યુનિવર્સિટી વતી હાર્દિક આભાર માનું છું.

મને આશા છે કે –ઉત્તર ભારતમાં લગભગ 'અજાણ છતાં' જાણવા જેવાં –દક્ષિણનાં એક મહાન સ્ત્રી–સંત શ્રીઆણ્ડાળ વિશેનું આ પુસ્તક વાચકોને પ્રસન્નતા અને પ્રેરણા આપશે.

વલ્લભ વિદ્યાનગર
દેવ દિવાળી, ૨૦૪૧
તા. ૮–૧૧–૧૯૮૪

પ્રો. કિષ્નાલાલ એન. શાહ
કુલપતિ
સરદાર પટેલ યુનિવર્સિટી

### સલાહકાર સમિતિ :

૧. પ્રો. કે. એન. શાહ, કુલપતિ

૨. ડૉ. એચ. એમ. પટેલ

૩. ફાધર વાલેસ

૪. પ્રો. જે. એમ. શેખડીવાળા, મંત્રી

૫. ડૉ. ડી. ડી. જાડેજા

૬. ડૉ. એસ. આર. ત્રિવેદી

૭. ડૉ. ભોગીલાલ સાંડેસરા

૮. ડૉ. રમણલાલ સી. શાહ

# નિવેદન

ભગવાન શ્રીકૃષ્ણના ચરિત્રના બૃહદ્ ગ્રંથો 'શ્રીકૃષ્ણ : પુરુષોત્તમ અને અન્તર્યામી' તૈયાર થતા હતા તે દરમિયાન ભગવાન શ્રીકૃષ્ણના એટલે કે શ્રીવિષ્ણુના પરમ ભક્તો—દક્ષિણ ભારતના બાર વૈષ્ણવ આળવાર સંતોનાં ચરિત્રો અને તેમણે રચેલાં પદોના સંગ્રહ : 'નાલાયિર દિવ્ય પ્રબન્ધમ્'ના પરિચયમાં મારે આવવાનું થયું. તે પછી આળવાર સંતોના ચરિત્રો ઉપર એક પુસ્તિકા 'દક્ષિણના વૈષ્ણવ આળવાર ભકતો' લખી. એ પુસ્તિકાના મહત્ત્વના અંશો લેખમાળારૂપે જાણીતા સામયિક 'સંસ્કૃતિ'માં અન્યત્ર છપાયા છે. આળવાર સંતોના જીવન, સાધના અને કવન ઉપર તમિળભાષીઓ સહિત અન્ય ભાષાભાષીઓ સમક્ષ અનેક વ્યાખ્યાનો પણ મેં આપ્યાં. ત્યારબાદ 'દક્ષિણના વૈષ્ણવ આળવાર ભકતો' મોટા ગ્રંથરૂપે તૈયાર કર્યું અને તે મુંબઈના દૈનિક 'પ્રવાસી'માં કકડે કકડે છપાયું છે.

આળવાર સંતોનાં ચરિત્રો જ્ઞાન-ભકિત-પ્રપત્તિના કલ્યાણકર ગુણોથી પરિપૂર્ણ છે. તેમનાં જીવન સર્વભૂતદયા, સત્ય, નિરંતર ભગવદનુભવ અને ભગવાનની અનવરત નિષ્કામ, નિઃસ્વાર્થ સેવાની શ્રી અને સુરભિથી, સદા નવવિકસિત રહેતા કમળની જેમ સુશોભિત છે.

શ્રીઆણ્ડાળ આ બાર આળવારો પૈકીનાં એકમાત્ર સ્ત્રી આળવાર છે. મૂળ નામ તો કોદૈ અથવા ગોદા. ભગવાનની અપ્રતિમ પરમ એકાંતિક ભકિત વડે એ બાકીના અગિયારે આળવારોના સમૂહ કરતાં આગળ નીકળી ગયાં. એમણે અનાયાસ ભગવદનુભવ કર્યો. પોતે પહેરેલી માળાઓ ભગવાનને અર્પણ કરીને **શુડિકકોડુત્ત નાચ્ચિયાર** અર્થાત્ પહેરેલી માળાઓ ભગવાનને અર્પણ કરનારી દેવી, ધૃતમુકતમાલા દેવીનું બિરુદ પામ્યાં. ગોદા દેવીના નિષ્કામ, નિઃસ્વાર્થ પ્રેમથી હારીને અજિત ભગવાને ગોદા સાથે લગ્ન કર્યું, અને ગોદા માતા **શ્રીઆણ્ડાળ** એવા સાર્થક નામે ઓળખાયાં. આણ્ડાળ એટલે જેણે અત્યંત પ્રેમાભકિતથી ભગવાનને વશ કરી લીધા છે એવાં. એનો બીજો અર્થ છે સર્વરક્ષિકા—સર્વનું રક્ષણ કરનારાં. શ્રીઆણ્ડાળ શ્રીરંગનાયકી અર્થાત ભગવાનની પ્રિય પત્ની તરીકે પણ ઓળખાય છે.

વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સર્વધર્મદર્શન ટ્રસ્ટ તરફથી 'શ્રીઆણ્ડાળ' પુસ્તક લખવા માટે મને આમંત્રણ મળ્યું એટલે મેં આળવાર સાહિત્યનો સઘન અભ્યાસ કરવા માંડ્યો. તે માટે અનન્તાચાર્ય રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈના ડિરેક્ટર ડૉ. કે. કે. એ. વેંકટાચારીનો અને અમદાવાદના તમિળભાષી મિત્રોનો સંપર્ક કર્યો. અનન્તાચાર્ય રીસર્ચ ઈન્સ્ટિટયૂટ તરફથી મૂળ તમિળના હિન્દી લિપ્યંતર અને સંસ્કૃત તેમ જ હિન્દી ટીકાઓ સહિતના અનેક દુર્લભ ગ્રંથ મળ્યા. *The Holy Lives of Azvars* નામના ૧૯૦૨માં પ્રકટ થયેલા અને તે પછી અપ્રાપ્ય ગ્રંથની ફોટોસ્ટેટ નકલ પણ તે જ સંસ્થાએ આપી.* ન્યૂ ઈન્ડિયા જનરલ એશ્યુ. કં. લિ.ના મુંબઈ ખાતેના મેનેજર શ્રી. વી. આર. કે. ચારીએ મૂળ તમિળ સહિત ઘણાં ઉપયોગી પુસ્તકો આપ્યાં. ઉપર્યુક્ત બન્ને સજ્જનો સાથે રૂબરૂમાં પણ સારા પ્રમાણમાં વિચાર વિનિમય કર્યો. અમદાવાદના શ્રી એસ. પાર્થસારથિ જેઓ તમિળ ભાષાના સારા જાણકાર છે, તેઓ મૂળ તમિળ ગ્રંથો અને વિવિધ ટીકાઓ સાથે, આ પુસ્તકનાં લખાણોને વિવિધ સ્થાનોએ સરખાવીને વિશદ બનાવવામાં સહાયભૂત થયા છે. એમની સાથે વિસ્તારથી ચર્ચા–વિચારણા પણ કરી છે. તે સૌનો અને જુદી જુદી રીતે મદદરૂપ થવા બદલ શ્રી આર. પાર્થસારથિ, આઈ. એ. એસ., શ્રી એસ. સુન્દરમ્ અને પ્રો. અનંતરાય રાવળનો હું કૃતજ્ઞ છું.

મારા પુત્ર ચિ. મદનમોહને સંશોધન માટે જરૂરી પુસ્તકો મેળવવા વગેરે માટે પ્રેમથી જે મહેનત કરી તેની નોંધ અવશ્ય લેવી જ જોઈએ.

પુસ્તક લખવાનું આમંત્રણ આપવા માટે આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સર્વધર્મદર્શન ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળનો અને સરદાર પટેલ યુનિવર્સિટીનો હું આભારી છું.

બં. નં. ૨, સુદર્શન સોસાયટી,
વિભાગ–૨,
નારણપુરા રોડ,
અમદાવાદ ૩૮૦૦૧૩
તા. ૯–૧૦–૮૪. શરદ પૂર્ણિમા, ૨૦૪૦.

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

---

* આ ગ્રંથની રીપ્રિન્ટ તે જ સંસ્થાએ જૂન ૧૯૮૨માં પ્રસિદ્ધ કરી છે.

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૭ | ૪ | તરુવંતાદિ | તિરુવંતાદિ |
| ૩૧ | ૩ | ૪૦૦ | ૪૦૦૦ |
| ૪૪ | ૨૩ | ગોદાં | ગોદા |
| ૪૪ | ૨૩ | પાઠોંતર | પાઠાંતર |
| ૪૪ | ૨૩ | કોદાં | કોદા |
| ૪૪ | ૨૫ | મુચોऽભવત્ | મુવોऽભવત્ |
| ૫૦ | ૧૨ | તમે શેષશાયી! | શેષશાયી ! તમે |
| ૫૨ | ૨૦ | શ્રીષ્ટ્રણુનો | શ્રીકૃષ્ણુનો |
| ૫૭ | ૧૨ | નમ્પિને | નમ્પિન્નૈ |
| ૫૭ | ૧૭ | નમ્પિને | નમ્પિન્નૈ |
| ૫૭ | ૨૩ | નમ્પિને | નમ્પિન્નૈ |
| ૫૭ | ૨૮ | શિલપ્પધિકારમ્ | પછી (નૂપુરકાવ્ય)લખો |
| ૫૯ | ૩ | તિરૂપ્પાવૈ | તિરુપ્પાવૈ |
| ૫૯ | ૮ | તસ્યે | તસ્યૈ |
| ૫૯ | ૨૦ | ભાકત | ભકિત |
| ૬૦ | ૧૩ | આણ્ડાળરઙ્ગ કર્કુ | આણ્ડાળઙ્ગકર્કુ |
| ૬૦ | ૧૬ | રચ્ચોલ્લુ | ચ્ચોલ્લુ |
| ૬૨ | ૨૦ | મદિનિરન્દ | મદિનિરૈન્દ |
| ૬૨ | ૨૮ | શ્રી પી. શ્રી. | શ્રી. પી. પી. |
| ૬૫ | ૨૭ | દેષીના | દોષીના |
| ૬૬ | ૧૩ | સપન્નારા... | સંપન્નારા... |
| ૬૭ | ૮ | અપધૃષ્ય | અપ્રધૃષ્ય |
| ૬૭ | ૨૯ | કરીન | કરીને |
| ૬૭ | ૩૦ | રાપત્ | સંપત્ |

| | | | |
|---|---|---|---|
| ૯૧ | ૧૭ | पाथ | पार्थ |
| ૧૧૧ | ૫ | मर्यि | मयि |
| ૧૧૨ | ૧૯ | सरवीन्गु... | सखीन्गु... |
| ૧૧૨ | ૨૦ | सवकामांश्च | सर्वकामांश्च |
| ૧૧૨ | ૨૫ | 'ઉ' | 'ઉ' |
| ૧૧૩ | ૧ | ભગવત્પ્રાપ્તિ | ભગવત્પ્રાપ્તિ |
| ૧૧૪ | ૬ | भत्कः | भक्तः |
| ૧૧૪ | ૧૨ | પરબ્રહ્મ ! | પરબ્રહ્મ ! |
| ૧૧૪ | ૨૨ | સૌહાર્દ | સૌહાર્દ |
| ૧૧૫ | ૩ | કરીને પછી | અને શબ્દ ઉમેરો |
| ૧૧૯ | ૨૨ | 'શ્રી વૈકુણ્ઠગદ્ય' | 'શ્રી વૈકુણ્ઠગદ્ય' |
| ૧૨૧ | ૭ | ઉદ્દેશ | ઉદ્દેશ |
| ૧૨૭ | ૭ | 'આળવન્દારસ્ત્રોત્ર' | 'આળવન્દારસ્તોત્ર' |
| ૧૨૭ | ૨૯ | ज्ञातया | ज्ञातयो |
| ૧૨૮ | ૮ | विग्रहवान्घर्मा : | विग्रहवान्धर्मः |
| ૧૩૫ | ૮ | ઉદ્દેશવાળી | ઉદ્દેશવાળી |
| ૧૩૬ | ૧૬ | પાદયદ્મ | પાદપદ્મ |

# અનુક્રમણિકા


| અ. નં. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | નિવેદન | |
| ૧ | આળવારો | ૧ |
| ૨ | શ્રી આણ્ડાળ | ૪૪ |
| ૩ | તિરુપ્પાવૈ ( શ્રીવ્રત પ્રબંધ ) | ૫૯ |
| ૪ | નાચ્ચિયાર તિરુમોળિ ( ગોદા શ્રીસૂક્ત ) | ૧૩૪ |

# ૧ આળવારો

વૈષ્ણવ ભક્તિમાર્ગની સમૃદ્ધ પૃષ્ઠભૂમિકા ઉપર તમિળ પ્રદેશમાં આળવાર ભક્તોનો મોટો સમૂહ થઈ ગયો. 'આળવાર' એટલે પરમાત્માની ભક્તિમાં નિમગ્ન, સંત–ભક્ત–મહાત્મા. 'આળવાર' શબ્દનો બીજો અર્થ 'ભગવાનની ભક્તિમાં નિમગ્ન રહીને ભગવાનનો અનુભવ કરવાને કારણે ભગવાન ઉપર શાસન કરનાર,' એવો પણ છે. પ્રારંભમાં 'આળવાર' શબ્દ વૈષ્ણવ, શૈવ, જૈન સંતો અને ભગવાન બુદ્ધ માટે પણ વપરાતો; પરંતુ હવે તે કેવળ બાર પ્રમુખ વૈષ્ણવ ભક્તો માટે જ વપરાય છે. તેમનો સમય સામાન્યત: છઠ્ઠીથી નવમી સદી મનાય છે. તેમ છતાં કેટલાક વિદ્વાનો બીજીથી નવમી સદી પણ માને છે. શ્રીવૈષ્ણવ સંપ્રદાયની પ્રચલિત પરંપરા અનુસાર તેમનો સમય ઈ. સ. પૂર્વે ૪૨૦૩ થી ઈ. સ. પૂર્વે ૨૭૦૬ મનાય છે. આ આળવાર સંતોએ આધ્યાત્મિક રીતે અંધકારમાં ગોથાં ખાતા જનસમૂહમાં જ્ઞાન—ભક્તિ—પ્રપત્તિનો દિવ્ય પ્રકાશ રેલાવ્યો. તેમનાં જીવન ભગવદનુભવની સમૃદ્ધિથી ભરી દીધાં, અને સમાજજીવનનો, ચિરંજીવ સંસ્કારના સીંચન દ્વારા કાયાકલ્પ કરી દીધો.

શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યમાં (૧–૪૮) ભક્તિદેવી કહે છે: "હું દ્રવિડ પ્રદેશમાં ઉત્પન્ન થઈ, કર્ણાટકમાં વૃદ્ધિ પામી, મહારાષ્ટ્રમાં ક્યાંક ક્યાંક વૃદ્ધિ પામી અને (તે પ્રાચીન સમયની) ગૂર્જર ભૂમિમાં હું જીર્ણ થઈ."

વળી 'ભાગવત' ૧૧–૫–૩૮ થી ૪૦ માં કહ્યું છે:

'कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति सम्भवम् ।
कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥ ३८

क्वचित् क्वचिन्महाराज द्रविडेषु च भूरिशः ।
ताम्रपर्णी नदी यत्र कृतमाला पयस्विनी ॥ ३९

कावेरी च महापुण्या प्रतीची च महानदी ।
ये पिबन्ति जलं तासां मनुजा मनुजेश्वर ।
प्रायो भक्ता भगवति वासुदेवेऽमलाशयाः ॥ ४०

હે રાજન્ નિમિ ! સત્યયુગાદિની પ્રજા કળિયુગમાં પોતાનો જન્મ વાંછે છે; કારણકે કળિયુગમાં ક્યાંક ક્યાંક નારાયણપરાયણ ભક્તો ઉત્પન્ન થશે; અને દ્રવિડ પ્રદેશમાં તામ્રપર્ણી, કૃતમાલા ( વેગૈ ), પયસ્વિની ( પળાર ), મહાપવિત્ર કાવેરી અને પ્રતીચી મહાનદી છે ત્યાં તો મોટી સંખ્યામાં નારાયણપરાયણ—નારાયણના શરણાગત ભક્તો થશે. હે મનુજેશ્વર ! જે લોકો આ નદીઓનું જળ પીએ છે, એમનું અંતઃકરણ પ્રાયઃ નિર્મળ થાય છે અને તેઓ વાસુદેવના ભક્ત થાય છે.”

બાર આળવાર ભક્તો પૈકી પોય્ગૈ આળવાર, ભૂતત્તાળવાર, પેયાળવાર અને તિરુમળિસૈ આળવાર પયસ્વિની (પળાર) નદીના તટવર્તી પ્રદેશમાં જન્મ્યા હતા. નમ્માળવાર અને મધુરકવિ આળવાર 'તામ્રપર્ણી નદીના તટ-પ્રદેશમાં; કુળશેખર આળવાર મહાનદીના તટપ્રદેશમાં, તોણ્ડરડિપ્પોડિ આળવાર, તિરુપ્પાણ આળવાર અને તિરુમંગૈ આળવાર, કાવેરીના તટપ્રદેશમાં; અને પેરિયાળવાર અર્થાત્ વિષ્ણુચિત્ત આળવાર અને એમની પાલિત પુત્રી આણ્ડાળ કૃતમાલા ( વેગૈ ) નદીના તટપ્રદેશમાં જન્મ્યાં હતાં. એમ બારે બાર આળવાર ભક્તો ભાગવતે ઉલ્લેખ કરેલ નદીઓના તટવર્તી પ્રદેશમાં પ્રકટેલા તે સૂચક અને રસપ્રદ છે.*

નવધા ભક્તિ : શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસ્ય, સખ્ય અને આત્મસમર્પણ; તેમ જ ભક્તિના પાંચ પ્રમુખ ભાવ : શાન્ત, દાસ્ય, સખ્ય, વાત્સલ્ય અને મધુરનું આ બાર આળવાર સંતોના ચરિત્રમાં અને વાણીમાં ભવ્ય પ્રકટીકરણ થયું છે. આળવાર સંતોનો મધુરભાવ પરમેશ્વરની પત્નીનો છે, તે ખાસ લક્ષ્યમાં રાખવું જોઈએ.

---

* ડૉ. સિદ્ધેશ્વર ભટ્ટાચાર્યના મતે હાલ ઉપલબ્ધ થતું 'ભાગવત-પુરાણ' ત્રણ સંસ્કાર પામેલું છે. તેના પ્રથમ સંસ્કરણની રચનાનો કાળ આશરે ઈ. સ. પૂર્વે પહેલી સદીનો; બીજા સંસ્કરણનો ઈ. સ.ની ચોથી કે પાંચમી સદીનો અને ત્રીજા સંસ્કરણનો કાળ તમિળ સંતોની ભક્તિભાવસભર છાયા નીચે ઈ. સ.ની પાંચમી કે છઠ્ઠી સદીનો હશે. *Vide The Philosophy of the Shrimad Bhagavata, Pp. XIV, XV & 83.*

આ પુસ્તકના લેખકનું (ઉ. જે. સાં.નું) એમ ધારવું છે કે 'ભાગવત'ના અંતિમ સંસ્કરણનો કાળ બારેબાર આળવાર સંતો પછીનો હોવો જોઈએ. એમ હોય તો તેને નવમી સદી માનવી પડે.

આ આળવારોએ રચેલાં 'પાશુરમ્'—પદ તેમના જીવનકાળમાં ગ્રંથસ્થ થયેલાં નહિ. એમની રચનાઓનાં નામ, જે આજે પ્રાપ્ત છે, તે તેમણે આપેલાં હોય એમ જણાતું નથી. આળવારોનાં પદ જનતાની જિહ્વાગ્રે દીર્ઘકાળ સુધી રહ્યાં ખરાં, પરંતુ પછી ધીરે ધીરે ભુલાવા માંડયાં. શ્રીવૈષ્ણવ સંપ્રદાયના પ્રથમ સમર્થ આચાર્ય શ્રીનાથમુનિ અથવા શ્રીરંગનાથમુનિએ (ઈ. સ. ૮૨૪—૯૨૪) નવમી સદીના અંતે ભારે પરિશ્રમ કરી આળવારોની રચનાઓનો સંગ્રહ કરીને સંકલન કર્યું. એમણે એ સર્વ ગાથાઓનાં રચના કરનાર, વિષય અને છંદના આધારે અલગ અલગ નામ આપ્યાં. વેદોની જેમ એ ગાથાઓ ગાવાની વ્યવસ્થા કરી. આળવારોનાં ભકિતગાનોની રચનાઓનો સંગ્રહ 'નાલાયિર દિવ્ય પ્રબન્ધમ્' (ચાર હજાર દિવ્ય પ્રબન્ધ) નામે ઓળખાય છે. નિષ્ઠાવાન વૈષ્ણવો એને 'અરુળિચ્ચેયળ' (વરદવાણી) એવું નામાભિધાન આપે છે; અને માને છે કે શ્રીવૈષ્ણવ ધર્મનાં ત્રણે રહસ્ય—તિરુમંત્ર, દ્વયમંત્ર અને ચરમશ્લોકનું એમાં ભાષ્ય છે. દક્ષિણ ભારતમાં શ્રીવૈષ્ણવો એને 'દ્રાવિડ વેદ' કહે છે; એટલું જ નહિ પણ એને સાક્ષાત્ વેદ માને છે. કેટલીક વખત તે સંસ્કૃત વેદો કરતાં એને વધારે મહત્ત્વ આપે છે.

'દિવ્ય પ્રબન્ધમ્'માં ૨૪ ગ્રંથ છે. આશરે એક એક હજાર પદોના ચાર ભાગોમાં તે વિભકત છે. નીચેની તાલિકામાં પ્રથમ પ્રબન્ધનું નામ, પછી કૌંસમાં કર્તાનું નામ અને છેલ્લે ગાથા સંખ્યા આપી છે.

## ૧. પ્રથમ હજાર અંતર્ગત દિવ્યપ્રબન્ધ

| | | ગાથા સંખ્યા |
|---|---|---|
| ૧. | તિરુપ્પલ્લાણ્ડુ (વિષ્ણુચિત્ત આળવાર) | ૧૨ |
| ૨. | પેરિયાળવાર તિરુમોળિ (વિષ્ણુચિત્ત આળ્વાર) | ૪૬૧ |
| ૩. | તિરુપ્પાવૈ (શ્રીઆણ્ડાળ) | ૩૦ |
| ૪. | નાચ્ચિયાર તિરુમોળિ (શ્રીઆણ્ડાળ) | ૧૪૩ |
| ૫. | પેરુમાળ્ તિરુમોળિ (કુલશેખર આળવાર) | ૧૦૫ |
| ૬. | તિરુચ્ચન્દવિરુત્તમ્ (ભકિતસાર અથવા તિરુમળિસૈ આળવાર) | ૧૨૦ |
| ૭. | તિરુમાલૈ (તોણ્ડરડિપ્પોડિ અથવા ભકતાંઘ્રિરેણુ આળવાર) | ૪૫ |
| ૮. | તિરુપ્પળ્ળિયેળુચ્ચિ ( ,, ,, ,, ) | ૧૦ |
| ૯. | અમલનાદિપિરાન્ (તિરુપ્પાણ અથવા મુનિવાહન આળવાર) | ૧૦ |
| ૧૦. | કણ્ણિનુણ્ શિરુત્તામ્બુ (મધુરકવિ આળવાર) | ૧૧ |
| | | ૯૪૭ |

શ્રીવૈષ્ણવ સંપ્રદાયના તિરુમંત્ર—મૂળ મંત્ર ૐ નમો નારાયણાયનું રહસ્ય આ પ્રથમ સહસ્રગીતિ શીખવે છે. તેમાં એકથી નવ સુધીના દિવ્ય પ્રબન્ધ પ્રણવ અર્થાત્ ૐ કારનું અને દશમો દિવ્ય પ્રબન્ધ 'નમઃ'નું રહસ્ય શીખવે છે. આ પ્રથમ હજારને 'મુદલાયિરમ્' કહેવાની રૂઢિ છે.

## ૨. દ્વિતીય હજાર અંતર્ગત દિવ્ય પ્રબન્ધ

| | | | |
|---|---|---|---|
| ૧. | પેરિય તિરુમોળિ | (તિરુમંગૈ આળવાર) | ૧૦૮૪ |
| ૨. | તિરુકકુરુન્તાણ્ડકમ્ | | ૨૦ |
| ૩. | તિરુનેડુન્તાણ્ડકમ્ | | ૩૦ |
| | | | ૧૧૩૪ |

આ ત્રણે પ્રબંધ તિરુમંગૈ આળવાર—પરકાળ આળવારે રચેલા છે, અને તે મૂળમંત્રના ત્રીજા પદ 'નારાયણાય'નું રહસ્યોદ્ઘાટન કરે છે.

## ૩. તૃતીય હજાર અંતર્ગત દિવ્ય પ્રબન્ધ

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રથમ તિરુવન્તાદિ (પોય્ગૈ આળવાર) | | ૧૦૦ |
| ૨. | દ્વિતીય તિરુવન્તાદિ (ભૂતત્તાળવાર) | | ૧૦૦ |
| ૩. | તૃતીય તિરુવન્તાદિ (પેયાળવાર) | | ૧૦૦ |
| ૪. | નાન્મુકન તિરુવન્તાદિ (તિરુમળિસૈ આળવાર) | | ૯૬ |
| ૫. | તિરુવૃત્તમ્ | (નમ્માળવાર અથવા શઠકોપ આળવાર) | ૧૦૦ |
| ૬. | તિરુવાશિરિયમ્ | | ૭ |
| ૭. | પેરિય તિરુવન્તાદિ | | ૮૭ |
| ૮. | તિરુવેળુકૂર્રિરુકકૈ | (તિરુમંગૈ અથવા પરકાળ આળવાર) | ૧ |
| ૯. | શિરિય તિરુમડલ | | ૪૦ |
| ૧૦. | પેરિય તિરુમડલ | | ૭૮ |

આ ઉપરાંત શ્રી રામાનુજાચાર્યના એક શિષ્ય શ્રીરંગમ્નિવાસી અમુદન(અમૃત)એ ગુરુ આચાર્ય શ્રી રામાનુજની સ્તુતિ કરવા માટે તમિળ ભાષામાં 'રામાનુજ નૂટ્રન્તાદિ' નામથી ૧૦૮ પદ રચેલાં તેનો પણ આ વિભાગમાં સમાવેશ કરેલો છે.

| | | | |
|---|---|---|---|
| ૧૧. | રામાનુજ નૂટ્રન્તાદિ (અમુદન) | | ૧૦૮ |
| | | | ૮૧૭ |

આ તૃતીય સહસ્રગીતિ 'ચરમશ્લોક'નું રહસ્યોદ્‌ઘાટન કરે છે. ચરમશ્લોક અર્થાત્ શ્રીમદ્ ભગવદ્‌ગીતા અધ્યાય ૧૮, શ્લોક ૬૬.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

સર્વ ધર્મોને છોડીને તું મારા એકના જ શરણે આવ. હું તને સર્વ પાપોથી મુકત કરીશ. તું શોક ન કર.

આ શ્લોક ભગવદ્‌ગીતાનો અતિ મહત્ત્વનો છેલ્લો શ્લોક હોઈ 'ચરમ-શ્લોક' કહેવાય છે.

તૃતીય સહસ્રગીતિના શ્લોકોનું, ભગવાનની ઉત્સવમૂર્તિની નગરપરિક્રમા વખતે વેદોની જેમ પારાયણ કરવામાં આવે છે. આ સહસ્રગીતિ 'ઈયર્પા' એટલે અગેય કાવ્ય છે.

## ૪. ચતુર્થ હજાર અંતર્ગત દિવ્ય પ્રબન્ધ

૧. તિરુવાય્‌મોળિ (નમ્માળવાર અથવા શઠકોપ આળવાર) ૧૧૦૨

૧૧૦૨

ચતુર્થ સહસ્રગીતિ 'દ્વય મંત્ર'નું રહસ્યોદ્‌ઘાટન કરે છે.

દ્વય મંત્ર આ પ્રમાણે છે :

(१) श्रीमन्नारायणचरणौ शरणं प्रपद्ये ।
(२) श्रीमते नारायणाय नमः ।

પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ હજાર પ્રબન્ધ 'ઈશૈપ્પા' એટલે લલિત-ગેય કાવ્ય છે.

આળવારોની દિવ્ય વાણી કહે છે કે શ્રીભગવાન કેવળ પરમાત્મા, પ્રકાશ અને પ્રેમ જ નથી; એ તો પ્રમુખપણે દયાઘન, કરુણાસાગર અને ભકતવ્યામુગ્ધ છે. એ વાણી પ્રપત્તિ, ભકિત, સત્સંગ, ગુરુમહિમા, પંચેન્દ્રિયનો સંયમ અને શરીરની નશ્વરતાના વર્ણનની સાથે શ્રીકૃષ્ણની અલૌકિક દિવ્ય રૂપમાધુરી અને લીલાઓનું હૃદયંગમ વર્ણન કરે છે. આળવારો સર્વ અવતારોને સમાન ગણે છે તો પણ તેમણે શ્રીરામ અને શ્રીકૃષ્ણના અવતારોનું ગાન વિસ્તારથી કર્યું છે; અને તેમાં પણ શ્રીકૃષ્ણાવતાર અંગેનો વિસ્તાર પ્રમાણમાં મોટો છે.

આળવારોનું જીવનવૃત્ત સંક્ષેપમાં આ પ્રમાણે છે :

## ૧. પોય્ગૈ આળવાર; ૨. ભૂતત્તાળવાર; અને ૩. પેયાળવાર.

બાર આળવારોમાં સૌથી પ્રાચીન ત્રણ : પોય્ગૈ આળવાર, ભૂતત્તાળવાર અને પેયાળવાર. ભગવાનની અનુભૂતિના પ્રસારમાં આ ત્રણ આળવાર, અન્ય આળવારોના પથપ્રદર્શક છે તેથી તેઓ 'પ્રથમ ત્રણ આળવાર' કહેવાય છે. એમને 'મુનિત્રય' સંજ્ઞાથી પણ ઓળખવામાં આવે છે. એ ત્રણમાં પણ પોય્ગૈ આળવારને 'આદિકવિ' કહે છે.

ત્રણે આળવાર સમકાલીન પણ એકબીજાને પિછાનતા નહોતા. એક વખત પોય્ગૈ આળવાર યાત્રા કરતાં કરતાં તિરુકકોઈલૂર નામના ગામમાં ગયા. ત્યાં મંદિરમાં ભગવાનની સેવાપૂજા કરી. એવામાં સાંજ પડી. ભારે વરસાદ પડવા માંડયો. પોય્ગૈ આળવારને એક નાનીથી ઝૂંપડીમાં આશ્રય મળ્યો. ઝૂંપડીમાં કેવળ એક જ માણસ સૂઈ શકે એટલી જગ્યા હતી. સૂતાં સૂતાં સંત ભગવાનનું ધ્યાન–સ્મરણ કરવા લાગ્યા, એવામાં કોઈએ બારણાં ખખડાવ્યાં. મુશળધાર વરસતા વરસાદની અંધારી રાત્રે રહેવા માટે આશ્રય માગ્યો. પોય્ગૈ આળવારે બારણાં ખોલી આગંતુક ભૂતત્તાળવારને 'આ કુટીમાં એક માણસ આરામથી સૂઈ શકે છે, પણ બે માણસ બેસી શકે છે.' કહીને અંદર લીધા. બન્ને ભકતો ભગવાનના ગુણાનુવાદ ગાવા લાગ્યા. એવામાં વળી બીજા એક માણસે કુટીનાં બારણાં ખખડાવ્યાં, અને આશ્રય માગ્યો. પોય્ગૈ આળવારે આવનાર પેયાળવારને 'આ કુટીમાં બે માણસ બેસી શકે છે. પરંતુ ત્રણ માણસ ખુશીથી ઊભા રહી શકે છે,' કહીને અંદર દાખલ કર્યા. ત્રણે ભકતો ઊભા ઊભા ભગવત્સ્મરણ કરવા લાગ્યા. ત્યાં તો તેમણે અનુભવ્યું કે ત્રણની વચ્ચે કોઈ ચોથો મનુષ્ય પેસીને ભીડ કરે છે. ત્રણે જણા વિચારવા લાગ્યા કે, કોઈ દેખાતું તો છે નહીં ! પરંતુ એકાગ્ર ચિત્તે ધ્યાન કરતાં એમને ભગવાન નારાયણનાં દર્શન થયાં. ભકતોએ શરીરનું સાન–ભાન, 'હું' પણાનું ભાન, ગુમાવી દીધું. નારાયણે વરદાન માગવા કહ્યું. આળવારોએ માગ્યું: "હે પ્રભો ! અમને આપનું નિરંતર સ્મરણ રહે અને અમે આપનાં ગુણગાન ગાયાં જ કરીએ."

ભગવાન વર આપતાં બોલ્યા : "તમે મને પ્રેમપાશમાં બાંધી દીધો છે. હું તમારાં હૃદયને છોડીને કયાં જઈ શકું એમ છું ?"

ત્રણે આળવારોએ ભગવાન નારાયણના મહિમાનાં સો સો પદ ગાયાં. આ ઘટનાનો નિર્દેશ પોય્ગૈ આળવારના એક પદમાં ( 'મુદલ તિરુવંતાદિ,' ૮૬ ) મળે છે. આ પદો—ભજનો—પાશુરમ્‌ને 'જ્ઞાનપ્રદીપ' ( તરુવંતાદિ ) કહે છે. રામાનુજી વૈષ્ણવો આ પદોને ઋગ્વેદનો સાર માને છે.

પોય્ગૈ આળવારનાં એકસો પાશુરમ્‌નું નામ 'મુદલ તિરુવંતાદિ' છે. ભૂતત્તાળવારનાં એકસો પાશુરમ્‌નું નામ 'ઈરણ્ડમ તિરુવંતાદિ' (દ્વિતીય જ્ઞાનદીપ) છે. પેયાળવારનાં એકસો પાશુરમ્‌નું નામ 'મુન્દામ તિરુવંતાદિ' ( તૃતીય જ્ઞાનપ્રદીપ ) છે. ત્રણેની રચનાઓ 'દિવ્ય પ્રબન્ધમ્'ના તૃતીય હજારમાં છે.

ત્રણે આળવારોના જીવન વિશે ખાસ માહિતી સાંપડતી નથી. એમની રચનાઓના આધારે એમ લાગે છે કે ત્રણે આળવારો ઉત્કૃષ્ટ વૈષ્ણવ સંત હતા. પોતાના સાદા, નિર્લોભ, પંચેન્દ્રિયોના સંયમથી પવિત્ર અને ભકિતથી પરિપૂર્ણ રસાળ જીવન અને વાણીથી પ્રજાને ભગવદભિમુખ કરતા. ભકિતનો પ્રસાર કરવા ખૂબ પરિભ્રમણ કરતા અને 'જ્ઞાનપ્રદીપ' દ્વારા અજ્ઞાનાંધકાર દૂર કરતા.

આ ત્રણે આળવારો પૈકી પેયાળવારે, તિરુમળિસૈ આળવાર સાથે શાસ્ત્રાર્થ કરી તેમને પરાજિત કરીને પરમ વૈષ્ણવ ભકત બનાવેલા એમ કહેવાય છે. તિરુમળિસૈ પહેલાં શૈવ હતા.

આ ભકતોએ ગાયું :

ભગવાનના સમાન સ્પૃહણીય આ જગતમાં કશું નથી. આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, ગ્રહો, દિશાઓ, નક્ષત્રો, વેદ અને વેદના આશય સર્વ કંઈ એ જ છે. નારાયણનું દર્શન કરવું એ જ માનવજીવનનું અંતિમ લક્ષ્ય છે. ધનથી સંતોષ કે સુખ નહિ મળે. એ તો ભગવાનનાં દર્શનથી જ મળે. ભગવાનનો અનુગ્રહ જ પ્રાણીમાત્રની રક્ષા કરી શકે. ભગવાન જ જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનનું સાધન છે. સાંસારિક વિષયવાસનાઓમાં ભટકતા મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરો. એકાંતભાવથી નારાયણને ઉપાસો. ભકતોને દર્શન દેવા માટે તો ભગવાન સગુણ રૂપ ધારણ કરે છે. એની મધુર ભકિતમાં જે સુખ અને શાન્તિ છે તે સંસારની નાશવંત વસ્તુઓમાં કયાં છે ?

ભગવાન કેટલા સુલભ છે એમ ગાતાં આળવાર કહે છે :

ભક્ત જે રૂપ ઇચ્છે છે તે એનું રૂપ છે. જે નામ ભક્તને ગમે છે તે એનું નામ છે. ભક્ત જે રીતે ઉપાસના કરે તે રીતે ચક્રપાણિ વિષ્ણુ એના ઉપાસ્ય બને છે.

ભગવાનનું નામોચ્ચારણ કરવા માટે મુખમાં જિહ્વા છે, જેને ખોળવાની આવશ્યકતા નથી. જપ કરવા માટે મીઠું 'નારાયણ' નામ છે. પોતાની પાસે જ રહેલા સાધન વડે ભગવાનને પ્રાપ્ત કરવાનું છોડીને લોકો દિશાભ્રમથી અવળા માર્ગે કેમ ચાલતા હશે ?

જેમ લતા વૃક્ષોનો આધાર ખોળે છે એમ મારું મન પણ ભગવાનનાં ચરણોનો આધાર ખોળે છે. એના પ્રેમમાં જે સુખ છે તે નશ્વર વિષયોમાં ક્યાં છે ? પ્રભો ! હવે એવી કૃપા કરો કે મારી વાણી કેવળ તમારું જ ગુણગાન કરે, મારા હાથ કેવળ તમને જ પ્રણામ કરે, મારાં નેત્ર સર્વત્ર તમને જ નીરખે, મારા કાન તમારા જ ગુણોનું શ્રાવણ કરે, મારું ચિત્ત તમારું જ ચિંતન કરે અને મારા હૃદયને તમારો જ સ્પર્શ થયા કરે.

તપ કરવા માટે પર્વતોમાં જવાની, જળમાં ઊભા રહેવાની કે પંચાગ્નિનો તાપ વેઠવાની કંઈ જરૂર નથી. સર્વેશ્વરનાં ચરણોમાં ભક્તિભાવથી ફૂલ ચઢાવીને બે હાથ જોડો, એટલે પાપ પોતે જ 'અહીં મારે રહેવાની જગ્યા નથી,' એમ વિચારીને નાસી જશે.

પોય્ગૈ આળવારનો ( સંસ્કૃત નામ સરોયોગી ) જન્મ કાંચીપુરમ્ ( કાંજીવરમ્ )માં થયો હતો. ભૂતત્તાળવારનો ( સંસ્કૃત નામ ભૂતયોગી ) જન્મ મહાબલિપુરમ્માં અને પેયાળવારનો (સંસ્કૃત નામ મહાયોગી કે ભ્રાન્તયોગી) જન્મ મદ્રાસના મયલાપુર નામના લત્તામાં થયો હતો. પરંપરા અનુસાર પોયગૈ આળવાર પાંચજન્ય શંખના અવતાર મનાય છે; અને કાંચીપુરમ્ના હેમાબ્જિની નામના સરોવરમાં સુવર્ણકમળમાંથી અશ્વિન માસના શ્રાવણ નક્ષત્રમાં તેઓ જન્મ્યા હતા. કાંજીવરમ્ના દેવ—સરોવરમાં એક મંદિર છે. એ મંદિરમાં પોય્ગૈ આળવારની આંખો બીડીને પડખાભેર સૂતેલી ધ્યાનસ્થ મૂર્તિ છે. ભૂતત્તાળવાર કૌમોદકી ગદાના અવતાર મનાય છે; અને મલ્લપુરી કે મહાબલિપુરમ્માં ( તિરુક્કડલ્મલૈ ) સમુદ્રતટે નીલોત્પલમાંથી (કેટલાકના મતે માધવી

પુષ્પમાંથી) અશ્વિન માસના ધનિષ્ઠા નક્ષત્રમાં જન્મ્યા હતા. પેયાળવાર શ્રીવિષ્ણુના નન્દક ખડ્ગના અવતાર મનાય છે; અને મયૂરપુરીમાં (મયલાપુર) લતિકાહ્રદ નામના કૂવામાંના શ્વેતકમળમાંથી (કેટલાકના મતે રક્ત કમળમાંથી) અશ્વિન માસના શતભિષા (શતતારા) નક્ષત્રમાં તેમનો જન્મ થયો હતો. પેયાળવાર જન્મેલા કહેવાય છે. તે કૂવો આજે પણ બતાવવામાં આવે છે. આમ પોયગૈ આળવાર કરતાં અન્ય બે આળવાર એકેક દિવસ નાના હતા.

ઉપર્યુક્ત ત્રણે આળવાર સંભવત: પાંચમી અથવા છઠ્ઠી સદીમાં થયેલા છે, જો કે કેટલાકના મતે તેઓ ચોથી અથવા પાંચમી સદીમાં થયેલા છે.

## ૪. તિરુમળિસૈ આળવાર (ભક્તિસાર)

કાંચીપુરમ્ નજીક તિરુમળિસૈ (મહીસરપુર) નામના તીર્થમાં આ ભક્તનો જન્મ. ભાર્ગવ મહર્ષિ અને કનકાંગીના પુત્ર. માતાપિતાએ પુત્રનો નેતરના વનમાં ત્યાગ કરી દીધો. એમ કહેવાય છે કે બાળક વિકલાંગ હોઈ તેનો ત્યાગ કરેલો. જ્યારે બીજી પરંપરા અનુસાર પિતા મુનિ અને માતા અપ્સરા (વારાંગના ?) હતી, તેથી માતાએ તેનો ત્યાગ કરી દીધેલો. એ ગમે તે હોય પણ બાળક નેતરના વનમાંથી તિરુવાળન નામના વ્યાધને મળ્યો: વ્યાધ એને ઘેર લઈ ગયો, અને એમ બાળક વ્યાધને ત્યાં ઊછર્યો. તિરુમળિસૈ આળવારે સ્વરચિત પદમાં એક સ્થાને પોતાને નિમ્ન જ્ઞાતિના કહ્યા છે.

એમ કહેવાય છે કે આ બાળક કોઈ સ્ત્રીનું સ્તન્યપાન નહોતો કરતો, ત્યારે એક વૃદ્ધ પુરુષે આને અસાધારણ બાળક માનીને ગાયનું દૂધ પાવા માંડયું. બાળક દૂધ પી રહે તે પછી વધેલું દૂધ વૃદ્ધ પુરુષ અને તેની પત્ની પી જતાં. પ્રસાદના દૂધના પ્રભાવે ઉંમરલાયક દંપતીને કણિકણ્ણન્ નામનો પુત્ર જન્મ્યો. આ કણિકણ્ણન્ પછી તિરુમળિસૈ આળવારનો પટ્ટશિષ્ય બન્યો.

ભક્તિસાર પ્રથમ તો કટ્ટર શૈવ હતા અને તેમનું નામ પણ શિવવાક્ય હતું. એમણે શૈવ સંપ્રદાય ઉપર કેટલાક ગ્રંથ લખ્યા હતા, અને તેઓ શૈવ સંપ્રદાયનો પ્રચાર કરતા. પરંતુ તેમને વિદ્વાન પેયાળવાર સાથે વાદવિવાદ થયો. તેમાં પરાજિત થતાં તેઓ પેયાળવારના શિષ્ય થયા અને નામ તિરુમળિસૈ રાખ્યું. એ પછી તે શૈવ, જૈન, બૌદ્ધ આદિ મતોના વિરોધી અને વૈષ્ણવ

ધર્મના પાકા સમર્થક બની ગયા. એમની રચનાઓ જોતાં તેઓ મહાવિદ્વાન છે એમ દેખાઈ આવે છે. એમણે મહાભારત, રામાયણ, વિષ્ણુપુરાણ, જૈન અને બૌદ્ધ શાસ્ત્રો, સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, મીમાંસા વગેરે દર્શનો અને પાંચરાત્ર શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરેલો. એમની રચનાઓમાં પાંચરાત્ર ધર્મના ચતુર્વ્યૂહનો નિર્દેશ મળે છે. એમણે પોતે જ એક સ્થાને લખ્યું છે: “મેં શાકત શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, જૈન ધર્મમાં હું ઊંડો ઊતર્યો, શૈવ આગમોનું મેં ઊંડું અધ્યયન કર્યું; પરંતુ હવે સદ્‌ભાગ્યે મેં શ્યામ મેઘ જેવા સુંદર ભગવાનનાં ચરણોમાં આશ્રય લીધો છે, એટલે હવે મને કશાનો ડર નથી.”

એમણે ભગવાન શ્યામસુંદરની પ્રાર્થના કરી : “હે પ્રભુ ! તમે મને જન્મમરણના ચક્રમાંથી છોડાવો. મેં તો મારી ઈચ્છા તમારી ઈચ્છામાં વિલીન કરી દીધી છે. મારું ચિત્ત સદા તમારાં ચરણોનું જ ધ્યાન કર્યા કરે છે. તમે જ આકાશ, પૃથ્વી અને પવન છો. તમે જ મારા સ્વામી, પિતા, માતા અને રક્ષક છો. તમે જ શબ્દ અને અર્થ છો. તમે વાણી અને મનથી અગોચર છો. આ જગત તમારામાં રહેલું છે અને તમારામાં જ લીન થઈ જાય છે. તમારામાં જ પ્રાણીમાત્ર ઉત્પન્ન થાય છે, જીવે છે. અને પુનઃ વિલીન થાય છે. દૂધમાં ઘીની જેમ તમે સર્વત્ર વિદ્યમાન છો.”

ગજેન્દ્ર સરોવરના તટ ઉપર એમણે વર્ષો સુધી ધ્યાનયોગનો અભ્યાસ કર્યો. એવામાં એક દેવે આવીને વરદાન માગવા કહ્યું. આળવારે દેવતાને પૂછ્યું: “શું તમે મને મુકિત આપી શકો છો? શું તમે કોઈનું આયુષ્ય વધારી શકો છો?” દેવે ના પાડી. આળવારે પૂછ્યું: “તો તમે શું કરી શકો છો?” દેવ બહુ ગુસ્સે થયા, પણ તિરુમળિસૈનું કંઈ બગાડી શકયા નહિ. છેવટે એમની ભકિત અને યોગશકિત જોઈને ‘ભકિતસાર’ નામ આપ્યું. અન્ય પરંપરા અનુસાર દયાળુ નારાયણ ભગવાને, તિરુમળિસૈને વિભૂતિ સહિત પોતાનું રૂપ—આત્મરૂપ, વિશ્વરૂપ દેખાડયું ત્યારથી એમનું નામ ‘ભકિતસાર’ પડયું.

ભકિતસાર સિદ્ધ યોગી હતા. કોઈ એક કોંકણસિદ્ધ નામના રસવાદીએ લોખંડમાંથી સોનું બનાવવાની વિદ્યા શીખવી તેમનું ભલું કરવા ચાહ્યું. પરંતુ ભકિતસારે તેની વિદ્યા શીખવાને બદલે પોતાના શરીરને ચોંટેલી રજના

સ્પર્શથી પથ્થરમાંથી સોનું બને છે તે બતાવીને રસવાદીની વિદ્યાની વિફળતા બતાવી. સંભવ છે કે ભક્તિસારે ભગવદ્‌ભક્તિની મહત્તા અનુભૂતિના સ્પર્શ સહિત પ્રસ્થાપિત કરી હશે.

એક જનશ્રુતિ અનુસાર ભક્તિસાર જે ગુફામાં રહેતા તે ગુફાની સફાઈ એક વૃદ્ધા કરતી, તેમાં લીંપણગુંપણ કરી પુષ્પાક્ષતથી પૂજન કરી સજાવતી. સમાધિમાંથી જાગેલા ભક્તિસાર વૃદ્ધાની સેવા જોઈ પ્રસન્ન થયા. વૃદ્ધાએ વર માંગતાં તેને સૌન્દર્યપૂર્ણ તરુણી બનાવી દીધી. એના અનુપમ લાવણ્યથી આકર્ષાઈને કાંચીના તત્કાલીન વૃદ્ધ પલ્લવ રાજાએ એની સાથે લગ્ન કર્યું. લગ્ન પછી તે યુવતીના સૌંદર્યને રાજાએ વધતું જોયું એટલે વયોવૃધ્ધ રાજાને પણ યુવાન થવાની લગની લાગી. ભક્તિસારના શિષ્ય કણિકણ્ણન્ ગામમાં ભિક્ષા માગવા જતા. તેમને બોલાવ્યા. પોતાની યુવાન બનવાની ઈચ્છા વ્યક્ત કરીને ભક્તિસારને મહેલમાં બોલાવી લાવવા જણાવ્યું. કણિકણ્ણન્‌એ રાજાજ્ઞા ન સ્વીકારી. ચિડાયેલા રાજાએ સંતને ભિખારી કહી પોતાની સ્તુતિ કરવા હુકમ કર્યો. કણિકણ્ણન્‌એ જવાબમાં કહ્યું : “ મારી વાણી શ્રીહરિ વિના બીજા કોઈનીય સ્તુતિ કરવાની ચેષ્ટા સુદ્ધાં પણ કરતી નથી.” બદલામાં રાજાએ કણિકણ્ણન્‌નેં દેશનિકાલની સજા કરી. શિષ્યે આવીને ગુરુને વાત કરી. એટલે ગુરુ પણ શિષ્યની સાથે નગર છોડવા તૈયાર થયા. મંદિરમાં જઈને ભગવાનને પ્રાર્થના કરી: ‘‘હે વત્સલ ભગવાન ! કણિકણ્ણન્ આ નગર છોડીને જાય છે એટલે એની સાથે મારે ય જવું પડશે. તો તમે પણ તમારી શેષશય્યા લપેટીને અમારી સાથે ચાલો ! ”

બન્ને ગુરુ—શિષ્યે નગર છોડયું. બન્ને ગયા કે શહેર શ્રીવિહીન, અંધકારમય જણાવા લાગ્યું. રાજા પસ્તાયો. આવીને બન્નેની ક્ષમા માગી. આળવાર પાછા વળ્યા. ભગવાનને પુનઃ પ્રાર્થના કરી : “ તમારા ભક્તે જવાનું બંધ રાખ્યું છે, તો તમે પણ પાછા પધારી શેષશય્યા પર પોઢો.” બન્ને પોતાના નિવાસસ્થાને પહોંચ્યા. કાંજીવરમ્‌માં આજે પણ આ જગ્યાએ વેગાસેતુ નામથી વિખ્યાત ‘ યથોક્તકારી ’ ભગવાનનું મંદિર છે.

તિરુમળિસૈ એક વાર કુમ્ભકોણમ્ યાત્રાએ ગયા. ત્યાં મંદિરમાં બ્રાહ્મણો વેદપાઠ કરતા હતા. આળવારને, આ તો હલકી કોમનો છે સમજીને બ્રાહ્મણોએ વેદપાઠ બંધ કર્યો. બ્રાહ્મણોનું મન પારખીને ભક્ત ઊઠીને બીજે ચાલ્યા ગયા.

હવે બ્રાહ્મણો વેદપાઠ શરૂ કરવા લાગ્યા, પણ પાઠ કયાંથી બંધ કર્યો તે યાદ આવે જ નહિ ! બ્રાહ્મણો ભૂલ સમજ્યા. ભકતમાં ભગવાનનાં દિવ્ય દર્શન કરી ભકતની ક્ષમા માગી. નમસ્કાર કર્યા. આળવારે તેમને જ્યાંથી પાઠ બંધ કર્યો હતો તે વેદવચન દર્શાવ્યું.

નમ્ર તિરુમળિસૈ પ્રસિદ્ધિથી દૂર ભાગતા. એમનાં પદોની પ્રસિદ્ધિ વધવા માંડતાં એમણે પદોની પોથીઓ કાવેરીમાં પધરાવી દીધી; પરંતુ બે પોથીઓ નદીના કિનારે પાછી આવી તે બચી. પોતાનાં પદોથી અસંતુષ્ટ થઈને કવિ–ભકતે તેને નદીમાં વહેવડાવી દીધાં હોય એમ સંભવે. બચેલા એક પુસ્તકનું નામ ‘નાન્મુકન તિરુવન્તાદિ’ ( ચતુર્થ જ્ઞાનપ્રદીપ ) છે. તેમાં ૯૬ પદ છે. બીજાનું નામ ‘ તિરુચ્ચન્દવિરુત્તમ્ ’ છે. તેમાં ૧૨૦ પદ છે.

એમણે ગાયું : “મારો જન્મ ઉચ્ચ વર્ણમાં થયો નથી. મેં કલ્યાણકર વેદોનું અધ્યયન કર્યું નથી. મન અને ઈન્દ્રિયોને વશ કરવાના ઉપાયની મને ખબર નથી, એટલે વિષયો મને સતાવે છે. મધુર ભજન ગાતાં ય મને આવડતું નથી. હું તો સાધનહીન છું. આથી આપનાં ઉજ્જવળ ચરણકમળ વિના મારે કોઈ આધાર—આશ્રય નથી.”

“હે મારા મન ! ભગવાન માતા—પિતાની જેમ હિતકારી છે. સ્વામીની જેમ એ રક્ષા કરે છે. એ જ મુકિત દેનારા છે. એ આપણાં સાંસારિક દુ:ખ ટાળનારા છે. આમ છે તો તું શા માટે દુ:ખમાં દટાયું છે ?”

“ઊર્ધ્વલોક, ભૂતલ, સાત કુલપર્વત, સાત મહાસાગર—એ સર્વને ગળી જઈ વટદળ ઉપર શયન કરનારા હે કમળસદશદિવ્યાવયવ ! હે અંત:મધુથી પરિપૂર્ણ, હે શીતળ તુલસીમાલાધારી ! મથુરાની કુબ્જાની વક્રતા દૂર કરનારા વિજયી ધનુર્ધર તો આપ જ છો ને !” (તમારા શરણમાં પડેલા ભકતોની વક્રતા પણ દૂર કરો. )

“ભગવાનની કૃપાથી મુકિત મળે છે. ભગવાનની કૃપા થતાં મનુષ્ય અજેય થાય છે. મનુષ્યનું શ્રેષ્ઠ ધન ભગવત્પ્રેમ છે. વેદોનો સાર ભગવાન છે. સ્તુતિ અને પૂજાને યોગ્ય એકમાત્ર નારાયણ જ છે. સંસારનું આદિ કારણ એ જ છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એ જ છે. ઉપાય અને ઉપેય—પ્રાપ્ત કરવાનું ફળ એ જ છે. નારાયણ સર્વ છે. નારાયણ અમારું સર્વસ્વ છે.”

"ભ્રમરપરિવૃત સુશીતળ તુલસીમાળાથી અલંકૃત આશ્ચર્યશક્તિયુક્ત હે ભગવન્ ! ક્ષીરસાગરમાં શયન કરવાની સાથે સાથે ભક્તોના હૃદયસાગરમાં પણ વિરાજતા હે સાગરશ્યામ ! નીચ એવો હું, પવિત્ર થઈને અથવા અપવિત્ર રહીને આપની સેવા કરતાં કરતાં આપની જે સ્તુતિ કરું છું, તે સર્વની આપ આપના ચિત્તથી ક્ષમા કરીને મારા ઉપર અનુગ્રહ કરો."

'નાન્મુકન તિરુવન્તાદિ'માં વિરહિણીની જેમ ભગવાનને મળવાની આતુરતા પ્રકટ કરેલી છે. ભગવાન અને ભક્તની વચ્ચે વિરહિણીની આતુરતા અને મિલનના ભાવ આળવારોના સાહિત્યમાં તિરુમળિસૈની રચનામાં પ્રથમ વાર મળે છે. 'તિરુચ્ચન્દવિરુત્તમ્' માં શ્રીનારાયણના પરત્વ અને સૌલભ્યની સુલભતાની સ્થાપના કરવામાં આવી છે. ભગવાનના અન્તર્યામી સ્વરૂપ અને અર્ચાવતારનું એમાં હૃદયંગમ વર્ણન છે.

તિરુમળિસૈ આળવારને ભગવાનના સુદર્શન ચક્રના અવતાર માનવામાં આવે છે. એમનો જન્મ પોષ માસના મઘા નક્ષત્રમાં થયેલો મનાય છે. એમનો સમય સાતમી સદીની શરૂઆતનો હોય એમ લાગે છે.

## ૫. કુલશેખર આળવાર

ચેર વંશના, કોલ્લિનગરના (કેરલમાં આવેલું વર્તમાન ક્વિલોન) દઢવ્રત નામના નિ:સંતાન પરંતુ ધર્માત્મા રાજાએ પુત્રપ્રાપ્તિ માટે નારાયણનું તપ કર્યું. ભગવાન નારાયણની કૃપાથી પુત્રરત્નનો જન્મ થયો. દઢવ્રતે એને કુળનો મુગટ માન્યો અને કુલશેખર નામ રાખ્યું. વૈરાગ્ય અને ભક્તિના ચેતનવંત વાતાવરણમાં તેને ઉછેરવાની વ્યવસ્થા કરી. થોડાક જ સમયમાં કુલશેખર તમિળ અને સંસ્કૃતના આરૂઢ વિદ્વાન થઈ ગયા. એમણે વેદો, વેદાન્ત, રાજનીતિ, ધનુર્વેદ અને આયુર્વેદનો ઊંડો અભ્યાસ કર્યો. સંગીત નૃત્ય વગેરે અનેક કળાઓમાં પારંગત થયા. કુલશેખર રાજ્ય ચલાવવા માટે યોગ્ય થતાં જ પિતા દઢવ્રત તેમને રાજ્યારૂઢ કરીને ભગવદ્ભક્તિ કરવા વનમાં ચાલ્યા ગયા. કુલશેખર શ્રી રામચંદ્રજીના અનન્ય ભક્ત હતા અને રામચંદ્રજીની જેમ પુનર્વસુ નક્ષત્રમાં જન્મેલા. શ્રીવૈષ્ણવ સંપ્રદાયના વિદ્વાનો તમિળમાં શ્રી રામચંદ્રજીને પેરુમાળ્ (=ભગવાન) કહે છે. તેથી કુલશેખર આળવારને કુલશેખર પેરુમાળ્ કહેવાની પરંપરા છે. સંક્ષેપમાં તેમને પેરુમાળ્ કહે છે. આને કારણે એમણે રચેલા તમિળ ગ્રંથનું નામ 'પેરુમાળ્ તિરુમોળિ' પડ્યું છે.

રાજ્યાસને બિરાજ્યા પછી આજુબાજુનાં રાજ્યોને જીતીને કુલશેખરે રાજ્યનો વિસ્તાર કર્યો; પરંતુ બાલ્યાવસ્થાથી જ ભગવત્કથાઓનું અમૃતપાન કર્યું હોવાને કારણે અને પોતે વિભવાવતારોમાં અનન્ય રામભકત હોવાને કારણે એમણે રામરાજ્ય જેવું શાસન પ્રવર્તાવ્યું. પ્રજાના ભૌતિક અને આત્મિક દારિદ્રયને દૂર કરવા પ્રબળ પુરૂષાર્થ કર્યો. શરીર સિંહાસન ઉપર બેસતું પણ ચિત્ત હતું શ્રી રામચંદ્રના ચરણકમળોમાં; અને અર્ચાવતારોમાં એ શ્રીરંગનાથની અને શ્રીવેંકટેશની ભકિત કરતા. ચિત્ત વિષયોમાં તો જાય જ શાનું ? એ વિચાર્યા કરતા : 'આ નેત્ર કયારે ભગવાનના ત્રિભુવનસુંદર મંગળ સ્વરૂપનાં દર્શન કરીને કૃતાર્થ થશે ? મારું મસ્તક ભગવાન રંગનાથનાં ચરણોમાં કયારે ઝૂકશે ? મારું હૃદય પુંડરીકાક્ષ ભગવાનના મુખારવિંદને નિહાળીને કયારે દ્રવી જશે ? ભગવાન રંગનાથ અને એમનાં ભકતોનાં દર્શન ન થાય તો આ નેત્રોને શું કરવાનાં ? ભગવાનના ભકતોની ચરણરજ મને કયારે પ્રાપ્ત થશે ? બુદ્ધિશાળી તો તે જ છે જે શ્રીનારાયણની પાછળ ઘેલા થઈને ફરે છે; અને જે નારાયણનાં ચરણોનું વિસ્મરણ કરીને સાંસારિક વિષયોમાં લુબ્ધ થાય છે તેઓ તો પાગલ છે.'

આમ નિરંતર પ્રાર્થના ચાલ્યા કરતી. એક રાત્રિએ ભગવાન નારાયણનાં એમને દર્શન થયાં. આળવારનો કાયાકલ્પ થઈ ગયો. સદા ભગવદ્દભાવમાં લીન રહેવા લાગ્યા. રાજ્યસુખ ફીકું પડી ગયું. સંસારી લોકોનો સંગ એમને કષ્ટદાયી થઇ પડયો. ભકતોનો સંગ કરવાની લગની લાગી. સત્સંગ આગળ સ્વર્ગનાં સુખ પણ તુચ્છ જણાવા લાગ્યાં.

તેઓ શ્રીરામચંદ્રજીની દાસ્યભાવે ઉપાસના કરતા. એમના જીવનની એક ઘટના ખૂબ જાણીતી છે:

એક વખત કુલશેખર રામાયણની કથા એકાગ્ર ચિત્તે સાંભળતા હતા. કથામાં સીતાની રક્ષા માટે લક્ષ્મણને મૂકીને એકલા રામચંદ્રજી ખર અને દૂષણની ચૌદ હજાર રાક્ષસોની વિપુલ સેના સામે લડવા ગયા તે પ્રસંગ આવ્યો. કથાવાચક બોલ્યા : "એકલા ધર્માત્મા રામ ભયંકર કર્મ કરનારા ચૌદ હજાર રાક્ષસો સામે લડવા જાય છે; આનું પરિણામ શું આવશે ?"

કથા સાંભળવામાં તન્મય કુલશેખર ભૂલી ગયા કે આ તો કથા ચાલે છે. એ તો સમજ્યા કે ભગવાન શ્રીરામ અત્યારે જ એકલા, ચૌદ હજાર રાક્ષસોના સૈન્ય સામે યુદ્ધ કરવા નીકળી પડયા છે. આ વસ્તુ ભકતરાજ શી રીતે સહન કરી શકે ? એ તો ઊઠીને ઊભા થયા. આવેશમાં આવીને શંખ

બજાવ્યો. સેનાનાયકને શ્રી રામચંદ્રજીની મદદે કૂચ કરવા હુકમ કર્યો, ત્યાં તો કથાકારના મુખે રાજાએ સાંભળ્યું : "એકલા શ્રીરામે ખર–દૂષણ સહિત સમગ્ર રાક્ષસસેનાનો સંહાર કર્યો." કુલશેખરને શાન્તિ મળી. સેનાને પાછી વાળવા આજ્ઞા કરી.

રામકથાના બીજા એક પ્રસંગે શ્રીરામની મદદે જઈ લંકામાંથી સીતાજીને લાવવા તેમણે પ્રયાણ કરેલું; અને સમુદ્રમાં કૂદી પડવાની તૈયારીમાં હતા; પરંતુ ત્યારે એમને ભગવાન શ્રીરામચંદ્રની અનુભૂતિ થઈ. વિજયી રામચંદ્રજી, રાવણનો વધ કરી, સીતાજી સાથે પાછા આવી ગયા તેમ એમણે અનુભવ્યું. અનુભૂતિના દિવ્ય રસાયણથી રસાઈને તેઓ મહેલમાં પાછા આવ્યા.

કુલશેખરાળવારના મનમાં શ્રીરામ અને ભક્તો પ્રત્યે અગાધ આદર અને ભક્તિ હતાં. જ્યારે મંત્રીઓ અને કુટુંબીજનોએ જોયું કે મહારાજા રાજકાજ ભૂલીને નિરંતર ભક્તિમાં રમમાણ રહે છે અને વૈષ્ણવોની વચ્ચે જ પડયાપાથર્યા રહે છે, ત્યારે રાજાને વૈષ્ણવો પ્રત્યે અભાવ પેદા કરવા મંત્રીઓએ રાજભંડારમાંથી એક મૂલ્યવાન હીરો ગૂમ થયો હતો તેની ચોરીનો આરોપ વૈષ્ણવ ભક્તો ઉપર મૂકયો. પરમ શ્રદ્ધાળુ રાજાને નિર્મળ વૈષ્ણવોના સદ્વર્તનની જાણ હતી. રાજાએ એ જ વખતે બંધ ઘડામાં વિષધર સાપ મંગાવ્યો : "જે કોઈને વૈષ્ણવ ભક્તે ચોરી કરી હોય એવી શંકા હોય તે આ ઘડામાં હાથ નાખે. જો આરોપ સાચો હશે તો સાપ તેને ડસશે નહિ, અને જો વૈષ્ણવ અપરાધી હોય તો સૌથી પહેલો હું જ ઘડામાં હાથ નાખું છું, સાપ મને દંશ દેશે;" કહીને એમણે ઘડામાં હાથ નાખ્યો. સાપે કંઈ કર્યું નહિ. મંત્રીઓ શરમાયા. રાજાની ક્ષમા માગી. છેવટે ગુમ થયેલો હીરો પણ મળી આવ્યો.

રાજાનું મન સંસારમાંથી ઊઠી ગયું. એમણે શ્રીરંગમ્ વગેરે તીર્થોની યાત્રાએ જવાનું વિચાર્યું. શ્રીરંગનાથની ઉપાસના કરવાની તીવ્ર આકાંક્ષાથી એમના મુખમાંથી ઉદ્ગાર નીકળી પડતા : "કાવેરીના તટે આવેલા શ્રીરંગમ્ નગરમાં હું કયારે જઈશ ? અને શેષશય્યા ઉપર સૂતેલા ઈન્દ્રનીલમણિ જેવી શ્યામ કાન્તિવાળા શ્રીરંગનાથ ભગવાનની ઉપાસના કરતાં કરતાં, હે મધુસૂદન ! હે નારાયણ ! હે હરે ! હે મુરારે ! હે ગોવિંદ ! વગેરે નામોનું કીર્તન કરતાં મારા આયુષ્યના બાકીના દિવસો કયારે વિતાવીશ ?" જેટલીવાર રાજા યાત્રાની તૈયારી કરતા એટલીવાર મંત્રીઓ અને કુટુંબીજનો કોઈ નવા વૈષ્ણવ ભક્તને

રાજા પાસે મોકલતા. એટલે ભક્તનો સત્કાર કરવા રાજા રોકાઈ જતા! અને શ્રીરંગમ્ જવાની ઘોષણા ખાલી ઘોષણા જ બની રહેતી! તેથી રાજાની પ્રશસ્તિમાં કહેવાયું : "જેના નગરમાં દરરોજ શ્રીરંગયાત્રાની ઘોષણા થાય છે તે રાજા કુલશેખરને હું શિર ઢાળીને પ્રણામ કરું છું." પરંતુ છેવટે આળવાર પોતાની તીવ્ર ઉત્કંઠા રોકી ન શકયા, અને રાજ્યસુખ છોડીને તીર્થયાત્રાએ નીકળી પડ્યા, દક્ષિણ ભારતના રિવાજ અનુસાર પુત્રનું નામ દાદાની જેમ દઢવ્રત' હતું. તેનો રાજ્યાભિષેક કર્યો. શ્રીરંગમ્ ગયા. ત્યાં પુત્રી ઈલાનાં લગ્ન શ્રીરંગનાથ સાથે કર્યાં. કેટલોક વખત ત્યાં રહીને પછી તિરુપતિ, મથુરા, વૃન્દાવન, અયોધ્યા વગેરે સ્થાનોની યાત્રા કરી, પુનઃ શ્રીરંગમ્ આવ્યા. શ્રીકૃષ્ણ અને શ્રીરામની લીલાઓનાં પદ રચ્યાં. એમ ભગવાનના અનન્ય શરણાગત બનીને ૬૭ વર્ષની ઉંમરે જીવનલીલા સંકેલી લીધી.

કુલશેખર આળવારના ચરિત્રની તુલના 'ભાગવત'માંના અનન્ય ભક્ત રાજા અંબરિષ સાથે કરી શકાય.

ભગવાનના શરણમાં પડેલા આ ભક્તે ભગવાન પાસે માગ્યું : "મને શરીરસુખની, ધનની, વિશાળ સામ્રાજ્યની કે ઈન્દ્રપદની કામના નથી. મારી તો એવી કામના છે કે શંખરાજ પાંચજન્ય ધારણ કરનારા હે વેંકટાદ્રિનાથ! તારા સ્નાન કરવાના સરોવરનો મને એક બગલો બનાવી દે; અથવા તારા કોઈ જળાશયની એક માછલી બનાવી દે; અથવા હે ચક્રાયુધ! તારી સુવર્ણની પાનદાની ઉપાડનાર સેવક બનાવી દે; અથવા હે ક્ષીરાબ્ધિશાયી! તારા બગીચામાં મને ચંપાનું વૃક્ષ બનાવી દે તો હું તારી દરરોજ પૂજા કરી શકું; અથવા મને તું ગમે તે વૃક્ષનો જન્મ આપ; અથવા મને વેંકટાદ્રિનો એક પત્થર બનાવ; અથવા વેંકટાદ્રિમાંના તારા ઉદ્યાનમાં જળનું નિર્ઝર બનાવ; અથવા તારી યાત્રા કરવા માટેનો મને માર્ગ બનાવ; **અથવા મારી તો ઈચ્છા છે કે હે તિરુમાલ! (હે શ્રીપતિ!) હે વેંકટાદ્રિનાથ! મને તારા નિજમંદિરનો ઉંબરો બનાવી દે, એટલે તારા ભક્તોની ચરણરજ મારા મસ્તક ઉપર પડયા કરે અને તે સાથે તારા પરવાળા જેવા સુંદર અધરોનું મને નિરંતર દર્શન થયાં જ કરે."**

ભગવાને ભક્તની અંતરની ઇચ્છા પૂર્ણ કરી. આજે પણ દક્ષિણનાં સર્વ શ્રીવૈષ્ણવ મંદિરોમાં ભગવાનની નજર સમક્ષના પગથિયાંને – ઉંબરાને, 'કુલશેખરપ્પડિ' — કુલશેખર પગથિયું કહે છે.

કુલશેખર આળવાર શ્રીવિષ્ણુના વક્ષઃસ્થળના કૌસ્તુભ મણિનો અવતાર ગણાય છે. માઘ માસના પુનર્વસુ નક્ષત્રમાં તેમનો જન્મ થયેલો. તેમનો રાજ્યકાળ ૭મી કે ૮મી સદીમાં હશે. પરંપરા અનુસાર તેમનો જન્મ કલિયુગના ૨૭મા વર્ષમાં થયેલો મનાય છે.

આ આળવારની બે રચનાઓ મળે છે. તમિળમાં 'પેરુમાળ્ તિરુમોળિ.' તેમાં દશ દશકમાં ૧૦૫ પદ છે. બીજી સંસ્કૃતમાં 'મુકુન્દમાલા.' 'મુકુન્દમાલા' સંસ્કૃતનું સર્વોત્તમ સ્તોત્રકાવ્ય મનાય છે. 'આશ્રમભજનાવલિ'માં 'મુકુન્દમાલા' માંથી ચૂંટેલા બાર શ્લોકો લીધા છે. સામાન્ય રીતે 'મુકુન્દમાલા'ના ૪૦ શ્લોક મનાય છે; પરંતુ ડો. ગોવર્ધનનાથ શુકલએ સંપાદિત કરેલી 'મુકુન્દમાલા'માં ૬૨ શ્લોક છે.

આ અનન્ય શરણાગત ભક્તે માતાના વાત્સલ્યભાવનું પરિપૂર્ણ નિદર્શન કરાવતું હાલરડું ગાયું છે : "હે કૌશલ્યાના જાયા! હે રાવણનાં દશે મસ્તક કાપનારા! હે નીલમણિસદશ સ્વામી! હે અમૃતસ્વરૂપ! હે રાઘવ! હાલા, હાલા.[1] હે પરિમલયુક્ત કેશોવાળી કૌશલ્યાના તનય! હે રાજર્ષિ જનકના જમાઈ! હે દશરથનંદન! હે નાથ! મારા સમગ્ર રાજવંશ માટે અમૃતતુલ્ય પરમભોગ્ય! હે રાઘવ! હાલા, હાલા. હે કમળપુષ્પમાં બ્રહ્માને સર્જનારા! હે સમગ્ર સૃષ્ટિના સરજનહાર! હે મૈથિલીના પ્રાણનાથ! હે ભ્રમરનિનાદિત તિરુકકણપુરના સ્વામી![2] હે શરચાપધર! હાલા, હાલા..."

"માતા ખીજવાઈને બાળકને ખોળામાંથી ઉતારી મૂકે તોપણ બાળકનું ચિત્ત તો માતામાં જ હોય છે, અને એને જ યાદ કરીને તે રડે છે અને તરફડે છે. એ જ રીતે હે નાથ! તમે મારી ગમે તેટલી ઉપેક્ષા કરો અને મારાં દુઃખ તરફ ધ્યાન ન આપો, તોપણ હું તમારાં ચરણ છોડીને ક્યાંય જવાનો નથી. તમારાં ચરણ સિવાય મારી બીજી કોઈ ગતિ જ નથી. તમે મને ગમે તેટલો ધુત્કારશો તોપણ તમારાં ચરણ છોડીને બીજે જવાની વાત મારા મનમાં આવવાની નથી. તમે ભલે મારા તરફ નજર સરખી પણ ન ફેંકો, મને તો કેવળ તમારી કૃપાનો જ આધાર છે. ચિકિત્સક રોગીના ઘાને

---

૧. તમિળમાં શબ્દ છે 'તાલેલો.' એનો અર્થ 'સુખે પોઢી જા,' એવો છે.
૨. તિરુકકણપુર દક્ષિણ ભારતનું શ્રીવૈષ્ણવ તીર્થધામ છે. અહીં શૌરિરાજ ભગવાનનું મંદિર છે.

ગમે તેટલો કોચે પરંતુ સહનશીલ અને સમજુ રોગી તો તેનો વિરોધ નહિ જ કરવાનો; એ રીતે હે માયાપતિ! તમે મને ગમે તેટલું કષ્ટ આપશો તોપણ હું તો તમારી કૃપા જ યાચવાનો. હું કંઈ બીજા તરફ જોવાનો નથી. તમારાં ચરણ છોડીને હું જવાનો પણ કયાં? જેમ મધદરિયે ઘૂમતા જહાજનો કાગડો ચોમેર ફરી ફરીને પાછો જહાજ ઉપર જ આવી જવાનો, એમ હું પણ તમારાં ચરણ મૂકીને અન્યત્ર નહિ જવાનો. સૂર્ય કમળને ગમે તેટલું તપાવે પણ કમળનું મુખ તો સૂર્યના તરફ જ રહેવાનું. તમે ભલે મારાં કષ્ટો દૂર ન કરો, મારું હૃદયકમળ તો તમારી હૂંફથી ખીલવાનું. વાદળાં ભલે ખેડૂતને ભૂલી જાય પણ ખેડૂત તો અનિમેષ દષ્ટિથી વાદળાં તરફ તાકયા જ કરવાનો; એમ હે નાથ! તમે ભલે મારી રક્ષા ન કરો, મારું મન તો તમારા ચરણોમાં જ ચોંટી રહેવાનું. મારી અભિલાષાનો એકમાત્ર વિષય તમે જ છો. જે તમારી ભકિત કરે છે તેને ત્રિભુવનની સંપત્તિની કોઈ અપેક્ષા નથી."

એક પદમાં માતા દેવકીની મનઃસ્થિતિ વર્ણવતાં આળવાર ગાય છે: "હે કૃષ્ણ! તારું સુંદર મસ્તક હલાવીને તને ચુંબન કરવાનું, તારી મનોહર કાન્તિ જોઈને આનંદ કરવાનું, તું તારી નાની નાની આંગળીઓ નાનકડા મુખમાં રાખીને ગુસ્સામાં આવીને તોતડી વાણીમાં કંઈ કહેતો હોય તે સાંભળવાનું સૌભાગ્ય તો મને સાંપડયું જ નહિ. એ સૌભાગ્ય તો યશોદાને મળ્યું."

'મુકુન્દમાલા'માં સંસારસાગરથી ડરતા ચિત્તને ભકત સાન્ત્વન આપે છે.: "હે ચિત્ત! આ અગાધ અને દુસ્તર ભવસાગરને હું કેવી રીતે પાર કરીશ એવો ડર રાખીશ જ નહિ. જો, કમળ જેવાં નેત્રવાળા અને નરકાસુરનો નાશ કરનારા અથવા નરકને ભેદી નાખનારા દેવ શ્રીકૃષ્ણમાં તારી અનન્ય ભકિત હશે, તો એ ભકિત તને અવશ્ય તારી દેશે."

વળી આળવાર 'મુકુન્દમાલા'માં ગાય છે:

"હે મુકુન્દ! માથું નમાવી પ્રણામ કરીને હું તારી પાસે આટલી એક ચીજ માગું છું કે, આપની કૃપાથી જન્મજન્માંતરમાં પણ આપનાં ચરણારવિન્દને હું ભૂલું જ નહિ."

અને ભગવાનને સંપૂર્ણ શરણે જઈને 'અહમ્'ને મધુસૂદનમાં સંપૂર્ણ વિલીન કર્યા પછી આળવાર રાજા બોલે છે:

"यत्कृतं यत्करिष्यामि तत्सर्वं न मया कृतम् ।
त्वया कृतं तु फलभुक् त्वमेव मधुसूदन ॥

—જે મેં આજ સુધી કર્યું છે અને ભવિષ્યમાં જે કંઈ કરીશ તે મેં કરેલું નથી. હે મધુસૂદન ! એ સર્વ તમે કર્યું છે એટલે તેના ફળભોકતા પણ તમે જ છો"

## ૬. તિરુપ્પાણ આળવાર (મુનિવાહન)

તિરુપ્પાણ આળવારના જન્મ અંગે કંઈ સ્પષ્ટતા નથી. એમ કહેવાય છે કે શ્રીરંગમ્‌ની દક્ષિણે કાવેરી નદીના તીરે ઉરૈયૂર ગામની સીમમાં એક બ્રાહ્મણના ખેતરમાં નવજાત શિશુ તિરુપ્પાણ પડયા હતા. 'પાણન' નામની એક અન્ત્યજ જાતિનો માણસ એમને ઘેર લઈ આવ્યો. ઉછેરીને મોટા કર્યા. પાણન જાતિના લોકો ગાવાબજાવવામાં બહુ કુશળ હોઈ ધનવાનો કે રાજાઓને ત્યાં ગાઈબજાવીને આજીવિકા ચલાવતા. પાણન જાતિના લોકો પ્રતિષ્ઠિત હતા એવો પણ એક યુગ હતો. પરંતુ આળવારોના જમાનામાં તેઓ અછૂત મનાતા હતા. પાણનોના કુળમાં ઉછરવાના કારણે એમનું નામ તિરુપ્પાણ (પવિત્ર પ્રાણ ) પડયું. બાળક તિરુપ્પાણ અલ્પ સમયમાં પાણ ( એક પ્રકારની વીણા) સહિત ગાવાબજાવવામાં નિપુણ થઈ ગયા; વીણા ઉપર એ ભગવાનના નામ સિવાય બીજું કંઈ ગાતા નહિ. એમનું હૃદય ભગવન્નામથી જેટલું આકર્ષાતું એટલું બીજા કશાથી આકર્ષાતું નહિ. ગાતાં—બજાવતાં એમાં તન્મય થઈને એ મૂર્ચ્છિત થઈ, ભાવસમાધિમાં આવી જતા.

એમને શ્રીવૈષ્ણવોના મુખ્ય કેન્દ્ર શ્રીરંગમ્‌ના સુપ્રસિદ્ધ મંદિરમાં ભગવાન શ્રીરંગનાથનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા થઈ, પરંતુ પાણન જાતિના લોકો અસ્પૃશ્ય ગણાતા હોઈ તેઓ મંદિરમાં જઈને દર્શન કે ભકતોનો સત્સંગ કરી શકતા નહિ. મંદિરમાં ભલે પ્રવેશ ન મળે પણ ભકિત તો કરવી જ હતી, એટલે પોતાનું નિચુલાપુરી ( ઉરૈયૂર ) છોડીને તેઓ શ્રીરંગમ્ આવ્યા. કાવેરીના દક્ષિણ તટે એક ઝૂંપડી બનાવીને રહ્યા. ત્યાં ઊભા રહી શ્રીરંગ-નાથના મંદિરને આતુર હૃદયે નિહાળતાં નિહાળતાં ભગવાનની સ્તુતિ કરતા નામકીર્તન કરતાં અને ભગવદ્‌ગુણાનુવાદ ગાતાં ગાતાં એ શરીરનું ભાન ભૂલી જતા. ઉત્સવોના દિવસોમાં જયારે ભગવાન રંગનાથની સવારી નીકળતી ત્યારે એ દૂરથી શ્રીવિગ્રહનાં દર્શન કરી સંતોષ પામતા. એ વખતે એમનું

હૃદય અત્યંત દ્રવી જતું. નેત્રોમાંથી અશ્રુધારા વહેતી. એમના મનમાં મંદિરમાં જઈને શ્રીવિગ્રહનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા જાગતી. અછૂત હતા એટલે કોઈ એમને ત્યાં આવતું નહિ અને એ કોઈને ત્યાં જતા નહિ; પરિણામે સામાન્ય સંસારી જે જનસંસર્ગ માટે મથ્યા કરે છે એનાથી એ સ્વાભાવિક રીતે મુકત થયા હતા. ભગવદ્‌વચન अरतिर्जनसंसदि । ( દુર્જનોના સમૂહમાં ભળવાનો અણગમો ) એમને સહજસિદ્ધ થયો હતો! એમની તો એક જ અભિલાષા હતી કે જેમ તેમ કરીને પણ નારાયણનાં દર્શન થાય. એમના મુખમાંથી 'નારાયણ' નામ સિવાય બીજું કંઈ નીકળતું નહિ.

તિરુપ્પાણ સવારે વહેલા ઊઠીને મંદિરના રસ્તે જતા. ભકતોને દર્શન કરવામાં સરળતા રહે એટલા માટે રસ્તો વાળીને સાફ કરતા અને તલ્લીન બનીને ભગવદ્‌ભજન કરતા. કહેવાય છે કે ભકતની તીવ્ર ઉત્કંઠાથી પ્રસન્ન ભગવાને ભકતને મંદિરમાં પ્રવેશ આપીને દિવ્ય દર્શન દેવાનો નિશ્ચય કર્યો. એક દિવસે પ્રભાતે આળવાર મંદિરનો માર્ગ સાફ કર્યા પછી ભાવવિભોર બનીને કીર્તન કરતા હતા એવામાં મંદિરના એક બ્રાહ્મણ પૂજારી મુનિ લોક-સારંગ અન્ય કર્મચારીઓની સાથે ભગવાનનો અભિષેક કરવા માટે કાવેરીનું જળ ઘડામાં ભરીને આવ્યા. એમણે અછૂત આળવારને જોયા. આળવારને માર્ગમાંથી ખસી જવા કહ્યું; પરંતુ ભાવસમાધિમાં મસ્ત આળવારે કંઈ સાંભળ્યું નહિ. અનેક વખત કહ્યું તોપણ તિરુપ્પાણ તો કીર્તન કરતા જ રહ્યા, ખસ્યા નહિ. ત્યારે લોકસારંગે રોષમાં આવી પથ્થર માર્યો. પથ્થર માથામાં વાગ્યો, લોહીની ધાર નીકળી. આળવાર ભાવમાંથી જાગ્યા, પૂજારીની ક્ષમા માગી અને ચાલ્યા ગયા. પૂજારીએ પથ્થર મારતાં તો માર્યો, પરંતુ તિરુપ્પાણની ભકિત પ્રમાણીને એનું હૃદય પશ્ચાત્તાપથી બળવા લાગ્યું. એને લાગ્યું કે ભગવાન એના ઉપર રુષ્ટ છે અને પૂજન સ્વીકારતા નથી. રાત્રે સ્વપ્નામાં ભગવાન શ્રીરંગનાથે પ્રકટ થઈને લોકસારંગ મુનિને આદેશ આપ્યો : "તારો પથ્થર મને વાગ્યો છે. લોહી મને નીકળ્યું છે. તિરુપ્પાણ મારો ઉત્તમ દાસ અને સખા છે, તેથી તું તિરુપ્પાણને તારી ખાંધ ઉપર બેસાડીને મારું દર્શન કરવા લઈ આવ. એજ તારા આ પાપનું ઉચિત પ્રાયશ્ચિત્ત છે."

બીજે દિવસે લોકસારંગ મુનિ તિરુપ્પાણની ઝૂંપડીએ ગયા અને ક્ષમા માગી. ભગવાનની આજ્ઞા જણાવી, પોતાને ચરણસ્પર્શથી કૃતાર્થ કરવા વિનંતી કરી.

ભગવાનનાં દર્શનની વાતથી આળવાર ખૂબ રાજી થયા, પરંતુ અછૂત જાતિના પોતે પવિત્ર બ્રાહ્મણના ખભે ચડીને કેવી રીતે દર્શને જાય? એમણે ના પાડી. પરંતુ લોકસારંગ તો તિરુપ્પાણને ખભા ઉપર બેસાડીને પોતે એમનું વાહન બનીને મંદિરે લાવ્યા. મુનિની પીઠ ઉપર આરૂઢ થઈને મંદિરમાં પ્રવેશ કર્યો તેથી તિરુપ્પાણ આળવારને મુનિવાહન અને યોગિવાહન એવાં નામ મળ્યાં.

મંદિરમાં પ્રવેશી ભગવાન શ્રીરંગનાથનાં શ્રીવિગ્રહનાં દર્શન કરીને આળવાર કૃતાર્થ થઈ ગયા. જાણે આંધળાને દષ્ટિ મળી. આનંદવિભોર બનીને એમણે ભગવાનની સ્તુતિનાં દસ પદ ગાયાં. એમાં તિરુપ્પાણ આળવારે ભગવાનનાં નખથી શિખા સુધીનાં પ્રત્યેક અંગના સૌન્દર્યનું ભાવથી ભરપૂર વાણીમાં વર્ણન કર્યું. દસ પદમાં દસ અંગોનું અદ્‌ભુત સૌન્દર્ય ગાયું. પ્રત્યેકમાં વિષ્ણુની, અને ખાસ કરીને શ્રીકૃષ્ણની લીલાઓનું ગાન કર્યું. એમણે ભગવાનને કહ્યું: "અત્યંત નિર્મળ, સકળ જગત્કારણ, મહા ઉપકારી, ભક્તવત્સલ, શ્રીરંગનાથસ્વામીનાં ચરણકમળ સ્વયમેવ આવીને મારાં નેત્રોમાં પ્રવેશ કરી ગયાં છે એવું મને લાગે છે. બલિરાજા પાસેથી ભૂમિદાન મેળવી, ત્રણે લોકને માપનાર ત્રિવિક્રમસ્વરૂપી અને રાક્ષસોનો સંહાર કરનાર તીક્ષ્ણ બાણવાળા શ્રીરામચંદ્રરૂપી શ્રીરંગનાથ ભગવાનના કટિતટ ઉપર શોભતા દિવ્ય પીતાંબરમાં મારું ચિત્ત ચોંટયું છે. શ્રીવેંકટાદ્રિ ઉપર નિત્યમુક્તો દ્વારા પુષ્પ-સેવા સ્વીકારીને બિરાજતા અને શ્રીરંગક્ષેત્રમાં શેષશય્યા ઉપર શયન કરતા શ્રીરંગનાથ ભગવાનના સંધ્યા સમાન રંગવાળા પીતાંબર અને તેના ઉપર બ્રહ્માના પ્રાદુર્ભાવસ્થાન અદ્વિતીય સૌંદર્યરાશિવાળા નાભિકમળ ઉપર મારો આનંદવિભોર આત્મા લાગી ગયો છે. ઊંચા ઊંચા કોટકિલ્લાવાળી લંકાપુરીના રાજા રાવણને શરૂમાં રણક્ષેત્રમાંથી ભગાડીને, અને પછી એક અતુલ તીક્ષ્ણ બાણથી તેનાં દસે મસ્તકોને કાપી નાખનાર, સમુદ્ર જેવા સુપ્રસન્ન દિવ્યમંગળ વિગ્રહવાળા, સુમધુર ગુંજારવ કરતા આ ભમરા અને ભમરાના ગુંજારવના તાલે નાચતા મોરોથી સુશોભિત શ્રીરંગધામમાં વિરાજતા, સર્વસ્વામી શ્રીરંગનાથ ભગવાનના ઉદર ઉપર શોભતો દિવ્ય કંદોરો મારા મનમાં ઊંડો અંકાઈ ગયો છે. ઉપાડતા ઉપડે નહિ એવા અનાદિ પાપોના ગાંસડાથી મુક્તિ અપાવી મને પરિશુદ્ધ બનાવી હે નાથ! તમે મને તમારો ભક્ત બનાવ્યો. ભક્ત બનાવીને તમે મારા હૃદયમાં પેસી ગયા! મને સમજ નથી પડતી કે, આ વિરલ સિદ્ધિ મેળવવા માટે મેં એવું તે કેવું કઠણ તપ કર્યું હશે? મને લાગે છે

કે લક્ષ્મીજી અને મુક્તાહારવિભૂષિત શ્રીરંગનાથના વક્ષ:સ્થળે જ આ દાસને નિત્યકિંકર બનાવ્યો છે. સુંદર પાંખોવાળાં પતંગિયાંથી વ્યાપ્ત ઉદ્યાનોથી પરિવૃત શ્રીરંગનગરમાં વિરાજતા સર્વસ્વામી શ્રીરંગનાથ ભગવાનના, બ્રહ્માંડમાંનાં સર્વ પ્રાણીપદાર્થો સહિત સમસ્ત બ્રહ્માંડને ગળી જનારા (વટપત્રશાયીના) કંઠે જ મને નવજીવન આપ્યું છે. હાથમાં દિવ્ય પાંચજન્ય અને અગ્નિ-જવાળાઓથી ભભૂકતા સુદર્શન ચક્રને ધારણ કરનારા, મોટા પર્વત જેવા મંગળવિગ્રહવાળા, તુલસીની સુગંધવાળા, કિરીટધારી, દિવ્ય રંગધામમાં શેષશય્યા ઉપર વિરાજતા મારા માયાવી સ્વામીના લાલ મુખકમળે, અહો ! મારા મનને ચોરી લીધું છે ! પ્રચંડ શરીરવાળા હિરણ્યકશિપુના શરીરને ચીરી નાખનારા, દેવદુર્લભ, જગત્સ્રષ્ટા, મહોપકારી, શ્રીરંગક્ષેત્રનિવાસી, પરમપાવન ભગવાનના મુખમંડળ ઉપર વિરાજતાં, કાળાં, વિશાળ અને રક્તરેખાલંકૃત ઉજ્જ્વળ દીર્ઘ શ્રેષ્ઠ બે નેત્રોએ મને પાગલ બનાવી દીધો છે. વિશાળ વટવૃક્ષના એક નાનકડા પાંદડા ઉપર નાનકડા શિશુ બનીને સાતે લોકને પેટમાં રાખીને પાળનારા અને શ્રીરંગક્ષેત્રમાં શેષશય્યા ઉપર પોઢનારા શ્રીરંગનાથ ભગવાનના શ્રેષ્ઠ રત્નહાર, મુકતામાળા અને દિવ્ય અલંકારોથી શોભતા, અતુલ સૌન્દર્યરાશિ, શ્યામ, દિવ્યમંગળવિગ્રહે અહો ! મારું ધૈર્ય હરી લીધું છે ! મેઘશ્યામ, ગોપ-બાળકનો અવતાર ધરીને માખણ ચોરનારા, મારા ચિત્તચોર, નિત્યસૂરિઓના નાથ, ભૂમંડળના અલંકાર, શ્રીરંગધામનિવાસી અને મારા પરમભોગ્ય એવા અમૃતસ્વરૂપ શ્રીરંગનાથ ભગવાનનાં દર્શન કરનાર મારાં આ નયન હવે બીજી કોઈ પણ વસ્તુ જોવા નથી ઇચ્છતાં.'' (અર્થાત્ હે નાથ ! વરદાન આપો કે જે આંખોએ આપનું આ અલૌકિક ત્રિભુવનસુંદર શાશ્વત સૌંદર્ય નીરખ્યું છે તે હવે બીજી કોઈ વસ્તુને ન દેખે).

ભક્તવત્સલ ભગવાને ભકતની માગણી મંજૂર કરી વરદાન આપ્યું. આળવારની વાણી બંધ પડી. શરીર નક્ષત્રની જેમ ચમકવા માંડયું. આજુબાજુ ઊભેલા લોકોએ જોયું કે મુનિવાહનના મસ્તક ઉપર ભગવાનનાં ચરણ છે, અને ચોમેર દિવ્ય પ્રકાશ છવાયેલો છે. પચાસ વર્ષની ઉંમરે મુનિવાહન આળવાર એ દિવ્ય પ્રકાશમાં લીન થઈ ગયા.

મુનિવાહન આળવારનાં દસ પદ 'અમલનાદિપિરાન' નામથી ઓળખાય છે. શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં એનું નિત્યાનુસંધાન એટલે કે નિત્યપાઠમાં સ્થાન છે. મહાન આચાર્ય વેદાંતદેશિકે અનેક સંસ્કૃત અને તમિળ ગ્રંથો રચ્યા છે,

પરંતુ આળવારોની રચનાઓમાંથી કેવળ 'અમલનાદિપિરાન' ઉપર જ એમણે 'મુનિવાહનભોગમ્' નામની ટીકા લખી છે. આ ટીકા એનું મહત્ત્વ દર્શાવે છે.

તોણ્ડરડિપ્પોડી આળવારે (ભક્તાંઘ્રિરેણુએ) પોતાના એક પદમાં સંભવતઃ તિરુપ્પાણ આળવારનો આ રીતે નિર્દેશ કર્યો છે એવું મનાય છે : "બ્રહ્માજીથી શરૂ કરીને વંશપરંપરાએ ચાલ્યા આવતા સર્વથા નિર્દોષ એવા વેદોના જ્ઞાતા હે બ્રાહ્મણો ! નીચી જાતિમાં જન્મેલ મારા ભક્તોની સેવા કરો, એમને ખાસ રહસ્યોનો ઉપદેશ કરો અને તેમનો ઉપદેશ ગ્રહણ કરીને પાળો;" એમ કહીને "હે ભગવન્ ! તમે એને પોતાના સમાન ગણીને પૂજવાની આજ્ઞા કરી છે. હે રંગધામનિવાસી ! ષડંગ સહિત ચારે વેદોનું અધ્યયન કરનાર ઉત્તમ બ્રાહ્મણો પણ જો તમારા ભક્તોની નિંદા કરશે તો તેઓ તત્કાળ નીચ બની જશે."

તિરુપ્પાણ આળવારનો સમય આઠમી સદીના પૂર્વાર્ધથી નવમી સદીનો પૂર્વાર્ધ મનાય છે. તેમનો જન્મ કાર્તિક માસના રોહિણી નક્ષત્રમાં થયેલો.

મુનિવાહનને વિષ્ણુના શ્રીવત્સના અવતાર માનવામાં આવે છે. એમને પ્રાણનાથ પણ કહેવામાં આવે છે.[3]

## ૭. તોણ્ડરડિપ્પોડી આળવાર (ભક્તાંઘ્રિરેણુ)

ભગવાન કોઈ કોઈ ઉપર શીઘ્ર કૃપા વરસાવે છે, કોઈ કોઈની બહુ કઠણ પરીક્ષા કરે છે અથવા કોઈ કોઈને માયામાંથી મુક્ત કરવા એને પહેલાં માયામાં ફસાવી દે છે !

કાવેરી નદીના તટ ઉપર તમિળ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિનો વિકાસ થયો. આ કાવેરી નદીના તટ ઉપર વસેલા ચોલ રાજ્યના તિરુમણ્ડંગુડિ અથવા મણ્ડંગુડિ ગામમાં (જિલ્લો તાંજોર) એક વૈદિક બ્રાહ્મણ પરિવારમાં વિપ્રનારાયણનો (તોણ્ડરડિપ્પોડીનો) જન્મ થયો. એમણે વેદોનો સાંગોપાંગ અભ્યાસ કર્યો. તમિળ અને સંસ્કૃતમાં પ્રવીણ થયા. એ પછી સમસ્ત વેદોના સારભૂત એવાં

૩. (ક) દક્ષિણ ભારતના શૈવ સંત માણિક્ક વાચકર (૯મી સદી) પણ અનેક લોકોની હાજરીમાં ભગવાન નટરાજની મૂર્તિમાં લીન થઈ ગયા હતા, એમ કહેવાય છે.

(ખ) આચાર્ય નાથમુનિના (૮૨૪–૯૨૪) શિષ્ય શ્રીકૃષ્ણ લક્ષ્મીનાથ પણ ભગવાનમાં મળી ગયાનું મનાય છે.

ભગવાનનાં ચરણકમળોમાં પોતાને સર્વભાવે સમર્પી દેવાનું ઇચ્છ્યું. એ ભગવાનને પ્રાર્થતા : "હે પરવાળાં જેવા હોઠ અને રકતકમળ જેવાં નયનવાળા અચ્યુત! મને આપની કૃપાના બદલામાં ઇન્દ્રની પદવી નથી જોઇતી, પરમપદનો આનંદ પણ નથી જોઈતો. મનુષ્યનું આયુષ્ય સો વર્ષનું ગણાય છે, પરંતુ અર્ધું નિદ્રામાં, કેટલુંક બાળપણની અજ્ઞાનાવસ્થામાં કેટલુંક બીમારીઓમાં અને બાકીનું ભૂખ—તરસ, રાગ—દ્વેષ વગેરે દ્વંદ્વોમાં અને માનસિક ચિંતાઓમાં પૂરું થાય છે. તેથી હે ગોપબાળક! હે નાથ! આપ એવી કૃપા વરસાવો કે મારે આ સંસારમાં ફરીને જન્મ લેવો ન પડે; અને કદાચ લેવો પડે તો મને આપની સેવાનું સુખ નિરંતર તેલધારાવત્ મળ્યા કરે." આવી રીતે પ્રાર્થતા વિપ્રનારાયણ શ્રીરંગમ્ આવ્યા. પોતાની જાત શ્રીરંગજીને સમર્પી, મંદિરની નજીક જ એક બગીચો બનાવ્યો, એમાં તુલસીવન ઉછેર્યું, અને વિષ્ણુચિત્ત આળવારની જેમ ભગવાનને ફૂલમાળાઓ અર્પણ કરવા માંડી. ભરયુવાની હતી પણ એ તો અત્યંત નિષ્ઠાથી બ્રહ્મચર્ય પાળતા. નાનકડી ઝૂંપડીમાં રહેતા અને શ્રીરંગનાથના પ્રસાદથી નિર્વાહ કરતા. એમની દૃષ્ટિમાં જાણે સંસાર જેવું નહોતું. નમ્રતાથી તેઓ પોતાને ભગવાનના દાસાનુદાસ ગણાવતા અને ભકતોની સેવાને ભગવત્સેવા સમજતા. આને કારણે લોકો એમને તોણ્ડરડિપ્પોડી (ભકતાંઘ્રિરેણુ, ભકતોની ચરણરજ) આળવાર કહેતા એ વારંવાર કહેતા : "અહો ! જયારે હું પ્રભુને શેષશય્યા ઉપર યોગનિદ્રામાં સૂતેલા જોઉં છું ત્યારે મારું શરીર પ્રેમથી દ્રવી જાય છે. હું શું કરું ?"

આમ એ અભ્યાસ અને વૈરાગ્યથી ભકિત કરીને વાસનાઓ ક્ષીણ કરવામાં લાગેલા હતા, એવામાં જાણે કે એમની કસોટી કરીને ખરેખર 'ભકતાંઘ્રિરેણુ' બનાવવા માટે જ આવી પડી હોય એવી ઘટના બની. આ ઘટનાને પુષ્ટિ આપતાં પદ એમની રચનામાં પ્રાપ્ત થાય છે.

કાવેરીના તીરે કરમ્બનૂર ગામમાં એક ગણિકાનો પરિવાર હતો. એ પરિવારમાં એક અત્યંત રૂપાળી કન્યા હતી. એના સૌન્દર્ય ઉપર ચોલનરેશ પણ મુગ્ધ હતો. એનું નામ દેવદેવી. આ દેવદેવી પોતાની મોટી બહેન અને અન્ય સખીઓની સાથે ચોલનરેશને ત્યાં નૃત્ય—ગીત વગેરે કળાઓ પ્રદર્શિત કરવા ગઇ. ત્યાં રાજાને પ્રસન્ન કરી મોટું પારિતોષિક પ્રાપ્ત કરીને પાછી વળતી હતી. પાછી વળતાં વિપ્રનારાયણના તુલસીવન પાસેથી નીકળી. વનની શોભા જોઈને એ અવાક બની ગઈ. તુલસીવન અને વાડીના સૌન્દર્યનું પાન

કરવા, અને વિશ્રામ લેવા એ વાડીમાં પ્રવેશી. એ સમયે વિપ્રનારાયણ ભગવાનનું નામસ્મરણ કરતાં કરતાં તુલસીને પાણી પાતા હતા અને છોડવાઓની કયારીઓ સરખી કરતા હતા. ઈશ્વરપ્રીત્યર્થ કાર્યમાં તન્મય આળવારને દેવદેવીની ઉપસ્થિતિની જાણ સરખીય ન થઈ; પછી એના તરફ જોવાનો પ્રશ્ન તો ઊઠે જ શાનો? દેવદેવી આ નવયુવાન ભકત ઉપર મોહિત થઈ, પણ વિપ્રનારાયણે તેના સામી નજર સરખીય ન નાખી એટલે તેનું અભિમાન ઘવાયું. જેના રૂપરાશિની પાછળ રાજાઓ પતંગિયાની જેમ ભમતા તેની તરફ એક અકિંચન જેવો તપસ્વી યુવાન જરા નજર ફેંકવાની પણ દરકાર નથી કરતો! એણે આ ભકતને લોભાવવા અનેક ચેષ્ટાઓ કરી પણ ફાવી નહિ. એટલે એણે નક્કી કર્યું કે આ ભકતને પાડવો જ. દેવદેવીની બહેન અને બીજી સાહેલીઓએ એને અનેક રીતે સમજાવી: "આ અકાર્ય છે. જેનું ચિત્ત નિખિલ સૌન્દર્યભંડાર શ્રીનારાયણના ચરણકમળનું ભ્રમર બની ગયું છે, તે એક નારીના ઘૃણાસ્પદ નાશવંત રૂપ ઉપર કેમ કરીને આસકત થશે?" પણ દેવદેવીએ ન માન્યું. પોતાના નિર્ણય ઉપર અટલ રહી. એને તો આ વિરાગી બ્રાહ્મણકુમારને રૂપપાશમાં બાંધવો હતો.

આ વાતને થોડા દિવસ વીતી ગયા. એક દિવસ વિપ્રનારાયણના બગીચામાં એક રૂપાળી બાલસંન્યાસિની આવી. આવીને પ્રણામ કર્યા. વિપ્રનારાયણે તેની ઓળખ પૂછી. બાલસંન્યાસિનીએ જણાવ્યું: "પૂર્વજન્મોનાં દુષ્કૃત્યોને કારણે ગણિકાના પરિવારમાં મારો જન્મ થયો છે. માતા મને બળાત્કારે વારાંગનાનો ધંધો કરાવે છે. મને એના પ્રત્યે ઘૃણા છે. એ કલંકિત જીવનથી છૂટવા માટે હું આપના શરણમાં આવી છું. કૃપા કરી મને આશ્રય આપો. હું એકાદ વૃક્ષ નીચે પડી રહીશ. આપની વાડીની રખવાળી કરીશ. ભગવાનને માટે સુંદર હાર બનાવીશ અને આપનો ઉચ્છિષ્ટ પ્રસાદ ખાઈને જીવનયાપન કરીશ."

સરળ વિપ્રનારાયણે કપટી દેવદેવી ઉપર વિશ્વાસ મૂકયો અને બગીચામાં રહેવાની અનુમતિ આપી. દેવદેવી બગીચાની દેખભાળ કરવા લાગી. એ ફૂલ-ઝાડને પાણી પાતી, કયારીઓ સરખી કરતી, ફૂલ-તુલસી ઉતારતી અને ભગવાનના શ્રીવિગ્રહ માટે શ્રદ્ધાભક્તિનો દેખાવ કરીને વિવિધ પ્રકારની સુંદર માળાઓ બનાવતી.

હવે એક વખત મહા મહિનામાં દેવદેવી ફૂલ ચૂંટતી હતી તેવામાં ભારે વરસાદ પડવા માંડયો; સાથે કરા પણ જોર જોરથી પડવા માંડયા. દેવદેવી

ભીંજાઈને થરથરવા લાગી. આળવારને દયા આવી. કુટીમાં આશ્રય આપ્યો. પણ વરસાદ તો અટકયો જ નહિ. આળવારે પોતાનું સૂકું ઉત્તરીય દેવદેવીને બદલવા આપ્યું. રાતે દેવદેવી કુટીરમાં જ રહી. શાસ્ત્રનો સિદ્ધાંત છે કે, પરપુરુષ અથવા પરસ્ત્રી સાથે કદી પણ એકાંતવાસ કરવો નહિ. અહીં આળવારના પક્ષે મુખ્યત્વે દયાથી અને વારાંગનાના પક્ષે મુખ્યત્વે એક સાલસ યુવાનનું ચારિત્ર્ય ભ્રષ્ટ કરવાના આશયથી આ સિદ્ધાંતનો ભંગ થયો. પરિણામે વિપ્રનારાયણ છદ્મવેશિની સંન્યાસિનીના પંજામાં સપડાયા. એમનું તપ, શાસ્ત્રજ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય, ભકિત વગેરે ગણિકાના મોહના પ્રચંડ પ્રવાહમાં તણાઈ ગયાં. ભગવાનની રૂપસુધામાંથી હઠીને એમનું ચિત્ત એક ગર્હિત નારીના નશ્વર રૂપવિષમાં લાગ્યું. દેવદેવીનો ગર્વ સંતોષાયો. એનું લક્ષ્ય પૂર્ણ થયું. એ પોતાને ઘેર ચાલી ગઈ.

પણ દોરીમાં બંધાયેલી પૂતળી જેવા વિપ્રનારાયણથી વિયોગ સહન ન થયો. એ તો ગણિકાને ઘેર પહોંચ્યા. પોતાની પાસે જે કંઈ સંપત્તિ હતી તે વારાંગના ઉપર ન્યોછાવર કરીને એના સંગનો સ્વાદ લેવા માંડયો. સંપત્તિ ખલાસ થતાં વેશ્યાએ વિપ્રનારાયણને ઘરની બહાર કાઢી મૂકયો. ઘણાયે કાલાવાલા કર્યા પણ કોણ સાંભળે ?

પરંતુ ભગવાન ભકતવત્સલ છે. ભકતની દુર્દશા એ કયાં સુધી જોઈ શકે ? એક રાત્રે કોઈ માણસ પોતાને તોણ્ડરડિપ્પોડીનો નોકર છું એમ જણાવીને દેવદેવીને સોનાનો થાળ ભેટ આપવા આવ્યો. સુવર્ણથાળ જોઈને દેવદેવી લોભાણી. એ જ સેવક સાથે સંદેશો મોકલી તોણ્ડરડિપ્પોડીને બોલાવ્યા. આળવારે રાત તો વારાંગના સાથે આનંદથી વિતાવી; પરંતુ સવારમાં માલૂમ પડયું કે શ્રીરંગજીનો સોનાનો થાળ ગૂમ થયો છે. રાજપુરુષો દ્વારા તપાસ થતાં થાળ દેવદેવીને ત્યાંથી મળ્યો. દેવદેવીએ વિપ્રનારાયણને બતાવી, એમનો નોકર થાળ આપી ગયાનું જણાવ્યું. રાજાએ દેવદેવીનો દંડ કર્યો અને વિપ્રનારાયણને કેદમાં નાખ્યા. આળવારને કેદમાં નાખવા તો પડયા પરંતુ એ ચોરી કરે એમ રાજાના માન્યામાં આવતું નહોતું. એ જ રાત્રે રાજાને સ્વપ્નમાં શ્રીરંગનાથે ભકતનો પાપપંકમાંથી ઉદ્ધાર કરવા પોતે જ આ રચના કરી હતી એમ સમજાવીને, વિપ્રનારાયણને મુકત કરવા જણાવ્યું.

રાજાએ આળવારને મુકત કર્યા. આળવાર કેદમાંથી મુકત થયા અને સાથે કામનામાંથી પણ. એમનાં અજ્ઞાનનાં પડળ દૂર થયાં. એમનું હૃદય

પશ્ચાત્તાપના પાવકથી શુદ્ધ થયું. એમણે સ્તુતિ કરી : "મારું કોઈ ઘર નથી, જમીન નથી, કોઈ સગુંવહાલું નથી, કંઈ ઠામઠેકાણું નથી; તો પણ હે કરુણામૂર્તિ ! આ નાશવંત જીવનમાં મેં આપનાં ચરણોનું સુદૃઢ શરણ ન લીધું. હે સાગરવર્ણ શ્રીકૃષ્ણ ! હવે તો હું ભારે રુદન કરું છું. છે મને કોઈ આધાર આપનાર ? મારા મનમાં અલ્પ જેટલીય પવિત્રતા નથી. મુખમાંથી તારું કલ્યાણકર નામ નથી નીકળતું. તને સ્પર્શ કરવાનો અધિકાર પણ હે રંગનાથ ! મેં ખોઈ નાખ્યો છે. મેં પોતે જ પગમાં કુહાડી મારી અને સ્ત્રીની રૂપજાળમાં ફસાઈ ગયો. ક્રોધને લીધે મારાથી દ્વેષનું દમન નથી થતું. બીજાઓના દોષ જોઈને કડવું બોલાઈ જાય છે. હે તાજી, મત્સરભરેલી તુલસીમાલાધારી ! મારી હવે શી ગતિ થશે ? કહો, કહો હે મારાં શાસક મહાપ્રભુ કહો ! કપટી એવો હું આપની સામે ખડો છું !"

વિપ્રનારાયણનું જીવન પલટાયું. 'ભક્તાંઘ્રિરેણુ'—ભક્તોની ચરણરજ, તોણ્ડરડિપ્પોડી બન્યા. મંદિરમાં જતા આવતા ભક્તોની ચરણરજ માથે ચઢાવીને ભજન-કીર્તન, તુલસી અને પુષ્પોની માળાઓથી ભગવાનનું પૂજન-અર્ચન કરવામાં લાગીને કૃતાર્થ થયા. દેવદેવી પણ પરમ ભક્ત બનીને તરી ગઈ.

તોણ્ડરડિપ્પોડી આળવારની બે રચનાઓ ઉપલબ્ધ છે. 'તિરુમાલૈ' અને 'તિરુપ્પળ્ળિ_ળયેળુચ્ચિ.' 'તિરુમાલૈ' અર્થાત્ પવિત્ર માળામાં ૪૫ પદ છે. એમાં ભક્તકવિ દીનભાવે પોતાને ભગવાનનો દાસાનુદાસ કહીને સ્તવે છે. તમિળમાં એક કહેવત છે, 'તિરુમાલૈ યરિયાદાર્ તિરુમાલ યરિયાદાર;" એટલે કે જે 'તિરુમાલૈ'ને નથી જાણતો તે તિરુમાલ (શ્રીવિષ્ણુ)ને નથી જાણતો.

'તિરુપ્પળ્ળિ_ળયેળુચ્ચિ'માં ૧૦ પદ છે. પરંતુ એનું ભારે મહત્ત્વ છે : કારણ કે એનું નિત્યપાઠમાં સ્થાન છે. એ શબ્દનો અર્થ છે 'ભગવાનને જગાડવા માટેનાં સુપ્રભાતમ્ ગીત.' શ્રીવૈષ્ણવ મંદિરોમાં આ દશે પદ સુપ્રભાતમ્'ના રૂપમાં ગાઈને ભગવાનને જગાડવામાં આવે છે. શ્રીવૈષ્ણવ મઠ–મંદિરોમાં વિષ્ણુચિત્ત આળવાર કૃત 'તિરુપ્પલ્લાણ્ડુ' પ્રથમ અને પછી આ ગીતો ગવાય છે. એમાં કવિ ગાય છે : 'પૂર્વમાં સૂર્યનો ઉદય થયો છે. અંધકાર દૂર થયો છે. નક્ષત્રો નિસ્તેજ બન્યાં છે. શીતળ પ્રકાશવાળો ચંદ્ર કાંતિહીન બન્યો છે. પ્રાત:કાળનો મંદ પવન પુષ્પગુચ્છોની

સુગંધ પ્રસરાવી રહ્યો છે. હે તેજસ્વી સુદર્શનચક્રધારી ! આપ કૃપા કરી શય્યા ત્યાગો. હે શત્રુઓનો ધ્વંસ કરનાર ! હે અયોધ્યાધિપતિ ! હે કાવેરીથી વીંટાયેલા શ્રીરંગમ્‌માં શયન કરનારા ભગવાન ! સુગંધભર્યાં કમળ ખીલ્યાં છે. ભમરા ગુંજારવ કરે છે. ઘૂઘવતા સાગરની બહાર નીકળીને સૂર્ય ઊંચે ચઢયો છે. કૃશોદરી સ્ત્રીઓ કાવેરીમાં સ્નાન કરી, વાળ નીચોવી અને સૂકવ્યા પછી વસ્ત્રો પહેરીને ઘેર જવા નીકળી છે. તમે શય્યા ત્યાગો. દેવો, મહર્ષિઓ, તપસ્વીઓ, યક્ષો, ગંધર્વો, સિદ્ધો, વિદ્યાધરો અને માનવો તમારાં દર્શન કરવા આવ્યા છે, તો તમે શય્યા ત્યાગીને અમને દર્શન દેવાની કૃપા કરો. સરસ ગૂંથેલી તુલસીની માળા અને ખભા ઉપર ફૂલ-તુલસીની છાબડીથી ચમકતા તોણ્ડરડિપ્પોડી નામના આ દાસ ઉપર એ દયાપાત્ર છે એમ જાણી દયા કરો અને એને પરમ ભાગવતોનો દાસ બનાવવા, તમારો દાસાનુદાસ બનાવવા માટે હે રંગનાથ સ્વામી ! શય્યા ત્યાગીને દર્શન દેવાની કૃપા કરો.'

તોણ્ડરડિપ્પોડીનો જન્મ માગશર મહિનાના જયેષ્ઠ નક્ષત્રમાં થયેલો. તેઓ ભગવાનની વનમાલાના અંશાવતાર મનાય છે.

## ૮. તિરુમંગૈ આળવાર (પરકાળ)

તિરુમંગૈ આળવારનો જન્મ ચોલ રાજયના તિરુકુરેયલૂર ગામમાં (તિરુવાલિ તિરુનગરી નજીક) થયો હતો. એ કલ્લર નામની પારધી જાતિમાં જન્મેલા. એ જાતિના લોકો મુખ્યત્વે લૂંટફાટનો ધંધો કરીને નિર્વાહ કરતા. પિતા શૈવધર્મી અને મોટા યોદ્ધા હતા. પિતાએ પુત્રને પણ યુદ્ધનિપુણ બનાવ્યો. ધનુર્વિદ્યા, ઘોડેસવારી અને સૈનિકોની વ્યૂહરચનામાં એ કુશળ થઈ ગયા. પિતા ચોલ રાજાને ત્યાં સેનાપતિ હતા, એટલે સેનાપતિ પિતાના મૃત્યુ પછી તેના યુદ્ધવિદ્યામાં નિપુણ પુત્રને રાજાએ સેનાપતિ બનાવ્યો. એમનું બચપણનું નામ નીલન્‌ હતું. એ કલિયન અરુલમારી નામથી પણ ઓળખાતા. નીલન્‌ જયાં જયાં આક્રમણ કરતા ત્યાં ત્યાં અવશ્ય વિજયી થતા. રાજાના શત્રુઓને સહેલાઈથી પરાસ્ત કરતા તેથી લોકો એમને 'પરકાલન્‌' (શત્રુઓના કાળ, યમ) કહેતા. એમના શૌર્યથી પ્રસન્ન થઈને ચોલ રાજાએ એમને તિરુમંગૈ પ્રદેશના સામંત રાજા બનાવ્યા હતા. જેમ એ યુદ્ધવિદ્યામાં પારંગત હતા એમ સંગીત, નૃત્ય, નાટક, કાવ્ય, વગેરેના પણ પારંગત હતા. તમિળ અને સંસ્કૃતના પંડિત હતા. તમિળ ભકત કવિઓમાં એ સર્વશ્રેષ્ઠ સાહિત્યમર્મજ્ઞ ગણાય છે. પોતે

રચેલાં પદોમાં રથ, ગજ, તુરગના સૈન્યવાળા; યુદ્ધપ્રિય અને વીર યોદ્ધા; મધુર તમિળ ભાષાના ગંભીર જ્ઞાતા; મહાદાની; શ્રીવૈષ્ણવ ભક્તોની સેવામાં નિરત; બીજા કોઈ દેવને નહિ નમનારા; એકનિષ્ઠ વૈષ્ણવ વગેરે શબ્દોથી આત્મપરિચય આપે છે. એમની રચનાઓના નિર્દેશોના આધારે એમનો જીવનકાળ ઈ. સ.ની આઠમી સદીના ઉત્તરાર્ધથી ઈ. સ.ની નવમી શતાબ્દીના ઉત્તરાર્ધની વચ્ચે ક્યાંક છે.

તિરુમંગૈ બહુ રસિક હતા. યૌવન અને સુખસગવડની વિપુલ સામગ્રીને લીધે વિલાસી જીવન જીવતા. એ લાંબો સમય અવિવાહિત રહ્યા. એમના સમયમાં તિરુવેલ્લકુલમ્ ગામમાં એક વૈષ્ણવ વૈદ્યને કુમુદવલ્લી નામની લાવણ્યવતી કન્યા હતી. એ નારાયણની મહાન ભક્ત હતી. એનું રૂપ—લાવણ્ય એવું આકર્ષક હતું કે રાજાઓ પણ તેનું પાણિગ્રહણ કરવા આતુર રહેતા. પરંતુ કુમુદવલ્લી કોઈની સાથે લગ્ન કરવા તૈયાર થતી નહિ. નીલન્‌ને આ ખબર મળ્યા. એમને પણ કુમુદવલ્લી સાથે લગ્ન કરવાનું મન થયું. કુમુદવલ્લીના પિતા પાસે જઈ માંગું કર્યું. કુમુદવલ્લીએ બે શરત કરી (૧) નીલન્‌એ પહેલાં વૈષ્ણવ ભક્ત બનવું જોઈએ. (૨) દરરોજ ૧૦૦૮ વૈષ્ણવ ભક્તોને જમાડી જમવું. નીલન્‌એ બન્ને શરત મંજૂર કરી. લગ્ન લેવાયાં.

પ્રતિદિન ૧૦૦૮ વૈષ્ણવોને ભોજન કરાવતાં નીલન્‌માં પરિવર્તન આવ્યું. એમનું ચિત્ત નિરંતર ભગવાનમાં રમમાણ રહેવા લાગ્યું. ભક્તિમતી પત્નીનો સત્સંગ અને વૈષ્ણવોના સત્સંગથી નીલન્ શ્રીવિષ્ણુના અનન્ય ભક્ત બન્યા. એક હજારને બદલે હજારોને ભોજન આપવા માંડ્યું. પરિણામે એમની બધી સંપત્તિ ખરચાઈ ગઈ. પોતાની સંપત્તિ ખરચાઈ જતાં ચોલ રાજાને આપવાના કરનાં નાણાં નીલન્‌એ વૈષ્ણવ ભોજનમાં ખરચી નાખ્યાં. લાંબા સમય સુધી રાજાને કર ન મળતાં રાજા સાથે યુદ્ધમાં ઊતરવું પડ્યું. રાજાએ નીલન્‌ને કેદમાં પૂર્યા. કારાગૃહમાં તો વૈષ્ણવોને ભોજન કરાવી શકાતું નહોતું, એટલે પ્રતિજ્ઞા અનુસાર નીલન્‌એ ભોજનનો ત્યાગ કર્યો—ઉપવાસ કરવા માંડ્યા; કહે છે કે ભગવન્નિષ્ઠાના કારણે આળવારને કારાગૃહમાં રહે રહે કાંચીપુરમ્‌માં વેગવતી નદીના કિનારે કોઈ એક સ્થળે દાટેલી સંપત્તિની ભાળ મળી. આળવારે આ સંપત્તિથી રાજ્યનું લેણું ચૂકતે કર્યું, અને મુક્ત બન્યા. પુનઃ વૈષ્ણવોને ભોજન કરાવવાનો કાર્યક્રમ ચાલુ થયો. થોડા જ વખતમાં પાછા નિર્ધન થઈ ગયા, એટલે પોતાનો જાતિવ્યવસાય, લૂંટફાટનો ધંધો શરૂ કર્યો; પરંતુ વૈષ્ણવોને ભોજન કરાવવાનો અને મંદિરમાં પણ સેવા કરવાનો કાર્યક્રમ

પડતો મૂકયો નહિ. કહેવાય છે કે એમણે નાગપટ્ટણમાં ભગવાન બુદ્ધની મૂર્તિ ચોરેલી અને એમાંથી ઊપજેલા ધન વડે શ્રીરંગમ્‌નું મંદિર સમરાવેલું.૪ નીલન્‌એ શ્રીરંગમ્‌ના મંદિરનો ત્રીજો પ્રાકાર બંધાવેલો અને મંદિરના જીર્ણ ભાગો સમરાવેલા. તિરુમંગૈ આળવારે શ્રીરંગમ્‌ના મંદિરમાં નમ્માળવારનાં પદો ગાવાની વ્યવસ્થા કરી હતી.

નીલન્‌નો ઉદ્દેશ ભગવદ્‌ભકિતનો હતો, પરંતુ લૂંટફાટનું આ કાર્ય સારું નહોતું—ક્રૂર કાર્ય હતું. ભગવાને જોયું કે ભકત ઉન્માર્ગે ચાલી રહ્યો છે. એને તારવા તાટે સ્વયં નારાયણે શ્રમ લીધો. નીલન્‌ની ટોળકીના પંજામાં પડયા. સ્વયં લુંટાયા. એને 'ૐ નમો નારાયણાય' એ અમોઘ વૈષ્ણવ મંત્રનો ઉપદેશ કર્યો. નીલન્‌ની અશુદ્ધિ પશ્ચાત્તાપના અગ્નિમાં બળીને ખાખ થઈ ગઈ. એમાંનું કુંદન બહાર આવ્યું.૫

પશ્ચાત્તાપ અને આત્મગ્લાનિથી દુ:ખી થતા નીલન્‌ને ભગવાને સાંત્વન આપ્યું. શ્રીરંગમ્‌ના મંદિરમાં કીર્તનરૂપી માળાઓથી સેવા કરીને પ્રેમભકિત પ્રસારવા આજ્ઞા કરી; અને દેહ છોડયા પછી પરમધામમાં જવાનું વરદાન આપ્યું. ભકિતથી ગદ્‌ગદ્‌ તિરુમંગૈએ ગાયું : "હું તો કરમાઇ ગયો હતો. એમને એમ દુ:ખી થઈને જન્મમરણના ચક્રમાં ભટકતો હતો. હવે તમારી કૃપાથી જાગ્યો, અને જાગતાં, નારાયણ ! તમને પામ્યો."

હવે તિરુમંગૈનું જીવનપરિવર્તન થયું. 'ૐ નમો નારાયણાય'ના મંત્રજપથી એનું ચિત્ત નિર્મળ થઇ ગયું. કન્યાકુમારીથી માંડીને બદરીનારાયણ સુધીનાં ભારતનાં લગભગ સર્વ વૈષ્ણવ તીર્થોની એમણે યાત્રા કરી. યાત્રા કરેલાં સ્થળોનું વર્ણન એમણે પોતાની રચનાઓમાં કર્યું છે. ગુરુપરંપરા પ્રમાણે તેમણે ૧૦૫ વર્ષનું દીર્ઘાયુષ્ય ભોગવ્યું હતું. તેમનો દેહાંત તિરુકુરુઙ્‌ગુડી ગામમાં થયેલો. કેટલાકના મતે તેઓ ૯૩ વર્ષ જીવ્યા હતા.

પ્રકાંડ પંડિત તિરુમંગૈ પ્રકૃતિપ્રેમી ઉત્કૃષ્ટ કવિ હતા. ચાર પ્રકારની કાવ્ય-શૈલીઓમાં સફળ રચના કરવાના કારણે એ 'નાલુ કવિ પેરુમાલ' (કાવ્યાચાર્ય)

---

૪. *Vide (a) A History of South India. P. 426, History of India, Part 1, Ancient India, P 267. Both by K.A. Nilkantha Shastri*

(*b*) श्रीदिव्यसूरिचरितम् વગેરે ગ્રંથોના અન્ય સંદર્ભો પણ જોવા.

૫. વિગતવાર કથા માટે જુઓ પ્રકરણ ૨, 'શ્રીઆણ્ડાળ.'

નામથી ઓળખાય છે. ઉચ્ચ કોટિના ભક્ત તો હતા જ. તમિળ દિવ્ય પ્રબંધમ્‌ના ૪૦૦ પાશુરમ્‌માં તિરુમંગૈ આળવારનાં ૧૨૫૩ પાશુરમ્ છે. એ છ કૃતિઓમાં વિભક્ત છે. તે પૈકી 'પેરિય તિરુમોળિ'માં સૌથી વધુ એટલે ૧૦૮૪ પદ છે. 'તિરુકકુરુન્તાણ્ડકમ્'માં ૨૦ પદ, 'તિરુનેડુન્તાણ્ડકમ્'માં ૩૦ પદ, 'તિરુવેળુ-કૂર્રિરુક્કૈ'માં ૧ પદ, 'શિરિય તિરુમડલ'માં ૪૦ પદ અને 'પેરિય તિરુમડલ'માં ૭૮ પદ છે.

એક વાર ઉન્માર્ગે ચઢેલ આ શૂરવીર પ્રેમાળ ભક્તે ગાયું છે : "હું દુ:ખી છું, ચિંતાથી આકુળવ્યાકુળ છું; સંસારની મોહજાળમાં ફસાઈને મેં સુવર્ણ જેવા કેટલાય કીમતી દિવસ વેડફી નાખ્યા છે. વિજયની મહેચ્છાથી, અને નશ્વર પદાર્થોની કામના કરી, નારીના મોહપાશમાં પડીને, ચંચળ મનથી મેં કેટલાય દિવસ નષ્ટ કરી નાખ્યા. હે ભગવન્! હવે શું કરું ? હું ચોર છું, કપટી છું, મનમાન્યા માર્ગે ચાલનારો દિશાહીન, લક્ષ્યહીન છું. હવે તમારી દયાની ભીખ માગું છું...નારીના સૌન્દર્ય ઉપર મોહિત થઈ એને જ શાશ્વત સુખ સમજીને હું મૂર્ખ બન્યો. ભગવન્! મને શરમ આવે છે. હું આપને શરણે છું.... આ અકિંચનનું રક્ષણ કરો."

પરંતુ પછી નારાયણનું રક્ષણ મળતાં આળવાર નામમહિમા વર્ણવે છે : "હું એ નારાયણનું નામ શું છે તે સમજી ગયો છું. એ પવિત્ર કુળ આપનાર છે, સંપત્તિ આપે છે અને ભક્તોનાં કષ્ટ કાપે છે. એ ભગવાનનો અનુગ્રહ પ્રદાન કરે છે, અને શક્તિ સીંચે છે. જન્મદાત્રી માતા કરતાંય અધિક મમતા દર્શાવે છે અને કલ્યાણ કરે છે....અમારાં પાપ અને દોષોનો નારાયણનું નામ વિષની જેમ નાશ કરી નાખે છે."

તિરુમંગૈ આળવારે અષ્ટાક્ષર મંત્રને 'ચારે વેદોનું મધુર અમૃતફળ' એમ વર્ણવ્યો છે. એમના મતે સર્વવ્યાપી, જ્ઞાનરૂપી જ્યોતિથી પ્રકાશિત પરમાત્મા સદા ભક્તોના હૃદયમાં વસે છે. એકાન્ત ભક્તિથી સ્મરણ કરનારને શ્રીરંગનાથ સ્હેજે મળે છે. શેરડીના રસ જેવા મધુર શ્રીરંગનાથ ભક્તોને આકર્ષી લે છે.

માગશર માસમાં સુદ ૧ થી વદ ૧૦ સુધી દક્ષિણના શ્રીવૈષ્ણવ મંદિરોમાં 'વૈકુંઠોત્સવ' (તિરુમોળિ તિરુનાલ—તિરુમોળિ ઉત્સવ) ઊજવાય છે. તે ઉત્સવમાં 'તિરુમોળિ'માંના તિરુમંગૈ આળવારનાં પાશુરમ્ મોટે ભાગે ગવાય છે. આ ઉત્સવ 'પકલ પત્તુ' કહેવાય છે. 'તિરુમોળિ'નો પાઠ દિવસના સમયમાં

થાય છે. શ્રીવૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય નાથમુનિએ તિરુમંગૈ આળવારની બહુ પ્રશંસા કરી છે. સંભવ છે કે શ્રીનાથમુનિએ તિરુમંગૈ આળવારના સ્મરણાર્થે 'વૈકુંઠોત્સવ' ની રૂઢિ ચાલુ કરી હોય.

તિરુમંગૈ આળવારનો જન્મ કારતક માસમાં કૃત્તિકા નક્ષત્રમાં થયેલો. તેઓ શ્રીવિષ્ણુના શારંગ ધનુષ્યના અવતાર મનાય છે.

## ૯ મધુર કવિ આળવાર ( મધુર કવિ )

મધુર કવિ આળવારનો જન્મ પાંડય પ્રદેશમા ચૈત્ર માસના ચિત્રા નક્ષત્રમાં, તિરુક્કોળૂરુ ગામમાં સામવેદી બ્રાહ્મણ કુળમાં થયો હતો. મધુર કવિએ વેદો અને શાસ્ત્રોનું વિધિવત્ અધ્યયન કર્યું હતું; પરંતુ એમનું હૃદય કોરી પંડિતાઈ નહિ પણ પ્રેમ અને સાક્ષાત્કાર માટે તડપતું હતું. એ સંગીત-શાસ્ત્રના જ્ઞાતા હતા અને મધુર કંઠે ગાઈ શકતા હતા, એટલે લોકો એમને 'મધુર કવિ' કહેતા. એમનું મૂળ નામ પ્રાપ્ત થતું નથી.

પ્રભુના સાક્ષાત્કાર માટે એ અનેક સંતોનો સત્સંગ કરતા, પરંતુ કોઇ પોતાનો ગુરુ થઇ શકે એટલી ઊંચી લાયકાતવાળો એમને જણાયો નહિ. તેથી છેવટે તેઓ ગુરુ અને પ્રભુની ખોજ માટે તીર્થાટન કરવા નીકળી પડયા. કાંચી, દ્વારકા જેવાં દેશનાં વિભિન્ન તીર્થોની યાત્રા કરીને મધુર કવિ ઉત્તરનાં મથુરા, અયોધ્યા, કાશી આદિ તીર્થોમાં ઘૂમતા હતા. તેવામાં કહેવાય છે કે એક વખતે એમને કાં તો ગંગાતટે કે કાં સરયૂતટે દક્ષિણ દિશામાં લગાતાર ત્રણ દિવસ સુધી જ્યોતિષ્પુંજ દેખાયો. જ્યોતિષ્પુંજથી દોરવાતા મધુર કવિ એની પાછળ પાછળ ચાલ્યા. ખૂબ દૂર ચાલ્યા પછી તિરુકકુરુકૂર ગામ આગળ આ જ્યોતિષ્પુંજ અન્તર્ધાન થઈ ગયો. તપાસ કરતાં ત્યાં નમ્માળવાર નામના એક મહાન યોગી આમલીના વૃક્ષના કોતરમાં તપ કરે છે એવી ભાળ મળી. નમ્માળવાર સમાધિસ્થ હતા. સાહસ કરીને મધુર કવિ તેમની પાસે ગયા. પૂજ્યભાવે પ્રશ્ન કર્યો: "હે નિષ્પાપ! જીવ (ચેતન પદાર્થ) જો પ્રકૃતિ (જડ પદાર્થ)ની અંદર આવિર્ભાવ પામે — જન્મે તો, હે ગુરુ? તે શું ખાશે અને કયાં રહેશે?" પારગામી ગુરુએ માર્મિક ઉત્તર આપ્યો: "તે (જીવ) એને જ જમશે અને રહેશે પણ ત્યાં જ." આ સૂક્ષ્મ ઉત્તરનો ભાવાર્થ હતો: 'સૂક્ષ્મ આત્મા હૃદયના અન્તસ્તલમાં રહીને પ્રકૃતિની લીલાનો દ્રષ્ટારૂપથી

ઉપભોગ કરે છે. એ અસંગ રહીને પ્રકૃતિના ખેલનો આનંદ લે છે.' એ જવાબનો બીજો ભાવાર્થ છે : 'જીવનું—આત્માનું ભોજન ભગવાન છે અને તે રહેશે પણ ભગવાનમાં જ.'

મધુર કવિને ગુરુ મળી ગયા, અને ગુરુને શિષ્ય પણ. એ અસત્-જડમાં, સત્‌રૂપે વિદ્યમાન હતા. એ પ્રાચીન જમાનામાં એક વયોવૃદ્ધ કુલીન બ્રાહ્મણે એક શૂદ્ર કિસાન જાતિના યુવકને ગુરુ બનાવ્યા. આ કોઈ સામાન્ય ઘટના નહોતી. એમ કહેવાય છે કે જ્યારે મધુર કવિ આળવાર નમ્માળવારને મળ્યા ત્યારે મધુર કવિની ઉંમર ૧૩૭ વર્ષની અને નમ્માળવારની ઉંમર ૧૬ વર્ષની હતી. ૧૯ વર્ષ સુધી એમણે ગુરુની સેવા કરી અને ગુરુએ રચેલાં કાવ્યોને લિપિબદ્ધ કર્યાં. ગુરુ ૩૫ વર્ષની ઉંમરે વૈકુંઠવાસી થયા તે પછી તેઓ ૧૫ વર્ષ જીવ્યા. આળવાર ભક્તોમાં સૌથી વધુ દીર્ઘાયુષી મધુર કવિએ ગુરુના મહિમાનું સ્થાપન કર્યું. એમણે ગુરુનાં ભજનો સામાન્ય જનતામાં પ્રસરાવ્યાં. ગુરુની જન્મભૂમિ તિરુકકુરુકૂરમાં એમણે ગુરુના સ્મરણાર્થે ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરી. ગુરુ નમ્માળવારને એ ઈશ્વરતુલ્ય ગણતા અને એમનાં પદોને 'દેવવાણી' કહેતા. એમ જણાય છે કે પ્રખ્યાત તમિળ-સંઘ (કવિમંડળ)માં જઈને એમણે ગુરુનાં પદોમાં રહેલું ગૂઢ રહસ્ય સમજાવ્યું. નમ્માળવારના શ્રેષ્ઠ કવિત્વનો પરિચય કરાવીને એમને તમિળ સાહિત્યમાં અજર-અમર કરી દીધા.

મધુર કવિની એક રચના પ્રાપ્ત થાય છે :

'કણ્ણિનુણ્ શિરુત્તામ્બુ.' એમાં અગિયાર પદ છે. એમાં ગુરુને ઈશ્વર ગણીને ગુરુની સ્તુતિ કરી છે. નમ્માળવારની રચના 'તિરુવાય્મોળિ'ના પાઠનો આરંભ 'કણ્ણિનુણ્ શિરુત્તામ્બુ'ના પઠન પછી જ થાય છે. અને અંતે પણ આનો જ પાઠ થાય છે. વળી નિત્યાનુસંધાનમાં પણ એનો સમાવેશ છે.

તમિળ ભાષાનું સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય 'કમ્બ રામાયણ' લખનાર, ઈ. સ. ની બારમી સદીમાં થયેલ સંત, કવિચક્રવર્તી કમ્બરને નમ્માળવારની પ્રશસ્તિનો 'શઠકોપરન્તાદિ' ગ્રંથ લખવાની પ્રેરણા ઉપર્યુક્ત 'કણ્ણિનુણ્ શિરુતામ્બુ'માંથી મળી છે એમ કહેવાય છે. કવિશ્રેષ્ઠ કમ્બરને એમની ગાઢ ભક્તિ જોઈને તમિળ જનતા આળવાર કહેતી હતી. કમ્બરને દક્ષિણના તુલસીદાસ કહી શકાય.

ગુરુનો મહિમા કરતાં મધુર કવિએ ગાયું છે: "હું ગુરુ વિના બીજા કોઈ પરમાત્માને ઓળખતો નથી. હું તો એમના જ ગુણ ગાઈશ. હું તો

એમનો ભક્ત છું. અરેરે! મેં અત્યારસુધી સંસારના પદાર્થોમાં વિશ્વાસ રાખ્યો. હું કેટલો મૂર્ખ અને અભિમાની હતો! સત્ય તો એ જ છે. મને તે હવે પ્રાપ્ત થયું. મને તો શઠકોપનું (નમ્માળવારનું) નામ અમૃત જેવું લાગે છે. મારે માટે એ જ પુરુષાર્થ છે. એ જ મારાં માતા, પિતા અને બંધુજન છે. એ જ વિષયોની રુચિ તોડીને ભકિતદાન કરનાર છે. તેઓ જ મારાં પાપ વિદારીને દયા કરી શકે એવા છે. એ જ તત્ત્વજ્ઞાન કરાવીને સમતા આપનારા છે. એમણે મને વેદોનું તત્ત્વ દર્શાવ્યું છે. એમનાં ચરણકમળની ભક્તિ કરવી એ જ મારા જીવનનું એકમાત્ર લક્ષ્ય છે."

મધુર કવિ પોતાને નમ્માળવારના દાસ માનતા હતા તેથી નમ્માળવારની પાદુકા 'મધુર કવિ' નામથી ઓળખાય છે.

શ્રીવૈષ્ણવ સંપ્રદાય અનુસાર મધુર કવિ શ્રીવિષ્ણુના સેનાપતિ વિષ્વક્સેનના સેવક કુમુદ-ગણેશના અવતાર મનાય છે.

## ૧૦ નમ્માળવાર (શઠકોપ)

આળવારોના સમુદાયમાં સર્વશ્રેષ્ઠ નમ્માળવાર શૂદ્ર હતા. પિતાનું નામ કારિયાર અને માતાનું નામ ઉદયનંગે (નાથનાયિકા). જન્મસ્થાન તિન્નેવેલી જીલ્લામાં તિરકકુરુકૂર. જાતિ ખેતી કરતી શૂદ્ર. પિતા પહેલાં પાંડય રાજાને ત્યાં ઉચ્ચ પદવી ધરાવતા હતા. પરંતુ પછી કુરુગૈનાડુ અથવા વલુદિવળૈનાડુ નામના નાના રાજ્યના રાજવી બન્યા. માતાપિતાને કંઈ સંતાન નહોતું એટલે દંપતીએ ભકિતભાવથી તીર્થાટન કરી, શ્રીવિષ્ણુને પુત્રપ્રાપ્તિ માટે પ્રાર્થના કરી. પ્રાર્થના ફળી. તેના ફળસ્વરૂપે નમ્માળવારનો જન્મ વૈશાખ માસના વિશાખા નક્ષત્રમાં થયેલો મનાય છે. લોકવાયકા અનુસાર જન્મ પછી એમને ભૂખ—તરસ જેવું કંઈ લાગ્યું નહિ. નવજાત શિશુએ ન તો આંખો ખોલી, ન સ્તન્યપાન કર્યું, ન રડયો. માતાપિતા ગૂંચવાયાં. છેવટે શ્રીવિષ્ણુએ આપેલા પુત્રને ગામના વિષ્ણુ-મંદિરમાં એક આમલીના વૃક્ષના કોતરમાં મૂકી આવ્યાં. એનું નામ રાખ્યું મારન્. તમિળમાં એનો અર્થ થાય છે અદ્ભુત. ત્યાં સોળ વર્ષ સુધી બાળક

મારન્ ધ્યાન અને શ્રીહરિના સાક્ષાત્કારથી આવતી યોગસમાધિમાં રહ્યા. શ્રીવિષ્ણુએ એમનું આ સોળ વર્ષ પાલનપોષણ કર્યું.[૫]

નમ્માળવાર શ્રીવિષ્ણુના મુખ્ય પાર્ષદ અને સેનાધ્યક્ષ વિશ્વક્સેનનો અવતાર મનાય છે; પણ તેમ છતાં કેટલાક એમને કૌસ્તુભનો અવતાર માને છે. બધા આળવાર ‘અવયવ’ કહેવાય છે, જ્યારે નમ્માળવાર ‘અવયવી’. ધ્યાનમાં એકતાર થયેલા નમ્માળવારને ભક્તવત્સલ નારાયણે સ્વયં ‘ૐ નમો નારાયણાય’ મંત્રની દીક્ષા આપેલી. પ્રસવકાળે બાળકને આત્માનું ભાન ભુલાવનારા જગતના ‘શઠ’ નામના સંસારી વાયુ ઉપર કોપ કરી એમણે એ વાયુ ભગાડયો હતો તેથી તે શઠકોપ, શઠરિપુ, શઠારિ ઈત્યાદિ નામોથી; બકુલ (બોરસલી) ફુલને ધારણ કરતા તેથી બકુલાભરણ; અન્ય મતાવલંબીઓને તર્કરૂપી અંકુશથી પરાસ્ત કરતા તેથી પરાંકુશ; વૈષ્ણવોમાં બહુમાન્ય હતા તેથી કુલપતિ અને કૂટસ્થ એવાં એમનાં અન્ય સાર્થક નામ હતાં. એ ‘તમિળ વેદવ્યાસ’ નામથી પણ ઓળખાતા. દિવ્ય જયોતિષ્પુંજની દોરવણીથી સ્વયં આવીને શિષ્ય બનેલા મધુર કવિ આળવાર સાથે એમણે આધ્યાત્મિક વિષયોનું કેટલુંય ચિંતન કરેલું. આ મધુર કવિએ ગુરુની રચનાઓને સુયોગ્ય ક્રમમાં લખી લીધી. શઠકોપે આમલીના કોતરમાં રહીને જ પૂર્ણ જ્ઞાન સંપાદન કરેલું એમ ગુરુપરંપરાના બધા ગ્રંથો એકમતે કહે છે; પરંતુ એમની રચનાઓ જોતાં તેમણે તમિળ અને સંસ્કૃતનું ઊંડું અધ્યયન કરેલું દેખાય છે. તે સાથે તેમણે તમિળ પ્રદેશનાં કેટલાંય સ્થાનોનું એવું જીવંત વર્ણન કર્યું છે કે નજરે જોયા વિના તે ન થઈ શકે. સમાજ સાથેનો સંપર્ક પણ તેમાં દેખાય છે. મનુષ્યજીવનની કઠિનાઈઓનો પણ એમને સામનો કરવો પડયો હોય એવું સમજાય છે. એમના જીવનની

---

૫. આ કથાનો અર્થ એમ સમજી શકાય કે, બાળપણથી ભગવદ્ભક્ત નમ્માળવાર થોડા મોટા થતાં મંદિરમાં ઊછરેલા. ત્યાં જ રહીને ભક્તિ–યોગપરાયણ જીવન જીવીને જ્ઞાનાર્જન પણ કરેલું. ઊગતા યુવાન શ્રી રમણ મહર્ષિની સંભાળ આપણા જમાનામાં જેમ અજાણ્યા વૃદ્ધ સાધુ શેષાદ્રિસ્વામી અને કોઈ રત્નમલ્લ નામની બાઇએ લીધેલી એમ નમ્માળવારનું પણ થયું હોય.

આમલીના જે કોતરમાં નમ્માળવારે જ્ઞાન પ્રાપ્ત કરેલું અને રહેલા તે અત્યારે તિરુક્કુરુકૂર (હાલની આળવાર તિરુનગરી)માં છે. લોકો તેની યાત્રાએ જાય છે. આમલીનું એ વૃક્ષ આદિશેષનો અવતાર મનાય છે, એ વૃક્ષ નિદ્રા અને તન્દ્રા કરતું નથી અને એને ફળ બેસતાં નથી એમ કહેવાય છે.

નમ્માળવારના ઉલ્લેખ બ્રહ્માંડ, માર્કંડેય અને ભવિષ્ય ઇત્યાદિ પુરાણોમાં મળે છે.

વિગતે માહિતી મળતી નથી, પણ તેઓ બ્રહ્મચારી હતા અને ૩૫ વર્ષની તરુણ ઉંમરે વૈકુંઠવાસી થયેલા.

તમિળ ભાષાના કવિ—સમ્રાટ કંબરએ (ઈ. સ. ની બારમી સદી. તેઓ કંબન્ નામે પણ ઓળખાય છે.) 'ઈરામાવતારમ્' (તમિળ રામાયણ) રચ્યું. ગ્રંથની પ્રથમ નકલ ભગવાન શ્રીરંગનાથનાં ચરણોમાં મૂકી, ત્યારે કહે છે કે ભગવાને પૂછ્યું : "તેં શું શઠકોપનું ચરિત્ર પણ ગાયું છે કે?" કંબરએ ક્ષમાપ્રાર્થનાપૂર્વક ના પાડી. એ પછી કંબરએ પોતાના રામાયણના આરંભે શઠકોપની સ્તુતિ દાખલ કરી. તમિળ–સંઘ (કવિમંડળ)માં કંબરએ શઠકોપની પ્રશસ્તિ કરી : "જગતનાં સર્વ કાવ્યો નમ્માળવારના એક શબ્દની તોલે પણ આવી શકે કે? શું મચ્છર ગરુડનો સામનો કરી શકે? આગિયો સૂર્યની સામે શું ચમકવાનો? સિંહની સામે કૂતરો શું ગર્જવાનો? ચુડેલ ઉર્વશીની સામે શી રીતે ઊંચું મોં રાખી શકવાની?"

એવી જનશ્રુતિ છે કે જ્યારે શઠકોપે ભગવાન શ્રીરંગનાથને સ્વરચિત પદો ગાઈ સંભળાવ્યાં, ત્યારે ભગવાને કહ્યું : "આ તો અમારા આળવાર (નમ્ આળવાર) છે." (કેટલાકના મતે કંબરએ ભગવાનને શઠકોપનાં પદ સંભળાવેલાં.) અને ભગવાન એમ કેમ ન કહે? નમ્માળવારે ગાયું છે : "સ્તુતિને યોગ્ય તો કેવળ ભગવાન જ છે. હું મનુષ્યોની સ્તુતિ કરનાર મૂર્ખોમાંનો નથી. હે કવિ! તું તો સર્વેશ્વર, સર્વશક્તિમાન, સકળ કલ્યાણ-ગુણનિધાન ભગવાનની સ્તુતિ કર...હે સ્વામિન્! તમારા વિના મારે કોઈનો આશ્રય નથી, એટલે મને બોલાવીને તમારા સાન્નિધ્યમાં રાખો."

શ્રીવૈષ્ણવ મંદિરોમાં જ્યારે જ્યારે વેદપાઠ થતો ત્યારે ત્યારે સાથે તમિળ-વેદ (દિવ્ય પ્રબન્ધમ્)નો પાઠ કરવાની પ્રણાલિ તિરુમંગૈ આળવારે ચાલુ કરી, તે અદ્યાપિ ચાલુ છે. માગશર સુદ ૧૧ થી દશ દિવસ વેદનો પાઠ ચાલે છે તેને 'મોક્ષોત્સવ' કહે છે. તિરુમંગૈ આળવારે એ અવસરે નમ્મા-ળવારના 'તિરુવાય્મોળિ'[૬] (સંતોના પવિત્ર મુખમાંથી નીકળેલી દિવ્ય વાણી)ના પાઠનો કાર્યક્રમ ચાલુ કર્યો. 'યજુર્વેદ'ની સાથે તમિળવેદનો પાઠ થવા માંડયો; પરંતુ પછીથી તમિળવેદનું મહત્ત્વ એટલું વધી ગયું કે 'યજુર્વેદ'નો પાઠ બંધ થઈ ગયો. હવે કેવળ તમિળવેદનો પાઠ ચાલે છે. ઉપર્યુક્ત 'મોક્ષો-

૬. 'વાય્મોળિ' શબ્દ પ્રાચીન તમિળ સાહિત્યમાં 'વેદો' માટે વપરાયો છે.

ત્સવ 'માં (તિરુવાય્મોળિ ઉત્સવમાં) દશ દિવસમાં દરરોજનાં આશરે એકસો લેખે 'તિરુવાય્મોળિ'નાં ૧૧૦૨ પદનો પાઠ થાય છે. પાઠના અંતે નમ્માળવારની મૂર્તિને, ભગવાન અને નમ્માળવારનું ઐક્ય સૂચિત કરવા શ્રીરંગજીના ચરણમાં મૂકવામાં આવે છે. મોક્ષોત્સવનું તમિળ નામ 'તિરુવાય્-મોળિ તિરુનાલ' અત્યારે પ્રચલિત છે.

નમ્માળવારના ચાર ગ્રન્થ પ્રાપ્ત થાય છે : **૧. તિરુવિરુત્તમ્** (તિરુવૃત્તમ્). એમાં એકસો પદ છે. એ 'ઋગ્વેદ'નો સાર ગણાય છે. એમાં નાયક—નાયિકાના મિષે જીવ અને બ્રહ્મનો સંબંધ વર્ણવ્યો છે. આળવાર એમાં શરીરમાંથી અને જડ પ્રાકૃતિક વસ્તુઓમાંથી અહંતા—મમતા દૂર કરવાનું પ્રાર્થીને ભગવાન સાથે તાદાત્મ્ય સ્થાપે છે. **૨. તિરુવાશિરિયમ્**. આ રચનામાં સાત પદ છે. એ 'યજુર્વેદ'નો સાર મનાય છે. ભગવાનને સંપૂર્ણ શરણે જઈને ભક્ત ભગવાનના દિવ્ય રૂપમાં ખોવાઈ જાય છે. **૩. પેરિય તિરુવન્તાદિ.** સત્યાશી પદની આ રચના 'અથર્વવેદ'નો સાર ગનાય છે. એમાં આળવાર ભક્તે વર્ણવ્યું છે કે ભગવાનનો જે આનન્દાનુભવ અત્યારે પ્રાપ્ત થયો છે તે તો જરાક જ છે, ખરો આનંદ તો હવે મળશે. ભક્તના હૃદયમાં પ્રેમ અને શ્રદ્ધા હશે તો પ્રભુનો અહેતુક પ્રેમ અનાયાસે જ મળી જવાનો. **૪. તિરુવાય્મોળિ.** ૧૧૦૨ પદનો આ ગ્રન્થ સમસ્ત આળવારોની રચનાઓમાં સર્વાધિક મહત્ત્વનો છે. એમાં નારાયણની ભક્તિનું મહત્ત્વ, નારાયણનાં ચરણોમાં સર્વાર્પણ, નિરવધિક કૃપાને કારણે ભગવાનના અવતાર અને જેઓ અવતારોના સમકાલીન ન હતા તેમને ભગવાનના સર્વ સુલભ અર્ચાવતાર; ભગવાનના વિરહથી દુ:ખી વિરહિણી તન્મય બનીને સર્વત્ર સર્વમાં ભગવાનનાં જ દર્શન કરે છે તેનું હૃદયદ્રાવક ચિત્તાકર્ષક વર્ણન, અને છેવટે મનભર ભગવદનુભવ પામીને ભક્ત મુક્ત થાય છે તેનું અહીં દર્શન કરાવ્યું છે. નમ્માળવારનું લક્ષ્ય સર્વ જીવાત્માઓનું કલ્યાણ છે, તેથી તેઓ પોતાના પ્રબંધોમાં ઈશ્વર અને જીવનું સ્વરૂપ, ઈશ્વરની પ્રાપ્તિનો ઉપાય અને તેમાં આવતાં વિઘ્નો અંગે વિવરણ કરીને શરણાગતિ ઉપર ભાર મૂકે છે. તેને કારણે શ્રીવૈષ્ણવો તેમને 'પ્રપન્નજનકૂટસ્થ' કહે છે.

નમ્માળવારને સર્વત્ર ઈશ્વરનાં દર્શન થાય છે. નીલ ગગનને દેખીને તે હાથ જોડીને બોલી ઊઠે છે, 'આ તો મારા પ્રિયતમનું વૈકુંઠ છે.' સમુદ્રના દર્શન કરીને તેઓ કહે છે 'આ તો મારા પ્યારાનું વિશ્રામસ્થાન છે.' સરકતા

સર્પને જોઈને એમનાથી ગદ્ગદ્કંઠે કહેવાઈ જાય છે, 'મારા શ્યામસુંદરની આ શય્યાને જુઓ.' નમ્માળવાર જગત અને જગતમાંની સર્વ વસ્તુઓને ભગવત્સ્વરૂપે નિહાળે છે, તેઓ સદાસર્વદા ભગવાનની સમીપ જ વસે છે. એમનો મોક્ષ એટલે ભગવાનની સમીપમાં રહીને એમની દાસભાવે, પત્નીભાવે, અથવા ગોપીભાવે સેવા. એમનું જમવાનું ભોજન, પીવાનું પાણી અને ચાવવાનું તાંબૂલ, સર્વ કંઈ શ્રીકૃષ્ણ જ છે.

નમ્માળવારની રચનાઓને વિખ્યાત વેદાન્તદેશિકાચાર્ય (૧૨૬૮—૧૩૬૯) 'દ્રવિડોપનિષદ' કહે છે. વેદાન્તદેશિક વેદોનું રહસ્ય આ રચનાઓ દ્વારા સમજેલા. આચાર્ય રામાનુજે (૧૦૧૭—૧૧૩૭) બ્રહ્મસૂત્રભાષ્ય લખતાં પોતાનું શંકાસમાધાન નમ્માળવારની રચનાઓમાંથી કર્યું હતું એમ કહેવાય છે. પાછળના અનેક કવિઓ ઉપર આ રચનાઓએ પ્રભાવ પાડયો છે. વૈયાકરણોએ શ્રેષ્ઠ ઉદાહરણોના રૂપમાં એમાંથી અવતરણો ટાંકયાં છે.

'દિવ્યપ્રબન્ધમ્'નાં ચાર હજાર પદોમાં નમ્માળવારનાં પદ સર્વથી વધારે એટલે કે ૧૨૯૬ છે. આચાર્ય શ્રી નાથમુનિએ શઠકોપના વાઙ્મયને ભકતામૃત, વિશ્વજનાનુમોદન. સર્વાર્થપ્રદ, સહસ્રશાખોપનિષત્સમાગમ અને દ્રવિડસાગર જેવાં અર્થઘન વિશેષણ આપ્યાં છે.

અનેક શ્રીવૈષ્ણવ મંદિરોમાં શ્રીવિષ્ણુની પાદુકાઓ ભકતો પોતાનાં મસ્તક ઉપર ધારણ કરે છે. આ પાદુકાઓ 'શ્રીશઠકોપ' નામથી ઓળખાય છે.

## ૧૧. પેરિયાળવાર (વિષ્ણુચિત્ત)

વિષ્ણુચિત્તનો જન્મ દક્ષિણ ભારતમાં તમિળનાડુના શ્રી વિલ્લિપુત્તૂર (શ્રીધન્વીપુર કે શ્રીધન્વીનવપુર) નગરમાં વેયર બ્રાહ્મણોના કુળમાં થયો હતો. માતાનું નામ પદ્મા અને પિતાનું મુકુંદાચાર્ય. મદુરાના પાંડય રાજા વલ્લભદેવે (ઈ. સ. ૭૦૦—૭૬૭) એમને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા હતા. એમનો જન્મ ઈ. સ. ૬૯૦માં અને વૈકુંઠવાસ ઈ. સ. ૭૭૫માં થયાનું મનાય છે.

વિષ્ણુચિત્તનાં માતાપિતા સદાચારી અને ભકત હતાં. તેઓ નગરના વટપત્રશાયી શ્રીવિષ્ણુના મંદિરમાં જઈને દરરોજ દેવ જેવા પુત્ર માટે પ્રાર્થના કરતાં. પ્રાર્થના ફળી અને વિષ્ણુચિત્તનો જન્મ થયો. જયેષ્ઠ માસમાં એકાદશી

અને રવિવારે સ્વાતિ નક્ષત્રમાં એમનો જન્મ થયાનું મનાય છે એમ કહેવાય છે કે એમના જન્મ સમયે માતાને પ્રસવની વેદના થઈ નહોતી. બચપણથી જ અંતઃપ્રેરણાને લીધે બાળકનું ચિત્ત વિષ્ણુમાં જ રમણ કરતું એટલે લોકો એમને 'વિષ્ણુચિત્ત' નામથી બોલાવતા. વિષ્ણુચિત્ત મોટે ભાગે મંદિરમાં રહેતા અને નારાયણનું ધ્યાન અને નામનો જપ કરતા. વિષ્ણુસહસ્રનામનું એકાગ્રતાથી ગાન કરતા. એમણે વેદોનો અભ્યાસ કર્યો અને સાર તારવ્યો : "નારાયણ જ વિદ્યામાત્રનો સાર છે. સર્વ ધર્મોનું ધ્યેય નારાયણ જ છે. હવે હું એને શરણે જઈશ."

એક વખતે 'વિષ્ણુપુરાણ'ની (૫–૧૯–૧૭ થી) કથામાં પુરાણીના મુખે વિષ્ણુચિત્તે સાંભળ્યું : 'શ્રીકૃષ્ણાવતારમાં ભગવાન શ્રીકૃષ્ણ બલરામની સાથે પોતાના વેરી કંસના માળીને ત્યાં ફૂલમાળાઓ લેવા ગયા. એમને જોઈને માળી રાજી રાજી થઈ ગયો. પ્રણામ કર્યા. "હે સ્વામી કૃષ્ણ – બલરામ ! આપ કૃપા કરીને મારા ઘેર પધાર્યા તેથી હું ધન્ય થઈ ગયો. હવે હું તમારી પુષ્પોથી સેવા કરીશ, प्रसादपरमौ नाथौ मम गेहमुपागतौ । धन्योऽहमर्चयिष्यामीत्याह तौ माल्यजीवनः ॥" એમ ભક્તિભાવથી માળી બોલ્યો, અને ભગવાનને વારંવાર પ્રણામ કરીને મનોહર સુગંધિત પુષ્પો અર્પણ કર્યાં.' આ વચનો નવયુવાન વિષ્ણુચિત્તના હૃદયમાં જડાઈ ગયાં. એમણે ભગવાનને ફૂલમાળાઓ ચઢાવીને ભગવદ્ભક્તિ કરવાનો નિર્ણય કર્યો પોતાની સંપત્તિ વેચી નાખીને ફળદ્રુપ જમીન ખરીદી. સુંદર ફૂલવાડી ઉછેરી. 'નારાયણ'નું નામ લેતાં લેતાં ફૂલ ઉતારતા અને સુંદર પુષ્પહાર થતા. એ હારમાં શ્રીવિષ્ણુને અતિપ્રિય એવાં આઠ પ્રકારનાં માનસિક સુમનો ભક્તિભાવથી પરિપૂર્ણ હૃદયે ગૂંથી દેતા, અને પછી એ દિવ્ય ફૂલમાળાઓ ભગવાન શ્રીવટપત્રશાયીને અર્પણ કરતા.'૭ વિષ્ણુસહસ્રનામનું ગાન અવિરત ચાલ્યા કરતું. પુષ્પમાળાઓથી અલંકૃત ભગવદ્મૂર્તિનાં અનિમેષ નયને દર્શન કરી આળવાર આનંદવિભોર બની જતા.

આ અરસામાં મદુરાના પાંડ્ય રાજા વલ્લભદેવને કોઈ સાત્ત્વિક પ્રકૃતિના તીર્થયાત્રી બ્રાહ્મણે ઉપદેશ આપ્યો :

"દિવસે એવું કાર્ય કરવું કે રાતે સુખમાં રહેવાય; આઠ માસ એવું

૭. વિષ્ણુને પ્રિય આઠ પ્રકારનાં માનસિક પુષ્પો : અહિંસા, ઇન્દ્રિયનિગ્રહ, સર્વભૂતદયા, ક્ષમા, ધ્યાન, તપ, જ્ઞાન અને સત્ય. (જુઓ શ્રી વાત્સ્ય વરદાચાર્ય કૃત 'પ્રપન્ન પારિજાત' ૫–૨૮–૨૯; *The Holy Lives of the Azvars, P. 3)*

ઉપાર્જનનું કાર્ય કરવું કે વર્ષા ઋતુના ચાર માસ સુખે રહી શકાય; યુવાનીમાં એવું કાર્ય કરવું કે વૃદ્ધાવસ્થામાં સુખે રહેવાય; અને જીવનભર એવું કાર્ય કરવું કે દેહ ત્યાગ્યા પછી સુખમાં રહેવાય" (અર્થાત્ ભગવદનુભવ કર્યો હોઈ દેહ હોય કે ન હોય,. 'જીવન'નો જ અનુભવ હોય ).

રાજાના ચિત્તમાં પરમાત્માનું તત્ત્વ જાણવાની ઉત્કંઠા થઈ. રાજપુરોહિત શેલ્વનમ્બિ ( શ્રીપૂર્ણ )ની સલાહ લીધી.૮ પુરોહિતે સત્સંગ કરવાની સલાહ આપી; પણ સાચા સંતો એમ ઓછા રેઢા પડયા હોય છે? એટલે સાચા માર્ગદર્શક સંતની ખોજ માટે રાજાએ સર્વ ધર્મોનું સંમેલન ભર્યું. એમાં શૈવ, શાકત, સૂર્યોપાસક, ગાણપત્ય, માયાવાદી, સાંખ્ય, વૈશેષિક, પાશુપત, જૈન, બૌદ્ધ વગેરે તત્કાલીન સર્વ ધર્મસંપ્રદાયોના સંતો—વિદ્વાનો આવ્યા. રાજાએ જાહેર કર્યું કે જે વિદ્વાન સભામાં પરબ્રહ્મનું યથાતથ નિરૂપણ કરશે એને પુરસ્કાર અને ગૌરવપ્રદાન કરવામાં આવશે. આ સંમેલન ચાલતું હતું તેવામાં એક દિવસે ભગવાન વટપત્રશાયીએ વિષ્ણુચિત્તને સ્વપ્નમાં આદેશ આપ્યો : "તમે મદુરાના ધર્મસંમેલનમાં જાઓ. શાસ્ત્રાર્થમાં ભાગ લો. પ્રેમ અને નારાયણની ભકિતનું મહત્ત્વ સાધારણ માણસને પણ સમજાવીને આનન્દની પ્રાપ્તિનો રાજમાર્ગ દેખાડો."

નમ્ર વિષ્ણુચિત્તે પોતાને આવા ગૌરવશાળી કાર્ય માટે અયોગ્ય માન્યા, પરંતુ ભગવાનની આજ્ઞાનું પાલન તો કરવું જ પડે, એટલે વટપત્રશાયી ઉપર શ્રદ્ધા રાખીને, એમને જ બધો ભાર સોંપીને, ભગવાનનું માધ્યમ બનીને સભામાં ગયા. એમણે વિભિન્ન ધર્માચાર્યોની દલીલોનું નિરસન કર્યું અને સિદ્ધ કર્યું : "ભગવાન લક્ષ્મીનારાયણ જ સર્વોપરી દેવ છે. એના ચરણનું શરણ લેવું એ જ કલ્યાણનો એકમાત્ર ઉપાય છે. નારાયણ જ રક્ષક છે. તેઓ જ યોગમાયાથી સજ્જનોની રક્ષા અને દુષ્ટોના દમન માટે યુગે યુગે

૮. આ શેલ્વનમ્બિ અર્થાત્ સંપત્પૂર્ણ માટે વિષ્ણુચિત્ત આળવારે એમના 'તિરુપ્પલ્લાણ્ડુ'ની અગિયારમી ગાથામાં શ્રીવૈષ્ણવ હોવાનું ખૂબ અભિમાન રાખનાર ( શ્રીવૈષ્ણવાભિમાનતુંગ ) અને અનીતિની ગંધ વિનાના કહ્યા છે. શ્રીવૈષ્ણવ સંપ્રદાય અનુસાર ૭ પ્રકારની અનીતિ હોય છે. દેહાત્મભ્રમ, સ્વતન્ત્રાત્મભ્રમ ( આત્મા પરમાત્માથી સ્વતંત્ર છે એવો ભ્રમ ), અન્યશેષત્વભ્રમ ( ભગવાન વિના બીજાનો દાસ માનવો ), સ્વરક્ષણે સ્વાભિમુખ્યૌચિત્યભ્રમ ( પોતાની રક્ષા માટે પોતે તૈયાર થઇ જાય તેને ઉચિત સમજવું ), બાંધવાભાસલોલત્વ (બાંધવાભાસોમાં આસકિત), અને વિષયચાપલત્વ (વિષય ભોગવવાની લાલસા રાખ્યા કરવી ).

અવતાર ધારણ કરે છે. એ પ્રાણીમાત્રના હૃદયમાં વસે છે. એક ભગવાન જ માયા કરતાં શ્રેષ્ઠ છે અને એમની ઉપાસના—ભકિત જ માયામાંથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે. એમના ઉપર શ્રદ્ધા રાખો. એમને આરાધો. એમના નામનું રટણ કર્યા કરો, અને ગુણાનુવાદ ગાયા કરો."

વિજયી વિષ્ણુચિત્તને રાજાએ ખૂબ દ્રવ્ય, સુવર્ણશુક અને 'પટ્ટર પિરાન્'ની (ભટ્ટનાથ, ભટ્ટપાદ, ઉત્તમ બ્રહ્મવેત્તાની) માનવંત પદવી આપીને સમ્માન કર્યું. ગુરુ તરીકે સ્વીકાર્યા. એમનું ગૌરવ કરવા હાથી ઉપર બેસાડીને ભવ્ય નગરયાત્રા કાઢી. નગરયાત્રા કરતાં કરતાં એમણે શ્રદ્ધા-ભકિતપૂર્ણ નેત્રોથી આકાશમાં નજર નાખી. ત્યાં એમણે શું જોયું? સાક્ષાત્ ભગવાન નારાયણ લક્ષ્મીજીની સાથે ગરુડ ઉપર વિરાજેલા છે. અસંખ્ય નરનારીઓના મુખે '**ૐ નમો નારાયણાય**' મંત્રનો ધ્વનિ સાંભળીને તેઓ પ્રસન્ન થતા હતા. આળવારના આનન્દનો પાર રહ્યો નહિ. પરંતુ એમને એક વિચિત્ર ચિંતા થઈ કે ક્યાંક કલિયુગના આ પાપી સંસારમાં કોઈ એમને ઈજા ન પહોંચાડે! ક્યાંક ભગવાનનો સૌન્દર્યરાશિ બગડી ન જાય! એટલે એમણે ભગવાનનું અનુપમ સૌન્દર્ય કરોડો વર્ષ સુધી અચળ રહે તે માટે 'જુગોજુગ વિજયી થાવ' એમ ભગવાનનું મંગળ વાંછતા 'તિરુપ્પલ્લાણ્ડુ'ના રક્ષાસ્તોત્ર દ્વારા ભગવાનની સ્તુતિ કરી: "હે ચાણૂર-મુષ્ટિકાદિ બળવાન મલ્લોનો વધ કરવામાં સમર્થ બલિષ્ઠ ભુજાવાળા! હે ઈન્દ્રનીલમણિપ્રભ! આપનો જય હો! કરોડો વર્ષો માટે વિજય હો! આપના ચરણારવિંદના સૌન્દર્યનો હજારો વર્ષ સુધી જય હો! કરોડો વર્ષ વિજય હો! જુગોજુગ વિજય હો! મંગલ હો!..."

જ્યારે અન્ય ભકતો સાધારણ રીતે ભગવાનનો અનુગ્રહ યાચે છે ત્યારે અહીં તો વિષ્ણુચિત્ત અસીમ વાત્સલ્યથી ભગવાનને મંગળ વાંછે છે. સર્વ-શકિતમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપી પરમાત્માની રક્ષા માટે આતુર થઈને વિષ્ણુચિત્તે, 'તિરુપ્પલ્લાણ્ડુ'નું ગાન કર્યું. આને કારણે વિષ્ણુચિત્ત 'પેરિયાળવાર' (ઉત્તમ આળવાર) કહેવાયા. 'પલ્લાણ્ડુ' શબ્દનો 'દેવોનાં અસંખ્ય વર્ષો સુધી અચળ રહો! વિજયી હો! મંગળ હો!' એવા ભાવનો મંગલાશાસન-સૂચક અર્થ છે. 'તિરુ'નો અર્થ શ્રી છે. તેથી 'તિરુપ્પલ્લાણ્ડુ' એટલે શ્રીમંગલાશાસન પ્રબંધ. 'તિરુપ્પલ્લાણ્ડુ'નાં બાર પદનું શ્રીવૈષ્ણવોમાં અનન્ય મહત્ત્વ છે. નિત્યાનુસંધાનમાં તેનું સ્થાન પ્રથમ છે. પ્રબંધમ્ના પ્રારંભે અને અંતે 'તિરુપ્પલ્લાણ્ડુ'નો પાઠ કરવાનો આવશ્યક વિધિ છે. શ્રીવૈષ્ણવોમાં મૃત્યુ

સમયે એનો પાઠ કરવામાં આવે છે. સૂતક કાઢ્યા પછી તેરમાના દિવસે તેનો પાઠ અવશ્ય કરવામાં આવે છે.

પાંડ્ય રાજા પાસેથી મળેલ ધનરાશિ લઈ પેરિયાળવાર શ્રીવિલ્લિપુત્તૂર આવ્યા. ધનનો સદુપયોગ ઇષ્ટદેવ વટપત્રશાયીના મંદિરનું ગોપુર (મુખ્ય દ્વાર) બંધાવવામાં કર્યો; અને પૂર્વવત્ ભગવાનના માળી બનીને પુષ્પમાળ ગૂંથવામાં લાગી ગયા. વિષ્ણુચિત્તે જો કે ગુરુ પાસે વ્યવસ્થિત અભ્યાસ નહોતો કર્યો તો પણ તેઓ સંસ્કૃતના આરૂઢ વિદ્વાન હતા. એમણે ‘ કલ્પસૂત્ર ઉપર ટીકા લખી છે એવું કહેવાય છે.

વિષ્ણુચિત્ત સમદર્શી મહાનુભાવ અને એકાન્તિક વૈષ્ણવ હતા. પુષ્પ-વાટિકામાં તુલસીના છોડવાઓની વચ્ચે પુષ્પશય્યા ઉપર પોઢેલી એક બાળકી એમને મળી. બાળકીનું નામ કોદૈ—ગોદા (ફૂલની છડી) પાડ્યું. એ બાળકી પછી આણ્ડાળ આળવાર નામથી વિખ્યાત થઈ.

પેરિયાળવારે પોતાને માટે વિષ્ણુચિત્ત (વિટ્ટુશિત્તાન્) અને પટ્ટરપિરાન્ (ભટ્ટનાથ) વગેરે નામોનો પ્રયોગ કર્યો છે. આણ્ડાળે પણ તેમને માટે ઉપ-ર્યુક્ત નામોનો પ્રયોગ કર્યો છે.

‘ તિરુપ્પલ્લાણ્ડુ ’ (૧૨ પદ), ઉપરાંત ‘ પેરિયાળવાર તિરુમોળિ ’ વિષ્ણુચિત્તનાં ૪૬૧ પદોનો સંગ્રહ છે. એમાં શ્રીકૃષ્ણની બાળલીલાનું હૃદયદ્રાવક માર્મિકતા સાથે એવું સજીવ ચિત્રણ કર્યું છે અને વાત્સલ્ય રસની એવી અદ્ભુત ધારા વહેવડાવી છે કે એમને વાત્સલ્ય ભાવના નિષ્ણાત કહેવા પડે. બાલકૃષ્ણનું અને તેની લીલાઓનું સૂક્ષ્માતિસૂક્ષ્મ વર્ણન એમણે વાત્સલ્ય ભક્તિની પરા-કાષ્ઠાએ પહોંચાડ્યું છે. કહેવાય છે કે સમસ્ત તમિળ સાહિત્યમાં એનો જોટો નથી. ‘ પિળ્ળૈતમિળ ’ (ભગવાનને શિશુરૂપમાં વર્ણવવા) નામની આ ગીતોની શૈલીના પ્રણેતા વિષ્ણુચિત્ત છે. એના ૯૬ પ્રકારના ભેદ મનાય છે એમના પછી અનેક કવિઓએ આ વિશિષ્ટ કાવ્યશૈલી, ‘ પિળ્ળૈતમિળ ’ અપનાવી. આળવારે શ્રીકૃષ્ણના જન્મોત્સવથી માંડીને, પારણામાં સુવાડી હાલરડાં ગાવાં, ચાંદા મામા દેખાડવા, કર્ણવિધ સંસ્કાર, માખણની ચોરી, યશોદાની ગોપીઓને ફરિયાદ, ગાયો ચરાવવા શ્રીકૃષ્ણને વનમાં મોકલતાં યશોદાનો વિલાપ, શ્રીકૃષ્ણના સૌન્દર્યથી મોહિત ગોપીઓ, મોરલીની માધુરી, યશોદાની પીઠ ઉપર આરૂઢ થવું, રાસલીલા, ગોવર્ધન ધારણ કરવો, દહીંની મટકી ફોડવી, વટપત્રશાયી થવું,

સાત વૃષભોને મારી નપ્પિન્નૈ (નીલા)નું પાણિગ્રહણ, ધેનુક અને નરકનો વધ, દશાવતાર, અર્જુનના સારથિ બન્યા તે, પાંડવોના રાજદૂત, ગજેન્દ્રમોક્ષ વગેરેનું હૃદ્ય ચિત્રણ એમાં મળે છે. રાવણવધ અને વિભિષણને રાજ્ય આપ્યાનું વર્ણન પણ તેમાં છે. ભારતનાં અનેક મુખ્ય તીર્થધામો, જેવાં કે શ્રીરંગમ્, તિરુપ્પેર (શ્રીરંગમ્ પાસેનું કોઈલડિ), કુમ્ભકોણ, તિરુક્કણપુરમ્, વેંકટાચળ, અયોધ્યા, સાલગ્રામ, બદરિકાશ્રમ અને દ્વારકાનું, મથુરા—ગોકુળ વગેરે વ્રજનાં તીર્થોનું અને ક્ષીરસાગર, પરમપદ વગેરે દિવ્ય તીર્થધામોનું યશોગાન પણ તેમનાં પદોમાં મળે છે.

પેરિયાળવારે શ્રીરામ અને શ્રીકૃષ્ણનો અભેદ દર્શાવ્યો છે. એમનાં પદોના એક દશકમાં રામાવતાર અને કૃષ્ણાવતારની લીલાઓનું વર્ણન બે સખીઓના વાર્તાલાપમાં એક સાથે મળે છે. એમાં શ્રીકૃષ્ણને, 'હે ગોકુલસિંહ! હે સીતાપતિ! હે વિષ્ણુ!' વગેરે નામોથી સંબોધ્યા છે. આ રીત મધ્યકાળના મોટાભાગના ભકતકવિઓએ અપનાવી છે. કૃષ્ણભકત સૂરદાસ અને રામભકત તુલસીદાસે રામ અને કૃષ્ણમાં અભેદભાવ રાખીને બંને અવતારોની સ્તુતિ કરી છે.

બાલકૃષ્ણના રૂપસૌન્દર્યનું પેરિયાળવાર વર્ણન કરે છે: "શ્રીકૃષ્ણનાં ચરણ ખીલેલાં કમળ જેવાં સુંદર છે. એ ચરણોમાં શુદ્ધ કાંચનમાં જડેલાં મોતી, રત્ન અને હીરાની જેમ આંગળીઓ શોભે છે... સુંદર સિંદુર રંગના કોમળ મુખમાં ચકચકતી ચાંદીના અંકુર જેવા દાંત ફૂટયા છે. કમળદળની વચ્ચે મધુપાન કરનારા ભમરાઓની જેમ બાલકૃષ્ણના મુખ ઉપર અલકાવલિ ક્રીડા કરે છે...હે જ્યોતિર્મય રથ ઉપર વિરાજીને સર્વત્ર પ્રકાશ વેરતા ચંદ્ર! તું ફાવે તેટલી ચાંદની વેર અને પૂર્ણ થા, પરંતુ તું મારા આ બાળક કૃષ્ણના મુખસૌન્દર્યની બરાબરી નહિ કરી શકે..."

નારાયણથી વિમુખ મનુષ્યો માટે પેરિયાળવારે કહ્યું: "જેઓ નારાયણની ઉપાસના નથી કરતા તેઓ ખરેખર દયાપાત્ર છે. એમણે માતાને વ્યર્થ જ પ્રસવનું કષ્ટ આપ્યું. જે લોકો નારાયણનું નામ લેતા નથી તેઓ પાપ આરોગે છે અને પાપમાં જ વસે છે. જેઓ ભગવાન માધવને હૃદય મંદિરમાં સ્થાપીને પ્રેમરૂપી પુષ્પોથી એમની પૂજા કરે છે તેઓ જ મૃત્યુપાશમાંથી છૂટે છે."

વિષ્ણુચિત્ત આળવાર ગરુડના અવતાર મનાય છે.

# ૨. શ્રીઆણ્ડાળ

## ( કોદૈ, ગોદા )

ભારતની ચાર મહિમાવંતી સ્ત્રીસંતોએ પ્રેમથી ઊછળતી હૃદયભકિત દ્વારા પ્રભુને પ્રાપ્ત કર્યા છે, અને તેઓ ભગવાનમાં મળી ગઇ છે. તેમાં તમિળનાડુની શ્રીઆણ્ડાળ સૌ પ્રથમ છે ( ૮મી સદી ). તે પછી કર્ણાટકની શિવભકત મહાદેવી-અકકા ( ૧૨મી સદી ), કાશ્મીરની શિવભકત લલ્લ યોગિની ( ૧૪મી સદી ) અને રાજસ્થાનની કૃષ્ણભકત મીરાંબાઈ (૧૬મી સદી ). આ ચારમાં બે કૃષ્ણભકત અને બે શિવભકત. તેમાં પણ આણ્ડાળનાં તો શ્રીરંગનાથ ભગવાન સાથે વિધિપુરઃસર લગ્ન થયેલાં.

તમિળ પ્રદેશના મહાભકત વિષ્ણુચિત્ત આળવારની ( પેરિયાળવારની) એમના જેવી જ મહાન ભકિતમતી પાલિત પુત્રી શ્રીઆણ્ડાળનું જીવન ઉજજવળ મધુરા ભકિત કરતી એક શ્રેષ્ઠ ભકત કવયિત્રીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આળવારોના સમગ્ર સમૂહમાં તે એક જ નારી આળવાર છે.

ગુરુપરંપરાના ગ્રંથો અનુસાર આણ્ડાળનો જન્મ અષાઢ માસમાં, પૂર્વફાલ્ગુની નક્ષત્રમાં, તુલસીવનમાં થયેલો.[1] વળી એમનો જન્મ કલિયુગના ૯૭મા વર્ષમાં અર્થાત ઈ. સ. પૂર્વે ૩૦૦૫માં થયેલો માન્યો છે. પરંતુ

---

૧. (क) आषाढे पूर्वफल्गुन्यां तुलसीकाननोद्भवाम् ।
पाण्ड्ये विश्वंभरां गोदां वन्दे श्रीरङ्गनायकीम् ।।

અગ્નતન્ત્રસ્વામી કૃત 'દિવ્યસૂરિસ્તોત્રમ' ૧૦

અષાઢ માસના, પૂર્વફલ્ગુની નક્ષત્રમાં, પાણ્ડય પ્રદેશમાં તુલસીના વનમાં જન્મેલ શ્રીરંગનાયકી (ભગવાન રંગનાથની પત્ની) વિશ્વંભરા ગોદાને હું વંદન કરું છું.

'આષાઢે'નું પાઠાંતર 'કર્કટે' છે. એનો અર્થ સૌર અષાઢ માસ છે 'ગોદાં'નું પાઠાંતર 'કોદાં' મળે છે.

(ख) शुभे मुहूर्ते शुचिमासि फल्गुनीप्रतीततारे तुलसीवनान्तरे ।
भुवोऽभवत्काचन बालकन्यका सतां तदा प्रेक्ष्य विस्मिण्मये मुदा ।।

ગરુડવાહન પંડિત કૃત 'દિવ્યસૂરિચરિતમ,' ૯-૮

અષાઢ માસના ફલ્ગુની નક્ષત્રમાં, શુભ મુહૂર્તે તુલસીવનની વચ્ચે એક નાનકડી કન્યા પ્રકટ થઈ. એને જોઈને વિષ્ણુચિત્ત આનંદથી વિસ્મય પામ્યા.

શ્રી મુ. રાઘવય્યંગારે એમના ગ્રંથ 'આળવારકળ કાલ નિલૈ'માં આણ્ડાળની એક રચનાના આધારે સંશોધન કરીને દર્શાવ્યું છે તે અનુસાર આણ્ડાળનો જન્મ ઈ. સ. ૭૧૫ અથવા ૭૧૬માં થયો હશે. મોટા ભાગના વિદ્વાનોએ શ્રીરાઘવય્યંગારનો મત સ્વીકાર્યો છે.[૨]

ભગવાનની પૂજા માટે મહાભક્ત વિષ્ણુચિત્ત આળવાર પોતે ઉછેરેલાં ફૂલ અને તુલસી ચૂંટતા હતા, તેવામાં તુલસીના છોડવાઓના ઝુંડમાં તુલસી ચૂંટતાં ચૂંટતાં એમની નજર પુષ્પની શય્યા પર સૂતેલી એક ફૂલ જેવી જ સુકોમળ અને સુંદર બાળકી ઉપર પડી. પેરિયાળવારનું હૃદય પ્રેમથી ઉભરાવા લાગ્યું. "ઓહો! આ તો મારા તુલસીવનમાં સીતા માતા પધાર્યાં છે ને!" એમ બોલીને એમણે બાળકીને વહાલથી તેડી લીધી. પહેલાંના વખતમાં જનક રાજાને હળ વડે જમીન ખેડતાં ખેડતાં સીતાજી મળ્યાં હતાં, એવી જ રીતે જાણે પોતાને સાક્ષાત્ સીતા મળ્યાં હોય એવો આનંદ ભટ્ટનાથ વિષ્ણુચિત્તને થયો.

દક્ષિણ ભારતના તમિળનાડુના રામનાથપુરમ્ જિલ્લાનું શ્રીવિલ્લિપુત્તૂર એમનું ગામ. એ ગામનું બીજું નામ શ્રીધન્વીનવપુર કે શ્રીધન્વીપુર હતું. ગામમાં શ્રીવિષ્ણુ ભગવાનનું મંદિર. એ મંદિરમાં બિરાજતા શ્રીવિષ્ણુને લોકો

---

૨. (ક) પોતાની રચના 'તિરુપ્પાવૈ' પાશુરમ્ ૧૩માં આણ્ડાળ કહે છે, "પૂર્વ દિશામાં શુક્રનો ઉદય થયો છે અને ગુરુનો અસ્ત થયો છે." પ્રાચીન તમિળ સાહિત્યમાં પરોઢવર્ણનમાં શુક્રોદયનો નિર્દેશ તો વારંવાર મળે છે, પણ તે સાથે જ ગુરુનો અસ્ત થવાના બનાવનો અહીં ઉલ્લેખ હોઈ તે વિશેષ ધ્યાન માગે છે. જ્યોતિર્વિદો અનુસાર ઈ. સ. ૬૦૦ના નવેમ્બરની ૨૭મી, ઈ. સ. ૭૩૧ના ડીસેમ્બરની ૧૮મી, ઇ. સ. ૮૮૫ના નવેમ્બરની ૨૫મી અને ઇ. સ. ૮૮૬ના ડીસેમ્બરની ૧૪મી એ માગશરની પૂર્ણિમા હતી અને તે દિવસે શુક્રોદય અને બૃહસ્પતિનો અસ્ત થયેલો. પાંડ્ય રાજા વલ્લભદેવનો સમય ઇ. સ. ૭૦૦–૭૬૭ હોઇ ઇ. સ. ૭૩૧ના ડીસેમ્બરની ૧૮મી તારીખ સમુચિત રીતે બંધ બેસે છે. 'તિરુપ્પાવૈ'ની રચના સમયે આણ્ડાળની ઉંમર ૧૫–૧૬ વર્ષની માનીએ તો આણ્ડાળનું જન્મ વર્ષ ૭૧૫ કે ૭૧૬ આવે.

જુઓ 'આળવારકળ કાલ નિલૈ,' મુ. રાઘવય્યંગાર કૃત, પૃ. ૮૩

(ખ) ગુરુપરંપરાના ગ્રંથો અનુસાર આણ્ડાળ ૧૬ વર્ષની ઉંમરે ભગવાનમાં મળી ગઈ. પરંતુ 'તિરુપ્પાવૈ'નું આ પદ રચીને તે તરત જ ભગવાનમાં મળી ગઇ એમ માનવાને બદલે તે બીજાં બે–ચાર વર્ષ જગતને ભક્તિરસામૃતનું પાન કરાવતી રહી હોય એમ માનવું વધુ સયુક્તિક છે.

વટપત્રશાયી નામથી પૂજતા.[3] વિષ્ણુચિત્ત આ નવજાત પુત્રીને તેડી લઈ શ્રીવટપત્રશાયીના મંદિરમાં ગયા. ભગવાનનાં ચરણોમાં એને મૂકી દીધી અને ભક્તિથી નીતરતા હૃદયે બોલ્યા, "હે નારાયણ! હે વિષ્ણુ! આ તો આપની છે. આપની સેવા કરવા માટે તો એ આવી છે."

ભક્તિથી ભરપૂર અંતઃકરણવાળા વિષ્ણુચિત્તને જાણે આકાશવાણી સંભળાઈ હોય એમ ભાસ્યું: "વિષ્ણુચિત્ત! તુલસીવનમાંથી પ્રકટેલી આ બાલિકા ભૂદેવીનો–પૃથ્વીનો અવતાર છે. પુષ્પમાળા અને સ્તોત્રમાળા એમ બે પ્રકારની માળાઓથી એ ભગવાનને પ્રસન્ન કરશે." સંતને ભાસ્યું કે ભગવાને કન્યાનો સ્વીકાર કર્યો છે. કન્યાને ઘેર લાવ્યા. પુત્રી ધર્મપત્નીને સોંપી. નાનકડી કન્યાને લીધે ઘર ભર્યું ભર્યું થઈ ગયું. દંપતીએ કન્યાના શુભ જન્મનો—શુભાગમનનો મહોત્સવ ઊજવ્યો. કન્યાના હાથની રેખાઓમાં ત્રિલોકેશ્વરીના હાથમાં જેવાં ધ્વજ, છત્ર, કમળ વગેરેનાં ચિહ્નો હોય તેવા ચિહ્નો જોઈને પેરિયાળવાર રાજી થયા. કન્યા ખૂબ લાડકોડ અને સ્નેહથી ઉછરવા લાગી. એનાં રૂપ અને ગુણને નજરમાં રાખી દંપતીએ નામ પાડયું કોદૈ. કોદૈ એટલે પુષ્પના ગજરા જેવી કમનીય અને સુકોમળ. લોકો એને ગોદા કહીને બોલાવતા. કોદૈ એ શુદ્ધ શબ્દ છે. કોદૈ ઉપરથી ગોદા શબ્દ આવ્યો છે. ગોદા શબ્દના અર્થ છે: વાક્શક્તિદાયિની, વાણીરૂપી માળા અર્પણ કરનારી, ગોદાન કરનારી, પરમ પુરુષાર્થ પામવાની દષ્ટિ આપનારી ઈત્યાદિ. **આણ્ડાળ** નામ તો ગોદાને ભગવત્પ્રાપ્તિ થઈ અને એ ભગવાનમાં સમાઈ ગઈ તે પછી પડયું.

દેવ જેવા વિદ્વાન અને સદ્ગુણી ભકત પિતાને ત્યાં ઉછરવાથી ગોદા બાળપણથી જ ભક્તિવાળી અને વિદ્વાન થઈ. આરૂઢ મધુરા ભકિત કરીને પિતાની જેમ એ પણ **આળવાર** કહેવાઈ. અરે, બાકીના અગિયારે આળવારોના સમૂહ કરતાં આગળ નીકળી ગઈ. પુરુષોત્તમ એવા બિરુદવાળા ભગવાનનો અનુભવ કરવામાં પુરુષો કરતાં સ્ત્રીઓને કંઈક વિશેષ સરળતા છે. કેટલાક દિવ્યસૂરિઓ અર્થાત્ નમ્માળવાર જેવા આળવારોએ પોતાને સ્ત્રી માની, સ્ત્રી ભાવના અપનાવીને ભગવદનુભવ કર્યો છે. એ ભાવની પુષ્કળ ગાથાઓ

---

૩. અત્યારે આ ગામ અને મંદિર છે. વિરુદુનગર–તેનકાશીની રેલ્વે લાઇન ઉપર રેલ્વે સ્ટેશન છે. મદુરાથી આશરે ૫૦ કી. મી. દૂર છે. શ્રીરામાનુજ સંપ્રદાય અનુસારના ૧૦૮ દિવ્ય દેશો પૈકીનો, ચોલ પ્રદેશમાં આવેલો એ દિવ્ય દેશ છે.

'દિવ્ય પ્રબન્ધમ્'માં મળે છે; પરંતુ સ્ત્રીરૂપે અવતરેલી ગોદાદેવીને આયાસ વગર જ ભગવદનુભવ મળ્યો છે.

પિતાએ ગોદાને શ્રીવૈષ્ણવોચિત પાંચે સંસ્કાર : તાપ (હોમાગ્નિમાં તપાવેલા શંખ—ચક્રની છાપ બન્ને સ્કંધ ઉપર ધારણ કરવી), પુંડ્ર (કપાળ વગેરે શરીરનાં દ્વાદશ સ્થાન ઉપર ઊર્ધ્વપુંડ્ર કરવું),[૪] નામ (ભક્તિપરક નામધારણ), મંત્ર (અષ્ટાક્ષર મંત્ર 'ૐ નમો નારાયણાય'નો ઉપદેશ) અને યાગ (ભગવદારાધન) આપ્યા હતા. એ બોલવાનું શીખી ત્યારે સૌથી પહેલું 'વિષ્ણુ' બોલી. થોડી સમજણ આવી ત્યારે ભગવાનનાં જ ગીતો ગાતી. વળી થોડી મોટી થતાં પિતાના નંદનવન અર્થાત્ ફૂલ–તુલસીના બગીચાની રખવાળી કરતી અને પિતાની સાથે ભગવાન માટે પુષ્પની માળાઓ ગૂંથતી. રમતો પણ ભક્તિપરક રમતી. દ્રવિડ પ્રદેશમાં બાળાઓ 'કચા ઢેરી'ની રમત રમે છે. એમાં જે હારે તેણે પોતાના પતિનું નામ બોલવું પડે છે. ગોદા હારતી ત્યારે, લજવાઈને ભગવાન શ્રીવટપત્રશાયીનું નામ બોલતી. આમ બચપણથી જ ગોદાએ ભગવાનને પતિ તરીકે પસંદ કરી લીધા હતા. ગોદા જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ શ્રીવિષ્ણુમાં લાગેલી એની વિવેકબુદ્ધિ પણ દૃઢ થતી ગઈ. ફૂલમાળાઓ ગૂંથતાં ગૂંથતાં એ એટલી પ્રેમવિભોર બની જતી કે, ગૂંથેલી માળાઓ એ પોતે પહેલાં પહેરીને દર્પણની સામે ઊભી રહેતી, અને મનોમન ભગવાન શ્રીરંગનાથ સાથે વાતો કરતી; "ચંદ્ર જેવા સુંદર મુખકમળ, હાથમાં રણકતી ચૂડીઓ અને સુગંધથી ભરી ભરી પુષ્પોની મનોહર માળા સાથે હું કેવી શોભું છું? શું હું તમારે લાયક પત્ની બની શકું છું?"

આ રીતે ભગવાનને ચઢાવવાની માળાઓ ગોદા પોતે પહેલાં પહેરીને ખાતરી કરી જોતી : "મારું સૌન્દર્ય અને ગુણ પ્રિયતમ ભગવાનને આકર્ષી શકશે કે નહિ!" આમ ગોદા દરરોજ ફૂલમાળાઓ પોતે પહેરીને પછી તે માળાઓ શ્રીરંગનાથને અર્પણ કરવા મંદિરમાં મોકલતી. આ પ્રમાણે લાંબો સમય ચાલ્યું. છેવટે એક માળા ઉપર ગોદાની વેણીનો એક વાળ ચોંટી ગયેલો, તે મંદિરના પૂજારીની નજરે ચઢતાં બધો ભેદ ખૂલી ગયો! પૂજારીએ માળાઓ પાછી મોકલી. પિતાએ પુત્રીને ઠપકો આપ્યો. તાજાં ફૂલોની નવી માળાઓ બનાવીને મંદિરમાં મોકલી.

---

૪. પુંડ્ર ચાર પ્રકારનાં હોય છે. ઊર્ધ્વપુંડ્ર, તિર્યક્પુંડ્ર, વર્તુળાકાર અને અર્ધચન્દ્રાકાર. કેટલાક આમાં મહાકાર (ચોરસ) અને તિલક ઉમેરીને છ પ્રકાર માને છે.

પરંતુ ગોદાએ તો ઉજ્જવળ મધુરી ભકિતના પૂરમાં બીજા દિવસે પણ પહેરેલી માળાઓ મોકલી. પૂજારીએ પુષ્પમાળાઓ કંઈક કરમાયેલી આવ્યાની ફરિયાદ કરી પાછી મોકલી. વિષ્ણુચિત્તને આશ્ચર્ય થયું. એમણે તપાસ કરવા માંડી. તપાસ કરતાં એમનું ધ્યાન ગોદા તરફ ગયું. એમણે જોયું તો એક પડદાની પાછળ, ગોદા તાજાં ફૂલના હાર ગળામાં પહેરીને ભગવાનની સાથે એકલી એકલી કંઈ વાતો કરે છે! એ તો ગભરાયા. દોડતા ગોદાની પાસે ગયા અને ઠપકો આપવા લાગ્યા; "દીકરી! આ તું શું કરે છે? તું ગાંડી તો નથી થઈ ગઈ? ભગવાનને માટે તૈયાર કરેલા હારને અપવિત્ર કરાય? આવું ન થાય હોં. ફરી કદી આમ ન કરતી."

પુત્રીને આ રીતે ઠપકો આપીને પેરિયાળવારે આજે પણ નવી માળાઓ મંદિરમાં મોકલી. આજે રાતે વિષ્ણુચિત્ત સ્વામી પુત્રીના વર્તન અંગે ફિકર કરતા કરતા સૂઈ ગયા. રાતે એમને સ્વપ્નું આવ્યું. ભગવાને એમને સ્વપ્નામાં જ આજ્ઞા કરી, "મને ગોદાએ પહેરેલી માળાઓ જ વધારે ગમે છે, માટે એણે પહેરેલી માળાઓ જ મને પહેરાવવી." પેરિયાળવાર પુત્રીની અસાધારણ ભકિત પ્રમાણીને ગદ્ ગદ્ થઈ ગયા. એમને લાગ્યું કે આ બાળા મહાલક્ષ્મીનો અવતાર જ હશે. નહિ તો શા માટે ભગવાન એણે પહેરેલી માળાઓ ઉપર વ્યામોહિત થાય?" આ બનાવ પછી કોદૈનું નામ **શુડિક્કોડુત્ત નાચ્ચિયાર** અર્થાત્ **પહેરેલી માળા ભગવાનને અર્પણ કરનારી દેવી** ધૃતમુકતમાલા પડ્યું.

આણ્ડાળ જેમ જેમ મોટી થતી ગઈ, એમ એમ એની ભગવદ્ભકિત પણ વધતી ચાલી. યૌવન આવતાં પિતા એના માટે વર ખોળવા લાગ્યા ત્યારે આણ્ડાળે પિતાને સ્પષ્ટ કહી દીધું: "પિતાજી! મેં તો શ્રીરંગના ભગવાનને પતિ તરીકે પસંદ કરી લીધા છે. યજ્ઞમાં હોમવા માટે તૈયાર કરેલ ઘી, દૂધ, જવ વગેરે હોમદ્રવ્યોને જંગલમાં ફરનારું શિયાળ પગથી અડીને જો સૂંઘે તો તે જેમ અપવિત્ર બની જાય, એમ શંખચક્રધારી પુરુષોત્તમ શ્રીકૃષ્ણ વિના બીજા કોઈ સાધારણ મનુષ્યને પતિ બનાવવાનો પ્રસ્તાવ સાંભળતાંવેંત જ હું અપવિત્ર બની જઈશ, અને પ્રાણત્યાગ કરીશ."

ગોદાએ તો પરમપુરુષ શ્રીકૃષ્ણને જ વરવાનો નિર્ણય કરી દીધેલો એટલે પિતા વિષ્ણુચિત્તને નમ્રતાથી પૂછ્યું: "કુળકન્યા કયું વ્રત, જપ, ત

વગેરે કરે તો એ અધોક્ષજ ( ઇન્દ્રિયો અંતર્મુખ થતાં જેનું જ્ઞાન થાય છે તે ) વિષ્ણુને પતિરૂપે પ્રાપ્ત કરી શકે ?"

શ્રીવિષ્ણુચિત્ત સ્વામીએ ભગવાનની દિવ્ય લીલાઓ વર્ણવીને ઉત્તર આપ્યો : "ભગવાનને પતિરૂપે વરવા ઇચ્છતી આકુળવ્યાકુળ ગોપીઓએ માર્ગશીર્ષ વ્રત કરીને શ્રીકૃષ્ણને પતિરૂપે પ્રાપ્ત કર્યા હતા. તું પણ, હે પુત્રી! આ માગશર માસમાં એ મહાવ્રત કર. એના પ્રભાવથી પ્રસન્ન થઈને ભગવાન તારો અંગીકાર કરશે."

ગોદાએ માર્ગશીર્ષ વ્રત – 'માર્ક્ળી નોન્બુ' કરવાનું નક્કી કર્યું. આ વ્રતનું કોઈ શાસ્ત્રવિધાન મળતું નથી. કોઈ સમયે કારણવશાત્ એ વ્રતનું અનુષ્ઠાન ચાલુ થયું હશે અને પછી એની પરંપરા ચાલુ થઈ હશે એમ લાગે છે. ગોદાએ તો પોતાને જ ગોપી માનીને માર્ગશીર્ષ વ્રતનાં વિધિ-વિધાન દર્શાવતાં ત્રીસ ગેય પદોનો 'તિરુપ્પાવૈ' નામનો એક પ્રબન્ધ રચ્યો. 'તિરુપ્પાવૈ'ના ૨૬ મા પદમાં માર્ગશીર્ષ વ્રત પરંપરાથી ઊજવાય છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. 'તિરુપ્પાવૈ' કાવ્યની દૃષ્ટિએ એક અદ્‌ભુત કાવ્ય છે. તેનાં પ્રતીકોનો સૂક્ષ્માર્થ અનુપમ છે. 'તિરુપ્પાવૈ'માં સરળ, સ્વાભાવિક ઋજુતા અને સ્પષ્ટતાથી ઉપનિષદો અને ભગવદ્‌ગીતાના સારનો સમાવેશ થયો છે, એવી વ્યાપક માન્યતા છે. એને વિશિષ્ટાદ્વૈત દર્શનનો સાર માનવામાં છે. વિશિષ્ટાદ્વૈત દર્શનના મહાન આચાર્ય રામાનુજનું બિરુદ 'તિરુપ્પાવૈ જીયર'-તિરુપ્પાવૈ યતિ છે. વળી એ પછી ગોદાએ ૧૪૩ ગાથાઓનો ૧૪ દશકોમાં વહેંચાયેલો 'નાચ્ચિયાર તિરુમોળિ' – ગોદા શ્રીસૂકત નામનો ગ્રંથ રચ્યો. એમાં ગોદાએ પિતા પાસેથી સાંભળેલી ભગવાનની દિવ્ય લીલાઓને લલિત મધુર કાવ્યમય ભાષામાં ગૂંથીને પ્રસ્તુત કરી છે. ગોદાકૃત બંને પ્રબંધોનું અધ્યયન સંસારાસકત, ભવસંતપ્ત જનોને શાંતિ આપે છે; મૃત્યુરૂપી સંસારના પાશોમાંથી મુકત કરી નવજીવન આપે છે અને જે સ્વયં રસ છે તે પરમાત્માના કૈંકર્ય–દાસત્વનો લાભ કરાવે છે. આ પ્રબન્ધો રચવામાં ગોદાનો એક આશય આ પણ છે જ.

કિશોરી ગોદા સદા ભગવાનની ભકિતમાં મસ્ત રહેતી. એને શરીરનું સાનભાન રહેતું નહિ. તે હંમેશાં ભાવસમાધિમાં વિહરતી. શ્રીરંગનાથને એ પોતાની નજીક રહેલા અનુભવતી. એ શરીરથી તો પિતા વિષ્ણુચિત્તના બગીચા

' નંદનવન 'માં રહેતી, પરંતુ એનું મન તો વૃંદાવનમાં વિચરતું. એ પોતાને ભગવાનની જનમોજનમની દાસી માનીને એમનું અહોનિશ ધ્યાન ધરતી. ક્ષીરસાગરમાં શેષશય્યા ઉપર જગતરક્ષણ કાજે સાવધપણે યોગનિદ્રામાં પોઢેલા ભગવાનને પતિ તરીકે પામવા એણે ' માર્કલી નોન્બુ ' વ્રત કર્યું. દૂધ–ઘી ખાવાનું છોડી દીધું. આંખમાં કાજળ આંજવાનું અને વાળ શણગારવાનું બંધ કર્યું. એ કદી કોઈ પણ ખોટું કાર્ય કરતી નહિ. સારાં કામ જ કરતી. કોઈને કડવો શબ્દ કહેતી નહિ. મધુર વાણી જ બોલતી. પિતાની સ્થિતિ સાધારણ હતી તો પણ સીદાતા માણસોને ગજા પ્રમાણે દાન દેતી. દાન દેતાં ભગવાનની પૂજા કર્યાનો આનંદ એને થતો. એ વારંવાર પ્રાર્થના કર્યા કરતી. પ્રાર્થનાનો સાર આવો હતો : " હે શ્રીરંગનાથસ્વામી ! હે માયાવી શ્રીકૃષ્ણ ! હે તમે શેષશાયી ! પ્રસન્ન થાઓ તે માટે મને તમારી નિષ્કામ, નિઃસ્વાર્થ સેવા કરવાનાં બુદ્ધિ, બળ અને ભક્તિ આપો. મને તમારી નિત્ય કિંકરી–દાસી બનાવો."

શ્રીઆણ્ડાળ મનોમન પોતાને ગોપી જ સમજતી. શ્રીકૃષ્ણના ધ્યાનમાં અહર્નિશ નિરંતર લાગી રહેતી. પોતાને ગોપી સમજીને એ ગોપીઓની સાથે ખેલતી, અને માટી-રેતીનાં ઘર બનાવતી. શ્રીકૃષ્ણ આવીને એ ઘર તોડી નાખીને હસતા. એણે ગોપીઓની જેમ વ્રતપાલન કર્યાં. ભગવાન શ્રીકૃષ્ણની સાથે લગ્ન કરવા કામદેવની પૂજા કરી. એણે પ્રિયતમનાં વિરહ અને મિલન અનેક રીતે અનુભવ્યાં એ અનુભવોને યથાતથ અભિવ્યક્ત કર્યા. પ્રેમાંધ બનીને એ કદી હસતી, તો કદી વિરહની અસહ્ય વેદનાથી રડતી. પ્રિયતમ વિના એનાથી એક પળ પણ રહેવાતું નહિ. ભગવત્પ્રેમમાં ઉન્મત્ત ગોદા એમાં એવી લયલીન બની ગઈ કે એ વ્રજમોહનની લીલાનો અનુભવ કરતી. એનું ચિત્ત સદૈવ શ્રીકૃષ્ણની સાથે વૃંદાવનની કોઇ કુંજગલીમાં ભટકતું રહેતું. કદી શ્રીકૃષ્ણ એનાં ચીરહરણ કરતાં કે કદી એની સાથે રાસક્રીડા કરતા; તો કોઈ વખત પાંચજન્યના ઘોષથી એનું મુગ્ધ મન ચોરી લેતા. કદી કદી ગોદા મનથી વૃંદાવનમાં વિચરતી અને જાણે રસ્તે ચાલનારને પૂછતી : " શું તમે મારા પ્રાણવલ્લભ, મરજી મુજબ ઘૂમનારા અત્યંત કોલાહલ કરતા, બલદેવના અનુજ, શ્યામસુંદર શ્રીકૃષ્ણને ક્યાંય દીઠા છે ? મને વિરહવ્યથા દઈ વ્રજભૂમિમાં ગોપીઓની સાથે રમણ કરતા માખણચોર શ્રીકૃષ્ણને તમે જોયા છે ? અસંગત અને અનૃત વચન બોલનારા માખણચોર મનમોહન બાલકૃષ્ણને તમે દીઠા છે ખરા ? શું તમે નીલમણિ જેવા શ્રીપતિ શ્રીકૃષ્ણને જોયા નથી કે જે ગોપાંગનાઓને છળીને, જાળામાંથી છૂટેલા વરાહની જેમ ભાગી જાય છે ? જે

દયાહીન ધૂર્ત પોતાના ભક્તોને છોડીને અન્યત્ર ઘૂમ્યા કરે છે તે શારંગ ધનુષ્ય જેવી ભ્રમરવાળા શ્રીકૃષ્ણને તમે અહીં આવતા જોયા નથી? શું તમે શ્વેત શંખ, પીળું પીતાંબર અને ચક્રાયુધથી સુશોભિત શ્રીપતિ કૃષ્ણને જોયા નથી? શું તમે મારા મનની અભિલાષાઓનો નાશ કરનારા બૃહદ્ શ્યામ મેઘ જેવા મારા પરમપ્રિય સ્વામીને જોયા છે? જગતનું સર્જન કરવા પોતાના વિશાળ નાભિકમળમાંથી બ્રહ્માદિને સર્જીને આનંદાનુભવ કરનારા મારા પેલા પ્રિયતમને તમે નથી જોયા!"

અને પછી પોતે જ આ પ્રશ્નોનો ઉત્તર આપતી: "અરે, દીઠા કેમ નથી? એ તો વૃંદાવનમાં બંસી બજાવતા બજાવતા, ગરુડની પાંખોની છાયામાં ગોધન ચારે છે અને ગોપીઓની સાથે વિહાર કરે છે. વીજળી સહિત ચમકતા મેઘ જેવા ઘનશ્યામ, વનમાળી શ્રીકૃષ્ણને ગોવાળિયાઓ સાથે ગાયો ચરાવતાં ચરાવતાં વૃંદાવનમાં આનંદથી ઘૂમતા અમે જોયા છે. મોતી ભરેલાં વસ્ત્રો પહેરેલા બાળ ગજ જેવા મસ્ત શ્રીકૃષ્ણને, મોતી જેવાં પરસેવાનાં બિંદુઓથી સુશોભિત દિવ્ય શરીરથી વૃંદાવનમાં ખેલતા દીઠા છે. અરે હા, હા, કેડે પીળું પીતાંબર પહેરીને, જળ ભરેલી વાદળી જેવા શ્યામ શ્રીકૃષ્ણને વૃંદાવનની સુંદર ગલીઓમાં મેં જોયા છે. ઉદયાચળ પર્વત ઉપર ઊગતા સૂર્ય જેવા તેજસ્વી, શારંગ ધનુષ્યને ધારણ કરનારા શ્રીકૃષ્ણને મેં વૃંદાવનમાં દીઠા છે. અને હા, વનમાં જઈને ધેનુકાસુર, કુવલયાપીડ હાથી અને બકાસુર વગેરેનો સંહાર કરીને પાછા વૃંદાવન આવેલા શ્રીકૃષ્ણને મેં નજરોનજર દીઠા છે!"

વસંત ઋતુમાં એ દયા ઊપજે એવા સ્વરમાં કોયલને કહેતી: "અરે કોયલ! મારા પ્રાણજીવન શ્રીકૃષ્ણ મારી સામે કેમ નથી આવતા? એ તો મારા હૃદયમાં પ્રવેશીને મને દુઃખી કરે છે. હું એમને માટે તડપું છું, અને એમને મન તો આ બધી રમત લાગે છે." વળી વર્ષા ઋતુમાં રડી રડીને ગોદા વાદળાંને પ્રાર્થના કરતી: "શ્રીકૃષ્ણ ચિત્તમાં મારી સામે આવીને મને સતાવે છે; તેથી પિતા અને વડીલો હયાત છે છતાં ગોદાએ જાતે જ શ્રીકૃષ્ણ સાથે લગ્ન કરી લીધાં, એવી અપકીર્તિ ફેલાય તે પહેલાં જ મને શ્રીકૃષ્ણના પિતા નંદ રાજાને ઘેર મોકલી દો. મને શ્રીકૃષ્ણનો મેળાપ કરાવી દો."

ભગવાન શ્રીરંગનાથ ગોદાની ભકિતથી પ્રસન્ન થયા. એને પ્રિયતમા પત્નીરૂપે સ્વીકારી. શ્રીરંગમ્‌ના મંદિરના પૂજારી વર્ગને શ્રીરંગનાથે સ્વપ્નમાં

દર્શન દઈને કહ્યું : "મારી પ્રિયતમા ગોદાને મારી પાસે લાવો." સ્વપ્નમાં પેરિયાળવાર વિષ્ણુચિત્તને આદેશ આપ્યો : "ગોદાને લઈને મંદિરમાં આવો. ત્યાં હું એનું વિધિવત્ પાણિગ્રહણ કરીશ; તેની સાથે લગ્ન કરીશ." ભક્ત વિષ્ણુચિત્તનું હૃદય આનંદથી ભરાઈ ગયું. એમની સમગ્ર ફિકર-ચિંતા પીગળી ગઈ.

સ્વયં ગોદાએ પણ સ્વપ્નું જોયું. એણે સ્વપ્નામાં શું જોયું ? શ્રીનારાયણ હજારો હાથીઓ સાથે જાન લઈને નગરમાં આવ્યા. શહેરને ધ્વજાપતાકા અને તોરણોથી ખૂબ શણગાર્યું હતું. નગરજનોએ જળ ભરેલા કુંભ લઈને જાનનું ભવ્ય-સુંદર સામૈયું કર્યું. ખૂબ સજાવેલા મંડપમાં નૃસિંહ, માધવ, ગોવિંદ એવાં શુભ નામવાળા યુવાન પુરુષોત્તમ ભગવાન પધાર્યા. લગ્નનો ઉત્સવ ઊજવવા ઈન્દ્રાદિ દેવો પણ પધાર્યા. નણંદ દેવી પાર્વતીએ ગોદાને મંત્રવસ્ત્ર એટલે લગ્ન સમયે પહેરવાનું પાનેતર અને પુષ્પમાળા પહેરાવ્યાં. ચારે વેદ ભણેલા વિદ્વાન બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કરતાં કરતાં પવિત્ર તીર્થોના જળથી શ્રીવિષ્ણુ અને ગોદાનો અભિષેક કર્યો. શ્રીકૃષ્ણ અને ગોદાના હાથે રક્ષાબંધન કર્યું. મથુરાધિપતિ શ્રીકૃષ્ણ પાદુકાઓ પહેરીને પધાર્યા ત્યારે સુંદર નવયુવતીઓ પ્રકાશ વેરતા મંગળદીપ અને સુવર્ણકળશો હાથમાં લઈને સ્વાગત કરવા આવી હતી. ઢોલનગારાં વાગતાં હતાં. શંખધ્વનિ થતો હતો. મંડપને સાચાં મોતીથી શણગાર્યો હતો. વેદોનો સસ્વર ઘોષ થતો હતો. બ્રાહ્મણોએ ગોદા સાથે શ્રીકૃષ્ણનો હસ્તમેળાપ કર્યો. ગોદાનો હાથ પકડીને શ્રીકૃષ્ણ અગ્નિની આજુ-બાજુ મંગલફેરા ફર્યા. સકલકલ્યાણગુણનિધાન શ્રીકૃષ્ણે પોતાના અત્યંત સુંદર હાથથી ગોદાના પગ પકડી તેને શિલા ઉપર મૂકયા—અશ્મારોહણ કર્યું. બંનેએ અરુંધતી નક્ષત્રનાં દર્શન કર્યાં. લાજાહોમ થયો. શ્રીકૃષ્ણ અને ગોદાને ચંદન--કુંકુમનો લેપ કરી, હાથી ઉપર બેસાડી નગરની પરિક્રમા કરાવી. એ પછી સુગંધિત જળથી બન્નેને સ્વસ્તિવાચન કરાવ્યું. એ રીતે ગોદાએ પોતાનો જ લગ્નોત્સવ સ્વપ્નમાં અનુભવ્યો. એનું હૃદય આનંદથી નાચી ઊઠયું. એના દિવસો હવે આનંદમાં વીતવા લાગ્યા.

આ પછી કેટલોક સમય વીત્યે શ્રીરંગનાથના મંદિરેથી ગોદાને લેવા માટે પાલખી, છત્ર, ચામર, વાજાં વગેરે લઈને પૂજારી આવ્યા. વિષ્ણુચિત્ત આળવાર પુત્રીને લઈને પૂજારીઓની સાથે શ્રીરંગમ્ ગયા. ગોદાએ પ્રથમ પોતાનાં નેત્રકટાક્ષરૂપી નીલકમળની માળા ભગવાન શ્રીરંગનાથને પહેરાવી,

અને પછી પોતાના હાથથી તુલસી અને કમળની માળા પહેરાવી. મંદિરમાં ભગવાનની સાથે ગોદાનાં વિધિપૂર્વક લગ્ન થયાં. ગોદા ભગવાનને સમર્પિત થઈ ચૂકી. અંતરની અભિલાષા પૂર્ણ થતાં પ્રસન્ન થઈને એ મંદિરના ગભારામાં પ્રવેશી. પ્રવેશ કરતાં જ એ ભગવાનમાં સમાઈ ગઈ. ગોદાના પ્રેમથી ભગવાન જિતાઈ ગયા. ત્યારથી ગોદા **આણ્ડાળ** એવા સાર્થક નામથી ઓળખાવા લાગી. આણ્ડાળ એટલે જેણે અત્યંત પ્રેમાભક્તિથી ભગવાનને વશ કરી લીધા છે એવી. એનો બીજો અર્થ છે સર્વરક્ષિકા. એ શ્રીરંગનાયકી એટલે ભગવાન શ્રીરંગનાથની પ્રિય પત્ની તરીકે ઓળખાય છે.[૫]

આણ્ડાળનાં ભગવાન સાથે લગ્ન લેવાયાં એટલે વિષ્ણુચિત્ત સ્વામીને ભગવાનના શ્વસુર બનવાનું દુર્લભ સદ્‌ભાગ્ય સાંપડ્યું. પરંતુ એકની એક પુત્રીનો વિયોગ એમને માટે અસહ્ય હતો. તેઓ પોતાને ઘેર શ્રીવિલ્લિપુત્તૂર પાછા આવ્યા. એમને દીકરી વિના સૂનું સૂનું લાગવા માંડ્યું. તેઓ ગદ્‌ગદ્‌ કંઠે બોલી ઊઠ્યા : “ જેનો ઉજ્જવળ યશ સમગ્ર જગતમાં ફેલાઈ ગયો છે એવી મારી એકની એક પુત્રીને મેં સાક્ષાત્‌ લક્ષ્મીની જેમ પાળી અને પોષી; પરંતુ મદભર્યાં, રક્ત કમળ જેવાં નયનવાળા શ્રીમાધવ એને લઈ ગયા. (હવે એ પિયર પાછી આવવાની નહિ.) આવી અનુપમ ભક્તિવાળી વિદ્વાન પુત્રી મને ક્યાં મળશે ?”

---

(૫) (ક) તિરુપ્પાણ આળવાર ભગવાનમાં લીન થઇ ગયેલા તે તેમના ‘આળવારો’ પ્રકરણમાંના ચરિત્રમાં જુઓ.

શૈવ સંત માણિક્કવાચકર (નવમી સદી) ભગવાન નટરાજની મૂર્તિમાં વિલીન થઇ ગયા મનાય છે. આચાર્ય નાથમુનિ(ઈ. સ. ૮૨૪-૯૨૪)ના શિષ્ય શ્રીકૃષ્ણ લક્ષ્મીનાથ પણ ભગવાનના શ્રીવિગ્રહમાં મળી ગયા એમ મનાય છે.

આ પ્રકરણની શરૂઆતમાં જ જણાવ્યું છે તેમ આણ્ડાળ ઉપરાંત ત્રણ નારી સંતો મહાદેવી અક્કા, લલ્લ યોગિની અને મીરાંબાઈ પણ ભગવાનમાં એકરૂપ થઇ ગયેલી.

સંત તુકારામનાં વસ્ત્રો મળેલાં પણ એમના દેહનું શું થયું તેની માહિતી નથી.

આ મિલનનો શો અર્થ સમજવો? આ સંતોના દેહ ક્યાં ગયા? ચમત્કારપ્રિય લોકોની આ માન્યતા હશે? આ અંગે કંઈ કહેવું મુશ્કેલ છે. એટલું નક્કી કે મહાવિદ્વાનો સહિત સામાન્ય જનતાએ આ સંતોના મહાપ્રયાણને, “પરમાત્મા સાથેના સ્નેહાદ્વૈતરૂપે” નિહાળ્યું છે.

(ખ) શ્રીરંગનાયકી માટે જુઓ પાદનોંધ ૧ (ક). સામાન્યતઃ રંગનાયકી એટલે મહાલક્ષ્મી; પરંતુ શ્રીરંગનાથ સાથે લગ્ન થયાં એટલે ગોદાને પણ રંગનાયકી કહી શકાય.

દક્ષિણ ભારતનાં સર્વ શ્રીવૈષ્ણવ એટલે શ્રીરામાનુજ સંપ્રદાયનાં મંદિરોમાં અત્યારે પણ દર વર્ષે શ્રીઆણ્ડાળના વિવાહનો ઉત્સવ (આણ્ડાળ તિરુકકલ્યાણમ્) સૌર ફાલ્ગુન માસમાં ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર હોય તે દિવસે ભારે ધામધૂમથી ઊજવાય છે. ભગવાનને પ્રાપ્ત કરીને ગોદા ભગવાનમાં મળી ગઈ ત્યારે આ ભકત-કવયિત્રીની ઉંમર અઢારથી વીસ વર્ષની હશે એમ જણાય છે. ગુરુ-પરંપરાના ગ્રંથો અનુસાર તો તે ૧૬ વર્ષની ઉંમરે ભગવદૈકય પામી એમ છે.

આણ્ડાળ શ્રીરંગનાથમાં ઐકય પામી તે પછી, ગુરુપરંપરાના ગ્રંથો અનુસાર એક કથા પ્રસિદ્ધ છે.

તિરુમંગૈ અર્થાત્ નીલન્ આળવાર કલ્લર જાતિના હતા. કલ્લરોનો જાતિવ્યવસાય લૂંટફાટનો. તિરુમંગૈ પણ મહાન ભકત હોવા સાથે, પોતાનો લૂંટફાટનો જાતિવ્યવસાય કરીને, વૈષ્ણવોને ભોજન કરાવતા અને મંદિરમાં પણ સેવા કરતા. નીલન્નો ઉદ્દેશ ભગવદ્ભકિતનો હતો પણ આ કાર્ય સારું નહોતું. ભગવાને જોયું કે ભકત ઉન્માર્ગે ચાલી રહ્યો છે, તેથી એને તારીને સન્માર્ગે લાવવા વિચાર્યું.

એકવાર નીલન્ની ડાકુ ટોળકી કોઈ શિકારની શોધમાં બેઠી હતી, એવામાં સામેથી કોઈ ખૂબ ધનવાન દંપતી આવતાં દેખાયાં. ડાકુ ટોળીએ દંપતીને લૂંટી લીધાં. ઘરેણાં–ગાંઠાંની પેટી લઈ લીધી. પહેરેલાં આભૂષણ ઉતારી લીધાં. ઘરેણાં અને માલમત્તાની ગાંસડી બાંધી, પરંતુ ગાંસડી એટલી ભારે હતી કે કોઈ એને ઉપાડી શકયું નહિ; અરે, બધા ભેગા મળીને પણ તેને હલાવી શકયા નહિ ! ત્યારે નીલન્ને સંદેહ પડયો કે, આ યાત્રીએ કોઈ મંત્રપ્રયોગ કર્યો લાગે છે. યાત્રીને મંત્રપ્રયોગનું રહસ્ય બતાવવા ધમકાવ્યો. યાત્રી એને બધાથી જરા દૂર એકાન્તમાં લઈ ગયો. એને સ્નાન કરાવ્યું, અને પછી નમસ્કાર કરાવી કાનમાં 'ૐ નમો નારાયણાય' એ અષ્ટાક્ષર મંત્ર કહ્યો. વેદોના સારરૂપ આ અમોઘ વૈષ્ણવ મંત્ર સાંભળતાં જ નીલન્ જગતનું ભાન ભૂલીને ભગવન્નામકીર્તન કરતાં કરતાં નાચવા મંડી પડયા. ભાન આવતાં જોયું તો ન તો ધનની ગાંસડી છે કે ન તો પેલાં દંપતી. એણે ઊંચે જોયું તો સાક્ષાત્ નારાયણ અને ગોદાદેવીને ગરુડ ઉપર જતાં જોયાં. નીલન્ ભેદ પામી ગયા. ખૂબ પશ્ચાત્તાપ કરીને રડયા: "અહો ! હું કેવો દુષ્ટ અને પાપી કે મને બચાવવા સાક્ષાત્ નારાયણને શ્રમ લેવો પડયો ! આ પાપીએ એમને ડરાવ્યા અને ધમકાવ્યા. એમને મારવા માટે ય આ પાપી જીવ તૈયાર થઈ ગયો.

અહો ! ક્યાં મારી નીચતા અને ક્યાં સ્વામીની દયા ! પ્રભો ! મેં તારા અનેક અપરાધ કર્યા છે, પણ તેં તો અપરાધ સામે ન જોતાં મારું રક્ષણ કર્યું ! હે નાથ ! ક્ષમા કરો."

પશ્ચાત્તાપના પાવક અગ્નિમાં જલતા તિરુગંગેને નારાયણે આશ્વાસન આપ્યું. કીર્તનરૂપી માળાઓથી સેવા કરવા આજ્ઞા કરી. તિરુમંગે તરી ગયા.

વિશિષ્ટાદ્વૈત મતના સારભૂત મનાતા ગોદા કૃત 'તિરુપ્પાવૈ' દિવ્ય પ્રબન્ધમ્‌નું (શ્રીવ્રત દિવ્યપ્રબન્ધનું) શ્રીરામાનુજાચાર્ય ખૂબ ઊંડું અધ્યયન--અવગાહન-મનન કરતા. તેને કારણે તેઓનું એક નામ '**તિરુપ્પાવૈ જીયર**' અર્થાત્ **તિરુપ્પાવૈ યતિ** પડ્યું છે. તેમાંય 'તિરુપ્પાવૈ'ના અઢારમા પદનો આચાર્ય રામાનુજ અત્યંત આદર કરતા. પ્રબન્ધમ્‌ના ગાન સમયે શ્રીસંપ્રદાયવેત્તાઓ એ પદનું બે વખત ગાન કરે છે.

એક વખત ભિક્ષા માટે નીકળેલા આચાર્યશ્રી આ અઢારમા ગીતનું ગાન-મનન કરતા કરતા ગુરુ મહાપૂર્ણ સ્વામીના ઘેર પહોંચ્યા. ઘરનો દરવાજો બંધ હતો, પરંતુ 'તિરુપ્પાવૈ'નો ગાનધ્વનિ સાંભળતાં હાથમાં રમવાના દડા સાથે ગુરુપુત્રી અત્તુળાય્‌એ (તુલસીદેવીએ) દ્વાર ખોલ્યાં. -એને જોતાં જ આ જ સાક્ષાત્ નપ્પિન્નૈ આવી રહી છે એમ માનીને આનંદવિભોર રામાનુજાચાર્ય મૂર્ચ્છિત થઈ ગયા. ગુરુપુત્રી ડરીને દોડતી પિતા પાસે ગઈ. આ સમાચાર આપ્યા. મહાપૂર્ણ સ્વામીએ કહ્યું : "એ તો 'તિરુપ્પાવૈ'ના અઢારમા પદનું અનુસંધાન ચાલતું હશે."[૬]

શ્રીઆણ્ડાળ શ્રીભગવાનમાં સમાઈ ગઈ તે પછી લગભગ સાડા ત્રણસો કે પોણા ચારસો વર્ષ પછી આચાર્ય શ્રીરામાનુજ સ્વામી એક વખતે આણ્ડાળના 'નાચ્ચિયાર તિરુમોળિ' (ગોદા શ્રીસૂક્ત) ગ્રંથનાં પદો ઉપર વ્યાખ્યાન આપતા હતા. તે દરમિયાન નવમા દશકની છઠ્ઠી ગાથા આવી. એમાં અસહ્ય વિરહવેદનાથી પીડિત આણ્ડાળે એવી વેદનાપૂર્ણ અવસ્થામાં પણ ભગવાનને નૈવેદ્ય ધરાવવાની ભાવના કરતાં ગાયું છે :

"સુવાસિત વનોથી ભરપૂર તિરુમાલિરુંશોલૈમાં વિરાજતા કલ્યાણગુણ-નિધાન ભગવાનને હું મારી વાણીથી એકસો ઘડા ભરીને માખણ અર્પણ કરું

૬. જુઓ 'તિરુપ્પાવૈ' ૧૮ નો અનુવાદ પ્રકરણ ૩માં. નપ્પિન્નૈ માટે જુઓ પ્રકરણને અંતે પરિશિષ્ટ.

છું; અને એકસો ઘડા ભરીને ક્ષીરાન્ન પણ અર્પણ કરું છું; પ્રતિક્ષણ વર્ધમાન ઐશ્વર્યવાળા એ સુંદરબાહુ ભગવાન અહીં પધારીને આ માખણ અને ક્ષીરાન્નને સ્વીકારશે ખરા ?"[૭]

આચાર્યે પ્રવચન અટકાવ્યું અને બોલ્યા : "આણ્ડાળ ભગવાનને ભોગ ધરાવવાની ઈચ્છા રાખતી હતી, પરંતુ તે માત્ર મનથી જ નૈવેદ્ય ધરાવી શકી. એની અભિલાષા પૂરી કરવી એ આપણી ફરજ છે." બીજા દિવસે તિરુમાલિરુંશોલૈ ગયા. ત્યાં મંદિરમાં સુંદરબાહુ ભગવાનને એકસો ઘડા માખણ અને એકસો ઘડા ક્ષીરાન્નનો ભોગ ધરાવ્યો. ભોગ ધરાવ્યા પછી શ્રીરામાનુજાચાર્યે વ્યાખ્યાન આગળ શરૂ કર્યું.

હવે એક વખત શ્રી રામાનુજાચાર્ય શ્રીવિલ્લિપુત્તૂર ગયા. કહેવાય છે કે શ્રીવિલ્લિપૂત્તૂરમાં આણ્ડાળ આચાર્યની આગળ એક નાની બાળાના રૂપે પ્રગટ થઈ અને કહ્યું : "મોટો ભાઈ નાની બેનની ઈચ્છા પૂર્ણ કરે છે. તમે ભગવાનને નવનીત અને ક્ષીરાન્નનું નૈવેદ્ય ધરાવીને મારી ઈચ્છા પૂર્ણ કરી છે. તમે તો મારા મોટાભાઈ છો." ત્યારથી શ્રીરામાનુજાચાર્ય **ગોદાગ્રજ** એટલે ગોદાના મોટા ભાઈ એવા નામે ઓળખાય છે.

શ્રીરામાનુજાચાર્ય પછી શ્રીવૈષ્ણવ સંપ્રદાયના સૌથી વધુ પ્રભાવશાળી આચાર્ય વેદાંતદેશિક (ઇ. સ. ૧૨૬૮—૧૩૬૯) થયા. એમણે 'ગોદાસ્તુતિ' લખી છે. એ સ્તોત્રના પ્રથમ શ્લોકમાં વેદાંતદેશિકાચાર્ય કહે છે :

श्रीविष्णुचित्तकुलनन्दनकल्पवल्लीं
श्रीरङ्गराज हरिचन्दन योगदृश्याम् ।
साक्षात् क्षमां करुणया कमलामिवान्यां
गोदामनन्यशरणः शरणं प्रपद्ये ॥

શ્રી વિષ્ણુચિત્તના કુળરૂપી નંદનવનની કલ્પલતા—મનની ઈચ્છા પૂર્ણ કરનારી વેલ જેવી ગોદા, શ્રીરંગનાથરૂપી ચંદનના વૃક્ષ સાથે ઊભી છે. એ

૭. તિરુમાલિરુંશોલૈ પર્વત મદુરાથી ૧૨ માઇલ દૂર છે. આ પહાડ ઉપરના મંદિરનું અળગર કોયિલ નામ છે. મંદિરમાં સુન્દરબાહુ ભગવાનની મૂર્તિ છે. એ પર્વત વૃષભાદ્રિ ક્ષેત્ર નામે ઓળખાય છે. વરાહ, વામન, અગ્નિ અને બ્રહ્માંડ પુરાણોમાં એનું માહાત્મ્ય છે. ૧૦૮ દિવ્ય દેશોમાંનું આ પાણ્ડય પ્રદેશનું તીર્થ છે.

જોઈને મારું મન ન્યાલ થઈ જાય છે. આ ગોદા દયામાં પૃથ્વી જેવી છે. રૂપ અને ગુણમાં તો જાણે કે એ બીજી લક્ષ્મી છે. હું એ ગોદાદેવીને શરણે જાઉં છું. એ જ મારું શરણ છે.

દક્ષિણના વિજયનગર સામ્રાજ્યના વિખ્યાત સમ્રાટ કૃષ્ણદેવરાય (રાજ્યકાળ ૧૫૦૯—૨૯) આણ્ડાળના મહા ભક્ત હતા. એમણે આણ્ડાળની પ્રશસ્તિમાં 'અમુક્તમાલ્યાદા' નામનું એક કાવ્ય રચ્યું છે.

શ્રી આણ્ડાળ એ દક્ષિણ ભારતની મીરાં છે; અથવા મીરાંબાઈ એ ઉત્તર-પશ્ચિમ ભારતની આણ્ડાળ છે એમ કહેવું વધુ સાચું છે. મીરાંબાઈ ઉપર આણ્ડાળનો ભારે પ્રભાવ છે.

## પરિશિષ્ટ

### નપ્પિનૈ

( જુઓ પાદનોંધ ૬, પૃ. ૫૫ )

ભગવાન શ્રીકૃષ્ણની પ્રધાનમહિષી રુકિમણી છે. તેમ છતાં આળવારોમાં તો નપ્પિન્નૈ અથવા નીલાદેવી જ પટરાણી તરીકે પ્રસિદ્ધ છે. દિવ્ય પ્રબન્ધમ્‌માં રુકિમણી અને સત્યભામાના ઉલ્લેખ બહુ ઓછા છે, જ્યારે નીલાદેવીના સેંકડો વખત ઉલ્લેખ આવે છે. નીલાદેવીનું તમિળ નામ નપ્પિનૈ. એ માતા યશોદાના ભાઈ કુંભની પુત્રી હતી. શ્રીકૃષ્ણના મામાની પુત્રી થાય. આયર ગોવાળોના કુળના રિવાજ અનુસાર શ્રીકૃષ્ણે સાત મત્ત વૃષભોનું દમન કરીને એને રાણી તરીકે પ્રાપ્ત કરેલી. 'ભાગવત' (૧૦–૫–૩૨ થી ૫૫) અનુસાર શ્રીકૃષ્ણે સાત વૃષભોનું દમન કરી, કોશલના રાજા નગ્નજિતની પુત્રી સત્યાનું પાણિગ્રહણ કરેલું, તે આ બનાવ સાથે મળતું આવે છે. પરંતુ તમિળ પરંપરા અનુસાર નપ્પિનૈ ગોપકન્યા છે, શ્રીકૃષ્ણ એને કંસવધ પહેલાં બાળવયમાં વર્યા છે. નાગ્નજિતી સત્યા ક્ષત્રિયકન્યા છે અને શ્રીકૃષ્ણ એને કંસવધ પછી વર્યા છે.

આળવારો પૂર્વેના પ્રાચીન તમિળ સાહિત્યમાં માયન્ (માયાવી, અત્યંત આશ્ચર્યમય માયાવી ચેષ્ટાઓ કરનાર ), કણ્ણન્ - (કૃષ્ણ)ની સાથે નપ્પિન્નૈના નિર્દેશ વારંવાર મળે છે. 'શિલપ્પધિકારમ્' (ઈ. સ.ની બીજી સદી) ગ્રંથમાં નિર્દેશ છે તે અનુસાર શ્રીકૃષ્ણનાં મંદિરોમાં શ્રીકૃષ્ણ અને નપ્પિન્નૈની યુગલ-મૂર્તિની ઉપાસના થતી હતી. ('શિલપ્પધિકારમ્' ૫—૧૭૧, ૧૭૨).

આ નીલાદેવી શ્રી એટલે લક્ષ્મીજીનો અંશ છે. માતાની જેમ તે જીવો ઉપર દયા રાખે છે. ભગવાનને જીવોની સારી બાજુ બતાવી, જીવોનો ન્યાય નહીં તોળતાં, ભગવાનને જીવો ઉપર કૃપા કરવા પ્રેરે છે. નીલાના પુરુષકાર અથવા મધ્યસ્થીથી ભગવાન જીવો ઉપર અનુગ્રહ કરી તેમના અપરાધ ક્ષમા કરે છે.

નીલા દેવીના હાથમાંનો કંદુક સમગ્ર વિશ્વનું પ્રતીક છે. એ ભગવાનની લીલાનું, રમતનું સાધન છે. નીલાદેવીના હાથમાં આ દડો રહે છે તે સૂચવે છે કે એના સંપૂર્ણ સંગોપનનું અર્થાત્ આત્માઓના સંપૂર્ણ સંગોપનનું કાર્ય એના અધિકાર નીચે છે. દડાની લીલામાં નીલાદેવી જ જીતે છે, પરિણામે નારાયણ ચેતન-અચેતન સકળ જગત ઉપર અનુગ્રહ કરીને સર્વનું મંગળ કરે છે. નીલા દેવીના એક હાથમાં પરમાત્મા નારાયણ અને બીજામાં જીવાત્મા છે.

શ્રીરામાનુજાચાર્યે 'શરણાગતિગદ્ય'માં નારાયણને 'શ્રીવલ્લભ' કહેવા ઉપરાંત 'ભૂમિલીલાલાયક' ભૂમિ અને લીલા (નીલા) દેવીના સ્વામી કહ્યા છે.

'સીતોપનિષદ્'માં નીલા દેવીને સીતા દેવીની અર્થાત્ ભગવાનની યોગમાયાની, મહાલક્ષ્મીની એક શક્તિરૂપે નિરૂપેલ છે સીતાદેવીનાં ત્રણરૂપ: ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને સાક્ષાત્ શક્તિ. તે પૈકી ઇચ્છાશકિતનું સ્વરૂપ ત્રિવિધ છે—શ્રીદેવી, ભૂમિદેવી અને નીલાદેવીનારૂપે કલ્યાણરૂપા, પ્રભાવરૂપા અને ચંદ્ર-સૂર્ય-અગ્નિરૂપા છે. તે ઓષધિઓનું પોષણ કરે છે, ભુવનોને પ્રકાશિત કરે છે અને દેવો તેમજ પ્રાણીઓને તૃપ્ત કરે છે.

એ સીતાજી પોતાનાં શ્રીદેવી આદિ ત્રણ રૂપોથી શ્રીભગવાનના સંકલ્પાનુસાર સંપૂર્ણ જગતની રક્ષા કરે છે. જગતના રક્ષણ માટે એ શ્રીરૂપે જણાય છે. ભૂદેવી પૃથ્વીના રૂપે ચૌદે ભુવનોનો આધાર અને પ્રણવસ્વરૂપા છે. વિદ્યુન્માલા સમાન મુખવાળી નીલાદેવી સમસ્ત ઓષધિઓ અને સમસ્ત પ્રાણીઓના પોષણ માટે સર્વરૂપા બને છે.

પ્રાચીન તમિળ સાહિત્યમાં કણ્ણન્ (કૃષ્ણ) અને નપ્પિન્નૈની લીલાઓ અને નૃત્યોના ઉલ્લેખ છે. વિઘ્નો દૂર કરવા માટે આયરોમાં શ્રીકૃષ્ણને રીઝવવા 'કુરવૈ-કૂત્તુ'—રાસનૃત્ય આવશ્યક હતું. શ્રીકૃષ્ણે મોટાભાઈ બલરામ અને પ્રિયતમા નપ્પિન્નૈ સાથે એ રાસલીલા કરેલી એમ આયરો માનતા. તમિળ નપ્પિન્નૈના પાત્ર ઉપરથી રાધાના વ્યક્તિત્વનો વિકાસ થયો છે એમ ઘણા વિદ્વાનો માને છે.

# ૩. તિરુપ્પાવૈ

## (શ્રીવ્રત પ્રબંધ)

## તિરૂપ્પાવૈ તનિયન

(ગ્રંથકારની સ્તુતિ માટે મંગલાચરણ)

नीलातुङ्गस्तनगिरितटीसुप्तमुद्बोध्य कृष्णं
पारार्थ्यं स्वं श्रुतिशतशिरस्सिद्धमध्यापयन्ती ।
स्वोच्छिष्टायां स्रजि निगलितं या बलात्कृत्य भुङ्क्ते
गोदा तस्यै नम इदमिदं भूय एवास्तु भूयः ॥

નીલા દેવીનાં (નપ્પિન્નૈનાં) ઉન્નત સ્તનરૂપી ગિરિ તટ ઉપર સૂતેલા શ્રીકૃષ્ણને જગાડીને, સેંકડો શ્રુતિવચનોથી પોતાના પારતંત્ર્યનો (અથવા જીવના પારતંત્ર્યનો), ઉપદેશ કરનારી અને પોતે પહેરેલી માળાઓ એમને પહેરાવીને, બલાત્—અધિકારપૂર્વક અનુભવ કરનારી તે ગોદા દેવીને મારા વારંવાર નમસ્કાર હજો.

આ તનિયન્—સ્તુતિપદ્ય—શ્રીપરાશર ભટ્ટર સ્વામીએ રચેલું છે. પરાશર ભટ્ટર (૧૨મી સદી) શ્રીરામાનુજાચાર્યના પટ્ટ શિષ્ય કૂરેશ અથવા કૂરત્તાળવાન્‌ના પુત્ર થાય. 'તિરુપ્પાવૈ'નું ૧૯મું પદ્ય જેમાં, "નપ્પિન્નૈના સ્તન પર શયન કરવાથી ખીલેલા પુષ્પ જેવા હૃદયવાળા હે શ્રીકૃષ્ણ ! જાગો;" એમ કહ્યું છે, તેનો અહીં નિર્દેશ છે. 'સ્તન' શબ્દ દ્વારા કોઈ પ્રાકૃત વસ્તુ નહીં પણ ભગવાન જેનો અનુભવ કરીને ખુશ થાય છે તે, પરમ ભક્તનાં નિષ્કામ, નિઃસ્વાર્થ જ્ઞાન અને ભક્તિ અભિવ્યક્ત થાય છે. 'સ્તન' શબ્દ જ્ઞાન અને ભક્તિનું પ્રતીક છે.

બીજા ચરણમાં શ્રીભગવાનને પણ પોતાના પારતંત્ર્યનો, શેષત્વનો, ભક્તિનો, દાસત્વનો ઉપદેશ આપનારી ગોદાદેવીનો નિર્દેશ છે. કેટલાય યુગોથી આ સંસારી જીવ પોતે ભગવાનનો શેષ છે, એમનો દાસ છે તે હકીકત ભૂલીને પોતાના સ્વાતંત્ર્યના ભ્રમથી અભિમાન સાથે ભટકયા કરે છે. પરિણામે સંભવ

છે કે સ્વયં ભગવાન એને ભૂલી ગયા અને યોગનિદ્રા કરતા રહ્યા. અહીં ‘તિરુપ્પાવૈ’ની ૨૯મી ગાથાનો નિર્દેશ છે. એમાં ગોદા દેવી “હે ગોવિંદ! આપનું મંગળાશાસન કરવાનું પ્રયોજન સાંભળો;” કહીને જાણે કે ઉપદેશ આપે છે: “સમસ્ત આત્માઓ તમારા શેષ છે, અને તમે તેમના શેષી—સ્વામી છો.” ગોદાના ઉપદેશ પછી ભગવાનને પોતાના સર્વશેષિત્વનું સ્મરણ થયું એમ પરાશર ભટ્ટર સૂચવે છે.

ત્રીજું ચરણ તો ગોદા દેવીએ પહેરેલી ફૂલમાળાઓ ભગવાનને પહેરાવી તેનો નિર્દેશ છે. ૨૯મા પદમાં આણ્ડાળ કહે છે: “હે ગોવિંદ! તમારે અમારી સેવા લેવી જ પડશે. અમે તમારી જ સેવા કરીશું.” એમ ઉચ્છિષ્ટ માળાઓના પ્રબળ પ્રેમપાશમાં ભગવાનને બાંધનાર ગોદાનો ભગવદનુભવ વર્ણવ્યો છે.

## ઉય્યક્કોણ્ડાર સ્વામીએ રચેલ તમિળ તનિયન્

અન્ન વયલ્ પુદુવૈ આણ્ડાળરઙ્ગર્કુ;
પન્નુ તિરુપ્પાવૈ પલ્પદિયમ્; – ઇન્નિસૈયાલ્
પાડિક્કોડુત્તાળ્ નર્પામાલૈ પૂમાલૈ;
શુડિક્કોડુત્તાળૈ સ્સોલ્લુ.

જેના ખેતરોમાં હંસો ક્રીડા કરે છે એવા પુદુવૈમાં (શ્રીવિલ્લિપુત્તૂરમાં) અવતરેલ આણ્ડાળે શ્રીરંગનાથને શ્રુતિમધુર રાગરાગિણીઓમાં રચેલ ‘તિરુપ્પાવૈ’ નામની ગીતમાળા—પામાલૈ—અર્પણ કરી; અને તે સાથે પોતે ધારણ કરેલી પુષ્પમાળાઓ—પૂમાલૈ-પણ અર્પણ કરી એ ગોદાનું હે ચિત્ત! તું કીર્તન કર.

શુડિક્કોડુત્ત શુડર્કોડિયે; તોલ્પાવૈ
પાડિયરુળવલ્લ પલ્વળૈયાય્ – નાડિની
વેઙ્ગડવર્કેન્નૈ વિદિયેન્ન ઇમ્માત્તમ્;
નામ્કડવા વણ્ણમે નલ્હુ.

ફૂલમાળા પહેલાં પહેરીને પછી ભગવાનને અર્પણ કરીને વિશેષ શોભા પામનારી હે સુવર્ણલતા! (હે ગોદા!) તિરુપ્પાવૈ પ્રબન્ધની રચના દ્વારા પ્રકાશિત હે કરુણામયી! ‘વેંકટાદ્રિનાથની પાસે લઈ જઈને મને એમને અર્પી દો,’ એવી આપની ભકિતમાં મને પણ નિષ્ઠાવાન બનાવી દો.

આ બે તનિયન્‌ના રચનાર ઉય્યકોણ્ડાર અથવા પુંડરીકાક્ષ, આચાર્ય નાથમુનિના ( ઈ. સ. ૮૨૪—૯૨૪ ) શિષ્ય હતા.

મંગલાચરણનાં આ ત્રણ સ્તુતિપદ્યનું ગાન કર્યા પછી ' તિરુપ્પાવૈ ' ગાવામાં આવે છે.

## ઉપક્રમ

' તિરુપ્પાવૈ ' દક્ષિણ ભારતના શ્રીવૈષ્ણવોમાં અસાધારણ લોકપ્રિય છે. નિત્યાનુસંધાનનો ભાગ હોઈ પ્રત્યેક શ્રીવૈષ્ણવ મંદિર અને ઘરની પૂજામાં આ દિવ્ય પ્રબંધનું ગાન કર્યા વિના ભગવાનની પૂજા પૂર્ણ થયેલી મનાતી નથી. આ પ્રબંધમાં શ્રીવૈષ્ણવે જાણવા જેવું સર્વ જ્ઞાન, ભક્તિ અને વેદાંતનો પરિપૂર્ણ અર્થ સમાયેલો છે. આથી આચાર્યો કહે છે : 'તિરુપ્પાવૈ ન જાણે તેનો જન્મારો વ્યર્થ છે.'

' તિરુપ્પાવૈ ' માંના ' તિરુ ' પદનો અર્થ પવિત્ર, મંગલકારી, પૂજ્ય હોવા ઉપરાંત લક્ષ્મી અથવા શ્રી છે. એ પદને દેવો, સંતો, ધર્મગ્રંથો, મંત્રો, તીર્થધામો, પવિત્ર સ્થાનો વગેરે સાથે પણ જોડવામાં આવે છે.

'પાવૈ' શબ્દના નોન્બુ (વ્રત), પ્રતિમા, બાળક અને કન્યા એવા અર્થ છે.

આણ્ડાળે ગોપી સાથે તદ્રૂપતા ધારી શ્રીકૃષ્ણને સદેહે જ પામવા વ્રત કરવા ધાર્યું; અને એ વ્રતની સંપૂર્ણ વિગતો આ કાવ્યમાં આપી તેથી તેનું નામ પડયું 'તિરુપ્પાવૈ'.

' તિરુપ્પાવૈ 'નાં ઓગણત્રીસ પદના અંતે ' એલોરેમ્બાવાય્ ' ( એલ્ ઓર્ એમ્ પાવાય્ ) એવું ધ્રુવ પદ છે. માત્ર છેલ્લા પદના અંતે ' એમ્બાવાય્ ' છે. એલ્ અને ઓર્ એ બંને આશ્ચર્ય અને સંતોષવાચક અવ્યય છે. એમ્ એટલે અમારું અને પાવાય્ એટલે હે દેવી ! હે લક્ષ્મી ! હે વ્રત ! એવા અર્થ છે. એટલે અર્થ થયો, ' અમારી હે દેવી ! અમારી હે લક્ષ્મી ! અમારા હે વ્રત ! પણ અહીં એવો અર્થ બંધબેસતો નથી. તેથી આ શબ્દોને પાદપૂર્તિ અથવા વાકયાલંકારના રૂપમાં ગણવા ઉચિત છે.

આ કાવ્યનું તમિળનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશના ભક્તિસાહિત્યમાં અત્યંત મહત્ત્વનું અને આગવું સ્થાન છે. પરંપરાગત રીતે તો એ શ્રીવૈષ્ણવ એટલે કે વિશિષ્ટાદ્વૈત દર્શનનો ગ્રંથ મનાય છે; તેમ છતાં દેશ, કાળ અને

સમયના ભેદભાવ વિના ભગવત્સાક્ષાત્કાર કરવા પ્રયત્ન કરતા અને ભગવાન સાથે પ્રેમમિલન વાંછતા સર્વ ભગવદ્ભકતોને એ એકસરખું ચિત્તાકર્ષક અને સાધના માટે ઉપયોગી છે. રહસ્યવિદ્યાનાં સર્વોત્તમ શાસ્ત્રોમાં એનું સ્થાન છે. એમાં ગોપકાવ્ય, ઉર્મિકાવ્ય, સંગીત અને સ્તોત્રની સાદાઈ, રૂપ, શોભા, શ્રી, ઓજસ્, ઉષ્મા, પ્રભાવ અને ગાંભીર્ય આદિ સર્વ ગુણો છે.

કર્ણાટક સંગીતના જલસાઓમાં એની એકાદ ગાથા અનુરૂપ સૂરોમાં ગાવાની પરંપરા છે.

'તિરુપ્પાવૈ'નું સર્વાધિક મહત્ત્વ ધનુર્માસમાં (સૌર માગશર માસમાં, ૧૫ ડીસેમ્બરથી ૧૩ જાન્યુઆરી) છે. એ મહિનાના ત્રીસે દિવસ શ્રીવૈષ્ણવોને ત્યાં સવારમાં 'તિરુપ્પાવૈ'નાં ત્રીસે પદનું ભક્તિસભર ગાન કરવામાં આવે છે. ધનુર્માસના દરેક દિવસે 'તિરુપ્પાવૈ'ના એક એક પદનું ખાસ મહત્ત્વ હોય છે, જેમ કે પહેલા દિવસે પહેલા પદનું, બીજા દિવસે બીજાનું એમ અનુક્રમે ત્રીસે દિવસ. ખરેખર તો દરેક તિથિ 'તિરુપ્પાવૈ'ના જે તે દિવસે ગાવાના મહત્ત્વના પદના પ્રથમ શબ્દ અનુસાર ઓળખાય છે. ઉદાહરણ તરીકે માર્ગળિ, વૈયત્તુ, ઓઙ્ગિ, આળિ ઈત્યાદિ.

આણ્ડાળે કરેલું આ માર્ગશીર્ષ વ્રત દક્ષિણ ભારત ઉપરાંત સિયામ દેશમાં પણ સદીઓથી ઉજવાય છે.[૧]

## તિરુપ્પાવૈ પદ–૧

માર્ગળિત્તિઙ્ગળ્ મદિનિરૈન્દ નન્નાળાલ્
નીરાડપ્પોદુવીર્ પોદુમિનો નેરિળૈયીર્
શીર્મલ્ગુમાયપ્પાડિ શેલ્વચ્ચિરુમીર્ગાળ્
કૂર્વેલ્ કોડુન્તોળિલન્ નન્દગોપન્ કુમરન્
એરાર્ન્દ કણ્ણિ યશોદૈ યિળમ્શિઙ્ગમ્
કાર્મેનિ ચ્ચેઙ્કણ્ કદિર્મદિયમ્પોલ્ મુખત્તાન્
નારાયણને નમક્કે પરૈ તરુવાન્
પારોર્પુગળ પ્પડિન્દેલોરેમ્બાવાય્. ૧.

---

૧. જુઓ શ્રી પી. શ્રી. આચાર્યનો લેખ : *Voice and Vision of Andal. Souenir, All India Writers Conference, 1959, P. 154.*

**ભાવાનુવાદ :** આ તો માર્ગશીર્ષ એટલે ધનુર્માસ છે, આજે પૂર્ણિમાનો દિવસ છે. હે દિવ્ય આભૂષણ ધરનારી! હે ઐશ્વર્યથી પરિપૂર્ણ આય્પ્પાડિમાં અર્થાત્ ગોકુળમાં—વ્રજમાં—નિવાસ કરનારી! હે કૈંકર્યશ્રીવિભૂષિત સ્નાનેચ્છુક વ્રજબાળાઓ! તમે સર્વ અહીં આવી જાઓ. તીક્ષ્ણ શૂલાયુધધારી (ભાલાધારી) અને કઠોર દંડ દેનારા નંદગોપના સુપુત્ર; ચારુનેત્રા યશોદાના બાલસિંહ; નીલ મેઘ જેવા શ્યામસુંદર, રાતાં કમળ જેવાં નેત્રવાળા, સૂર્ય અને ચંદ્ર સમાન તેજસ્વી મુખવાળા નારાયણ જ કેવળ અમને જ પરૈ (ઢોલ અર્થાત પરમ પુરુષાર્થ) આપશે. આ માર્ગશીર્ષ વ્રતમાં આપણે એવું અવગાહન કરીએ કે જગતનાં સર્વ મનુષ્યો આપણી પ્રશંસા કરે. (૧)

## ઉદ્‌ઘાટન

આ શ્રીવ્રતના અનુષ્ઠાનની ભૂમિકા નીચે વર્ણવ્યા અનુસાર છે. વ્રજમાં ભક્ત ગોપીઓ સાથે વિહરતા બાલકૃષ્ણને જોઈને કેટલાક ગોપવૃદ્ધો ચિડાયા. બીજું કંઈ ન બન્યું એટલે એમણે ગોપકુમારીઓને ઓરડીઓમાં પૂરી દીધી. પુરાયેલી ગોપીઓ ભગવાનનું મનોમન ધ્યાન કરતી પડી રહી. પરંતુ એવામાં દૈવયોગે વ્રજમાં દુષ્કાળ પડયો. ઘાસ-પાણી-અન્નની તંગી પડી. સૌ ત્રાસી ગયાં. આનો ઉપાય શો? ગોપવૃદ્ધોએ ભેગા મળી ઠરાવ કર્યો : "વ્રજની સર્વ ગોપબાળાઓ એકઠી મળીને વર્ષા થાય તે માટે વ્રતાનુષ્ઠાન કરે." આમાં જોઈતી સહાય શ્રીકૃષ્ણ સિવાય બીજું કોણ આપે? તેથી એ સહાય કરવાનું શ્રીકૃષ્ણને સોંપવું એવો નિર્ણય પણ કર્યો. આ નિર્ણય અનુસાર એમણે ગોપીઓને બોલાવી વ્રત કરવાની આજ્ઞા કરી. શ્રીકૃષ્ણને વ્રતપાલનમાં મદદ કરવા અનુરોધ કર્યો. આ રીતે વડીલ ગોવાળોની અનુમતિથી શ્રીકૃષ્ણ અને ગોપીઓ મળ્યાં. વાતચીતનો આનંદ મેળવ્યો. પછી શ્રીકૃષ્ણે ગોપીઓને કહ્યું : "તમે સૌ સૌના ઘેર જાઓ. તમે સૌ પરોઢિયે વહેલાં ઊઠીને આવજો. હું તમારા વ્રતમાં આવશ્યક ઉપકરણોની વ્યવસ્થા કરીશ. તમે યમુનાસ્નાન કરી વ્રત પૂર્ણ કરી શકશો."

ગોપીઓ ઘેર ગઈ, પણ નિદ્રા ક્યાં? પ્રાતઃકાળે ભગવાનને મળવું છે એનું ધ્યાન કરતી કરતી સૂઈ ગઈ. ઉષઃકાળ થતાં જ કેટલીક ગોપીઓ વહેલી ઊઠી; તેઓએ બીજી ગોપીઓને જગાડી; એમ સૌ એકઠી મળીને શ્રીકૃષ્ણના ભવને ગઈ. ત્યાં દ્વારપાળ, નંદગોપ, યશોદા, બલરામ અને નપ્પિન્નૈને જગાડયાં. ત્યારબાદ શ્રીકૃષ્ણને જગાડયા. એમની પાસે વ્રતમાં આવશ્યક

વસ્તુઓ માગી. ગોપીઓએ માગેલી વસ્તુઓ તો મળી જ, તદુપરાંત વિશિષ્ટ સમ્માન પણ મળ્યું. સૌના મનમાં આનંદ આનંદ છવાયો.

ગોપીઓના આ ચરિત્રનું વર્ણન 'તિરુપ્પાવૈ'માં છે. ગોદા દેવી ભાવનાના પ્રકર્ષથી પોતે પણ એક ગોપી બનીને વર્તે છે, ભગવદનુભવ કરે છે અને એ અનુભૂતિને વાણીમાં વર્ણવે છે. આને કારણે 'તિરુપ્પાવૈ' પ્રબંધ અસામાન્ય બની ગયો. એને અનેક શાસ્ત્રરહસ્યો સ્ફુટ કરનાર '**વેદબીજ**' એવું બિરુદ મળ્યું છે.

ગોપબાળાઓ લાંબા સમયથી શ્રીભગવાનનું વિરહદુ:ખ વેઠતી હતી. એવામાં ગોપ વડીલોએ જ એમને શ્રીકૃષ્ણને મળવાની માગશર માસમાં અનુજ્ઞા આપી એટલે ભગવદ્‌ગીતામાં, શ્રીમુખે કહ્યું છે એમ : 'માસાનાં માર્ગશીર્ષોઽહમ્' એવો માગશર માસ; તેમાંય શુકલપક્ષની પૂર્ણિમા અને વિશેષમાં શ્રીકૃષ્ણનું મિલન, એટલે આ દિવસ મહામાંગળકારી શુભ દિન છે.

આવા શુભ દિવસે માર્ગશીર્ષ વ્રતનું સ્નાન એ સ્થૂલ અર્થ છે. સ્નાનથી શરીર સ્વચ્છ થાય. કેટલાક પ્રમાણમાં મનની સ્વચ્છતા માટે એ જરૂરી પણ છે. પરંતુ અહીં તો એનો અર્થ છે ભગવત્પ્રેમના સાગરમાં ડૂબી જવું. ભગવદનુભવ કરવો. જેમ કે, મહાભારતનો માંકિ કહે છે : "ગ્રીષ્મ ઋતુમાં તપી ગયેલો મનુષ્ય જેમ શીતળ ધરામાં પ્રવેશીને આનંદ પામે એમ હું બ્રહ્મમાં પ્રવેશ્યો છું." (૧૨–૧૭૧–૫૦). 'મુકુન્દમાલા' (૯)માં કુલશેખર આળવારે કહ્યું છે : "ભગવાનનાં કર અને ચરણરૂપી કમળવાળા, કાન્તિમાન નેત્રયુગલરૂપી મીનવાળા, અને શ્રમને હરનારી ભુજાઓરૂપી ચંચળ તરંગોવાળા હરિરૂપી અગાધ જળવાળા સરોવરમાં ડૂબકી મારીને, એનું અનંત તેજોમય જળ પીને સંસારરૂપી મરુભૂમિમાં ભટકવાથી થયેલા ત્રાસને કારણે ઉત્પન્ન થયેલા ખેદને હું આજે ત્યજી દઉં છું."

તમિળ ભાષામાં સ્નાન કરવા માટેના શબ્દ 'નીરાડ'નો બીજો અર્થ છે પતિ-પત્નીનું ગાઢ પ્રેમપૂર્ણ મિલન. અહીં પરમાત્મા સાથેનું મિલન ઉદ્દિષ્ટ છે.

ગોપીઓ માર્ગશીર્ષ વ્રત અને તેના સ્નાનની વાત કરે છે ખરી પણ એ તો શ્રીકૃષ્ણને મળવાનું બહાનું છે. ગોપવૃદ્ધોએ પૂરેલી ગોપીઓને શ્રીકૃષ્ણનું દર્શન પણ દુર્લભ હતું. આવી વ્યથાપૂર્ણ અવસ્થામાં વર્ષાના અભાવથી પીડિત

વડીલોએ જ વ્રત કરવાની આજ્ઞા કરી અને ભગવાનને મળવાની તક સાંપડી એટલે ગોવાળોને રાજી રાખવા વ્રતની વાત થાય છે. ગોપીઓનું અપેક્ષિત ફળ તો ભગવદ્‌મિલન અને એમની નિત્યસેવામાં લાગી જવું એ જ છે. એને કારણે આ દિવ્ય પ્રબંધમાં ભગવાનનું નિત્યકૈંકર્ય માગવા સુધીનું જ વર્ણન છે. ગોપીઓના મતે સ્નાન, વ્રત વગેરેનો અર્થ ભગવાનનો આકંઠ અનુભવ અને કૈંકર્ય જ છે.

ગોપીઓનું વિશેષણ છે દિવ્ય ભૂષણ ધારણ કરનારી. ભગવાનનું મિલન થશે એવું જાણતાં જ આનંદવિભોર બનેલ ગોપીઓનાં શરીર જાણે સર્વ આભરણોથી શણગારેલાં હોય એવાં પુલકિત અને તેજસ્વી બની ગયાં. દિવ્યાભરણ ભૂષિતનું વર્ણન કુળશેખર આળવાર 'મુકુન્દમાલા'માં (૨૦) કરે છે: "બંને હાથની અંજલિ કરી, મસ્તક નમાવી, રોમાંચ સહિત સર્વાંગે પુલકિત થઈ ગદ્‌ગદ કંઠે આંખમાં હર્ષાશ્રુ સાથે ભગવાનનાં ચરણકમળના ધ્યાનામૃતનું પાન ચાલતું હોય." ભકતશ્રેષ્ઠ ગોપીઓએ આવાં દિવ્ય-આભરણ ધર્યાં હતાં. કંકણ, કુંડળ, હાર, ઝાંઝર વગેરે શરીરના સ્થૂળ અલંકાર છે; દિવ્ય નહિ.

ગોપીઓ ઐશ્વર્યથી પરિપૂર્ણ આય્‌પ્પાડિમાં—ગોકુળમાં, વ્રજમાં નિવાસ કરે છે; કારણ કે શ્રીકૃષ્ણ ત્યાં અવતર્યા છે. ભગવાનના દયા, ક્ષમા, સૌશીલ્ય, વાત્સલ્યાદિ ગુણો શ્રીકૃષ્ણાવતારમાં પૂર્ણપણે પ્રકટે છે. પરમપદમાં આ ગુણોને પ્રકટ થવાનો અવકાશ નથી. ભકતોનાં દુ:ખ દેખી ભગવાન સ્વયં દુ:ખી થાય છે અને એ દુ:ખ દૂર કરવા પ્રયત્ન કરે છે તે **દયા;** આનંદમય પરમપદમાં વસનાર મુકતોને દુ:ખ જ નથી, એટલે ભગવાન દયા કયાં કરે? **ક્ષમા** અપરાધીઓને અપાય છે. નિષ્પાપ પરમપદમાં અપરાધ કોણ કરે? તેથી ક્ષમા કોને કરવાની? મંદ જનોમાં પણ ભેદભાવ વિના સમાનભાવે એકરૂપ થઈને રહેવાનો પ્રભુનો સ્વભાવ **સૌશીલ્ય**—સુશીલતા કહેવાય છે. પરમપદમાં મંદ કોણ હોય? એટલે ત્યાં સૌશીલ્ય કેવી રીતે પ્રકટે? **વાત્સલ્યને** કારણે ભગવાન ભકતના દોષો જોવાનું ટાળે છે અથવા દોષને ગુણ તરીકે માને છે. પરમપદમાં દોષીના અભાવે ભગવાનનો વાત્સલ્ય ગુણ પણ પ્રકાશી શકતો નથી. આ રીતે ભગવાન સકલકલ્યાણગુણનિધાન હોવા છતાં એમના સ્વામિત્વ વગેરે થોડા ગુણ જ પરમપદમાં પ્રકાશે છે, જયારે બીજા અનેક ગુણ તિરોહિત રહે છે. પરંતુ જયારે ભગવાન પાપી, મંદ અને દોષપૂર્ણ માનવોથી ભરેલા આ જગતમાં અવતાર ધરે છે ત્યારે એમના સર્વ ગુણ અંધકારમાં પ્રકાશતા દીવાની

જેમ અત્યંત સુંદર રીતે ચમકે છે. અવતારોમાં પણ શ્રીકૃષ્ણાવતારમાં ભગવાનના સર્વ ગુણ વિશેષ ઉજ્જવળ પ્રકાશે છે; તેથી તે અવતારનું સ્થળ વ્રજ—ગોકુળ, ઐશ્વર્યથી—સમૃદ્ધિથી પરિપૂર્ણ કહેવાય છે.

ગોપીઓ શ્રીવિભૂષિત બાળાઓ છે. અહીં શ્રી શબ્દનો અર્થ છે: ભગવાનમાં અગાધ પ્રેમ અને તેમનું કૈંકર્ય કરવાની રુચિ. લૌકિક સંપત્તિની વસ્તુઓ નશ્વર હોય છે અને અંતે આત્માને સંસારમાં જ ડુબાડે છે, તેથી તે વાસ્તવિક શ્રી કે સુખ નથી. આત્માને ધન્ય બનાવનાર ભગવત્ કૈંકર્ય-ભગવાનની સેવા જ સદાકાળ ટકનાર છે, એટલે તે જ વાસ્તવિક શ્રી છે. જેમ કહ્યું છે: "વિપત્તિ એ સાચી વિપત્તિ નથી અને સંપત્તિ એ સાચી સંપત્તિ નથી. શ્રીવિષ્ણુનું વિસ્મરણ એ વિપત્તિ છે અને નારાયણનું સ્મરણ એ સંપત્તિ છે.

विपदो नैव विपदः; संपदो नैव संपदः ।
विपद्विस्मरणं विष्णोः; संपन्नारायणस्मृतिः ॥"

ગોપીઓ નાની બાળાઓ છે. એમનામાં કોમળતા છે, કઠોરતા નથી, વાર્ધક્ય નથી. એમનો પ્રેમ સદા વર્ધમાન છે, ગ્રહણશીલ છે, નિર્મળ છે. તેઓ પ્રેમાળ છે. તેઓ શ્રીકૃષ્ણમાં મગ્ન રહીને એમનો સહેજે નિત્યાનુભવ કરી શકે છે. વિશ્વપતિ પરમાત્માની કોઈ જાતિ નથી. પરંતુ વિશ્વપતિ હોવાના નાતે એ વરેણ્ય છે. જે એને વરશે તે તરશે. यमेवैष वृणुते तेन लभ्यः । ગોદા ચાહે છે કે, "તમે બાલિકાભાવે પતિરૂપ પરમેશ્વરને વરવાનું ઈચ્છો."

'સ્નાનેચ્છુક વ્રજબાળાઓ! તમે સર્વ અહીં આવો;' એમ કહીને સૂચવ્યું છે કે ભગવદનુભવ કરવામાં, તેની અભિલાષા કરવી એટલું જ આવશ્યક. તેને માટે દેશ, કાળ, જાતિ, પાત્રતા ઈત્યાદિનો કોઈ નિયમ નથી.

પાલક પિતા નંદ ગોપ તીક્ષ્ણ ભાલો ધારણ કરે છે અને કઠોર કર્મ કરે છે. આમ તો નંદરાજા સજ્જન અને કોમળ છે, પરંતુ શ્રીકૃષ્ણને પામ્યા પછી, કંસે મોકલેલા અસુરો વગેરેના ઉપદ્રવોને કારણે શ્રીકૃષ્ણનું રક્ષણ કરવા એ ક્રૂર થયા. અથવા આસુરી સંપત્તિ સામે દૈવી સંપત્તિનું રક્ષણ કરવાના નંદબાવાના દૃઢ નિર્ધારનું તીક્ષ્ણ ભાલો પ્રતીક છે. અથવા નંદગોપ આચાર્યનું પ્રતીક છે. તીક્ષ્ણ શૂલાયુધ તે તપાવેલાં શંખ-ચક્ર; અને કઠોર કર્મ તે આ તપ્ત શંખ-ચક્રનું શિષ્યના બાહુ ઉપર અંકન—તપ્તમુદ્રાપ્રદાન. નંદ એટલે નિરંતર બ્રહ્મનું ધ્યાન કરવાને કારણે આનંદમાં રહેનાર અને ભગવાનની નિર્હેતુક કૃપાનું લક્ષ્ય બનીને ભગવાનને પામનાર સદ્ગુરુ એવો અર્થ પણ સૂચિત છે.

ચારુનેત્રા યશોદાને સિંહશિશુ જેવા નીડર અને કાબૂમાં રાખવા અશક્ય એવા શ્રીકૃષ્ણની અનુપમ, અતુલ બાળલીલાઓ નીરખવાનું સૌભાગ્ય સાંપડ્યું હતું. એ સૌભાગ્યને કારણે યશોદાનાં નયન આનંદથી વિશાળ—સુંદર બની ગયાં.

ભગવાન નીલ મેઘ જેવી કાન્તિવાળા છે તેથી એમનાં દર્શન કરવા માત્રથી જ ભક્તના તાપ ટળી જાય છે. ભગવાનનાં નયન ભક્ત ઉપરનાં પ્રેમ અને કરુણાને લીધે લાલ હોય છે. એમનું મુખ સૂર્ય સમ તેજસ્વી, અપ્રધૃષ્ય અને જીવનપ્રદ હોવા સાથે સંસારના તાપ હરવામાં ચંદ્ર જેવું શીતળ છે.

સંરક્ષણ કરવાનું અને ભગવત્પ્રાપ્તિરૂપ પરમ પુરુષાર્થ આપવાનું સામર્થ્ય કેવળ નારાયણમાં જ છે. જે મનુષ્યો અકિંચન અને અનન્યગતિની ભાવનાથી ભગવાનના શરણે જાય છે, પ્રપન્ન બને છે તેમને ભગવાન અપેક્ષિત ફળ આપે જ છે. અહીં ગોપીઓને તો દૃઢ વિશ્વાસ છે કે અમારા ઉપર જ ભગવાનની કૃપા ઊતરશે, બીજા ઉપર નહિ. એ કૃપાના ફળરૂપે શું મળશે ? **'પરૈ' (ઢોલ)**, અર્થાત્ વાદ્યવિશેષ. એનો અર્થ છે વ્રત પાર પાડવા માટે જરૂરી સામગ્રી. આ સામગ્રીનું વર્ણન, 'તિરુપ્પાવૈ'ના ૨૯ મા પદમાં છે. પરંતુ ગોપીઓને, ગોદાને બીજું કહેવું છે. ગોદાનું લક્ષ્ય છે ભગવદ્‌મિલન અને નિષ્કામ ભાવે અવિચ્છિન્ન નિત્ય ભગવત્સેવા. 'પરૈ' શબ્દનો સમુચિત અર્થ છે. ભગવત્પ્રાપ્તિરૂપ પરમ પુરુષાર્થ.

પ્રપત્તિ—શરણાગતિને પાંચરાત્ર સંપ્રદાયની 'અહિર્બુધ્ન્ય-સંહિતા'માં નીચે પ્રમાણે છ પ્રકારની વર્ણવી છે :

> આનુકૂલ્યસ્ય સંકલ્પઃ પ્રાતિકૂલ્યસ્ય વર્જનમ્ ।
> રક્ષિષ્યતીતિ વિશ્વાસો ગોપ્તૃત્વવરણં તથા ।
> આત્મનિક્ષેપકાર્પણ્યે ષડ્‌વિધા શરણાગતિઃ ।।

ભગવાનને અનુકૂળ રહેવાનો સંકલ્પ, પ્રતિકૂળતાનો ત્યાગ, ભગવાન રક્ષા કરશે જ એવો વિશ્વાસ, કેવળ ભગવાનને જ રક્ષક ગણવા, આત્મસમર્પણ અને દૈન્ય—એમ શરણાગતિ ષડ્‌વિધ છે

ભગવાનને અનુકૂળ રહેવાનો સંકલ્પ એટલે સર્વ દૈવી ગુણોનું અનુશીલન. તેમાં પણ ખાસ કરીને ભગવદ્‌ગીતાના સોળમા અધ્યાયમાં વર્ણવેલ દૈવી સંપત્‌ના ગુણોનું અનુશીલન. પ્રતિકૂળતાનો ત્યાગ એટલે ઉપર્યુક્ત સોળમા અધ્યાયમાં વર્ણવેલ આસુરી સંપત્‌નો ત્યાગ. પ્રપન્નને સંપૂર્ણ શ્રદ્ધા હોય છે

કે પ્રભુની ઇચ્છામાં પોતાનું કલ્યાણ છે; અને અશરણશરણ શ્રીભગવાન સર્વકાળે, સર્વસ્થળે અને સર્વ સંયોગોમાં પોતાનું રક્ષણ કરશે જ; પ્રપન્ન ભગવાન વિના બીજા કોઈનું ય રક્ષણ સ્વીકારતો નથી. પ્રપન્નનો સૌથી નિકટનો સગો, ગુરુ, સુહૃદ, મિત્ર વગેરે કેવળ ભગવાન જ છે. સદા, સર્વ-ભાવે, ભગવત્સેવા માટે ભગવચ્ચરણારવિંદમાં આત્મસમર્પણ. કાર્પણ્યભાવ—દૈન્ય. પ્રપન્નનું 'હું" અને 'મારું' પણ ભગવાનને અર્પણ.

નિષ્કામ ભગવત્સેવાનિરત ગોપીઓનું ચિત્ર સાધારણ માણસોની જેમ પ્રશંસા, માન કમાવાનું નથી. પ્રશંસાના બ્યાજે લોકકલ્યાણની ભાવના છે. પરિપૂર્ણ ભગવદનુભવ પ્રાપ્તિની ઇચ્છાથી વ્રત કરવા છતાં, ગોપીઓના મનમાં એક એવી આશા છે કે ભગવાનના અનુગ્રહથી તુરત જ સુવૃષ્ટિ થવાથી સુકાળ થાય. સુકાળ થતાં ગોપ વડીલો અને અકાળપીડિત જીવો રાજી થાય એટલે તેઓ સ્વાભાવિક રીતે કૃતજ્ઞતાથી પ્રશંસા કરે.

**પદ ૨ : ભાવાનુવાદ :**

હે ભૂમંડળનાં માનવીઓ ! વ્રતના અંગરૂપે અમે જે જે ક્રિયાઓ કરીશું તે સાંભળો. ક્ષીરસાગરમાં સાવધાન રહી શયન કરતા પરમપુરુષનાં ચરણોનું અમે કીર્તન કરીશું. અમે ઘીનું સેવન નહીં કરીએ; અમે દૂધ નહીં પીએ; અમે બ્રાહ્મ મુહૂર્તમાં સ્નાન કરીશું; કાજળ નહીં આંજીએ; કેશને પુષ્પોથી નહીં સજાવીએ; વર્જિત કાર્યો નહીં કરીએ; કડવાં વેણ નહીં બોલીએ; સત્પાત્રોને અને દીન જનોને યથાશક્તિ દાન આપીશું; અને એમ નવજીવન પામવાના ઉપાયનું—ભગવદ્‌મિલનનું ધ્યાન કરતાં કરતાં અમે આનંદમાં રહીશું.

**ઉદ્‌ઘાટન :**

પહેલા પદમાં કેવળ વ્રજની ગોપીઓને જ આમંત્રી હતી. આ પદમાં ગોદા દેવીએ સમગ્ર ભૂમંડળનાં નિવાસીઓને આમંત્ર્યાં છે, તેથી આ વ્રત સમગ્ર માનવ જાતિ કરી શકે છે એમ દર્શાવ્યું છે. ગોદા માતા માનવ જાતિને ઉદ્દેશીને કહે છે : તમે સ્વલ્પકાળ હરિસ્મરણ કરી હરિસુખ મેળવ્યું અને બાકી સમય તો અન્ય પ્રવૃત્તિ કરી પરમાત્માના વિરહનું દુ:ખ વેઠયા કર્યું ! આમ કેમ ? આ વિરહતાપ દૂર કરવો હોય તો કેવો આચાર હોવો જોઈએ તે અહીં દર્શાવ્યું છે.

આ વ્રતના અંગરૂપ પહેલી ક્રિયા છે ક્ષીરાબ્ધિશાયી સાવધાન ભગવાનનાં ચરણોનં સંકીર્તન. પહેલી ગાથા દ્વારા પરમપદનિવાસી પરરૂપ નારાયણનું

સ્મરણ કર્યું. આ બીજી ગાથામાં વ્યૂહરૂપી વાસુદેવનું સ્મરણ કર્યું. ભગવાન સંસારીઓની જેમ તમોગુણી નિદ્રા નથી કરતા; પરંતુ સર્વ પ્રવૃત્તિઓ મૂકી, ભક્તોની રક્ષા કરવા અને તેમનો આર્તધ્વનિ સાંભળવા માટે સાવધાનીથી એકાગ્રચિત્તે શયન કરે છે. ભકતોનો આર્તનાદ સાંભળે છે તેથી ભગવાનનું નામ 'શુચિશ્રવા' પડયું છે. આર્તનાદ સાંભળીને ભગવાન આર્તિનો સદ્ય નાશ કરે છે. પોતાનાં અસંખ્ય શ્રવણો દ્વારા, ભક્ત દૂર હોય કે નજીક, ભગવાન આર્તનાદ સાંભળે જ છે. નારાયણના ચતુર્વ્યૂહ આ પ્રમાણે : વાસુદેવ અર્થાત્ ક્ષેત્રજ્ઞ પરમાત્મા. તેમાંથી સંકર્ષણ અર્થાત્ જીવ ઉત્પન્ન થાય છે એ શેષ કહેવાય છે. સંકર્ષણમાંથી પ્રદ્યુમ્ન એટલે મન ઉત્પન્ન થાય છે. પ્રદ્યુમ્નમાંથી અનિરુદ્ધ એટલે મહેશ્વર અહંકાર ઉત્પન્ન થાય છે. અનિરુદ્ધ બનેલા પ્રદ્યુમ્નમાંથી એટલે અહંકારયુક્ત મનમાંથી સ્થાવરજંગમ જગત ઉત્પન્ન થાય છે.[૨]

ભગવાનનાં ચરણારવિંદનું સંકીર્તન નમ્રતાપૂર્વક શરણાગતિ સૂચવે છે. મંત્રરત્નોમાંના દ્વય મંત્રમાં શ્રીમન્નારાયણચરણૌ શરણં પ્રપદ્યે । હું શ્રીમાન નારાયણનાં ચરણોને શરણે જાઉં છું : માં આ વાત કહી છે. ભગવાનનાં ચરણારવિંદનો આશ્રય લેનારા આશ્રિતો એકાન્તભાવે શરણાગત હોઈ ભગવાનની દયાનું પાત્ર બને છે; એમની વિનંતી ભગવાનને માન્ય રાખવી જ પડે છે.

'વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ । આ બધું વાસુદેવ જ છે એવું સમજનાર મહાત્મા વિરલ જ હોય ": એવા ભગવદ્‌વચન અનુસાર વિરલ ભગવદ્‌ભક્ત બનવા ઈચ્છનાર ગોપીઓનું ધ્યાન દેહને પુષ્ટ કરનારા અને અલંકૃત કરનારા પદાર્થો તરફ સ્વાભાવિક રીતે શાનું જાય ? તેઓ તો દેહાલંકાર ત્યજીને આત્માલંકાર ઉપર ધ્યાન આપે છે. આત્માને અલંકૃત કરનારા ભકતના ગુણો (ગીતા, અધ્યાય ૧૨) અને દૈવી સંપત્‌ની સંપત્તિ (ગીતા, અધ્યાય ૧૬) પ્રાપ્ત કરવા ઉપર તેઓ ધ્યાન આપે છે.

સામાન્ય રીતે દરરોજ પ્રાતઃકાળે સૂર્યોદય પહેલાં સ્નાન કરવું વિહિત છે; નિષિદ્ધ કર્મ ન કરવાં જોઈએ; કોઈને કટુ વચન ન કહેવું જોઈએ. એટલે વ્રતાચરણના પ્રસંગે તો ખાસ કરીને આ નિયમોનું વિશેષ સાવધાનીથી પાલન કરવું જરૂરી છે. સત્પાત્રોને અને દયાપાત્રોને યથાશક્તિ દાન પણ દેવું જોઈએ.

૨. જુઓ 'શ્રીકૃષ્ણ : પુરુષોત્તમ અને અન્તર્યામી (ઉત્તરાર્ધ)', પૃ. ૩૦૨.

શ્રીમદ્ ભાગવતપ્રોક્ત કાત્યાયની વ્રત સાથે તિરુપ્પાવે વ્રતનો સંબંધ જોડવામાં આવે છે. અહીં નિર્દેશેલ બાબતો સાથે ભાગવત ૧૦—૨૨—૧ ની તુલના કરવી જોઈએ.

આ પ્રમાણે નિષ્કામ ભક્તિયોગનું આચરણ કરી સતત ભગવદ્ચિંતન કરી નવજીવન પામવા પ્રયત્ન કરનાર આનંદમાં રહે. ભગવાને શ્રીમુખે કહ્યું છે : "મારામાં ચિત્ત પરોવનારા, મારામાં જ પ્રાણ રાખનારા; એકબીજાને બોધ કરતાં, મારું જ નિત્ય કીર્તન કરતાં, સંતોષમાં અને આનંદમાં રહે છે.

मच्चित्ता मद्गतप्राणाः बोधयन्तः परस्परम् ।
कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च ।।"

(ભગવદ્ગીતા ૧૦—૯).

**પદ ૩ : ભાવાનુવાદ :**

સમસ્ત વિશ્વને પોતાનાં ચરણોથી માપી લેનારા પુરુષોત્તમ, ત્રિવિક્રમ વામન ભગવાનનું નામસંકીર્તન કરી અમે અમારા વ્રતના નિમિત્તે સ્નાન કરીશું, તો સમગ્ર દેશમાંનાં અનિષ્ટો નષ્ટ થશે અને પ્રતિ માસ ત્રણ વખત વર્ષા થશે. આકાશને આંબતાં વૃક્ષો, અને ડાંગર તેમ જ અનાજના પાકથી લચી પડતાં ખેતરો વચ્ચેનાં જળમાં માછલીઓ આનંદથી ક્રીડા કરશે; ખીલેલાં કુવલય પુષ્પોમાં—કમળોમાં સુંદર ભ્રમરો નિદ્રા કરશે. ગોશાળામાં બળવાન ગોવાળો ધૈર્યપૂર્વક ગાયોનાં પરિપુષ્ટ આંચળને અડકશે કે તરત જ એ પરમ ઉદાર ગાયો ઘડા ભરીને દૂધ દેશે. આ રીતે સર્વત્ર અવિચ્છિન્ન સંપત્તિથી સમગ્ર દેશ પરિપૂર્ણ થશે.

**ઉદ્ઘાટન :**

પહેલાં બે પદ દ્વારા નારાયણના પર અને વ્યૂહરૂપનું કીર્તન કર્યું. આ ત્રીજા પદ દ્વારા વિભવરૂપ પૈકી ત્રિવિક્રમાવતારનું, વામનાવતારનું સંકીર્તન કર્યું છે. ગોપબાળાઓને વિશ્વાસ છે કે વામન ભગવાનના નામસંકીર્તનપૂર્વક જો વ્રતાનુષ્ઠાન કરીશું તો સમસ્ત દેશમાંનાં સર્વ અનિષ્ટો એકદમ શાંત થઈ જશે. પ્રતિમાસ દર દસ દિવસે એક દિવસ એમ મહિનામાં ત્રણ વખત વર્ષા થવાથી ઘાસ-પાણી-અનાજ-ખાદ્ય પદાર્થોની વિપુલતા થશે સરોવરોના જળમાં માછલાંઓને ક્રીડા કરવાની અનુકૂળતા થશે. ભમરાઓ કમળનાં ફૂલમાં

આનંદથી નિદ્રા કરશે. ગોવાળો ખાઈપીને બળવાન થશે, અને એ બળવાન ગોવાળો પરિપુષ્ટ ગાયોનું ભરપૂર દૂધ દોહવા માટે કમર બાંધીને ધૈર્યપૂર્વક બેસશે, એટલે ગાયો પણ ઘડાઓને દૂધથી છલકાવી દેશે.

જ્યાં પુરુષોત્તમ નારાયણનું નામસંકીર્તન થાય ત્યાં કોઈપણ પ્રકારનું અનિષ્ટ ટકી શકે નહિ એવો સિદ્ધાંત છે. એટલે શ્રીકૃષ્ણને **અરિષ્ટનેમિ** (ચક્રની જેમ વિઘ્નબાધાઓને ચૂર્ણ કરનાર) કહ્યા છે. (મ. ભા. ૫-૬૯-૫). અનિષ્ટોમાં—વિપત્તિઓમાં છ અનિષ્ટો, જે આત્માની અધોગતિ કરે છે તે ખરેખરાં અનિષ્ટ છે. કયાં કયાં ? દેહાત્મભ્રમ—દેહને આત્મા સમજવો એવો ભ્રમ; સ્વતંત્રાત્મભ્રમ—આત્મા પરમાત્માથી સ્વતંત્ર છે એવો ભ્રમ; અન્યશેષત્વ-ભ્રમ—આત્મા પરમાત્મા વિના બીજા કોઈનો શેષ અર્થાત્ દાસ છે એવો ભ્રમ; સ્વરક્ષણે સ્વાભિમુખ્યૌચિત્યભ્રમ—પોતાના રક્ષણ માટે પોતે ઉદ્યત થવું અને તે ઉચિત છે એવો ભ્રમ; આસુરી સંપત્ સામે પોતે જ પોતાનું રક્ષણ કરવા સમર્થ છે એવો ભ્રમ;[૩] બાંધવાભાસલોલત્વ—ખરેખરો બાંધવ તો પોતા સહિત સર્વમાં રહેલો પરમાત્મા છે તેમ છતાં કહેવાતા બાંધવોમાં અતિ આસક્તિ; વિષયચાપલત્વ—વિષયો ભોગવવાની લાલસા. આ છયે અનિષ્ટો ટળી જશે. (સાધારણ રીતે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઊંદર, તીડ, પક્ષીઓ અને યુદ્ધ એ છ ઈતિઓ—આફતો ગણાય છે.) નારાયણનું નામસંકીર્તન થતાં આ આત્માની અધોગતિ કરનારાં અનિષ્ટો દૂર થઈ જશે. (અને સ્થૂળ અનિષ્ટોનો નિમિત્ત-માત્ર બનીને ધૈર્યપૂર્વક સામનો કરવા માટે બુદ્ધિ સ્થિર રહેશે.) દર માસે ત્રણ સમય વર્ષા થશે તે તો સદ્‌ગુરુના મુખે મંત્રોપદેશ, મંત્રાર્થનો ઉપદેશ અને વિવિધ શાસ્ત્રોનો ઉપદેશ; અથવા વેદ-ઉપનિષદોનો, દિવ્યપ્રબન્ધમ્‌નો અને રામાયણ-મહાભારતાદિનો ઉપદેશ; એમ ત્રણ પ્રકારની શ્રીસૂક્તિઓના શ્રવણનો લાભ મળશે તે.

ફળ અને ધાન્યાદિથી લચી પડતાં ખેતરો, ખાદ્ય પદાર્થોની વિપુલતા તે વિદ્યા-વિનયાદિ સંપત્તિની અભિવૃદ્ધિ. ફળ પાકે તેમ વૃક્ષ, અને અનાજ પાકે તેમ અનાજના સાંઠા નમી પડે છે એમ જેમ જેમ ભગવદભિમુખતારૂપી વિદ્યા વધતી જાય તેમ તેમ અહંકાર વિલીન થતો જાય અને નમ્રતા આવતી

---

૩. સ્વરક્ષણ માટે આસક્તિથી નહિ, પણ કાળરૂપ પરમાત્માએ આજ્ઞા કરી છે એમ निमित्तमात्रं भव सव्यसाचिन् । પરમાત્માનું કરણ બનીને કેવળ નિષ્કામભાવે, ભગવત્કાર્ય કરવા માટે ઉદ્યત થવું, નિમિત્તમાત્ર બનવું તે ઉચિત છે.

જાય. માછલીઓ જળમાં આનંદથી ક્રીડા કરે છે તે, પરમ ભક્તો નિરંતર પ્રભુના ધ્યાન, સ્મરણ, સેવા, સત્સંગ, ભગવત્પ્રીત્યર્થે કર્મમાત્ર કરવાં ઇત્યાદિથી ભગવાનના ગાઢ સંપર્કમાં રહી 'સંતોષ' પામે છે અને આનંદ કરે છે તે —તુષ્યન્તિ ચ રમન્તિ ચ. કુવલયપુષ્પ દ્વારા કુવલયનેત્રા લક્ષ્મીજીનું કટાક્ષવીક્ષણ સૂચિત છે. ભગવત્ ચરણારવિંદનાં દિવ્ય મધુનું અમૃતપાન કરતા ઉત્તમ જ્ઞાની ભક્તો લક્ષ્મીજીની દયાપૂર્ણ નજર નીચે નિર્ભયપણે અપ્રમત્ત પ્રપન્ન જીવન જીવે છે, અને સહજ સમાધિમાં લીન થાય છે, તે ભ્રમરોની નિદ્રા.

ગાય શબ્દથી આચાર્ય સૂચિત છે. ગાય જેમ ગોશાળામાં—ઘરમાં નિકૃષ્ટ જગ્યામાં રહે છે એમ આચાર્ય પણ અત્યંત નમ્ર હોઈ ભગવાનના દાસાનુદાસના પણ દાસની ભૂમિકા ઉપર રહે છે. આચાર્ય પણ જ્ઞાનામૃતરૂપી આત્માને પોષક એવું સ્વાદિષ્ટ દૂધ આપે છે. આત્મબળથી સંપન્ન મુમુક્ષુ જનો આચાર્યરૂપી ગાયને દોહવા માટે ગોશાળામાં અર્થાત્ આચાર્યના ઘેર દીર્ઘ કાળ પર્યંત, ધૈર્યથી ગુરુશુશ્રૂષા કરતા કરતા ઉપદેશની પ્રતીક્ષા કરે છે. એવા બળવાન ધૈર્યશીલ ગોવાળો ગાયોનાં પરિપુષ્ટ આંચળાને અડકતા વેંત તેમાંથી પડતી જ્ઞાનામૃતરૂપી ક્ષીરની ધારાઓ ચિત્તરૂપી ઘડાઓને છલકાવી દે છે. શિષ્ય થોડા પ્રશ્ન કરે તો પણ આચાર્ય એને અનેક અર્થસભર ઉપદેશ આપે છે. ભગવદ્ગીતાના પ્રારંભે અર્જુને શ્રીકૃષ્ણને શરણે જઈને પૂછ્યું : "મને ધર્મમૂર્છા આવી છે. તેથી જેમાં મારું કલ્યાણ હોય તે મને નિશ્ચયપૂર્વક કહો. હું તમારો શિષ્ય છું અને તમારો પ્રપન્ન છું—તમારા શરણે છું. મને રસ્તે ચઢાવો. शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ।" ( ૨ – ૪ થી ૭, ૮ ). અને આચાર્ય શ્રીભગવાને "હે મહાબાહો ! તું ફરીને મારું વચન સાંભળ," (૧૦—૧ ); "હું તને ફરીને સર્વોત્તમ જ્ઞાન કહીશ," ( ૧૪—૧ ); "હું તને મારી દિવ્ય વિભૂતિઓ કહીશ," (૧૦–૧૯ ); "ફરીથી તું અત્યંત ગુહ્યતમ એવું મારું ઉત્તમ વચન સાંભળ," ( ૧૮—૬૪ ) વગેરે આશ્વાસક વચનોથી શિષ્ય અર્જુનનું અંતઃકરણરૂપી પાત્ર ભરી દીધું; એમ આચાર્ય શિષ્યના શુદ્ધ અંતઃકરણરૂપી પાત્રને જ્ઞાન-પ્રેમ-ભક્તિથી પરિપૂર્ણ કરી દે છે.

**પદ ૪ : ભાવાનુવાદ :**

હે ઉદારમના ગંભીર પર્જન્ય દેવ ! તમે જળવૃષ્ટિમાં સંકોચ ન કરો. સમુદ્રમાં પ્રવેશી, ખૂબ જળ ખેંચી, ગર્જના કરતાં કરતાં ઉપર આકાશમાં ચઢી, કાળ વગેરે સમસ્ત પદાર્થોના કારણભૂત ભગવાનના શ્રીવિગ્રહ સમાન નીલવર્ણ

ધારણ કરી, વિશાળ અને સુંદર ભુજાવાળા પદ્મનાભ ભગવાનના હાથમાં શોભતા ચક્રાયુધની જેમ ચમકીને, વલમ્પુરી અર્થાત્ દક્ષિણાવર્ત શંખની જેમ ભારે ગર્જના કરીને, શારંગ ધનુષ્યમાંથી છૂટતી શરધારાની જેમ, જગતનાં સર્વ જનો પ્રસન્ન થઈ જાય તે સારુ, અને અમે પ્રસન્ન થઈને માર્ગશીર્ષનું સ્નાન કરીએ તે માટે તમે વિના વિલંબે વરસો.

**ઉદ્ઘાટન :**

શ્રીકૃષ્ણમય શ્રીઆણ્ડાળને વાદળાંની શ્યામ ઘટામાં શ્રીકૃષ્ણનું, વિદ્યુત્‌ના ચમકારામાં સુદર્શન ચક્રની ચમકનું, મેઘગર્જનામાં પાંચજન્યના ઘોષનું અને મેઘની અનવરત વરસતી જળધારાઓમાં શારંગ ધનુષ્યમાંથી છૂટતી શરધારાઓનું સ્મરણ થાય છે. ફરક એ છે કે શારંગમાંથી નીકળતી શરધારાઓ દુષ્ટોનો નાશ કરે છે; જ્યારે મેઘની જળધારાઓ દેશ પરની દુષ્કાળની આપત્તિનો નાશ કરવા સાથે જગતને નવજીવન અર્પે છે.

આ પદમાં ભક્તોના કલ્યાણ માટે તત્પર મહાત્માને, આચાર્યને 'ઉદાર-મના ગંભીર પર્જન્ય દેવ!' નામથી સંબોધ્યા છે. મેઘ ખારા જળને શોષી લઈ મીઠું જળ વરસાવે છે. મહાત્માઓ પણ કઠણ શાસ્ત્રોનો અભ્યાસ કરી એનો અતિ સરળ અને અતિ મનોહર શૈલીમાં ઉપદેશ કરે છે. વર્ષા ભેદભાવ વિના સર્વ પ્રદેશોમાં વરસે છે. મહાત્માઓ સર્વ પ્રદેશોમાં ઉપદેશ આપે છે. વરસાદ ઊંડા ખાડાઓને પણ જળથી ભરી દે છે, એમ ભક્તજ્ઞાનીનો ઉપદેશ નિમ્નતર કક્ષાનાં, અને એવી જ રીતે નમ્ર માણસોનાં અંતઃકરણ પણ ભરી દે છે. ઉચિત સમયે વૃષ્ટિ ન થાય તો જગતમાં વિવિધ પીડાઓ થાય, એમ આચાર્યો માર્ગદર્શન ન આપે તો દેહાત્મભ્રમ જેવી આત્માની અધોગતિ કરનાર આપ-ત્તિઓ જેવી આફતો આવે. મેઘ ગમે તેટલું વરસે તો પણ એ સામા બદલાની આશા નથી રાખતો, એમ સદ્ગુરુ કશા બદલાની આશા નથી રાખતા. વરસાદ કેટલોક વખત થોડું વરસે છે તો કેટલોક વખત મુશળધાર વરસે છે. એમ જ્ઞાનીઓ પણ કોઈ વખત સંક્ષેપમાં સૂત્રાત્મક તો કોઈ વખત અનેક રહસ્યો સ્ફુટ કરતું સુદીર્ઘ પ્રવચન કરે છે. વરસાદનું જળ નદી, તળાવ, કૂવા અને ખેતરો વગેરેમાં વરસીને ઉપયોગી થાય છે, તો ગંદી જગ્યાઓએ વરસીને નિરુપયોગી પણ થાય છે. એ રીતે સત્પાત્રોને મળેલો ઉપદેશ સજ્જનોને ગ્રાહ્ય બને છે અને કુપાત્રોને મળેલો ઉપદેશ તો વિકાર કરનાર પણ બની શકે.

આવા મેઘ જેવા આચાર્યને (પોતાના પિતા અને ગુરુ પેરિયાળવારને) ગોદા દેવી વિનંતિ કરે છે: 'ગુરુજી! તમે જરાય સંકોચ રાખ્યા વિના અનરાધાર વરસો.'

અહીં વિશિષ્ટાદ્વૈત દર્શનના સર્વથી મહાન આચાર્ય શ્રીરામાનુજના જીવનનો એક પ્રસંગ ઉદ્‌બોધક છે:

બત્રીસ વર્ષની ભરયુવાન વયે રામાનુજાચાર્યે સંન્યાસ લીધો. યતિરાજ થયા. જનકલ્યાણ માટે જીવન સમર્પ્યું. યામુનાચાર્યના પુત્ર વરદરંગ વગેરેના કહેવાથી શ્રીરંગમ્ ગયા. ત્યાં એમણે ગુરુ ગોષ્ઠિપૂર્ણ (તિરુક્કોટ્ટિયૂર નમ્બિ) પાસેથી રહસ્યમંત્રોની—મંત્રાત્રય અથવા રહસ્યત્રાયની પુન: દીક્ષા લીધી. (૧) મૂળમંત્ર અથવા તિરુમંત્ર '**ૐ નમો નારાયણાય.**' (૨) દ્વય મંત્ર '**શ્રીમન્નારાયણ ચરણૌ શરણં પ્રપદ્યે,**' '**શ્રીમતે નારાયણાય નમ:**' (૩) ચરમ શ્લોક અથવા ચરમ મંત્ર, '**સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ। અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ:**' આ મંત્રોનું રહસ્ય જાણવા માટે શ્રીરામાનુજને ખૂબ ધૈર્ય રાખી ગુરુ પાસે અઢાર વખત જવું પડ્યું. અઢાર વખત જઈને તેઓ આ મંત્રોનું અઢાર પ્રકારનું રહસ્ય જાણી લાવ્યા. એ રહસ્યોનો સાર આ: માટીમાં વસતો કીડો માટીમાં આનંદથી રહેવા છતાં અલિપ્ત રહે છે એમ જ્ઞાનીએ સંસારમાં વસવું. અગ્નિમાંથી ઉદ્‌ભવેલો દીવો શીતળ પવનના ઝપાટાથી ઓલાઈ જાય છે એમ સાત્ત્વિક ભાવોથી વિષયવાસના નષ્ટ થતાં અહંતા-મમતા પણ દૂર થાય તો જ દેહાભિમાન જાય અને આત્મજ્ઞાન થાય. આત્મજ્ઞાન વિના ભોગોની ઉપેક્ષા ન થાય અને ભગવત્પ્રેમ પણ ન ઉદ્‌ભવે. ભક્તિ ન ઉદ્‌ભવે તો અર્થ-કામ-રાગ-દ્વેષ દૂર ન થાય અને શ્રીવૈષ્ણવત્વ ન મળે. શ્રીવૈષ્ણવત્વ ન મળે તો સાત્ત્વિકતા, ભક્તો અને ભગવાન તરફ પ્રેમ ન થાય. આવો પ્રેમ ન થાય તો ભગવાનનું જ શરણ લેનાર—પ્રપન્ન બની ન શકાય. અને ભગવાનનું શરણ ન લે તો રહસ્યમંત્રોની સિદ્ધિ ન થાય. અનન્યભાવે ભગવાનનું શરણ લઈ, અહંતા-મમતા ત્યાગવાથી મંત્રાર્થની સિદ્ધિ થાય.

ગુરુએ મંત્રોનું રહસ્ય સમજાવ્યું, સાથે ચેતવણી આપી: "આ રહસ્ય કોઈ અનધિકારીને ન આપવું જો આપશો તો નરકમાં જશો, પરંતુ રહસ્ય સાંભળનાર તો મુક્ત થઈ જશે." જગતના પ્રાણીઓનું દુ:ખ દૂર થાય એવી કામના રાખનાર દયૈકસિંધુ શ્રીરામાનુજે ચેતવણી લક્ષ્યમાં લીધી નહિ. સર્વ

વર્ણોનાં લોકોને એકત્ર કર્યાં. મંદિરના શિખર ઉપર ચઢયા અને સૌને 'ૐ નમો નારાયણાય,' એ મૂળ મંત્રનું રહસ્ય સમજાવ્યું. ગુરુને રોષ આવતાં જવાબ આપ્યો : "આપનું વચન ન માનવાથી એક જ વ્યકિત અર્થાત્ શ્રીરામાનુજ પોતે નરકમાં જશે, પરંતુ સમગ્ર માનવજાતિને મુકિત મળશે." શિષ્યે સાચી વૈષ્ણવી ભાવના આચરી બતાવી તેથી ગુરુ તિરુક્કોટ્ટિયૂર નમ્બિ (ગોષ્ઠિપૂર્ણ)નો રોષ જતો રહ્યો અને શિષ્યને આશીર્વાદ આપ્યા.

ગોદા દેવીના ચિત્તમાં આવા અનરાધાર વરસનાર ઉદારમના આચાર્યરૂપી ગંભીર પર્જન્યદેવ છે.

ગુરુરૂપી મેઘને ગોદાદેવી કહે છે : તમે શાસ્ત્રોરૂપી ઊંડા સમુદ્રમાં પ્રવેશી, તેનું રહસ્ય ખેંચી, પ્રવચન કરતાં કરતાં ઊંચે ચઢી, કૃપાઘન શ્યામસુંદર ભગવાનને હૃદયમાં ધારણ કરવાને કારણે ભગવત્સ્વરૂપ નીલ મેઘશ્યામ શ્રીકૃષ્ણ જેવા કૃપાળુ બની; ભકતોના મનમાં રહેલા સંશયોને અને હેતુવાદી તર્કજાળને સુદર્શન ચક્ર જેવા ચમકારાથી અને પાંચજન્યના ઘોષ જેવી વાણીથી નાશ કરો.

જગતના સર્વ લોકો પ્રસન્ન થઈ જાય તે માટે અને અમે માર્ગશીર્ષનું સ્નાન કરીએ—ભગવદનુભવના પૂરમાં ડૂબી જઈએ તે માટે ૐકારરૂપી શારંગ ધનુષ્યમાંથી બાણજાળો છૂટે એમ હે આચાર્ય ! હે સદ્‌ગુરુ ! તમે વિના વિલંબે ઉપદેશ આપો. ત્વરાથી એટલા માટે કે આયુષ્યનો શો ભરોંસો ? અને મનનો પણ શો વિશ્વાસ ? મન અત્યારે ભગવદભિમુખ છે, ઘડી પછી પલટાઈ પણ જાય, માટે હે કરુણાસાગર ગુરુ ! તમે આ ઘડીએ જ મોકળા મને વરસો. આ દુષ્કાળગ્રસિત વ્રજભૂમિને પરિપ્લાવિત કરો.

## પદ ૫ : ભાવાનુવાદ :

માયન—માયા વડે અત્યંત આશ્ચર્યમય લીલા કરનારા, મહિમામયી મથુરાપુરીના અધિપતિ, પરમપાવન મહાજલપ્રવાહસંપન્ન યમુનાતટવિહારી, આયરકુળમાં—ગોપકુળમાં પ્રકટેલા મંગળદીપ સદૃશ અને માતાની કૂખને ઊજાળતા—માતાનો યશ વધારતા દામોદરને, અમે પરિશુદ્ધ થઈ, એમની સમીપ પહોંચી, શ્રેષ્ઠ પુષ્પો અર્પી, પ્રણામ કરી, મુખથી સ્તવીશું અને મનથી એમનું ધ્યાન ધરીશું તો ભૂતકાળ અને ભવિષ્યકાળનાં સર્વ પાપ આગમાં હોમેલા રૂની જેમ ભસ્મીભૂત થઈ જશે. માટે કીર્તન કરો.

ઉદ્ઘાટન :

વૈકુંઠાધિપતિ, ક્ષીરાબ્ધિશાયી, લક્ષ્મીપતિ, અવાપ્તસમસ્તકામ એટલે કે પરિપૂર્ણ ઐશ્વર્યસંપન્ન હોવા છતાં શ્રીભગવાન અજ્ઞાન ગોવાળોના કુળમાં શ્રીકૃષ્ણરૂપે પ્રકટયા. સર્વને સુલભ બન્યા. માખણચોરી જેવી અદ્‌ભુત લીલાઓ કરી, માતા દ્વારા દામણાથી બંધાયા. બંધનમુક્ત કરનાર સ્વયં બંધાયા !

શ્રીકૃષ્ણ અજ્ઞાન આયરોના કુળમાં મંગળદીપની જેમ પ્રકટયા. અંધારામાં અથડાતા જનોને આનંદ આપનાર મંગળમય પદાર્થ દીવો છે. પરંતુ સૂર્યના પ્રકાશમાં દીવાની શોભા તિરોહિત થાય છે. એની શોભા અંધકારમાં છે. એ રીતે ભગવાનના દયા, ક્ષમા, સૌશીલ્ય, વાત્સલ્યાદિ કલ્યાણ ગુણો સૂર્યની જેમ પ્રકાશતા નિર્દોષ પરમપદમાં પ્રકાશતા નથી. એનાથી વિપરીત સર્વ પ્રકારની ન્યૂનતાથી પરિપૂર્ણ આ સંસારમાં, તેમાંય જ્ઞાનશૂન્ય અબુધ ગોવાળોના નિવાસસ્થાન વ્રજમાં ભગવાનના સર્વ કલ્યાણ ગુણો ખૂબ ચમકવા લાગ્યા. ભગવદ્‌ગીતામાં પણ શ્રીમુખે પોતાને, 'ભક્તો ઉપર કૃપા કરીને જ્ઞાનરૂપી પ્રકાશમય દીવાથી, તેમના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરનાર' કહ્યા છે. (૧૦–૧૧).

દહીં-માખણ ચોરીના અપરાધને કારણે માતાએ બાલકૃષ્ણને પકડીને દામણાથી ખાંડણિયા સાથે બાંધી દીધા, તેથી તેમનું નામ પડયું દામોદર. આ ચરિત્રાથી જ્ઞાનીઓ પણ આશ્ચર્યચકિત થઇને કહેવા લાગ્યા : "અહો ! આ યશોદાના ભાગ્ય અને સામર્થ્યનો કંઇ પાર નથી ! મોટા મોટા જ્ઞાની, યોગીઓ પણ જેને પામી શકતા તેને આ ગોપીએ બાંધી દીધા !......" એમ યશોદાનો યશ સર્વત્ર ફેલાયો. ('ભાગવત' ૧૦–૯–૧૮ થી ૨૧ અને ૧૦–૧૦). નંદ ગોપ માટે એક વિખ્યાત સુભાષિત છે :

શૃણુ સખિ ! कौतुकमेकं नन्दनिकेताङ्गणे; मया दृष्टम् । गोधूलिधूसराङ्गो नृत्यति वेदान्तसिद्धान्तः ॥ કોઈ ગોપી પોતાની સખીને કહે છે : "સખી સાંભળ ! મેં તો નંદગોપના આંગણાંમાં એક કૌતુક દીઠું : કયું ? ગોરજથી ખરડાયેલો વેદાંતસિદ્ધાંત અર્થાત્ શ્રીકૃષ્ણ ત્યાં નૃત્ય કરે છે !"

આ ગોપીઓ અને ગોપીઓનું અનુકરણ કરનારી ગોદા દેવી શુદ્ધ છે. નિરંતર ભગવત્સ્મરણ કરનારનું ચિત્ત ભકિતથી નિર્મળ બને છે. ભગવત્સ્મરણ વિનાનું તીર્થસ્નાન ચિત્તને શુદ્ધ કરી શકતું નથી. એટલે 'પવિત્રોમાં

પરમ પવિત્ર અને મંગળોનું પણ જે મંગળ છે' એવા શ્રીકૃષ્ણનું સ્મરણ કરનારી ગોપીઓ પરિશુદ્ધ છે. 'હજારો વખત ગંગાસ્નાન કરવાથી કે કરોડો વખત પુષ્કરમાં સ્નાન કરવાથી જે પાપ નષ્ટ થાય છે તે પાપ હરિસ્મરણ કરવાથી નષ્ટ થાય છે.' ('ગરુડપુરાણ' ૧—૨૩૦—૮) 'અપવિત્ર હોય કે પવિત્ર, કોઈપણ અવસ્થામાં જે મનુષ્ય પુંડરીકાક્ષ શ્રીકૃષ્ણનું સ્મરણ કરે છે તે બાહ્યાભ્યન્તર પવિત્ર છે.' ('પદ્મપુરાણ' ૯—૮૦—૧૨) આ બાહ્યાભ્યન્તર પવિત્ર ગોપીઓ ભગવાનને પુષ્પો ચઢાવે છે. મનોહર સુગંધવાળાં વૃક્ષોનાં પુષ્પો અને એનાથી પણ અનેકશ: ચડે એવી સુગંધવાળાં માનસ પુષ્પો: અહિંસા, ઈન્દ્રિયનિગ્રહ, સર્વભૂતદયા, ક્ષમા, જ્ઞાન, તપ, ધ્યાન, અને સત્યનાં.

ગોપીઓ મન, વચન અને કાયાને ભગવાનમાં જોડી દેવાનો નિર્ણય કરીને, નિષ્કામ ભાવે, કંઈ પણ આશા વિના, શ્રીકૃષ્ણની પ્રીતિ માટે, શ્રીકૃષ્ણની ભક્તિ કરીને દૃઢ વિશ્વાસ રાખે છે કે, અમારાં ભૂત—ભવિષ્યનાં સર્વ પાપ બળીને ખાખ થઈ જશે. 'બ્રહ્મસૂત્ર' (૪—૧—૧૩) આ જ વસ્તુ કહે છે : 'એ પરબ્રહ્મની પ્રાપ્તિ થતાં ભવિષ્યનાં અને ભૂતકાળનાં સર્વ થનાર અને થયેલાં પાપોનો ક્રમશ: અસમ્પર્ક અને નાશ થાય છે. આ વાત શ્રુતિમાં ઠેકઠેકાણે કહી છે.' આજ વસ્તુ સૂચવનારી શ્રુતિઓના કેટલાક સંદર્ભ : છાંદોગ્ય. ૪—૧૩—૩; ૫—૨૪—૩; મુણ્ડક. ૨—૨—૮. ભગવદ્‌ગીતા ૪—૩૭માં પણ આ જ વાત કહી છે.

પરમાત્માની પ્રાપ્તિ પહેલાં તો પાપનો સંભવ છે, પણ પછી નથી. તેમ છતાં પાંચભૌતિક દેહના સંબંધના કારણે કેટલાંક પાપ અવશ્ય થવાનાં જ. તેવાં પાપ પણ 'છાંદોગ્યોપનિષદ' (૫—૨૪—૩) માં જણાવ્યું છે તેમ : 'જેમ મુંજની અંદરનો તાંતણો અગ્નિમાં નાખવાથી ભસ્મીભૂત થાય છે એમ જ્ઞાનીનાં સર્વ પાપ બળી જાય છે.'

'તિરુપ્પાવૈ' નાં આ પાંચ પદ ભૂમિકારૂપે છે. હવેનાં દસ પદમાં ઊંઘતી ગોપીઓને—ભક્ત આત્માઓને—જગાડવામાં આવી છે.

**પદ ૬ : ભાવાનુવાદ :**

હે બાલા ! પક્ષીઓ કલરવ કરે છે. પક્ષીરાજના સ્વામી ગરુડધ્વજ વિષ્ણુના મંદિરમાંથી ધવલ આહ્‌વાન શંખનો મહારવ તું શું સાંભળતી નથી ? હવે તો જાગ. પિશાચી પૂતનાંના સ્તન ઉપર ચોપડેલું વિષ પીનારા ; કપટી

શકટ અર્થાત્ શકટાસુરના સાંધા તૂટી જાય એવી લાત મારનારા; ક્ષીરસાગરમાં શેષનાગ ઉપર શયન કરનારા, સમસ્ત જગતના બીજભૂત ભગવાનને હૃદયમાં ધારણ કરીને મુનિઓ અને યોગીઓ ધીરે ધીરે ઊઠીને 'હરિ, હરિ' નું ઉચ્ચારણ કરે છે એનો મહાધ્વનિ અમારા અંતઃકરણમાં પ્રવેશીને અમને શીતળ કરી રહ્યો છે.

**ઉદ્‌ઘાટન :**

એ વાત સાચી છે કે શ્રીકૃષ્ણ પ્રતિ સર્વ ગોપીઓને એક સરખો પ્રેમ છે. કોઈનો વત્તો ઓછો નથી. સર્વ ગોપીઓ ભગવદનુભવ કરવા તત્પર છે. પરંતુ ભગવદ્‌ગુણોની અસર અજાયબ હોય છે. દરેક અનુભવી ઉપર એની જુદી જુદી અસર પડે છે. એ રીતે શ્રીકૃષ્ણપ્રેમવિદ્ધ કેટલીક ગોપીઓ સૂતી છે તો કેટલીક જાગીને બીજી ગોપીઓને જગાડે છે. એટલે આ જગાડવા આવનાર ગોપી એક જ ગોદા દેવી નથી એમની સાથે બીજી અનેક ગોપીઓ છે.

તો આ પ્રથમ જાગનારી ગોપીઓ સીધી ભગવાનને ત્યાં કેમ ન ગઈ? તેઓ બીજી ગોપીઓને શા સારુ જગાડે છે? કારણ સ્વાદિષ્ટ ચીજનો અનુભવ એકલાને કરવો ગમતો નથી. બીજા રસિકો સાથે હોય તો બહુ મજા આવે છે. એનો મહિમા વર્ણવતાં ભગવદ્‌ગીતામાં કહ્યું છે : 'મારામાં ચિત્ત પરોવનારા, મને જ પ્રાણાર્પણ કરનારા, એકબીજાને બોધ કરતા, અને નિત્ય મારું જ કથા-કીર્તન કરતા મારા ભક્તો સંતોષમાં અને આનંદમાં રહે છે.' (૧૦–૯); 'વિદુરનીતિ' માં કહ્યું છે : एकः स्वादु न भुञ्जीत । ( મ. ભા. ૫–૩૩–૪૫; 'પંચતંત્ર' ૫–૮૮ ). વળી આ માર્ગશીર્ષ સ્નાન તો મધુરતમ શ્રીકૃષ્ણનો ગાઢ અનુભવ છે. એટલે મધુરતમ રસાનુભવની ઉજાણીમાં બીજાંને બોલાવવાં અત્યંત આવશ્યક છે.

આ પદમાં સૂતેલી ગોપીને 'હે બાલા!' એમ સંબોધન કર્યું છે; અર્થાત્ આ ગોપીનો અનુભવ હજી નવો સવો લાગે છે, એટલે પ્રિયતમ કૃષ્ણને મળવાના અપૂર્વ અવસર ઉપર લક્ષ્ય નહિ આપતાં નિશ્ચિંતપણે સૂતી છે.

આ ગાથામાં શ્રીકૃષ્ણ ચરિત્રના બે બનાવોનો ઉલ્લેખ છે. એક તો કંસે મોકલેલી પૂતનાનું વિષ ચોપડેલું સ્તન્યપાન કરી શ્રીકૃષ્ણે દૂધની સાથે

તેના પ્રાણ પણ ચૂસી લીધા, અને એને સદ્ગતિ આપી. પૂતના તો રુધિર પીનારી રાક્ષસી હતી તોય ખોટો તો ખોટો, પણ શ્રીકૃષ્ણ પ્રત્યે એણે માતૃભાવ દર્શાવ્યો હતો. જો કપટી માતૃપ્રેમનું ફળ સદ્ગતિ હોય તો ખરેખરા અકૃત્રિમ માતૃવાત્સલ્યનું ફળ કેવું હોય ? ભગવાનની અનુકંપા અને અનુગ્રહનો પાર નથી. (જુઓ 'ભાગવત' ૧૦—૬). બીજો પ્રસંગ શકટાસુરને—શકટના રૂપમાં બાલકૃષ્ણને ચગદી નાખવા આવેલા અસુરને, શ્રીકૃષ્ણે લાત મારીને મારી નાખ્યો તેનો નિર્દેશ છે. શકટ એ વિષયાભિમુખ થતા શરીરનું પ્રતીક છે. ભગવાનના ચરણપ્રહારથી એ વિષયાભિમુખતા દૂર થઈ.

પ્રભાતનાં ત્રણ લક્ષણ આ પાશુરમ્માં છે. પક્ષીઓનો કલશોર; પક્ષિરાજના સ્વામી વિષ્ણુના મંદિરમાંથી થતો શંખધ્વનિ અને મહાત્માઓનું હરિનામનું ઉચ્ચારણ.

અહીં જગાડવામાં આવેલી ગોપીઓ સખીને કહે છે: "પક્ષીઓ જાગીને મનોહર કલકલ ધ્વનિ કરે છે. ગરુડધ્વજ વિષ્ણુના મંદિરમાંથી પ્રાતઃ-કાળસૂચક ગંભીર શંખનાદ સંભળાય છે; અને ભગવાનને હૃદયમાં ધારણ કરનારા યોગીમુનિઓ 'હરિ, હરિ' નામનું ઉચ્ચારણ કરે છે. એટલે હવે તું પણ જાગી શય્યા છોડીને અમારી મંડળીમાં જલદી આવી જા."

હરિનામસ્મરણ કરનારા મહાત્માઓ પૈકી જેઓ ભગવદ્ગુણાનુભવમાં રત રહે છે તેઓ મુનિ; અને જેઓ સેવામાં નિરત રહે છે તેઓ યોગી કહેવાય છે. આ બન્ને પ્રકારના મહાત્માઓ ધીરે ધીરે, સાચવીને ઊઠે છે. ધડાધડી કરતા નથી; કારણ કે તેથી તો ચિત્તમાં બિરાજતા અંતર્યામી ભગવાનને આંચકો લાગે; અને દુઃખ થાય. 'વિષ્ણુપુરાણ' માં પ્રહ્લાદની કથા છે: ભાગવોત્તમ પ્રહ્લાદને હિરણ્યકશિપુના હુકમથી તેના સેવકોએ ઊંચા પર્વતના શિખર ઉપરથી નીચે ફેંકી દીધા. ત્યારે પુરાણકાર કહે છે તેમ: "पपात सोऽप्यधः क्षिप्तो हृदयेनोद्वहन् हरिम् । (વિ. પુ. ૧—૧૯—૧૨). નીચે પડતા તે પ્રહ્લાદ પોતાના હૃદયમાં વિરાજતા હરિને સાચવીને સંભાળતા સંભાળતા નીચે પડયા સાધારણ રીતે આ વાકયનો અર્થ એવો કરવામાં આવે છે કે ભગવાનનું સ્મરણ કરતા કરતા નીચે પડયા. પરંતુ શ્રીવૈષ્ણવ આચાર્યો એનું રહસ્ય બતાવે છે કે, "પોતાના બંને હાથ છાતી ઉપર રાખીને ભગવાનને ઈજા ન થાય તેની સંભાળ રાખીને પ્રહ્લાદજી પડયા. પ્રહ્લાદને વાગવાનો કે મરવાનો ડર નહોતો; એમને ડર હતો કે નીચે પડવાથી મારા

હૃદયમાં નિત્યનિવાસ કરનારા ભગવાનને દુ:ખ થશે, તે દુ:ખ કેમ ન થાય તેની સાવધાની તેમણે રાખી."

મહાત્માઓ સર્વ ક્રિયાઓ કરતાં ભગવાનનું સ્મરણ કરે છે. જેમ કે હરતાં ફરતાં કેશવ, ભોજન કરતાં ગોવિંદ અને સૂતી વખતે માધવ નામથી ભગવાનને સ્મરે છે. એ રીતે ઊઠતી વખતે સર્વ દુ:ખ અને પાપોનું અથવા મૃત્યુરૂપ સંસારનું હરણ કરનારા હરિનું નામોચ્ચારણ તેઓ કરે છે. ભગવાનનાં સર્વ નામો સમાનરૂપે પવિત્ર છે અને દરેક સમયે તેનું ઉચ્ચારણ કરી શકાય; તેમ છતાં પારદર્શી મહાનુભાવો વિભિન્ન ક્રિયાઓ કરતાં કરતાં ચોક્કસ ભગવન્નામોનું ઉચ્ચારણ કરે છે.

આ રીતે પ્રભાતવર્ણન દ્વારા જગાડવાથી સૂતેલી ગોપી આનંદપૂર્વક જાગી અને ગોપીઓની મંડળીમાં ભળી ગઈ.

પદ છ થી પંદર દ્વારા 'તિરુપ્પાવૈ'નો બીજો વિભાગ શરૂ થાય છે. આ દસ પદ દ્વારા ગોદા દેવી સૂતેલી ગોપીઓને અથવા મહાભક્તોને જગાડે છે. કેટલાક ટીકાકારો આ દસ ગોપીઓને દસ આળવારો ગણે છે. એમ ગણવામાં એમનો આશય ભગવત્પ્રાપ્તિ માટે સંતો અને આચાર્યોની સહાય હોવી જોઈએ એમ જણાય છે. પરંતુ એમ ગણતાં સર્વ આળવારોને સમકાલીન ગણવા પડે, જે અશકયવત્ છે. મધુર કવિ આળવારનો તેમના ગુરુ શઠકોપમાં સમાવેશ કરેલો જણાય છે. બારમા આળવાર તો સ્વયં શ્રીઆણ્ડાળ જ છે. તદનુસાર આ પદ પોયગૈ આળવારને (સરોયોગી) ઉદ્દેશીને છે એમ માન્યું છે.

**પદ ૭ : ભાવાનુવાદ :**

હે મુગ્ધ બાલા ! સર્વત્ર ભારદ્વાજ પક્ષીઓનાં ટોળાં 'કીશુ કીશુ' ધ્વનિ કરે છે તે તું શું નથી સાંભળતી ? સુગંધિત કેશવાળી ગોપીઓ ડોકમાં અને હાથમાં પહેરેલાં આભૂષણો ઝણઝણી ઊઠે એવા બળપૂર્વક ( પરિશ્રમપૂર્વક ) વલોણું વલોવે છે તે ગોરસમંથનનો ધમકાર પણ તું શું નથી સાંભળતી ? હે (આપણા ગોપીમંડળની) નેત્રી ! અમે ભગવાન નારાયણ કેશવની મૂર્તિનું કીર્તન કરીએ છીએ તેને તું સાંભળે છે તો પણ તું સૂઈ રહી છે ! હે તેજસ્વિની ! દ્વાર ખોલ.

**ઉદ્ઘાટન :**

આ પાશુરમ્ દ્વારા જે ગોપીને જગાડવામાં આવી છે તે ખરેખર તો

ગોપીમંડળની નેત્રી છે; તે ભગવદનુભવનો રસ જાણે છે છતાં નથી આવી, તેથી તેને ' આળસુની જેમ સૂઈ રહેનારી, હે મુગ્ધ બાલા ! ' એવો ઉપાલંભ આપ્યો છે.

પ્રભાત થયાનું એક લક્ષણ અહીં દર્શાવ્યું છે; ભારદ્વાજ પક્ષીઓનો સમૂહમાં 'કીશુ કીશુ' ધ્વનિ. ભારદ્વાજ પક્ષીઓની આંખો સુંદર હોય છે; અર્થાત્ પક્ષીઓરૂપી ભક્ત-સંતો શાસ્ત્રદર્શન કરે છે. તેઓ એકઠાં મળીને 'કીશુ કીશુ' ધ્વનિ કરે છે, અર્થાત્ તેઓ હળીમળી, પરસ્પરના અવિરોધથી ભગવત્કથાનું ગાન-કીર્તન કરે છે. એ 'ધ્વનિ તું શું નથી સાંભળતી ?' કહીને સૂચવ્યું છે મહાત્મા ભક્તોના કીર્તન પાછળ છુપાયેલું રહસ્ય તું નથી સાંભળતી ?'

પ્રભાતનું બીજું ચિહ્ન છે ગોરસમંથનનો ઘમકાર. 'ભાગવત'માં (૧૦–૪૬–૪૫, ૪૬), ગોપીઓના ગોરસમંથનનું અત્યંત હૃદ્ય ચિત્ર છે : "ગોપીઓનાં હાથમાં કંકણ શોભતાં હતાં. નેતરું ખેંચતાં એમના નિતંબ, અને ગળાના હાર હાલતા હતા; કાનનાં કુંડળ હાલીહાલીને કુંકુમવાળા એમના કપાળની લાલિમા વધારતાં હતાં; એમનાં આભૂષણોના મણિ દીવાના પ્રકાશમાં ઝગમગ થતા હતા; એમ અત્યંત શોભાસંપન્ન થઈને તેઓ દહીં વલોવતી હતી. એ સમયે તે વ્રજાંગનાઓ કમલનયન શ્રીકૃષ્ણનાં મંગળમય ચરિત્રોનું ગાન કરતી હતી. એમનું એ સંગીત દધિમંથનના ધ્વનિ સાથે સંમિલિત થઈને સ્વર્ગ સુધી પહોંચી ગયું, જેના મંગળ તરંગોથી દિશાઓનું અમંગળ દૂર થઇ ગયું."

દધિમંથનનો ધ્વનિ, ગોપાંગનાઓનો ગાનધ્વનિ અને એમનાં આભૂષણોનો ધ્વનિ એમ ત્રિવિધ ધ્વનિ વ્રજમાં ચોમેર ફેલાઈ ગયો, પરિણામે ઊંઘણશીઓની ઊંઘ પણ ઊડી ગઈ. ગોપીઓનાં, ભક્તોનાં આભૂષણોની વિગત આ પ્રમાણે છે : કૃષ્ણચરિત્રશ્રવણ તે કુંડળ, તાળી સાથે નામસંકીર્તન અથવા હાથ જોડવા તે કંકણ, શ્રીકૃષ્ણચરણની તુલસી મસ્તકે ધારણ કરવી તે મુકુટ અથવા દામણી. શ્રીકૃષ્ણને સવિનય મસ્તક નમાવવું તે નમ્રતારૂપી કેશની સુગંધ.

ગોપીઓને મંથન કરતાં પરિશ્રમ પડતો હતો. તેનું કારણ શ્રીકૃષ્ણવિરહ હોય ત્યારે પણ આ કર્તવ્ય કર્મ કરવું જ પડે એટલે કંટાળો આવતો; અને શ્રીકૃષ્ણ આવે ત્યારે જાત જાતની લીલાઓથી હેરાન પરેશાન કરે એટલે ભારે શ્રમ પડે. આમ શ્રીકૃષ્ણ હોય કે ન હોય બંને અવસ્થામાં પરિશ્રમ જ હતો !

આ ગોપી ભગવાન નારાયણનું કીર્તન સાંભળતાં ભગવાનનું ધ્યાન કરવા લાગી ગઈ એટલે તેને કહે છે : "હે તેજસ્વિની! તું દ્વાર ખોલીને આપણી મંડળીમાં આવી જા."

આ પદ ભૂતયોગીને (ભૂતત્તાળવાર) ઉદ્દેશીને છે એમ કહેવાય છે.

**પદ ૮ : ભાવાનુવાદ :**

અરુણોદય થયો છે, પૂર્વ દિશામાં સંધ્યાનો પ્રકાશ રેલાયો. ભેંસો ઝાકળથી ભીનું પ્રાતઃકાળનું શીતળ ઘાસ ચરવા નાના બગીચે જવા નીકળી ગઈ. બીજી ગોપબાળાઓ વ્રતના સંકેતસ્થાને જવા નીકળી હતી તેમને જતાં રોકી રાખી તને બોલાવવા માટે અમે તારા ઘેર આવી છીએ, માટે હે કૌતૂહલમયી બાલા! જાગ. શ્રીકૃષ્ણનું યશોગાન કરી, તેમની પાસેથી 'પરે' (નગારું) લઈ, કેશી નામના ઘોડાનું મોં ચીરી નાખનારા અને ચાણૂરાદિ મલ્લોનો સંહાર કરનારા દેવાધિદેવની પાસે જઈ, જો અમે તેમની સેવા કરીશું તો તેઓ આપણી અભિલાષા ઉપર ધ્યાન દઈને, 'હા! હા!' કહીને આપણા ઉપર અનુગ્રહ કરશે.

**ઉદ્દ્ઘાટન :**

કુતૂહલ શબ્દનો અર્થ છે અત્યધિક ઉત્કંઠા, કે ઉત્સુકતા. આ ઉત્કંઠા બે પ્રકારની હોઈ શકે. (૧) ભગવાન વિશે ઉત્કંઠા અને (૨) ભગવાન દ્વારા થતી ઉત્કંઠા. એટલે 'હે કૌતૂહલમયી બાલા!' સંબોધનનો અર્થ (૧) 'ભગવાન માટે ઉત્સુકતા રાખનારી હે બાલા!' અથવા (૨) 'ભગવાનની ઉત્સુકતાનું પાત્ર બનનારી હે બાલા!' એમ બે પ્રકારે થઈ શકે. "तेषां ज्ञानी नित्ययुक्त एकभक्तिर्विशिष्यते । प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ।। ગીતા ૭—૧૭; (આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એમ ચાર પ્રકારના) તે ભક્તોમાં નિત્ય સમાહિત ચિત્તવાળો અને અનન્ય ભક્તિવાળો જ્ઞાની ભક્ત ઉત્તમ છે; કેમ કે હું જ્ઞાની ભક્તને અત્યંત, પ્રિય છું અને જ્ઞાની મને અત્યંત પ્રિય છે;" ભગવદ્ વચન અનુસાર ભક્ત ભગવાનને અને ભગવાન ભક્તને એમ બંને પરસ્પર પ્યાર કરે છે.

પ્હો ફાટતાં પૂર્વ દિશામાં સંધ્યાનો પ્રકાશ છવાયો. એટલે ભેંસો સૂર્યોદય થતાં પહેલાં જ ઝાકળથી ભીનું શીતળ ઘાસ ચરવા નીકળી પડી. સૂર્યોદય અગાઉ ઝાકળભીનું શીતળ ઘાસ ભેંસો માટે સર્વ રીતે સારું માનવામાં

આવે છે. એટલા માટે તો આયરો–ગોવાળો ઘરની પાસે નાનો બગીચો રાખે છે અને વહેલે પરોઢિયે ભેંસોને વાડામાંથી છોડીને ત્યાં ચરવા છોડી મૂકે છે. પ્રાઃતકાળનાં અન્ય દશ્યોની સાથે મલપતી ચાલે ચાલતા ભેંસોના ઝુંડનું દશ્ય પણ અત્યંત મનોરમ હોય છે. કવયિત્રીના નિતાન્ત સૂક્ષ્મદર્શનનો આ ચિત્રણ દ્વારા પરિચય મળે છે.

ભેંસો જાડ્ય અને અજ્ઞાનનું પ્રતીક છે. જડ અને અજ્ઞાની પણ સવારમાં વહેલાં ઊઠીને પોષણ માટે ખોરાક શોધવા નીકળી પડે છે. તો પછી ભગવદ્ભક્ત ગોપીઓએ તો આત્માના પોષણ અને ઉજ્જીવન માટે સત્સંગ અને સ્તુતિરૂપ ખોરાકની શોધમાં ખાસ નીકળવું જોઈએ.

જગાડવા માટે આવેલી ગોપીઓ બહાર ઊભી રહીને સૂતેલી ગોપીને કહે છે : " જો પ્રાતઃકાળ થઈ ગયો. હવે આપણે વ્રત કરવા સંકેતિત સ્થળે જઈશું." ત્યારે અંદર સૂતેલી ગોપી ઉત્તર આપે છે : " અરે, પ્રાતઃકાળ ક્યાં થયો છે ? તમે બે-પાંચ ગોપી જાગી એટલે શું સવાર થઈ ગયું ? બીજી ગોપીઓ તો ઘેર ઊંઘે છે !" ત્યારે જગાડનારી ગોપીઓ કહે છે : " બીજી ગોપીઓ પણ જાગી છે. તે બધી સંકેતસ્થાને જતી હતી. પણ અમે તેને રોકી રાખી છે, માટે જલદી કર અને આપણી મંડળીમાં મળી જા." સૂતેલી ગોપી પૂછે છે : " મારા માટે શાથી રોકાઈ ?" જગાડનારી ગોપીઓએ ઉત્તર આપ્યો : " હે શ્રીકૃષ્ણ માટે અત્યંત ઉત્કંઠા રાખનારી ! શ્રીકૃષ્ણ તને અતિપ્રિય છે અને તું શ્રીકૃષ્ણને એટલી જ અતિપ્રિય છે; શ્રીકૃષ્ણ તારે વશ છે તેથી એ રોકાઈ છે. માટે મોડું કર્યા વિના ઊઠીને અમારી સાથે ચાલ."

આ સર્વ ગોપીઓ એકઠી મળીને શું કરવાની ? તેઓ શ્રીકૃષ્ણનું યશોગાન કરી તેમને પ્રસન્ન કરશે. અને તેમની પાસેથી 'પરૈ' (ઢોલ). ભગવત્પ્રાપ્તિરૂપ પરમ પુરુષાર્થ, પ્રાપ્ત કરશે.

આ પાશુરમ્માં ભગવાનની બે સુપ્રસિદ્ધ લીલાઓનો નિર્દેશ છે. એક તો કેશિવધ. કંસે કેશી નામના એક દૈત્યને ઘોડાનારૂપે શ્રીકૃષ્ણનો વધ કરવા વ્રજમાં મોકલેલો; પરંતુ શ્રીકૃષ્ણે તેના મુખમાં પોતાનો બાહુ ખોસી દઈને, પછી તેને વિશાળ બનાવી દેતાં, અસુરનું મોં ચિરાઈ ગયું. ('ભાગવત' ૧૦-૩૭); અને કંસે કપટબુદ્ધિથી ધનુર્યાગના નિમિત્તે શ્રીકૃષ્ણ–બલરામને મથુરા બોલાવ્યા. ત્યાં ચાણૂર-મુષ્ટિક-કૂટ-શલ-તોશલ એ પાંચ મલ્લોનો શ્રીકૃષ્ણ-બલરામે સંહાર કર્યો. ('ભાગવત' ૧૦–૪૩,૪૪).

મલ્લયુદ્ધની રંગભૂમિમાં પધારતા શ્રીકૃષ્ણનું વર્ણન કરતા ‘ભાગવત ’નો એક શ્લોક અદ્‌ભુત છે:

मल्लानामशनिर्नृणां नरवरः
 स्त्रीणां स्मरो मूर्तिमान्
गोपानां स्वजनोऽसतां क्षितिभुजां
 शास्ता स्वपित्रोः शिशुः ।
मृत्युर्भोजपतेर्विराडविदुषां
 तत्त्वं परं योगिनां
वृष्णीनां परदेवतेति विदितो
 रङ्गं गतः साग्रजः ॥ १०–४३–१७.

ભગવાન શ્રીકૃષ્ણ, મોટાભાઈ બલરામની સાથે રંગભૂમિમાં આવ્યા ત્યારે તેઓ મલ્લોને વજ્ર જેવા, સામાન્ય મનુષ્યોને નરોત્તમ, સ્ત્રીઓને મૂર્તિમાન-કામદેવ, ગોવાળોને સ્વજન, જાલિમ રાજાઓને દંડ દેનારા શાસક, માતાપિતા (અને વડીલોને) બાળક, ભોજપતિ કંસને મૃત્યુ, અજ્ઞાનીઓને વિરાટ, યોગીઓને પર તત્ત્વ અને (ભકત) વૃષ્ણીઓને સર્વોત્તમ દેવ જણાયા.

કેશીના વધ દ્વારા ઇન્દ્રિયવિજયનો સંકેત છે. ‘કઠોપનિષદ’ ૧–૩–૬માં इन्द्रियाणि हयानाहु: । એમ ઇન્દ્રિયોને ઘોડાની ઉપમા આપેલી છે. મલ્લવધ દ્વારા શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો ઉપરના વિજય તરફ સંકેત છે; અથવા ‘ભાગવત’ (૧૦–૧૪–૩૬)માં રાગ-દ્વેષરૂપી ચોર કહ્યા છે તે તરફ સંકેત છે.

“ભગવાનની પાસે જઈ જો અમે એમની સેવા કરીશું તો તેઓ આપણી અભિલાષા તરફ ધ્યાન આપીને અનુગ્રહ કરશે;” એમ ગાયું તો ખરું, પણ ભગવાન ધ્યાન આપીને કૃપા કરશે એની શી ખાતરી?

ખાતરી જ છે. ભગવાનનો તો સ્વભાવ છે કે તેઓ ભક્તોની પાસે સ્વયં આવીને તેમના ખબર-અંતર પૂછી તેમનાં દુઃખ દૂર કરે છે. કદાચિત્ ભગવાન સ્વયં ન આવી શકે અને જો ભક્ત દુ:ખ સંભળાવવા અને રક્ષણ માગવા એમની પાસે દોડી જાય તો, ભગવાનને બહુ દુ:ખ અને શરમ થાય છે; અને ‘હા, હા, શું થયું?’ બોલતા બોલતા શીઘ્ર ભક્તનું કાર્ય પાર પાડી દે છે. ‘રામાયણ’ના ‘અરણ્યકાંડ’માં પ્રસંગ છે: શ્રીરામચંદ્ર દંડકારણ્યમાં

પધાર્યા ત્યારે મહર્ષિઓ એમને પ્રાર્થવા લાગ્યા : "અમને ઘણા રાક્ષસો અહીં દુ:ખ દે છે, તો આપ કૃપા કરીને અમારી રક્ષા કરો." ત્યારે ભગવાને ઉત્તર આપ્યો : "प्रसीदन्तु भवन्तो मे ह्रीरेषा ही ममातुला । આપ મારા ઉપર પ્રસન્ન થાઓ. આ તો મારે માટે અત્યંત લજ્જાસ્પદ છે. આપ જેવા લોકો પાસે તો મારે આવવું જોઈએ તેને બદલે આપને મારે ત્યાં કંઈક માગણી કરવા આવવું પડ્યું !" (વા. રા. ૩–૯-૯). એટલે તો ગોપીઓ ગાય છે : "આવા ભક્તવત્સલ ભગવાન પાસે એમનાં યશોગાન ગાતાં ગાતાં જઈશું એટલે તેઓ કહેવાના : અરે ગોપીઓ ! મારે તમારી અપેક્ષા જાણવી જોઈતી હતી, પરંતુ તેને બદલે આ ધનુર્માસના પરોઢિયે, આવી ટાઢમાં ઊઠીને, સૌ સખીઓને જગાડીને તમારે અહીં આવવું પડ્યું ! અરે, આ તો અનુચિત થયું. બોલો, જલદી બોલો, તમે સૌ કુશળ તો છો ને ? સવારના પહોરમાં ટાઢમાં અહીં આવવાનું શું પ્રયોજન છે ? બોલો હું તમારું શું કામ કરું ?" ભગવાન સીમાતીત સ્નેહ દર્શાવી, આવી મનોહર વાણી બોલે તે સાંભળવી તે, ભગવાનની અપરોક્ષ પ્રાપ્તિ થાય તે, ગોપીઓનો પરમ પુરુષાર્થ છે.

આ ગાથા પેયાળવારને ઉદ્દેશીને છે એમ મનાય છે.

**પદ ૯ : ભાવાનુવાદ :**

ચોમેર દીવાઓથી ઝગમગતા અને ધૂપની સુગંધથી મહેંકતા, અત્યંત પરિશુદ્ધ મણિમય પ્રાસાદમાં, મૃદુતર શય્યા ઉપર સૂતેલી હે મામાની પુત્રી ! મણિમય દ્વારનો આગળો ખોલ. હે મામીશ્રી ! એને જગાડો. તમારી પુત્રી શું મૂંગી, બહેરી કે આળસુ છે ? વિશાળ શય્યા ઉપર શું એને કેદી બનાવી છે ? શું એને મંત્રમુગ્ધ કરી છે ? મહામાયાવી, માધવ, વૈકુંઠ ઇત્યાદિ અનેક ભગવન્નામોનું ( કીર્તન અમે કરી ચૂક્યાં, હવે તમે ) કીર્તન કરીને તમારી પુત્રીને જગાડો.

**ઉદ્‌ઘાટન :**

શ્રીવિલ્લિપુત્તૂરના બ્રાહ્મણ સંત વિષ્ણુચિત્ત આળવારની પુત્રી ગોદા દેવી, શ્રીકૃષ્ણને અતિ પ્રિય એવી વ્રજની એક ગોપીને પોતાના મામાની પુત્રી માને છે. 'તિરુપ્પાવૈ'નાં ગોપ-ગોપીઓ સહિત સર્વ પાત્રો વ્રજવાસી છે. ગોદા તો માત્ર કવયિત્રી છે. તેથી આ સંબોધન કરનાર સખી વ્રજની ગોપી છે એમ માનવું પડે. પરંતુ વાસ્તવિકતા એ છે કે શ્રીકૃષ્ણવિરહથી

સંતપ્ત આણ્ડાળ મનની શાંતિ માટે અને સ્વયં શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરવા માટે શ્રીકૃષ્ણ અને ગોપીઓની લીલાનું અનુકરણ કરવા લાગી. આ અનુકરણ કરતાં કરતાં ગોદાની ભાવના એટલી ગાઢ થઈ ગઈ કે એનું ચલન, વલન, વાતચીત, પહેરવેશ અને કેશની મહેંક પણ ગોપીઓ જેવાં થઈ ગયાં. અને છેવટે પોતે પણ આ પ્રબંધમાંનું એક પાત્ર બની ગઈ; એટલે તો વ્રજની ગોપીઓને જેની ખબર પણ ન હોઈ શકે એવી, ગાથા આઠમાં આવતી મલ્લવધ જેવી લીલાઓનું એ વર્ણન કરે છે. માર્ગશીર્ષ વ્રતાનુષ્ઠાન સમયે તો શ્રીકૃષ્ણ વ્રજમાં જ હતા; મલ્લવધ તેઓ વ્રજ છોડીને મથુરા પધાર્યા ત્યારે કર્યો. ગોપીઓ આ વર્ણન કરે તે અશક્ય છે. ગોપીભાવ અનુભવતી ગોદા દેવીનું આ વર્ણન છે. આ ગોદા દેવીને એમ લાગ્યું કે વ્રજની કોઈ ગોપી સાથે મારે લોહીની સગાઈ હોવી જ જોઈએ; એ ભાવમાં આરૂઢ થઈને ગોદા આ ગાથા ગાય છે.

કોઈ એવી શંકા કરી શકે કે જ્ઞાનીભક્તો તો ભૌતિક શરીરને હેય માને છે. શરીરનાં સગાંને આભાસબંધુ-બાંધવાભાસ કહે છે. તો જ્ઞાની ભક્તોમાં શ્રેષ્ઠ ગોદા દેવી શરીરનાં સગાંસંબંધીનો આદર કેમ કરે ? ચરાચર સમસ્ત જગતને ભગવદ્‌વિભૂતિ માનતા જ્ઞાનીઓ કશાયનો તિરસ્કાર નથી કરતા. તેઓ શરીર અને તેના ભૌતિક સંબંધોની ઘૃણા એટલા માટે કરે છે કે તે તે ચીજો માણસને શ્રીકૃષ્ણથી દૂર ખેંચી જઈ કામ-ક્રોધ-લોભમાં અર્થાત્ મૃત્યુરૂપ સંસારમાં ફસાવે છે. તેથી ભગવાનથી વિમુખ બનાવનાર ચીજોથી ભક્તો દૂર રહે છે; અને જે જે ચીજો ભગવત્ કૈંકર્યમાં ઉપયોગી હોય, ભગવદભિમુખ બનાવવામાં મદદ કરતી હોય, તે સર્વ આત્મકલ્યાણકર હોઈને ભક્તો તેનો આદર કરે છે. આ કારણે તો ઉદ્ધવ જેવા મહાજ્ઞાનીએ પણ વૃંદાવનની ગોપીઓની પવિત્ર ચરણરજ નિરંતર પામવા માટે ઘાસ, ગુલ્મ, લતા, વનસ્પતિ વગેરે સ્થાવર જન્મ પામવાની આશા કરી. ('ભાગવત' ૧૦–૪૭–૬૧).

સર્વ ગોપીઓ સમવયસ્ક છે અને પરસ્પર ખૂબ પ્રેમભાવ રાખે છે. આને લીધે તેમનું એકબીજી સાથેનું વર્તન અકૃત્રિમ અને સંકોચ વિનાનું છે. એમના પ્રેમાળ વર્તનમાં સ્તુતિ-નિંદા બેઉ આવે છે. જગાડવા છતાં ઊઠીને ન આવતી ગોપી ઉપર સખીઓ આક્ષેપ કરે છે : ચારે બાજુ મંગલદીપોથી અલંકૃત, સુગંધભર્યા ધૂપથી સુવાસિત, દિવ્ય મણિમય મહેલમાં મૃદુતર શય્યા વિરહીઓને તો કઠોર લાગે, તેના ઉપર ગોપી કેવી રીતે શયન કરી શકે ?

સંભવ છે કે સ્વયં ભગવાન ત્યાં વિરાજે છે! વ્રજમાં મહેલ કેવા? વસ્તુત: પરમ ભાગવતોનાં રહેઠાણ અને સર્વ સરસામાન, રાચરચીલું ઇત્યાદિ ભગવદ્ ભક્તોના સંબંધના કારણે, ભગવન્નિષ્ઠોની દૃષ્ટિમાં અત્યંત શ્રેષ્ઠ પ્રતીત થાય છે. તેથી ભાગવતોની નાની ઝૂંપડી પણ પ્રાસાદ કહેવાય છે.

બીજી તરફ મણિમય પ્રાસાદ એટલે જ્ઞાનીઓનો પ્રજ્ઞારૂપી પ્રાસાદ. "પ્રજ્ઞારૂપી પ્રાસાદ ઉપર આરૂઢ થઈને શોક નહિ કરવા યોગ્ય વિષયોનો શોક કરતા મૂર્ખ મનુષ્યોને, પર્વત ઉપર ઊભેલો પૃથ્વી ઉપર ઊભેલાને દેખે છે, તેમ, જ્ઞાની જુએ છે. प्रज्ञाप्रासादमारुह्य नशोच्यान्शोचतो जनान् । जगतीस्थानिवाद्रिस्थो मन्दबुद्धीनवेक्षते ॥ " ( મ. ભા. ૧૨—૧૭—૧૯; ૧૪૭—૧૧. ) આ પ્રાસાદમાં પરમાત્મા સાથેના નવવિધ સંબંધોરૂપી નવ પ્રકારનાં રત્ન જડેલાં છે. જનક-સંતાનભાવ; રક્ષક-રક્ષ્યભાવ; શેષ-શેષિભાવ; ભર્તા-ભાર્યાભાવ; જ્ઞેય-જ્ઞાતાભાવ; સ્વસ્વામિભાવ ( સંપત્તિ-સ્વામિભાવ ), આધાર-આધેય ભાવ; આત્મા-શરીર-ભાવ અને ભોક્તા-ભોગ્યભાવ. પરમાત્મા ભક્તના જનક, રક્ષક, શેષી, ભર્તા, જ્ઞેય, સ્વામી, આધાર, આત્મા અને ભોક્તા છે. આમ જ્ઞાનીભક્તને ભગવાન સાથે એક નહિ પણ નવ જાતની સગાઈ છે, સંબંધ છે. મંગલદીપ એટલે અજ્ઞાનાંધકારનિવારક શાસ્ત્ર અને સ્વયં ભગવાન. ધૂપ દ્વારા જ્ઞાનને પરિમલ અર્પનાર સદાચરણનો નિર્દેશ છે. શય્યા પદ દ્વારા વિશ્રામ આપનાર સત્સંગ અને ધ્યાન સૂચવ્યું છે.

દ્વાર ખોલવાની વિનંતી કરવા છતાં ગોપીએ જવાબ ન આપ્યો એટલે પાસે જ સૂતેલી એની માતાને સખીઓ પૂછે છે: "મામી! અમે અહીં આવીને પોકાર કરીએ છીએ પણ આપની પુત્રી દ્વાર કે મુખ કંઈ ખોલતી નથી તો શું તે બહેરી, મૂંગી કે આળસુ છે? કે કોઈ માંત્રિકે એને મંત્રી નાખી છે?" જવાબમાં માતા કહે છે: "કંઈ નથી. ભગવાન્નામ સંકીર્તન કરો, એ તરત જ ઊઠીને મંડળીમાં આવશે." ગોપીઓ બોલી: "અમે તો ભગવાનનાં મહામાયાવી, માધવ, વૈકુંઠ વગેરે સહસ્રો નામોનું સંકીર્તન કરી ચૂકી, હવે તો તમે જ પુત્રીને જગાડો."

અહીં ભગવાનનાં ત્રણ નામોનો ખાસ ઉલ્લેખ છે. એક તો મામાયન્ ( મહામાયાવી). માયા એટલે 'નિરુક્ત' અનુસાર પ્રજ્ઞા, ( 'નિઘણ્ટુ' ૩—૧૪; 'નિરુક્ત' ૬—૫૨; ૧૨—૧૧) એટલે અહીં ભગવાનના સંકલ્પરૂપ જ્ઞાન તે માયા. એ સંકલ્પથી જગતનું સર્જનાદિ કરનાર મહામહિમ ભગવાન શ્રીકૃષ્ણ.

અથવા માયા એટલે 'ત્રણ ગુણવાળી મારી આ દૈવી માયા તરવી મુશ્કેલ છે. જે લોકો મારા પ્રપન્ન બને છે, મારા શરણે આવે છે તેઓ એ માયાને તરી જાય છે' (ગીતા ૭–૧૪);માં કહ્યા અનુસાર પ્રકૃતિના સ્વામી શ્રીકૃષ્ણ અથવા માયા એટલે અતિઆશ્ચર્યમય દિવ્ય લીલાઓ કરનાર શ્રીકૃષ્ણ. માધવ એટલે માયા અર્થાત્ લક્ષ્મી અથવા વિદ્યાના પતિ તે માધવ. અથવા મધુ કુળમાં પ્રકટયા એટલે માધવ. વૈકુંઠ–જેને કશી કુંઠા અર્થાત્ રોકટોક કે અવરોધ ન થઈ શકે તે ભગવાન વૈકુંઠ છે.

આ ગાથા ભક્તિસાર આળવારને અનુલક્ષીને કહી છે એવું મનાય છે.

**પદ ૧૦ : ભાવાનુવાદ :**

વ્રતાનુષ્ઠાન સમાપ્ત કરી સ્વર્ગ પામનારી (સ્વર્ગ અર્થાત્ વ્રતના ફળ-સ્વરૂપ શ્રીકૃષ્ણને પામનારી) હે મા ! (હે પ્યારી સખી !) તું દ્વાર ન ખોલી શકતી હોય તો અમને મધુર ઉત્તર તો દે. સુગંધિત તુલસીમાળાથી અલંકૃત મસ્તકવાળા, અમારી સ્તુતિથી અમને મનોવાંછિત ફળ આપનારા સાક્ષાત્ પુણ્યસ્વરૂપ નારાયણ શ્રીરામચંદ્રજીએ અગાઉ એક દિવસે જેને યમના મુખમાં હોમી દીધો હતો તે કુંભકર્ણ શું તારાથી હારીને પોતાની મહાનિદ્રા તને સોંપી દીધી છે ? હે અત્યંત નિદ્રાવાળી ! (અથવા પ્રેમસમાધિમગ્ના !) હે (પ્રેમા-ભરણરૂપી) ઉત્તમ આભૂષણાલંકૃતા ! બરાબર ચેતનમાં આવીને દ્વાર ખોલ.

**ઉદ્‌ઘાટન :**

આ પદમાં સૂતેલી ગોપીને 'વ્રતાનુષ્ઠાન પૂર્ણ કરીને હે શ્રીકૃષ્ણાનુભવરૂપી સ્વર્ગ પામનારી !' એમ સંબોધી છે. આ ગોપી ભગવદનુભવ કરનારી છે એટલે તેને જગાડવા આવનારી સખીઓ લાડથી કહે છે : અમે તો માર્ગશીર્ષ વ્રત કરવાનું નક્કી કરેલું, પરંતુ તેં તો વ્રતાનુષ્ઠાન પૂર્ણ કરીને, એનું ફળ, ભગવાનની અહૈતુકી કૃપા, એમનો નિત્યકૈંકર્યરૂપી ભગવદનુભવ પ્રાપ્ત કરી લીધો છે; પરંતુ એટલે સૂઈ રહેવાનું ? દ્વાર નહીં ખોલવાનાં ? દ્વાર ન ખોલે તો કંઈ નહિ, અમને મીઠો જવાબ આપતાંય શું તને શ્રમ પડે છે ?

પ્રાચીન કાળમાં રાવણનો ભાઈ કુંભકર્ણ નામનો એક રાક્ષસ હતો. તે દીર્ઘનિદ્રા લેતો. ભગવાન શ્રીરામચંદ્રે તેને યમને ત્યાં વળાવ્યો હતો. એ કુંભકર્ણ તારી સાથે સ્પર્ધામાં હારી ગયો એટલે તેણે પોતાની નિદ્રા તને આપી દીધી જણાય છે ! તેથી તો તું આટલું આટલું કરવા છતાં પણ જાગતી નથી.

અહીં ભગવાન નારાયણનું, શ્રીરામચંદ્રનું 'સાક્ષાત્ પુણ્યસ્વરૂપ' એવું અર્થપૂર્ણ વિશેષણ છે. 'રામાયણ'માં (૩–૩૫–૧૩) रामो विग्रहवान्धर्मः । ; મહાભારતમાં (૩–૮૬–૨૧ અને ૫ ૮૩–૭) स हि धर्मः सनातनः । ; (૩–૮૬–૨૨) कृष्णं धर्मं सनातनम् । ; (૧૨–૫૬–૧૦; ૬૦–૬) અને 'ભાગવત'માં (૧૨–૧૨–૧) नमो धर्माय महते नमः कृष्णाय वेधसे । કહ્યું છે. વળી મહાભારતમાં વારંવાર यतो धर्मस्ततः कृष्णो यतः कृष्णस्ततो जयः । અને यतः कृष्णस्ततो धर्मो यतो धर्मस्ततो जयः । કહ્યું છે; તે સર્વ ભગવાન નારાયણ સ્વયં ધર્મ છે એમ દર્શાવે છે. આ સાક્ષાત્ ધર્મસ્વરૂપ, પુણ્યસ્વરૂપ નારાયણ અમારી સ્તુતિથી પ્રસન્ન થઈને અમને મનોવાંછિત ફળ આપશે.

મહાનિદ્રા શબ્દથી या निशा सर्वभूतानां । ઈત્યાદિ ભગવદ્વચન (ગીતા ૨–૬૯): "જે સમય પ્રાણીમાત્ર માટે રાત્રિ છે તેમાં સંયમી જાગે છે અને જે સમયે અન્ય પ્રાણીઓ જાગતાં હોય છે તે જ્ઞાનચક્ષુ દ્વારા દેખતા મુનિને મન રાત્રિ હોય છે;" અનુસાર ભગવાનમાં જ દત્તચિત્ત હોઈને ક્ષુદ્ર સાંસારિક શબ્દસ્પર્શરૂપરસગંધ એ વિષયોમાં નજર સરખી પણ નહિ રાખનારા મહાત્માઓની વૈરાગ્યદશા વર્ણવી છે. કુંભકર્ણ જેમ તમોગુણી નિદ્રામાં પ્રખ્યાત હતો એમ બાહ્યવિષયોમાં વૈરાગ્યરૂપી સાત્ત્વિક નિદ્રામાં આવા મહાત્માઓ કુંભકર્ણનેય જીતી લેનારા હોય છે. ઉત્તમ પ્રેમાભરણભૂષિત હોઈ આવા વૈષ્ણવ મહાત્માઓ વિશ્વનાય આભૂષણભૂત હોય છે. આવા મહાત્માઓ બાળક અથવા જડભરતની જેમ ઉન્મત્ત આચરણ કરતા હોય છે. એમના સચ્ચારિત્ર્યને સમજ્યા વિના એમનું અંધ અનુકરણ કરનારા તો ભ્રષ્ટ થાય છે. તેથી અહીં આ પ્રેમસમાધિમગ્ન સખીને—ગોપીને સખીઓ વિનંતિ કરે છે: મંદ લોકોને ભ્રમમાં નાખનાર આચાર છોડીને, શ્રીભગવાને પ્રબોધ્યા અનુસાર, લોકસંગ્રહાર્થે અનુકરણીય આચારથી યુક્ત થઈને અમારી ગોષ્ઠીમાં આવી જા (જુઓ ગીતા ૩–૨૦થી).

જેનું 'પુણ્યા' –રોગ અને દોષ દૂર કરી પવિત્ર કરનારી–એવું અર્થઘન નામ છે તે સુગંધપૂર્ણ તુલસીમાળા ધારણ કરવી એ શ્રીભગવાનનું અસાધારણ લક્ષણ છે; અને ભગવદ્ભક્તો પણ ભગવાનની પ્રસાદી પુણ્યસ્વરૂપા તુલસીનો અત્યધિક આદર કરીને મસ્તકે ધરે છે.

આ ગાથા શઠકોપ સૂરિને ઉદ્દેશીને છે એમ માન્યું છે.

**પદ ૧૧ : ભાવાનુવાદ :**

વાછરડાંવાળી યુવાન ગાયોના ઘણનું દૂધ દોહીને (તેનું પાન કરી બળ-

વાન થયેલા અને ) શત્રુઓના પરાક્રમનો સંહાર કરનારા, (હુમલો થાય તેની રાહ જોયા વિના શત્રુઓ ઉપર ) સેનાની સાથે સ્વયં ચઢાઈ કરીને યુદ્ધ કરનારા અને નિર્દોષ એવા ગોવાળોના કુળમાં ઉત્પન્ન હે સુવર્ણલતારૂપિણી ! હે વલ્મીકવાસી સર્પની ફણા સમાન મધ્યભાગવાળી ! (કૃશોદરી ! ) હે વનમયૂરી ! હે ઐશ્વર્યપૂર્ણ લલનામણિ ! અહીં આવી જા. સમસ્ત બાંધવો અને સખીઓ એકઠી મળીને તારા આંગણામાં આવીને મેઘશ્યામ શ્રીકૃષ્ણનું નામસંકીર્તન કરી રહી છે; ત્યારે તારે બોલ્યાચાલ્યા વિના, ચૂપચાપ નિદ્રાધીન રહેવાનું પ્રયોજન શું છે ?

**ઉદ્દ્ઘાટન :**

આ કાવ્યમાં સૂતેલી ગોપીના સૌન્દર્યરાશિનું મનોહર વર્ણન છે. સ્ત્રી દ્વારા સ્ત્રીના અથવા પુરુષ દ્વારા પુરુષના સૌન્દર્યરાશિનું વર્ણન સામાન્ય રીતે હોતું નથી. છતાં અસામાન્ય સૌન્દર્યરાશિ જોવામાં આવે ત્યારે સહજ રીતે એવું વર્ણન થઈ જાય છે. અહીં ગોપીઓ, પોતાના અતુલ સૌન્દર્યથી સ્ત્રીઓનું પણ દષ્ટિચિત્તાપહરણ કરનારી, અને તેને કારણે સ્વયં શ્રીકૃષ્ણને પણ પોતાને વશ કરી રાખનારી પરમ સુંદરી એક ગોપીની પ્રશંસા કરી, એને જગાડે છે.

શ્રીકૃષ્ણના અવતાર પછી વ્રજમાં ગાયો વગેરે પશુઓની સંખ્યા ખૂબ વૃદ્ધિ પામી અને તે હૃષ્ટપુષ્ટ થઈને હંમશાં યુવાવસ્થામાં રહેતી પરમપદમાં ભગવાનના નિત્યસાંનિધ્યમાં રહેતા નિત્ય સૂરિઓ અને મુક્તો પણ નિત્યયુવા રહે છે. એમને વૃદ્ધાવસ્થા આવતી જ નથી પરમપદસ્વામી. સ્વયં શ્રીકૃષ્ણરૂપે વ્રજમાં પ્રગટયા ત્યારે એમના કરુણાળુ હાથથી પોષિત ગાયો પણ નિત્યયુવા બની.

આ ગોપીનું કુળ કેવું છે ? એના કુળના ગોપો નિત્યયુવા ગાયોના ધણને દોહી, તેનું દૂધ પીને બળવાન થયેલા છે. શત્રુઓના પરાક્રમનો સંહાર કરી શકે એવા તાલિમબદ્ધ પણ છે. આ નિર્ભય, વીર ગોપો હુમલાની રાહ જોયા વિના, સેના લઈને દુશ્મનો ઉપર ત્રાટકનારા છે. નિર્દોષ અને અનાક્રમક ભગવદ્ભક્ત ગોપોને શા માટે અને કોની સામે લડવું પડે ? સામાન્યતઃ નહિ, પણ ગાફેલ રહેવું ન પાલવે. સંરક્ષણ માટે કેટલીય વખત પ્રથમ આક્રમણ કરવું જરૂરી હોય છે. મહાભારતના 'સભાપર્વ', અધ્યાય ૧માં એનો નિર્દેશ છે. સપ્ટેમ્બર ૧૯૬૫માં પાકિસ્તાને ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે

રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણને રાષ્ટ્રજોગા પ્રવચનમાં, 'Sometimes aggression is the best defence,' અને 'वीरभोग्या वसुंधरा' જેવા શબ્દ ઉચ્ચાર્યા હતા. અહીં વ્રજમાં પણ શ્રીકૃષ્ણના શત્રુઓની કંઈ કમી નહોતી. કંસે પ્રેરેલા અગણિત અસુરો શ્રીકૃષ્ણની હત્યા કરવાની તક શોધતા જ રહેતા હતા. આ શત્રુઓ સામે બહાદુર ગોપગણો સદા તૈયાર રહેતા હતા. વસ્તુતઃ ભગવાન અને ભક્ત સર્વભૂતસુહૃદ હોઈ કોઈ પણ પ્રાણીને દુશ્મન માનતા નથી; તો પણ ભગવાન ઉપર દ્વેષ કરનારાને ભક્ત અને ભક્ત ઉપર દ્વેષ કરનારાને ભગવાન પોતાના શત્રુ માને છે. પદ ૧ માં પિતા નંદ ગોપને પણ વેલાયુધ–ભાલો ધારણ કરનાર અને કઠોર કર્મ કરનાર કહ્યા છે તેનું અહીં સહજ સ્મરણ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહેલાં કેટલાંક વચન અહીં જુઓ :

"ममैव त्वं तवैवाहं ये मदीयास्तवैव ते ।
यस्त्वां द्वेष्टि स मां द्वेष्टि यस्त्वामनु स मामनु ॥
नरस्त्वमसि दुर्धर्ष हरिर्नारायणो ह्यहम् ।
लोकाल्लोकमिमं प्राप्तौ नरनारायणावृषी ॥
अनन्यः पार्थ मत्तस्त्वमहं त्वत्तश्च भारत ।
नावयोरन्तरं शक्यं वेदितुं भरतर्षभ ॥

મ. ભા. ૩–૧૩–૩૮ થી ૪૦.

"તું મારો છે, એવી રીતે હું તારો છું. જે મારા છે તે તારા છે. જે તારો દ્વેષ કરે છે તે મારો દ્વેષ કરે છે. જે તને અનુસરે છે તે મને અનુસરે છે. હે દુર્ધર્ષ! તું નર છે અને હું હરિ-નારાયણ છું. આપણે નર-નારાયણ ઋષિઓ આપણા લોકમાંથી આ લોકમાં આવ્યા છીએ. હે પાર્થ! તું મારાથી જુદો નથી અને હું તારાથી જુદો નથી. કોઈનાથી પણ આપણા બંને વચ્ચેનું અંતર સમજી શકાય એવું નથી" (તુલના કરો મ. ભા. ૫–૮૯–૨૮; ૭–૫૬–૨૩, ૨૪. ૩૦ ઇત્યાદિ) વળી જુઓ, जहि शत्रुं महाबाहो । હે મહાબાહો! તું શત્રુનો વધ કર. (ગીતા ૩–૪૩); युध्यस्व विगतज्वरः । તું સંતાપરહિત થઈને યુદ્ધ કર. (ગીતા ૩ ૩૦) ઇત્યાદિ.

આચાર્ય અને સચ્છાસ્ત્રોરૂપી નિત્યયુવા ગાયોના દૂધનું પાન કરીને આસુરી સંપત્‌ને પરાસ્ત કરનારા બળવાન, દક્ષ અને નિર્દોષ ગોપગણોનો અર્થ પણ અહીં છે.

ગોપીઓ ઊંઘતી સખીને કહે છે: "તારા આંગણામાં અમે મેઘવર્ણ શ્રીકૃષ્ણનું ભજન કરીએ છીએ; હે વનના મોર સમાન વર્ણવાળી! તું બહાર આવ!" મેઘગર્જનાથી અને મેઘદર્શનથી મોર હર્ષવિભોર થઈ આળસ છોડીને નૃત્ય કરવા લાગે છે; એમ ઘનશ્યામ શ્રીકૃષ્ણને મન-વાણીથી અગોચર એવો ગાઢ સ્નેહ કરનારી હે લલનામણિ! તારે તો નામશ્રવણ માત્રથી પણ પરવશચિત્ત થઈ, તત્કાળ શય્યા ત્યાગી, અમારી વચ્ચે આવીને આનંદનૃત્ય કરવું જોઈએ. કીર્તન સાંભળતાં સાંભળતાં બોલ્યા ચાલ્યા વિના આમ પડી રહેવાનું શું પ્રયોજન?" અથવા આ નિશ્ચેષ્ટદશા દ્વારા ગોપીની એકાગ્રચિત્તતા દર્શાવી હશે. ભગવાનનું નામસંકીર્તન ચાલે ત્યારે તેને સાવધાનીથી સાંભળનાર સિદ્ધ-સાધનનિષ્ઠની પુરુષાર્થસિદ્ધિની બાબતમાં, ભગવત્કૈંકર્ય પ્રાપ્ત કરવાની બાબતમાં નિશ્ચિંતતા સૂચવી છે. શ્રી શઠકોપ આળવારે એક સ્થાને કહ્યું છે: "મનથી ભગવાનને શરણે જવું આત્મકલ્યાણ માટે પર્યાપ્ત છે. શરણે ગયા પછી તો નિશ્ચિંત થઈ જવું."

આવા નિશ્ચિંત મહાનુભાવને ગાથાના અંતે પ્રાર્થના કરી છે: "હે સંતશિરોમણિ! હે મહાત્મા! આપનાં દેહસંબંધનાં સગાં અને જ્ઞાનસંબંધનાં સગાં અહીં આપની પાસે ભગવદ્ગુણાનુવાદ માટે આવ્યાં છીએ; એટલે આપ અનુગ્રહ કરી, સમાધિ છોડી, અમારા ઉપર કરુણા દર્શાવતાં મંડળીમાં પધારો."

આ પદ રાજાધિરાજ કુળશેખર આળવારને ઉદ્દેશીને છે એવું માનવામાં આવે છે.

**પદ ૧૨ : ભાવાનુવાદ :**

બાલ વત્સવાળી ભેંસો ભાંભરે છે અને પોતાનાં પાડાંનું સ્મરણ કરતાં સ્નેહથી દ્રવી જઈને, જાણે પાડાં આવીને ધાવી રહ્યાં છે એમ માનીને પોતાનાં આંચળમાંથી નિરંતર દૂધની ધારાઓ વહાવે છે; તેને લીધે આખા ઘરમાં કાદવ-કીચડ થઈ ગયો છે, એવા અતુલ ઐશ્વર્યવાળા ગોપની હે બહેન! અમારા માથે શીતળ હીમ વરસે છે, તેમ છતાં તે તરફ ધ્યાન આપ્યા વિના તારા દરવાજે આવીને, દક્ષિણ દિશામાં આવેલી લંકાના સ્વામી રાવણનો ક્રોધથી સંહાર કરનારા અને મનને પ્રિય એવા, શ્રીરામચંદ્રજીનું અમે ભજન કરીએ છીએ, તો પણ તું કેમ કંઈ બોલતી નથી? અમારું દુઃખ જાણ્યા

પછી તો તું જાગ. આ કયા પ્રકારની મહાનિદ્રા છે? એકે એક માણસને ખબર પડી ગઈ છે કે અમે તારે ઘેર આવીને, તને પ્રેમ-આદરથી જગાડીએ છીએ.

## ઉદ્‌ઘાટન :

અહીં સૂતેલી ગોપીને "અતુલ ઐશ્વર્યવાળા ગોપની બહેન!" એમ સંબોધન કર્યું છે. જેના ઘરમાં દૂધ દોહનારના અભાવે ભેંસોનું દૂધ વ્યર્થ વહી જાય તે ઐશ્વર્યશાળી કેવી રીતે હોય? કારણ એ છે કે ઘરનો માલિક ગોપ શ્રીકૃષ્ણનો નિત્યાનુચર પ્રિય સેવક છે. શ્રીકૃષ્ણનું કૈંકર્ય કરવાને લીધે તે ઘરમાં ધ્યાન આપી શકતો નથી. જો લક્ષ્મણને શ્રીરામની સેવામાંથી ઊંચા આવીને અગ્નિહોત્ર કરવાનો અવકાશ મળે તો આ ગોપને ભેંસો દોહવાનો અવકાશ મળે, એવું છે. ઘરનાં કાર્ય છોડવાનું કારણ ભગવત્સેવા છે, આળસ નથી. તેને કારણે આ ગોપ 'મહા શ્રીમાન છે, અમાપ ઐશ્વર્યશાળી છે.' અહીં ગોપીને 'ગોપની બહેન' કહીને બોલાવી છે, 'ગોપની પુત્રી' નથી કહી; કારણ કે ગોપ શ્રીકૃષ્ણનો નિત્ય અનુચર હોઈ તે યુવાન કે વૃદ્ધ ન હોઈ શકે, પણ સમવયસ્ક હોય. પેરિયાળવાર વિષ્ણુચિત્તે 'પેરિયાળવાર તિરુમોળિ' (૩-૪-૩)માં કહ્યું છે : "શ્રીકૃષ્ણના મિત્ર ગોપબાળો એમની તલવાર, ધનુષ્ય, લાકડી અને ઉત્તરીય ઉચિત સમયે આપવા માટે હાથમાં તૈયાર રાખીને સાથે ચાલે છે. શ્રીકૃષ્ણ એક હાથે પોતાના પ્રાણપ્રિય એક મિત્રનો હાથ પકડી બીજા હાથે ગોધણને બોલાવવાના સાધન શંખને પકડી વ્રજ તરફ પાછા આવી રહ્યા છે" સંભવ છે કે ગોદા દેવી શ્રીકૃષ્ણના આ મિત્રની બહેનને જગાડતાં હોય!

બહાર ઊભેલી ગોપીઓના મસ્તક ઉપર શીતળ હીમનો પ્રવાહ પડે છે; જમીન ઉપર દૂધના કીચડનો પ્રવાહ છે; અને એ બે પ્રવાહની વચ્ચે ગોપીઓના મનમાં ભગવાન પ્રત્યેના નિસ્સીમ પ્રેમનો પ્રવાહ વહી રહ્યો છે. આમ ત્રણ પ્રવાહોમાં ખેંચાતી ગોપીઓ, સૂતેલી ગોપીને પ્રાર્થે છે : "અમે તો આ ત્રણ પ્રવાહોમાં તણાઈ ચાલી. તું દ્વાર ખોલી અમને અંદર લે અથવા બહાર આવી અમારી ગોષ્ઠીમાં ભળી જા."

શ્રીકૃષ્ણ ઉપર નિસ્સીમ પ્રેમ કરનારી આ ગોપીઓ શ્રીરામચંદ્રજીનું યશોગાન કરે છે. ગોપીઓ શ્રીરામ અને શ્રીકૃષ્ણને એક જ માને છે.

બાલ વત્સવાળી સ્નેહથી દૂધ દ્રવતી ભેંસો બાલ અર્થાત્ ઓછી સમજવાળા ઉપર સ્નેહથી દ્રવી જઈને, સામેથી ખોળતા જઈને સદુપદેશ આપનારા આચાર્યોનું પ્રતીક છે.

ભાવસમાધિમાં મગ્ન આ ગોપીઓ કહે છે: "અમે સર્વ તને સમાધિમાંથી જગાડવા આવી છીએ. સર્વ વ્રજવાસીઓ જાણી ગયા છે, એટલે આશ્ચર્યચકિત થઈને બોલે છે: અહો આ ઘરના શ્રીકૃષ્ણના મિત્ર શ્રીમાન ગોપબાળની બહેનની મહત્તા તો બહુ ભારે. એને જગાડવા માટે તો બધી ગોપીઓને આવવું પડયું !"

આ પાશુરમ્ વિષ્ણુચિત્ત આળવારને ઉદ્દેશીને છે એમ મનાય છે.

## પદ ૧૩ : ભાવાનુવાદ :

હે મૃગનયની ! અથવા હે કુવલય પુષ્પમાં વસનાર ભ્રમર સમાન શ્યામ નેત્રવાળી ! હે આરસની પુતળી જેવી ! બકાસુરનું મોં ચીરી નાખનારા અને દુષ્ટ રાક્ષસનો નખાગ્રથી સંહાર કરનાર ભગવાનનું યશોગાન કરતી સર્વ બાળાઓ વ્રતાનુષ્ઠાનની જગ્યાએ પહોંચી ગઈ. શુક્રોદય થયો છે અને બૃહસ્પતિનો અસ્ત થયો છે; પક્ષીઓ કલશોર કરે છે; શીતળ જળાશયમાં ડૂબકી મારીને સ્નાન કરવાના આવા શુભ અવસરે સ્નાન કરવાનું છોડીને તું શાથી સૂઈ રહી છે ? એકલી એકલી ભગવદનુભવ કરવો રહેવા દઈને અમારા સૌમાં ભળી જા, એટલે આપણે સૌ સાથે ભગવદનુભવ કરીએ.

## ઉદ્દ્ઘાટન :

આ પદમાં શુક્રોદય અને બૃહસ્પતિનો અસ્ત એક સાથે થયેલો વર્ણવ્યો છે. તેના આધારે 'તિરુપ્પાવૈ'ની રચનાનું વર્ષ નક્કી કરવાનો પ્રયત્ન થયેલો છે. તેનો વિમર્શ પ્રકરણ ૨, 'શ્રી આણ્ડાળ'માં કર્યો છે.

ગોપીના ચિત્તાકર્ષક નયનસૌન્દર્યને અનુલક્ષીને અહીં સંબોધન છે. તેનો અર્થ છે, આ ગોપી સત્પથે દોરી જનાર યુક્તાયુક્તવિવેચનમાં કુશળ જ્ઞાનનો નિધિ છે. એ પુતળી જેવી, પ્રતિમા જેવી છે. અર્થાત્ ભગવાનની સંપૂર્ણ શરણાગત, પરતંત્ર છે. એનામાં અહંભાવ-મમભાવ નથી.

પૂર્વપદમાં રામાવતારની સ્તુતિ હતી. આ પદમાં શ્રીકૃષ્ણ અને નૃસિંહાવતારની સ્તુતિ છે. તેમાં શ્રીકૃષ્ણાવતારનાં અતિમાનુષ ચરિત્રો છોડીને

અતિ અલ્પ એવા બકાસુરવધનું કીર્તન કર્યું છે. તે શાથી ? ભક્તોને મન ભગવાનની સર્વ લીલાઓનું મહત્ત્વ એક સમાન હોય છે. સંકલ્પમાત્રથી જ જગતનું સર્જન, પાલન અને સંહાર કરનાર ભગવાનની અકલ્પ્ય શક્તિ સામે ગોવર્ધનધારણ, કાલિયમર્દન, દાવાનળપાન, કંસવધ, રાવણવધ, હિરણ્યકશિપુવધ, કે ત્રૈલોકય માપવા જેવાં કાર્યો કંઈ વિસાતમાં નથી. એટલે તો આ ગાથામાં નૃસિંહરૂપે નખાગ્રથી રાક્ષસનો સંહાર કરનાર ભગવાનનું સ્તવન કર્યું છે.

આજના દિવસને 'શુભ અવસર' કહ્યો છે. 'તિરુપ્પાવૈ'ની શરૂઆતમાં જ કહ્યું છે એમ પૂરી રાખનાર વૃદ્ધ ગોવાળોએ જ આ થોડા દિવસ માટે શ્રીકૃષ્ણને મળવાની અનુમતિ આપી છે. "એ અવસર વીત્યે હે સખી! આપણી હાલત કેવી થશે ? એટલે આવો સુ-અવસર પ્રાપ્ત કર્યા પછી તેનો લાભ લેવાને બદલે તું આરામથી સૂઇ રહી છે ? તો અહીં કર્તવ્ય શું છે ? શ્રીકૃષ્ણના વિરહથી તપી શરીર અને મન સુશીતળ થઈ જાય, એવી રીતે ભગવદ્‌હ્રદમાં સ્નાન કરવું તે અત્યારનું કર્તવ્ય છે."

જવાબમાં ઘરમાં રહેલી ગોપી કહે છે: "બહેનો! હું ઊંઘતી નથી, પણ શ્રીકૃષ્ણની લીલાઓ અને ગુણોનું ધ્યાન કરું છું. ધ્યાન પૂરું થાય એટલે તરત આવું છું." ત્યારે બહાર ઊભેલી ગોપીઓ કહે છે: "આ તો તારી ભૂલ કહેવાય. આપણી આખી મંડળી તારી રાહ જોતી બહાર ઊભી છે અને તું એકલી એકલી કૃષ્ણાનુભવ કરે એ તો અનુચિત છે; માટે અહીં ટોળીમાં ભળીને ધ્યાન, ચિંતન, કીર્તન, સેવા ઈત્યાદિ કર."

આ ગાથા ભક્તાંઘ્રિરેણુ આળવારને ઉદ્દેશીને છે એવું મનાય છે.

## પદ ૧૪ : ભાવાનુવાદ :

સૌથી પહેલાં જ આવીને અમને જગાડવાની પ્રતિજ્ઞા કરનારાં હે દેવી! (પ્રભાત થયું છે) તમારાં ગૃહોદ્યાનની પુષ્કરિણીમાંનાં રક્ત કમળ ખીલી ઊઠયાં છે. નીલોત્પલ સંકુચિત થઈ ગયાં; ગેરુઆં વસ્ત્રધારી ધવલ દંતપંક્તિવાળા સંન્યાસીઓ પોતાનાં પવિત્ર મંદિરોમાં શંખનાદ કરવા જઈ રહ્યા છે. અરે નિર્લજ્જ! હે વાક્પટુ! ઊઠ. શંખચક્રધારી વિશાળ ભુજાઓવાળા કમલનયનનું આપણે સૌ કીર્તન કરીશું.

## ઉદ્‌ઘાટન :

આગલા દિવસે એક ગોપીએ પ્રતિજ્ઞા લીધેલી "કાલે સવારે હું જ

સૌથી પહેલી જાગીને તમને સૌને પણ જગાડીશ." ઘેર જતાં એ તો આખી વાત વીસરી ગઈ અને નિદ્રાધીન થઈ ગઈ! ભૂલી જવા માટે ક્ષમા માગવાની વાત તો દૂર રહી પણ બીજી ગોપીઓ જગાડે છે તો પણ નિર્લજ્જપણે ઊઠતી નથી; એટલે તો એને 'હે નિર્લજ્જ!' એવું સંબોધન કર્યું છે.

આ ગોપી મીઠી મીઠી વાતો કરવામાં પ્રવીણ છે, એટલે એને 'હે વાક્પટુ'નો ઉપાલંભ આપી સખીઓ સૂચવે છે: "અમારી સાથે કમલનયન ભગવાનનું સંકીર્તન કરવામાં એ વાક્પટુતાને કામે લગાડ! એકલી એકલી સમાધિનો આનંદ ન લે."

પ્રત્યેક મનુષ્યનું હૃદય એક કમળ છે. એ હૃદયકમળમાં ભગવાન અંગૂઠાના પ્રમાણનો મંગળવિગ્રહ ધારણ કરીને વિરાજે છે. એ ભગવાન ધૂમાડા વિનાના અગ્નિ જેવા પ્રકાશમાન અને ભૂત-ભવિષ્ય-વર્તમાનના અધિપતિ છે; એ આજે છે અને ભવિષ્યમાં પણ રહેવાના; એ અજન્મા, ચર–અચરરૂપ અને નિરંતર સાવધાન છે. અમૃત સ્વરૂપ એ ભગવાનને જાણનાર નિર્ભય રહે છે. (જુઓ 'કઠોપનિષદ' ૨–૧–૧૨, ૧૩; ૨–૩–૧૭; 'નચિકેતા,' પૃ. ૫૫, ૬૦). પરંતુ સંસારના બાહ્ય વિષયો અવલિપ્ત જનોનું હૃદયકમળ બંધ હોય છે, એને કારણે એમને અન્તર્યામીનું દર્શન થતું નથી. ધ્યાન, યોગ, ભક્તિ અને પ્રપત્તિથી આ હૃદયકમળ ખૂલતાં અન્તર્યામી ભગવાનનું દર્શન થાય છે. ગૃહોદ્યાનની પુષ્કરિણી દ્વારા પ્રત્યેક વ્યક્તિનું હૃદયકમળ સૂચવ્યું છે. જ્ઞાન અને ભક્તિનું પ્રભાત થતાં એ કમળ ખીલી ઊઠે છે; અને અજ્ઞાન તેમ જ અવિદ્યા સૂચવતાં નીલોત્પલ બિડાઈ જાય છે. ગૃહોદ્યાન દ્વારા અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ એ પાંચ ક્લેશોનો નાશ કરનાર સચ્છાસ્ત્રો સૂચવ્યાં છે.

સંન્યાસીઓનાં ગેરુઆં વસ્ત્ર વૈરાગ્ય સૂચવે છે. આ સંન્યાસીઓ શુભ્ર દંતપંક્તિવાળા અર્થાત્ અયાચક છે. યાચના માટે મોં ખોલીને એમણે શુભ્ર દાંતને મેલા કર્યા નથી. તેઓ શા માટે માગે? જેમનું મન અચ્યુત ભગવાનના ચરણકમળમાં લાગેલું હોય તેમને મન બીજું સર્વ તણખલાની તોલે છે. આવા મહાનુભાવો ભગવાન પાસેથી પણ ક્ષુદ્ર સાંસારિક વસ્તુઓ માગતા નથી, તો પછી મામૂલી સંસારીજનો પાસેથી તો માગે જ શાના? આ નિઃસ્પૃહ સંન્યાસીઓ મંદિરોમાં શંખનાદ કરવા જઇ રહ્યા છે; તે અન્તર્યામીના મંદિરોરૂપ મનુષ્યોનાં હૃદયકમળોને (૧) ૐ નમો નારાયણાય । એ મૂળમંત્ર, (૨) શ્રીમન્નારાયણ—

ચરણૌ શરણં પ્રપદ્યે । અને શ્રીમતે નારાયણાય નમઃ । એ દ્વય મંત્ર અને (૩) સર્વધર્માન્પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ । અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।। એ ચરમ શ્લોકના રહસ્યજ્ઞાનથી પ્રફુલ્લિત કરીને ભગવાનનાં દર્શન કરાવવાનું સૂચક છે.

'હે નિર્લજ્જ' અને 'હે વાક્‌પટુ' સંબોધનો પૂર્ણ જ્ઞાની આચાર્યને પણ લાગુ પડે છે. સદ્‌ગુરુ કર્તવ્ય કર્મ છોડતા નથી અને અકાર્ય કરતા નથી તેથી એમને લજ્જિત થવાનો પ્રસંગ આવતો જ નથી અર્થાત્ તેઓ લજ્જા વિનાના છે એમ કહી શકાય. અને આચાર્ય વિવિધ શાસ્ત્રોનો અભ્યાસ કરી, તેમાંથી સાર કાઢી, શિષ્યને યથોચિત વાગ્‌વૈભવથી મધુર વાણીમાં ઉપદેશ કરીને તારે છે, તેથી વાક્‌પટુ છે.

આ ઉક્તિ મુનિવાહન આળવારને ઉદ્દેશીને છે એમ ધારવામાં આવે છે.

**પદ ૧૫ : ભાવાનુવાદ :**

('તિરુપ્પાવૈ' ની લગભગ બધી ગાથાઓ પ્રશ્નોત્તરના રૂપમાં છે; પરંતુ ૧૫ મી ગાથા સ્પષ્ટરૂપે પ્રશ્નોત્તર છે. બીજી ગાથાઓમાં પ્રશ્નોત્તર ગૃહીત છે.)

(ગોપીઓ): "બાલ મેના! શું તું હજી પણ સૂઈ રહી છે?"

(ગોપી) : "હે પૂર્ણાઓ! (હે પૂર્ણ સખીઓ!) હું આ આવી સમજો, પણ મને કડવાં વેણ ન કહેશો."

(ગોપીઓ) : "તું મીઠી વાતો કરવામાં તો ઘણી ચતુર છે તારી કટુ વાણી અને તારી જીભને પણ અમે ઘણા વખતથી જાણીએ છીએ."

(ગોપી) : "આવું કડવું સંભળાવવામાં તમે બહુ સમર્થ છો; અથવા તમે કહો છો તેમ હું પણ સમર્થ હોઈશ."

(ગોપીઓ) : "તું ઝટ ઝટ ઊઠીને આવી જા. તને અમારાથી અલગ કયો ભગવદનુભવ છે?"

(ગોપી) : "શું બધી ગોપીઓ આવી ગઈ?"

(ગોપીઓ) : "(હા, હા) બધી આવી ગઈ. તું અહીં આવીને ગણી લે! બળવાન હાથીનો સંહાર કરનારા, શત્રુઓના દર્પનું ખંડન કરનારા અને અત્યંત આશ્ચર્યકારી દિવ્ય લીલા કરનારા શ્રીકૃષ્ણનું આપણે સૌ યશોગાન કરીએ."

**ઉદ્ઘાટન :**

માર્ગશીર્ષ વ્રત કરવાની ઇચ્છાવાળી ગોપીઓમાંથી એકને રાત્રે નિદ્રા ન આવી. ભગવાનનો વિરહ અને પ્રભાત થતાં સુધી તેમને મળવાની પ્રતીક્ષા કરવાની એટલે ઊંઘ કેમ આવે ? તેથી સર્વ ગોપીઓ શ્રીકૃષ્ણનું ધ્યાન કરતી કરતી સૂઇ ગયેલી. એમાંની કેટલીક ગોપીઓ સવારમાં વહેલી ઊઠી અને વ્રતસ્થળ ઉપર જવાની તૈયારી કરવા લાગી, જ્યારે કેટલીક મુગ્ધ થઈને સૂતી રહી. એટલે વહેલી ઊઠનારી ગોપીઓ, સૂઈ રહેનારી ગોપીઓને ઉઠાડીને પોતાની સાથે લઈ જવા માટે ઉધુકત થઈ. જગાડનારી ગોપીઓની વાણી સાંભળી ઘરમાં શયન કરનારી ગોપી તદ્દન ચૂપ તો રહી શકે જ નહિ, કંઈક ઉત્તર તો આપે જ. તદનુસાર ચૌદમી ગાથામાં વર્ણવ્યા પ્રમાણે જયારે આ ગોપીઓ વિશાળ ભુજાઓવાળા શંખચક્રધારી પુંડરીકાક્ષ ભગવાનનું કીર્તન કરવા લાગી ત્યારે એ મધુર ધ્વનિ આ ગાથામાં નિર્દેશેલ ગોપીના કાને પડયો. એ મધુર ધ્વનિ સાંભળતાં આ ગોપી પણ મંદ સ્વરથી એમની સાથે કીર્તન કરવા માંડી. આ મંદ મીઠો સ્વર બહાર ઊભેલી ગોપીઓના કાને પડયો. એ સ્વરના માધુર્યથી આકર્ષાઇને જગાડનારી ગોપીઓ બોલી :

"હે બાલ સારિકા ! અમે સૌ આવી તો પણ તું સૂઇ રહી છે ?"

આ સાંભળતાં ઘરમાં સૂતેલી ગોપી પ્રણયરોષથી નારાજ થઇ ગઈ. સંભવ છે કે પડોશની ગોપીને આ ગોપીમંડળે 'નિર્લજ્જ, વાચાળ' એવાં સંબોધન કરેલાં તે આણે સાંભળ્યાં હોય. એટલે આ ગોપીને એમ લાગ્યું હોય કે, કદાચ આ ગોપીઓ મને પણ આવાં કટુ વચન સંભળાવે; પરંતુ એમને ખબર નથી કે, 'હું કંઈ ઊંઘતી નથી; પ્રિયતમ શ્રીકૃષ્ણનું જ ધ્યાન-કીર્તન કરી રહી છું.' એમના કટુ વ્યવહારથી મારી એકાગ્રતામાં વિઘ્ન પડશે માટે એમનું મોં બંધ કરવું જોઈએ. ગોપીઓનું મોં બંધ કરવા એણે ઉપાલંભ આપ્યો : "અરે પૂર્ણાઓ ! હું હમણાં જ આવું છું જરા વાર થઈ એટલામાં બૂમાબૂમ કેમ કરો છો ?" 'પૂર્ણાઓ' કહેવાનું તાત્પર્ય આ છે : "હું પણ તમારી જેમ જ ભગવદ્ભકિત કરું છું, અને હવે તમારી મંડળીમાં આવવાની તૈયારી કરું છું. તોપણ તમે અહીં આવીને મને 'પોપટી' કહો છો અને ઊંઘણશી ગણો છો. એનું કારણ સમજાયું : તમે તો સમસ્ત દેહગુણો અને આત્મગુણોથી પરિપૂર્ણ છો ! જરા ગર્વ ઓછો કરો."

ગોપીમંડળને માઠું લાગ્યું. એ બોલ્યું : "અમે તો કટાક્ષ કર્યા વિના, આદરથી તારી વાણીને પોપટ જેવી મીઠી કહીએ છીએ, અને નિદ્રા ત્યાગવાની વિનંતી કરીએ છીએ. અને તું તો જરામાં છેડાઈને કટુ વચન સંભળાવે છે. સખીઓને કોઈ આમ 'પૂર્ણા' કહે ખરું ? ખરેખર તો અમે સૌ આવીએ ત્યાં સુધી સૂઈ રહેવું એ અપરાધ છે. તેને માટે ક્ષમા માગવાને બદલે તું તો બોલે છે : 'રાડો ન પાડો' અમને તો ખબર જ છે કે તું નિષ્ઠુર વચન બોલનારી છે. જીભ તારા વશમાં નથી."

સૂતેલી સખીએ ઉત્તર આપ્યો : "નિષ્ઠુર વચન બોલવાનું ચાતુર્ય મારામાં ક્યાંથી ? પહેલાં કડવું બોલવું અને પછી ફરી જવું એવું મને તો નથી આવડતું. એ તો તમને આવડે." આ વિવાદ આગળ વધી જાત, પરંતુ એવામાં ગોપીને સ્વસ્વરૂપનું સ્મરણ થયું. ભગવદ્ ભક્તોને 'તમે દોષિત છો, અપરાધી છો,' એમ કહીને તેમની સાથે સ્પર્ધા કરવી અનુચિત લાગી, એ સાથે જ સાચા ભક્તો કંઈ ખામી બતાવે ત્યારે આત્મશોધન કરવું જોઈએ એ સમજાયું. માણસ સામાન્ય રીતે પોતાના દોષ જોતો નથી, તેથી જ્યારે નિર્મળ હૃદયના પ્રપન્ન ભક્તો દોષ કાઢે ત્યારે અસૂયા નહિ કરતાં–ગુણમાં દોષ નહીં માનતાં, શ્રદ્ધાપૂર્વક દોષ કાઢી દૈવી સંપત્‌નું સંપાદન કરવું જોઈએ. ભગવાને ગીતામાં અર્જુનના બે સદ્‌ગુણો અનસૂયા–અસૂયા રહિતપણું અને શ્રદ્ધાને કારણે એમને ગુહ્યતમ જ્ઞાનનો ઉપદેશ કરેલો. (૯–૧ થી). આથી જાણે ક્ષમા યાચતી હોય એવા સૂરમાં એણે કહ્યું : "હું પણ કડવું બોલતી હોઈશ. પણ હવે મારે શું કરવાનું છે ?"

વિવાદ શાંત થયો. ગોપીમંડળે સખીની સમજણ પાકી હતી કે નહિ તે જાણવા પ્રશ્ન કર્યો : "અમારાથી અલગ એવો કયો ભગવદનુભવ તને થયો છે ?" ઘરમાંની સખીની સમજણ પાકી હતી એણે વિનયથી ઉત્તર આપ્યો : "સમગ્ર પ્રેમાળ ગોપીમંડળનાં દર્શન કરીને આંખો કૃતાર્થ કરવા થોડો વિલંબ કર્યો. હવે કહો તો ખરાં, બધી સખીઓ આવી ગઈ ?"

જવાબ મળ્યો : "હા જી. તું આવીને ગણી લે." અર્થાત્ ગણવાના નિમિત્તે આ મહાભક્ત ગોપી એકેક કરીને સર્વના ઉપર નજર નાખશે અને પોતાના પવિત્ર હાથનો સ્પર્શ કરશે. પરમ ભાગવતોની દૃષ્ટિ પડે અને તેમનો કરસ્પર્શ થાય તે બંને અલભ્ય લાભ છે.

બધી સખીઓએ એકઠી મળીને શું કરવાનું? કુવલયાપીડ હાથીનો સંહાર કરનારા, બીજા અસંખ્ય શત્રુઓને રોળીને તેમના દર્પને ધૂળમાં મેળવી દેનારા, માયન્ શ્રીકૃષ્ણનું કીર્તન કરવું તે હવેનું કર્તવ્ય. શત્રુઓને રોળી નાખતાં એમનાં ઉપર અસ્થાને દયા કરવા જેવું અનુચિત કાર્ય શ્રીકૃષ્ણ નથી કરતા. તેઓ તો ગજવધ, મલ્લવધ, અસુરવધ, કંસવધ વગેરે કાર્યો સમુચિત રીતે પાર પાડે જ. ગોપીઓના ચિત્તમાં આને કારણે સંતોષ અને શાન્તિ છે. વ્રજમાં તો અનેક અસુરો વિવિધ વેશ ધરીને હંમેશાં આવતા અને શ્રીકૃષ્ણની હત્યા કરવાનો કે તેમને નુકશાન કરવાનો પ્રયત્ન કરતા જ. આને લીધે એમના ભકતોના મનમાં કાયમ ફિકર રહેતી કે, 'ભગવાનનું રક્ષણ કેમ થાય?' પરંતુ શ્રીકૃષ્ણ તો સહજભાવે જ અસુરમાત્રનો સંહાર કરતા. આવા મહાન, અત્યંત આશ્ચર્યમય ચેષ્ટિત કરનારા શ્રીકૃષ્ણ ગોપીઓ જેવા અજ્ઞાન પણ પ્રેમાળ ભકતો ઉપર નિસ્સીમ પ્રેમ કરે છે; એમનું સૌશીલ્ય અને સૌલભ્ય મન-વાણીથી અગોચર છે. સખીમંડળ ગોપીને કહે છે: "સીમાતીત પ્રેમ કરનારા ભગવાનનું નામસંકીર્તન કરવા તું બહાર આવી જા."

આ પાશુરમ્ તિરુમંગે આળવારને ઉદ્દેશીને કહેવાયું હોવાનું મનાય છે.

## પદ ૧૬ : ભાવાનુવાદ :

અમારા નાયક શ્રીનંદગોપના હે પ્રાસાદરક્ષક! પતાકાલંકૃત તોરણ દ્વારના હે દ્વારપાળ! મણિમય દ્વારની અર્ગળા ખોલી દો. નીલમણિ જેવા વર્ણના, અત્યાશ્ચર્યમય દિવ્ય ચેષ્ટા કરનારા શ્રીકૃષ્ણે, અમને નાનકડી ગોપકુમારીઓને ધ્વનિ કરનારી ભેરી (ભગવત્કૈંકર્યરૂપ પુરુષાર્થ) આપવાનું વચન આપ્યું છે. તેથી શ્રીકૃષ્ણને નિદ્રા ત્યાગીને જગાડવા માટે અને તેમનું સ્તુતિગાન કરવા માટે આંતરબાહ્ય શુદ્ધ થઈને અમે અહીં આવી છીએ. હે દ્વારપાળ! સવારના પહોરમાં જ અમને મુખથી 'ના' ન કહો. પ્રેમાળ પડોશી જેવાં સંયુક્ત-બંધ-કમાડ ખુલ્લાં મૂકી દો.

## ઉદ્ઘાટન :

અગાઉની દસ ગાથાઓમાં પોતપોતાના ઘેર સૂતેલી ગોપીઓને જગાડી બધી ગોપીઓ એકઠી મળીને શ્રીકૃષ્ણને જગાડવા નંદગોપના પ્રાસાદે પહોંચી. આ તો ભવ્ય મહાલય હતું. એના દ્વાર પર દ્વારપાળ ઊભા હતા. એમની

અનુમતિ વિના કોઇ અંદર જઇ શકે એમ નહોતું. આ ગાથા દ્વારા ગોપીઓ દ્વારપાળને દ્વાર ઉઘાડી અંદર જવા દેવાની અનુમતિ માગે છે. .'

વ્રજમાં તો અનેક ગોપીઓ છે. એ સૌ એકબીજીને જગાડીને મોટી મંડળી નંદરાજાના મહેલે આવી છે. ગાથાઓ તો દસ જ ગાવામાં આવી છે, પરંતુ સર્વ ઊંઘતી ગોપીઓને (ભક્તોને) જગાડેલી એમ સમજવાનું. સૌ ગોપીઓનું સ્નેહપૂર્ણ હૃદય એવું વિશાળ હતું કે તે એક પણ ગોપીને મૂકીને શ્રીકૃષ્ણ પાસે જવા તૈયાર નહોતું

સર્વ એકઠી મળી એટલે એમનું કામ સીધાં શ્રીકૃષ્ણના શયનગૃહમાં જઈ, મીઠાં સ્તુતિગાનથી તેમને નિદ્રામાંથી જગાડી, તેમની સાથે વાર્તાલાપ કરવાનું અને તેમની પાસેથી 'પરે' –ઢોલ પ્રાપ્ત કરવાનું. પરંતુ હવેની સાત ગાથાઓમાં દ્વારપાળ, નંદરાય, યશોદા, બલરામ અને નપ્પિનૈ–નીલા દેવીને જગાડવાનું વર્ણન છે. આનું તાત્પર્ય ભકત/અથવા આચાર્યના માધ્યમથી ભગવત્પ્રાપ્તિ કરવાનું છે. નંદરાય, યશોદા, બલરામ તો વડીલ હોવા છતાં પણ શ્રીકૃષ્ણનાં ભક્ત છે.

ગોદા દેવી આ દિવ્ય પ્રબન્ધમાં ગોપીઓ સાથે હૃદયથી ઓતપ્રોત થઈને ગાય છે. કથાવસ્તુ શ્રીકૃષ્ણાવતારની સમકાલીન છે, પણ એનો પરિષ્કાર નવીન છે. અર્થાત્ આણ્ડાળ શ્રીવિલ્લિપુત્તૂરને જ વ્રજભૂમિ માનીને, ત્યાંના પરમ ભકત શ્રીવૈષ્ણવોને ગોપીઓ માનીને, શ્રીવટપત્રશાયીના મંદિરને શ્રીકૃષ્ણનો પ્રાસાદ માનીને, પોતાના સ્વાનુભવ સહિત ગોપીઓનું અનુકરણ કરે છે.

નંદગોપ એટલે મહાન આચાર્ય અને એમના દ્વારપાળ એટલે એ આચાર્ય પાસેથી જ્ઞાન ગ્રહણ કરી તૈયાર થયેલા અગ્રણી શિષ્યો. વેદાંતદેશિકાચાર્યે (ઈ. સ. ૧૨૬૮–૧૩૬૯) એમના 'ન્યાસતિલક' (૨૪)માં કહ્યું છે : "ભગવાન રંગનાથ પોતાનું પદ—પરમ પદ આચાર્યના વચનાનુસાર આપે છે." સદ્ગુરુ શિષ્યને પ્રભુનો શરણાગત બનાવી, એની શરણાગતિ ભગવાનને નિવેદિત કરે છે.

મણિમય દ્વાર અને પ્રેમાળ પડોશી જેવાં બંધ કમાડ દ્વારા રત્ન સમાન શાસ્ત્રો; અને 'રહસ્યત્રય'; અર્થાત્ તિરુમંત્ર કે મૂલમંત્ર, દ્વય અને ચરમશ્લોકના

રહસ્યનું ઉદ્‌ઘાટન કરી આપો, નારાયણના પ્રાસાદમાં પ્રવેશ કરવા દો એમ વિનવ્યું છે. '

**પદ ૧૭ : ભાવાનુવાદ :**

વસ્ત્રનું, જળનું અને અન્નનું ધર્મબુદ્ધિથી અર્થાત્ નિષ્કામભાવે વિપુલ દાન કરનારા અમારા સ્વામી હે નંદગોપ ! તમે જાગો. હે લતાની જેમ સુંદરીઓમાં શ્રેષ્ઠ ! હે ગોપકુલદીપિકા ! હે અમારી સ્વામિની યશોદા ! નિદ્રા ત્યાગીને જાગો. આકાશને ભેદી, તેના ઉપર પગલું મૂકી ત્રણ લોકને માપનાર હે દેવાધિદેવ ! તમે નિદ્રા છોડીને ઊઠો. રકિતમ સુવર્ણવલયથી સુશોભિત ચરણવાળા હે શ્રીમાન બલદેવજી ! અનુજ શ્રીકૃષ્ણની સાથે તમે નિદ્રા ન ન કરો ! તમે જાગો.

**ઉદ્‌ઘાટન :**

નંદગોપને **'એમ્બેરુમાન' 'હે અમારા સ્વામી'** એવું સંબોધન કર્યું છે. શ્રી વૈષ્ણવ સંપ્રદાયમાં આ શબ્દ કેવળ ભગવાન માટે જ વપરાય છે. જગન્નિયંતા ભગવાન શ્રીકૃષ્ણ નંદગોપના પુત્રરૂપે થયા, એટલે નંદરાય સ્વાભાવિક રીતે શ્રીકૃષ્ણના પણ નિયામક બની ગયા, તેથી આ અસામાન્ય સંબોધન કરવામાં આવ્યું હોય એમ જણાય છે.

નંદરાજા અન્ન, વસ્ત્ર અને જળનું નિષ્કામભાવે ધર્મબુદ્ધિથી વિપુલ દાન કરતા. સારી રીતે જીવવા આ ત્રણે વસ્તુ અનિવાર્ય છે. તો બીજી બાજુ નંદગોપ દ્વારા મહાન આચાર્ય સૂચવ્યા છે. આ આચાર્ય જીવનોપયોગી વસ્તુઓના અતુલ દાનેશ્વરી છે. અંબર એટલે ઉત્તમ વસ્ત્ર અને આકાશ એટલે પરમાકાશ અર્થાત્ પરમપદ. નંદગોપ એ પરમપદસ્વરૂપ શ્રીકૃષ્ણ સુધી પહોંચાડે છે. જળ શબ્દ દ્વારા સૂક્ષ્મ શરીરરૂપ મેલ ધોઈ નાખનારી વિરજા નદી સૂચવી છે. પરમપદ અને સંસારની વચ્ચે એ વહી રહી છે. પરમપદ પ્રાપ્ત કરવા ઈચ્છનાર ભાગ્યશાળીને સદ્‌ગુરુની કૃપાથી આ પવિત્ર જળ ભરેલી 'વિરજા'—રજોટી દૂર કરનારી નદી પ્રાપ્ત થાય છે. અન્ન શબ્દ દ્વારા 'તૈત્તિરીય-ઉપનિષદ' ૩—૧૦૬ ઈત્યાદિ વેદાંત વચનોમાં નિર્દેશેલ બ્રહ્મ—ભગવાન સૂચવાયા છે. ભગવાનરૂપી સર્વોત્તમ અન્નનું આચાર્ય વિપુલ પ્રમાણમાં દાન કરે છે.

આવા મહામહિમ નંદગોપને જગાડી, તેમની અનુજ્ઞા લઈ ગોપીઓ હવે

માતા યશોદાને જગાડે છે. ભગવદાવતારોની સર્વ માતાઓમાં યશોદા માતા વિશિષ્ટ છે. વામન ભગવાન પ્રકટયા તે જ દિવસે તેઓ બલિરાજા પાસે ભૂમિદાન લેવા નીકળી ગયા. માતા કૌશલ્યા પાસે રામચંદ્રજી દીર્ઘ સમય રહ્યા તો ખરા, પણ તે પછી ચૌદ વર્ષના વનવાસ દરમિયાન માતાને ભારે વિરહદુઃખ વેઠવું પડયું. દેવકીજી શ્રીકૃષ્ણની જનનીથયાં પણ જન્મતાં વેંત જ ભગવાનનો વિરહ. ભગવાનને સ્તન્યપાન કરાવવાનું સૌભાગ્ય તો યશોદાનું જ; ભગવાનની બાળલીલાઓ જોઈ આનંદ પામવાનું અને જગત સમસ્તને મુકત કરનારને, ધમકાવીને બાંધી દેવાનું વિરલ સદ્‌ભાગ્ય પણ યશોદાનું જ. ગોપકુલના મંગલદીપ શ્રીકૃષ્ણનાં ( જુઓ ગાથા ૫ ) માતા હોવાના કારણે ગોપકુલ ગૌરવાન્વિત થયું તેથી યશોદા માતા ગોપકુલની કુલદીપિકા છે. વળી યશોદા માતા, આચાર્ય દ્વારા મંત્રદીક્ષા અપાયાનું સૂચવે છે. એ પછી ગોપીઓ શ્રીકૃષ્ણને જગાડવા લાગી. શ્રીકૃષ્ણનાં લોકવિક્રાંત ચરણોની સ્તુતિ દ્વારા મંત્રના રહસ્યાર્થનું અવગાહન કર્યું છે.

આમ શ્રીકૃષ્ણને જગાડવા છતાં શ્રીકૃષ્ણ તો ઊઠયા જ નહિ. ગોપીઓને લાગ્યું કે આપણી કંઈ ભૂલ થઈ. એટલે તેઓ બલદેવજીને જગાડવા લાગી. બલદેવજીને ‘શ્રીમાન’ કહ્યા છે. શેષાવતાર બલદેવજીની શ્રી તો અવિચ્છિન્નપણે ભગવત્કૈંકર્ય કર્યા કરવું તે છે. આવા મહિમાવાન બલદેવજીને પ્રાર્થના કરી છે: “આપ આપના અનુજની સાથે જાગો.” અર્થાત્ આપ જાગો અને આપના ભાઈને પણ સાથે જગાડો. બલદેવને જગાડવાથી મંત્રાર્થનો સાર અર્થાત્ ભગવત્ શેષત્વનું અનુસંધાન સૂચવાયું છે.

આ મંત્રત્રયના રહસ્યનો સંક્ષેપમાં સાર ચોથા પદના ઉદ્‌ઘાટનમાં છે.

## પદ ૧૮ : ભાવાનુવાદ :

મત્ત માતંગોના સ્વામી, અથવા મત્ત માતંગોને જીતનારા અથવા મદમત્ત હાથી સમાન બળવાળા; અને યુદ્ધક્ષેત્રમાંથી પલાયન ન કરીને ધૈર્યથી લડનાર અતુલ બળવાન નંદગોપની હે પુત્રવધૂ! હે નપ્પિન્ને! હે પવિત્ર સુગંધથી ભરપૂર કેશવાળી! દ્વારનો આગળો ખોલો. કૂકડા સર્વત્ર કૂકડે કૂક કરે છે. માધવી લતાઓની કુંજોમાં કોકિલગણો અનવરત કૂજન કરે છે. હે કન્દુકહસ્તે! અમે તમારા સ્વામી શ્રીકૃષ્ણનું યશોગાન કરીએ એ રીતે તમે તમારાં રાતા કમળ જેવા સુંદર હાથનાં ઉત્તમ કંકણોનો મધુર ધ્વનિ કરતાં કરતાં પ્રસન્ન મનથી દ્વાર ખોલો.

**ઉદ્‌ઘાટન :**

નંદગોપને 'મત્તમાતંગોના સ્વામી ઈત્યાદિ' અનેકાર્થી વિશેષણ આપ્યું છે. નંદગોપ શ્રીમંત હોઈ તેમની પાસે અસંખ્ય ગાયો–ભેંસો વગેરે પશુઓ હતાં પણ એમની પાસે હાથી હતા એવો ઉલ્લેખ તો જાણવામાં નથી. ત્યારે આ હાથી તે કયા ? મદોન્મત્ત ઈન્દ્રિયો. નંદગોપે મદમત્ત હાથી જેવી ઈન્દ્રિયોને મદમત્ત હાથી જેવા બળથી જીતીને કાબૂમાં લીધી છે. નંદગોપ હાથી જેવા બળવાળા તો હતા જ, ઉપરાંત યુદ્ધક્ષેત્રમાંથી પલાયન ન કરે તેવા ધૈર્યથી લડનારા હતા. કંસના રાક્ષસો સામે શ્રીકૃષ્ણનું રક્ષણ કરવા; તેમ જ આસુરી સંપત્‌ના આક્રમણ સામે દૈવી સંપત્‌નું રક્ષણ કરવા, शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् । दानमीश्वरभावश्च क्षत्रकर्म स्वभावजम् ।। ગીતા ૧૮–૪૩. એ ગીતાપ્રોકત ક્ષાત્રગુણો નંદગોપના આચરણમાં પૂરેપૂરા ઉતર્યા હતા. એ સ્થૂલ અને સૂક્ષ્મ યુદ્ધમાં ધૈર્યથી લડતા અને અજેય રહેતા. તેથી તો શ્રીકૃષ્ણ એમની સંનિધિમાં રહ્યા.

આવા અજિત બળવાન, ધૈર્યશાળી ગોપાળની પુત્રવધૂ નપ્પિન્નૈને ગોપીઓ હવે જગાડે છે. અત્યંત આદરથી જગાડવા છતાં ય શ્રીકૃષ્ણ જાગ્યા નહિ, તેથી હવે પ્રધાનમહિષી નપ્પિનૈને—નીલા દેવીને જગાડયા વિના આરો નથી. એમ માની તેને જગાડે છે.

લક્ષ્મીજી રામાવતારમાં સીતારૂપે અને કૃષ્ણાવતારમાં રુકિમણીરૂપે ભગવાનની પ્રધાનમહિષીરૂપે અવતરેલાં એમ મનાય છે. અર્ચાવતારોમાં શ્રીકૃષ્ણની પાસે રુકિમણી અને સત્યભામા એ બે પ્રધાન મહિષીઓ વિરાજે છે. પરંતુ આળવારોના દિવ્ય પ્રબંધોમાં રુકિમણી–સત્યભામાના બહુ ઓછા નિર્દેશ છે. જ્યારે નીલા દેવીના ઉલ્લેખ તો સેંકડો સ્થાને મળે છે. ભકિતસાર આળવારે એમના 'તિરુચ્ચન્દવિરુત્તમ્' (૪૧)માં 'નીલા દેવી સાથે પરણવા માટે શ્રીકૃષ્ણે ગોકુળમાં પ્રવેશ કર્યો' એમ લખ્યું છે. નીલા દેવીનું દ્રાવિડી નામ છે નપ્પિન્નૈ. શ્રી રામાનુજાચાર્યે 'શરણાગતિગદ્ય'માં નારાયણને 'શ્રીવલ્લભ' કહેવા ઉપરાંત 'ભૂમિલીલાનાયક' –ભૂમિ અને લીલા (નીલા)દેવીના પણ સ્વામી કહ્યા છે.

આ નપ્પિનૈને પરમ ઉદાર અને અમિતબળસંપન્ન્ નંદગોપની પુત્રવધૂ તરીકે સંબોધન કર્યું, તે સાથે વિશેષ સ્પષ્ટતા કરવા, નામ દઈને 'હે નપ્પિન્નૈ !' એવું સંબોધન પણ કર્યું. પરંતુ નપ્પિન્નૈએ તો કંઈ ઉત્તર

આપ્યો નહિ. એટલે ગોપીઓએ પુનઃ સંબોધન કર્યું : "હે પવિત્ર સુગંધથી ભરપૂર કેશવાળી !" અર્થાત્ તમારા કેશપાશની સુવાસ આપની ઉપસ્થિતિ દર્શાવે છે. અમે સૌ તો વ્રતચારિણી હોઈ કેશમાં ફૂલનો ઉપયોગ નથી કરતી. (ગાથા ૨). તેથી આ પુષ્પની સુવાસ આપના કેશમાંથી જ આવે છે. તમારે તો શ્રીકૃષ્ણની પ્રાપ્તિ માટે વ્રત કરવું પડે એમ નથી, પરંતુ જ્યારે અમે સૌ વ્રત કરીએ છીએ ત્યારે તમારે પણ વ્રજવાસી હોઈ અમને સહકાર તો આપવો જોઈએ ને ? માટે હવે વિલંબ કર્યા વિના દરવાજો ઉઘાડો. વિનય અને નમ્રતાને કેશની સુગંધ માનવામાં આવ્યાં છે તે અહીં ધ્યાનમાં રાખવું જોઈએ.

ત્યાં તો નપ્પિન્નૈએ કહ્યું : "હજી પ્રભાત તો થવા દો!" ત્યારે ગોપી-ઓએ કૂકડાના અવાજ અને કોકિલગણોના કૂજન તરફ સંકેત કર્યો. તમે તો શ્રીકૃષ્ણ સાથે કન્દુકખેલ ખેલતાં હાથમાં દડા સાથે ઊંઘી ગયાં એટલે ખબર નહીં પડી હોય, પણ જુઓ પ્રભાત તો થઈ ગયું !

"તો હવે શું કરીશું ?"

"આપણે સૌ શ્રીકૃષ્ણનું યશોગાન કરીશું."

"બહુ સારું. કમાડ તદ્દન બંધ તો કર્યાં નથી. તમે જાતે જ ખોલીને અંદર આવી જાઓ !"

"એમ અમારે અંદર આવવું નથી. તમે જ પ્રસન્ન ચિત્તે દોડતાં દોડતાં આવી, કરકમળમાં પહેરેલાં કંકણોનો મધુર રણકાર કરતાં કરતાં, તમારી અદ્ભુત રૂપમાધુરીનું દર્શન કરાવતાં કરાવતાં દ્વાર ખોલો એવી અમારી ઈચ્છા છે."

જગતરક્ષણ કરવું એ કંદુકક્રીડા છે. આ કાર્ય નપ્પિન્નૈના રૂપે આચાર્ય કરે છે. વસ્તુતઃ ભગવાનની આજ્ઞાથી જ આચાર્ય એ કાર્ય કરે છે. કરવલયનો મધુર ધ્વનિ એ શાસ્ત્રોના રહસ્યાર્થનું ઉદ્ઘાટન છે. કરવલય ઉપદેશમુદ્રાને અનુલક્ષીને છે.

શ્રી રામાનુજાચાર્ય આ ગાથાનો ઘણો આદર કરતા. આ ગાથાના કારણે આચાર્ય રામાનુજને 'તિરુપ્પાવૈ જીયર'નું બિરુદ મળ્યું. ( વિગત માટે જુઓ પ્રકરણ ૨ 'શ્રી આણ્ડાળ' ).

## પદ ૧૯ : ભાવાનુવાદ:

ચારે બાજુ પંચમુખી દીપસ્તંભનો પ્રકાશ રેલાઈ રહ્યો છે. હાથીદાંતના પાયાવાળા પલંગ ઉપર અતિ મૃદુલ અને પાંચ ગુણોથી યુક્ત શય્યા ઉપર ગુચ્છ ગુચ્છ થઈને ખીલનારાં ફૂલને વેણીમાં ગૂંથનારી નીલા દેવીનાં સ્તન ઉપર પોતાનું વક્ષ:સ્થળ મૂકીને શયન કરનારા હે ખીલેલા હૃદયવાળા! મુખ ખોલીને એક વખત અમારી સાથે વાત કરો. હે અંજનાલંકૃત વિશાળનયને (નીલા દેવી)! તું તારા પતિ શ્રીકૃષ્ણને એક ક્ષણ માટે પણ શયનમાંથી ઊઠવા દેતી નથી. તું અતિ અલ્પ કાળ માટે પણ વિયોગ સહન કરી શકતી નથી. અરે! આમ કરવું તારે માટે ઉચિત નથી. આ વાત તદ્દન સાચી છે.

## ઉદ્‌ઘાટન :

આ પદના આધારે પરાશર ભટ્ટર સ્વામીએ મંગલાચરણનું સ્તુતિપદ્ય, તનિયન્ રચ્યું છે. 'તિરુપ્પાવૈ'ની શરૂઆતમાં એ મૂક્યું છે તનિયન્‌ના ઉદ્‌ઘાટનમાં દર્શાવ્યું છે તેમ આ પદમાં નિર્દેશેલ નીલા દેવીનાં સ્તન તે ભગવાન જેનો અનુભવ કરીને ખીલે છે તે, ભક્તનાં નિષ્કામ જ્ઞાન અને ભક્તિ.

ગોપીઓએ ભગવાનને સંબોધ્યા છે : "નીલા દેવીના સ્તન ઉપર વક્ષ:સ્થળ મૂકીને શયન કરનારા હે ખીલેલા હૃદયવાળા!" આ સંબોધન ભગવાનને ગમશે એવો ગોપીઓનો ભાવ છે, તે સાથે ગોપીઓનું દુ:ખ પણ એમાં પ્રકટ થાય છે. શ્રીકૃષ્ણ ઉપર ગાઢ અનુરાગ રાખવા છતાં એમનો અનુભવ અમને મળતો નથી, અને કદાચ મળી જાય છે તો તે પણ મહામુસીબતે—ગાઢ વનમાં, ઘાટા અંધકારમાં રઝળવું પડે છે; કાંટા કાંકરા, જાળાં ઝાંખરાંવાળી ખુલ્લી ભૂમિ ઉપર સૂવું પડે છે; રડવું પડે છે. શ્રીકૃષ્ણવચન ઉપર ભરોસો રાખી આશા, ભય, ઉદ્વેગ વગેરેના ચક્રમાં પડી પ્રતીક્ષા કરતાં દીર્ઘ સમય ગાળ્યા પછી પણ એ માયાવી તો આવતા નથી. આ છે અમારી સ્થિતિ. અને આ નીલા દેવીનું સૌભાગ્ય તો જુઓ. અનેક દીપસ્તંભોના દીવાઓથી ઝળહળતા પ્રકાશમાં શ્રીકૃષ્ણના પ્રસન્ન મુખકમળનું દર્શન કરતાં, ગજદંતના પલંગ ઉપર બિછાવેલી ઉત્તમ શય્યા ઉપર, કોઈ પણ પ્રકારના ભય—સંકોચ વિના ભગવદનુભવ લેવાનો. દેવદિવ્યમહિષી હોઈ નપ્પિન્નૈને ભગવદનુભવ મળે તે ઉચિત છે, પરંતુ દિવ્યદંપતીની સેવા કરવાનું સૌભાગ્ય તો અમને મળવું જોઈએ કે નહિ? આવો નિર્વેદ અહીં સૂચિત છે.

ષડ્રિપુ જેવા મદમત્ત દુષ્ટ હાથીઓનો સંહાર કરી, તેમના તૂટેલા દાંતમાંથી બનાવેલા ચાર પાયાના પલંગ ઉપર જ્ઞાનના ઝળહળતા દીપકોના પ્રકાશમાં, અર્થપંચકની સમજરૂપી પાંચ ગુણવાળી મૃદુતર શય્યા ઉપર નીલા દેવી પોઢયાં છે. (સ્થૂળ રીતે શય્યાના પાંચ ગુણ: સૌંદર્ય, શીતળતા, માર્દવ, સુવાસ અને પરિશુદ્ધિ.) એમનાં સ્તનોના સંસ્પર્શથી ભગવાનનું હૃદય હર્ષથી ખીલ્યું છે—વિકસિત થયું છે. શ્રીભગવાન તો નિર્વિકાર, શુદ્ધ, નિત્ય. એવા પરમાત્મા સંશ્લેષના હર્ષથી ખીલે ખરા? સામાન્ય કર્મકૃત્ વિકારોથી ન ખીલે, પણ ભક્તજનના ભકિતપૂર્ણ સંશ્લેષથી વિકસે, ખીલે, ફૂલે. શ્રીભગવાનની એ અપ્રતિમ ભકતવત્સલતા છે.

ગાથા ૧૭ માં ગોપીઓ કહે છે: "ભગવન્! આપ ઊઠો." અહીં કહે છે: "હે ભગવન્! આપ અમારી સાથે વાત તો કરો." આપ આપનું વક્ષ:સ્થળ ભલે નીલા દેવીને આપો. અમને તો સર્વદુ:ખનાશક એવી આપની અભયવાણી મળશે તો પણ અમે કૃતાર્થ થઈશું."

ભગવાનને ગોપીઓની દયા આવી. તેઓ તો અભયવચન આપવા તૈયાર થઈ ગયા. ત્યાં ગોપીઓએ જોયું તો નીલા દેવી ભગવાનને અટકાવી રહ્યાં છે! એટલે ગોપીઓએ નીલા દેવીને ઉપાલંભ આપ્યો: "અમે તો વ્રતાનુષ્ઠાનને કારણે વ્રત સમાપ્ત થતાં સુધી અંજન નહિ આંજીએ, વેણીમાં ફૂલના ગુચ્છા નહિ નાખીએ; અને તમે તો વ્રજની ગોપી હોવા છતાં એ બધું કરો છો! વધારામાં ભગવાનને અનુગ્રહ કરતાં રોકો છો! તમે તો કરુણામયી, અનુગ્રહમયી, અશરણ—શરણ્યા એવાં બિરુદધારિણી. તમે જ જો નિર્દયપણે વર્તો એ તો બહુ અનુચિત કહેવાય! ભગવાન સાથે નિત્ય સંશ્લિષ્ટ રહેવાને કારણે તમારું પ્રયોજન (કાર્ય) જ ભકતોને ભગવાનના કૃપાપાત્ર બનાવી ભગવાનનો મેળાપ કરાવવાનું છે. એને બદલે તમે જ ઊઠીને વિઘ્ન કરો! એટલા માટે આ તથ્ય—સત્ય હકીકત તમને જણાવીએ છીએ!

અંજનાંજિત વિશાળ નયનનો સૂચિતાર્થ છે, ભકિતભૂષિત અનેક શાસ્ત્ર-રહસ્યોને આત્મસાત્ કરનારું સમર્થ મન. મનરૂપ નેત્રના અંલકારરૂપ, સર્વ-દોષનાશક બ્રહ્માનુભવ કરવા માટે અપેક્ષિત સામર્થ્ય ભકિતથી પ્રાપ્ત થાય છે. આવા ભકિતરૂપી અંજનથી નીલા દેવીની આંખો આંજેલી છે અને પુષ્પોના ગુચ્છા વિનય—નમ્રતાના પ્રતીક છે.

આવા શાસ્ત્રજ્ઞાન અર્થપંચકની સમજવાળા વિનયનમ્ર અને ભકિતરૂપી અંજનવાળા મહાભકતને ગોપીઓના મિષે ગોદામા કહે છે: "તમે એકલા એકલા ભગવદનુભવનો આનંદ લો તે તો બહુ અનુચિત કહેવાય. અમને પણ એ અનુભવનો લાભ મળે એવું કરો. એ અનુભવ અમને મળે એમ કરવાનું તમારું કર્તવ્ય છે તમે કર્તવ્યચ્યુત ન થાઓ."

'અર્થપંચક'નું જ્ઞાન શ્રીવૈષ્ણવો માટે આવશ્યક છે. 'અર્થપંચક'ની સમજ વિના વાસ્તવિક તત્ત્વજ્ઞાન ન થઈ શકે. 'અર્થપંચક'માં પાંચ વિષયોનું વર્ણન છે. એ પાંચે વિષયના પાંચ ભેદ છે.

સ્વસ્વરૂપ એટલે જીવાત્માનું સ્વરૂપ. જીવાત્મા પાંચ પ્રકારના. (૧) નિત્ય: જે સદા પરમપદમાં વસે છે. (૨) મુકત : પહેલાં સંસારમાં બદ્ધ હતા, હવે મુક્ત થયા. (૩) બદ્ધ. (૪) કેવલ : જેઓ કેવળ જ્ઞાનયોગથી ભગવાનનું મિલન વાંછે છે. (૫) મુમુક્ષુ : જેઓ ભગવાનના કૈંકર્ય દ્વારા ભગવત્પ્રાપ્તિ વાંછે છે.

પરમાત્માનું સ્વરૂપ. (૧) પર—રૂપ: પરમપદવાસી શ્રીમન્નારાયણ. (૨) વ્યૂહ રૂપ: ભગવાનના વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ એ ચાર વ્યૂહ. (૩) વિભવ : શ્રીરામ, શ્રીકૃષ્ણ, ઈત્યાદિ અવતાર. (૪) અન્તર્યામી: સર્વત્ર સર્વ વસ્તુઓમાં સર્વશકિતમાનરૂપે રહેલા ભગવાન. (૫) અર્ચાવતાર: ભગવાનની મૂર્તિઓ.

પુરુષાર્થ. મનુષ્યે જે ઉપાર્જન કરવો જોઈએ. (૧) ધર્મ : લોકોપકારી શુભ કર્મ. (૨) અર્થ : દ્રવ્યનો સદુપયોગ. (૩) કામ : ધર્મનું અવિરોધી સુખ. (૪) આત્માનુભવ : આત્માના દિવ્ય, શુદ્ધ રૂપનું ચિંતન. (૫) ભગવદનુભવ : નિરંતર ભગવત્કૈંકર્યનો અનુભવ.

ભગવાનને મળવાના ઉપાય. (૧) કર્મયોગ. (૨) જ્ઞાનયોગ. (૩) ભકિત-યોગ. (૪) પ્રપત્તિ-શરણાગતિયોગ. (૫) આચાર્યોપાસના.

વિરોધીસ્વરૂપ. પરમાત્માના મિલનમાં આવતાં વિઘ્ન. (૧) સ્વરૂપવિરોધી. (૨) પરત્વવિરોધી. (૩) પુરુષાર્થવિરોધી. (૪) ઉપાયવિરોધી. (૫) પ્રાપ્તિવિરોધી.

ભગવાનને પ્રાપ્ત કરવાના પાંચે ઉપાયનો રામાનુજદર્શનમાં સમન્વય છે. આચાર્યોપાસનાથી સમજ અને શ્રદ્ધા આવે છે. નિષ્કામ કર્મયોગથી ક્રિયમાણ

કર્મો અંતઃકરણમાં વિકાર અને આસકિત નથી ઉત્પન્ન કરતાં. જ્ઞાનયોગથી પહેલાંનાં સંચિત કર્મ બળી જાય છે. ભકિતયોગ પરમાત્માની સમીપ લઈ જાય છે. પ્રપત્તિયોગ ભકતને પરમાત્મા ઉપર જ નિર્ભર કરી દે છે. અને શ્રીભગવાને 'ચરમ મંત્ર' (ગીતા. ૧૮-૬૬) માં વચન આપ્યું જ છે. તેઓ અનુગ્રહ કરીને પ્રારબ્ધ સહિત સર્વકર્મસંસ્કારથી બનેલા સૂક્ષ્મ શરીરનો નાશ કરીને નિત્ય કૈંકર્યનો, સંસારની આસકિતમાંથી મુકિતનો, મૃત્યુના પાશમાંથી મુકિતનો લાભ આપે જ છે.

પલંગના ચાર પાયા દ્વારા ટીકાકારો ચાર ચારના વિવિધ વર્ગો સૂચવે છે. જેમ કે ચાર આશ્રમ: બ્રહ્મચર્ય, ક્ષત્રિય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ; ચાર વર્ણ: બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર; ચાર પુરુષાર્થ: ધર્મ, અર્થ, કામ અને મોક્ષ; ચાર પ્રકારના ભકત: આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની; ચાર યુગ: સત્ય, દ્વાપર, ત્રેતા અને કલિ; ચાર વ્યૂહ : વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ; ચાર યુગધર્મ: ધ્યાન, અર્ચન, કીર્તન, અર્ચન; ચાર પ્રકારના દેહ: દેવ, મનુષ્ય, તિર્યક, અને સ્થાવર ઈત્યાદિ.

## પદ ૨૦: ભાવાનુવાદ:

તેત્રીસ દેવોના સન્મુખ ઉપસ્થિત રહી તેમનો કંપ અર્થાત્ દુઃખ દૂર કરનારા હે સમર્થ ! તમે શય્યા ત્યાગીને ઊઠો. હે ઋજુ ! હે બલવાન ! હે પરંતપ ! હે વિમલ ! શયન છોડીને ઊઠો. સુવર્ણકળશ સમાન કોમળ સ્તન, રકત અધર અને સૂક્ષ્મ કટિવાળી હે નપ્પિન્ને ! હે મહાલક્ષ્મી ! શયન ત્યાગીને ઊઠો. વ્રતમાં આવશ્યક પંખો અને દર્પણ તેમ જ તમારા વલ્લભ શ્રીકૃષ્ણ– એ સર્વ અમને આપીને અમને આ ક્ષણે જ સ્નાન કરાવી દો – અમને અત્યારે જ ભગવાનનું મિલન કરાવી દો.

## ઉદ્દઘાટન :

ઓગણીસમી ગાથામાં દિવ્ય દંપતીને શય્યા છોડવા વીનવતાં સુમધુર સ્તુતિ કરી, પણ એ તો ઊઠયાં જ નહિ. ગોપીઓની આર્તિ તો પ્રતિક્ષણ વધતી જતી હતી એટલે ફરીથી આ પ્રબંધ દ્વારા સ્તુતિ કરી.

તેત્રીસ મુખ્ય દેવો આ પ્રમાણે: આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય અને બે અશ્વિનીકુમાર. આ દેવો વિશિષ્ટ પુણ્ય કર્મોના પ્રતાપે દેવતા પદ પામીને, મનુષ્યો દ્વારા વિવિધ યજ્ઞોથી પૂજાઈને તેમનાં દુઃખ દૂર કરી સુખ આપે છે;

પરંતુ કદી કદી એમનાં ઉપર પણ એવાં દુઃખ પડે છે કે તેઓ પોતાનાં જ દુઃખ દૂર કરી શકતા નથી ! આવી અવસ્થામાં કેવળ ભગવાન જ તેમના ઉપર કૃપા કરીને તેમનું દુઃખ દૂર કરે છે. જેમ કે વેદાપહરણથી દુઃખી બ્રહ્મા, ભસ્માસુરથી પીડિત શિવજી, બલિ વગેરે દૈત્યોથી પીડિત ઈન્દ્ર વગેરેને ભગવાન જ બચાવે છે. તેથી અહીં નારાયણના દેવદુઃખ દૂર કરવાના સામર્થ્યનું કીર્તન કર્યું છે.

અને દેવોનાં જ નહિ, બીજાંઓનાં દુઃખ પણ શ્રીકૃષ્ણ દૂર કરે છે. એનું ઉત્તમ ઉદાહરણ તો મહાયુદ્ધના અઢારે દિવસ અર્જુનની આગળ બેસી રથ હાંકયો. ભગદત્તના અમોઘ વૈષ્ણવાસ્ત્રને છાતી ઉપર ઝીલ્યું. ભીષ્મ–દ્રોણ–જયદ્રથ–કર્ણ વગેરેનો સંહાર કરાવ્યો. પરંતુ અહીં ગોપીઓ એમને દેવોનાં દુઃખ દૂર કરનાર કહીને પ્રણયપૂર્ણ કટાક્ષ કરે છે : શ્રીકૃષ્ણ ! તમે દેવોનાં દુઃખ દૂર કરો છો, ગોપીઓનાં નહિ ! ઐશ્વર્યાદિ નશ્વર પુરુષાર્થ માગનારાઓની ભાવટ ભાંગો છો, કૈંકર્યરૂપ પરમ પુરુષાર્થ માગનારાઓની નહિ ! ગરજ પડયે નમવાનો અભિનય કરનાર કૃતઘ્નોનાં દુઃખ દૂર કરો છો, પરંતુ નિરંતર આપની ચરણસેવા કરનાર કૃતજ્ઞોનાં નહિ ! આપને પરિશ્રમ આપનારની પ્રાર્થનાને માનો છો પણ અસીમ પ્રેમથી પરવશ થઈ આપનું મંગલશાસન કરનારની પ્રાર્થના નથી માનતા! અથવા એમ હશે નશ્વર શરીર ઉપર આવતી આપત્તિઓથી બચવા ઈચ્છનારાની જ તમે રક્ષા કરતા હશો; શાશ્વત જીવાત્માને ઘેરનાર આપત્તિઓથી બચવા ઈચ્છનારાની રક્ષા નહિ કરતા હો !

આમ ગોપીઓ ભગવાનને પૂછે છે : ક્ષુદ્રપુરુષાર્થકામુક, રાજસ-તામસગુણપ્રેરિત, સ્વાર્થલોલુપ, અહંકારી દેવોની પણ રક્ષા કરનાર હે ભગવન્ ! આપ શા માટે આપનું નિત્ય કૈંકર્ય માગનારી, સત્ત્વગુણ–સંપન્ન, આપનું મંગળ વાંછનારી, અનન્યગતિ એવી અમારી શા માટે ઉપેક્ષા કરો છો ?

ગોપીઓએ ભગવાનને ઋજુ કહ્યા છે. ધૂર્ત તરીકે સુપ્રસિદ્ધ શ્રીકૃષ્ણ ઋજુ ! ભગવાન તો ઋજુ જ છે. ભકતોને ખુશ કરવા, ભકતો સાથે આનંદ લૂંટવા, બાળલીલાઓમાં ભગવાન કપટી જેવું વર્તન કરતા જણાય છે. ભગવાન સરળ છે. આપેલાં વચન પરિપૂર્ણ કરે છે. ભકતોના રક્ષણ માટે શત્રુઓનો નાશ કરવામાં શ્રીકૃષ્ણ બળવાન છે.

ભગવાન શત્રુઓને ભયજ્વર આપનારા છે. રાવણ અને કંસ એમના ભયથી કંપતા એ તો સુપ્રસિદ્ધ છે. વસ્તુત : ભગવાનને કોઈ શત્રુ કે મિત્ર નથી:

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम् ॥

ગીતા ૯–૨૯

સર્વ પ્રાણીઓમાં હું સમભાવે રહું છું. મારે કોઈ શત્રુ કે પ્રિય નથી. એમ છતાં જે મને ભકિતથી ભજે છે તેઓ મારામાં અને હું પણ તેમનામાં છું.

આને કારણે ભગવાનમાં જ સર્વાર્પણ કરનારા ભકતોને "હું બુદ્ધિયોગ–વિવેકબુદ્ધિ આપું છું," એમ કહ્યું. અને વળી પોતે જ એ ભકતો ઉપર કૃપા કરીને એમના અજ્ઞાનરૂપી અંધકારનો જ્ઞાનરૂપી ઝળહળતા દીવાથી નાશ કરે છે એમ વચન આપ્યું છે. (ગીતા ૧૦—૧૦,૧૧) બીજી બાજુ "આસુરી સંપત્‌વાળા ક્રૂર, અશુભ નરાધમોને હું નિરંતર આસુરી યોનિઓમાં નાખું છું; અને એમ એ મૂઢો અધમ ગતિને પામે છે;" એમ પણ કહ્યુ છે. (ગીતા ૧૬–૧૮થી૨૦). તેની પાછળ વ્યકિતની પોતાની સુજનતા અથવા દુર્જનતા કારણભૂત છે.

એટલે સમભાવે, ભકતોને બુદ્ધિયોગ આપનારા અને દુર્જનોને અધમ ગતિ આપનારા ભગવાન 'વિમલ' છે, નિર્દોષ છે.

હવે પુરુષકાર કરનારી–જીવ અને પરમાત્મા વચ્ચે મધ્યસ્થી કરી જીવાત્મા ઉપર દયા કરવા માટે ભગવાનને ફરજ પાડનારી નપ્પિન્નૈના અપ્રતિમ સૌંદર્યની સ્તુતિ કરી છે. નીલા દેવીનાં કળશ સમાન સુંદર સ્તન જ્ઞાન અને ભકિતનાં નિદર્શક છે. રકત અધર ભગવાનને વશ કરી લેનાર વિનયપૂર્ણ વાણીના પ્રતીક છે. સુક્ષ્મ તનુમધ્ય સારાસારનો સમુચિત વિવેક કરનાર કુશળ, નિર્મળ બુદ્ધિનું પ્રતીક છે. આ સદ્‌ગુણોના સૌન્દર્યમાં વ્યામુગ્ધ ભગવાનને નીલા દેવીની મધ્યસ્થીનો સ્વીકાર કરવો જ પડે છે. પરિણામે જીવ ઉપર કૃપા વરસાવી એને નિત્ય કૈંકર્યરૂપ—નિરંતર ભગવત્સેવારૂપ પરમ પુરુષાર્થ પ્રદાન કરે છે. શાસ્ત્રો અનુસાર પુરુષકાર અર્થાત્ મધ્યસ્થી પ્રધાનમહિષી મહાલક્ષ્મી જ કરે છે. તેમ છતાં બીજી દેવીઓ પણ લક્ષ્મીજીના જ અંશ હોઈ તેઓ પણ પુરુષકારકૃત્ય કરે છે. શ્રીદેવીનો પુરુષકાર કદી વ્યર્થ જતો નથી. તેથી નીલા દેવીને અહીં 'તિરુવે — હે મહાલક્ષ્મી !' એમ

સંબોધન કર્યું છે. અહીં ગોપીઓ નીલા દેવીને કહે છે: "ભગવાન પ્રસન્ન ન થતા હોય તો તમે તમારા અપ્રતિમ સૌન્દર્ય વડે એમને પરવશ બનાવી અમારા ઉપર અનુગ્રહ કરવો."

આ પ્રાર્થનાથી પ્રસન્ન થયેલ નપ્પિન્નૈ બોલ્યાં: "સખીઓ ! હું જાણું છું, અને તમારું કલ્યાણ કેમ થાય તેનું ચિંતન કરું છું. બોલો તમારું શું કાર્ય કરું ?"

ત્યારે ગોપીઓએ વ્રતનાં આવશ્યક ઉપકરણ માગ્યાં. વ્રતમાં આવશ્યક પંખો એ સંસારતાપ હરણ કરનાર દ્વય મંત્રનું પ્રતીક છે. દ્વય મંત્રનું ઉદ્ઘાટન શ્રીરામાનુજાચાર્યે 'શરણાગતિગદ્ય'માં સુચારુરૂપે કર્યું છે. તદનુસાર પ્રપન્ન આત્મા નિમ્નાંકિત ભાવના જેવી ભાવનાઓના સમૂહથી ભગવાનને શરણે જાય છે: "જેને બીજું કોઈ શરણ નથી તેને પણ શરણ આપનારા હે શ્રીમન્નારાયણ ! હું બીજા કોઈનો આશ્રય લીધા વિના આપનાં ચરણ-કમળ યુગલની શરણમાં આવ્યો છું. હે વિભો ! પિતા, માતા, સ્ત્રી, પુત્ર, ભાઈ, મિત્ર, ગુરુ, રત્ન, ધન, ધાન્ય, ખેતર, ઘર, સર્વ ધર્મો-ઉપાયો અને અક્ષરતત્ત્વ સહિત સર્વ કામનાઓને ત્યજીને જગતને ઉલ્લંઘી જનારાં આપનાં બે ચરણની શરણમાં હું આવ્યો છું. હે દેવદેવ ! તમે જ મારાં માતા, પિતા, બંધુ, ગુરુ, વિદ્યા અને ધન છો. તમે જ મારું સર્વસ્વ છો. શ્રીમન્નારાયણ अशरण्यशरण्य अनन्यशरणस्त्वपादारविन्दयुगलं शरणं प्रपद्ये । पितरं मातरं दारान्पुत्रान्बन्धून्सखीन्गुरून् । रत्नानि धनधान्यानि क्षेत्राणि च गृहाणि च ॥ सर्वधर्मांश्च संत्यज्य सर्वकामांश्च साक्षरान् । लोकविक्रान्तचरणौ शरणं तेऽव्रजं विभो ॥ त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बन्धुश्च गुरुस्त्वमेव । त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देवदेव ॥ અને દર્પણ એ તો આત્મ-સ્વરૂપ પ્રકાશક તિરુમંત્ર, ॐनमो नारायणाय નું વાચક છે. ॐકારમાં ત્રણ અક્ષર છે. અ, ઉ અને મ્ 'અ' એટલે નારાયણ, 'મ્' એટલે જીવાત્મા અને 'ઉ' એટલે નારાયણ અને આત્મા વચ્ચેનો અતૂટ સંબંધ એવો અર્થ છે. તેથી ॐનો અર્થ થયો, જીવાત્મા નારાયણનો જ છે. 'નમઃ'નો અર્થ 'ન મમ' એવો કરવામાં આવે છે, અને તેમાં 'અહમ્' અધ્યાહાર સમજવામાં આવે છે. તેથી તેનો અર્થ થયો 'અહમ્ ન મમ'-હું મારો નથી. એટલે સમગ્ર મંત્રનો, 'હું ભગવાનનો જ સેવક છું. હું મારો નથી, નારાયણનો છું;' એવો અર્થ થાય છે. નારાયણ જડ-ચેતન સર્વના સ્વામી છે.

અને ભગવાનને તો માગ્યા જ છે. અર્થાત્ ભગવાન કેવળ ઉપેય જ નથી,

ઉપાય પણ છે જ તે નિર્દેશીને સૂચવ્યું છે કે, ભગવાનની સહાય ભગવત્પ્રાપ્તિ, ભગવદનુભવ અને ભગવત્કૈંકર્ય માટે અનિવાર્ય છે.

### પદ ૨૧: ભાવાનુવાદ :

આંચળ નીચે દોણી મૂકતાં જ દોણીઓ ઊભરાઈ જાય એવું નિરંતર દૂધ દેનારી પરમ ઉદાર મોટી મોટી ગાયોના ધણના સ્વામી નંદગોપના પુત્ર હે કૃષ્ણ ! તમે જાગો. હે ભકતરક્ષક ! હે વેદવેદિતવ્ય અથવા કદાચ વેદોથી પણ અવિદિત હે મહાન ! હે વિશ્વમાં આવિર્ભૂત જયોતિસ્વરૂપ ! તમે જાગો. તમારા ઉપર પોતાનું પરાક્રમ નિષ્ફળ જતાં, કયાંય નાસી જવાયું એવું ન રહેતાં, જેમ તમારા મહાલય આગળ શત્રુઓ તમારા શરણે આવે છે, એમ અમે પણ (ભકત હોવાના નાતે પ્રેમભકિતથી) સ્તુતિ કરતી તમારા દ્વારે આવી છીએ.

### ઉદ્ઘાટન :

ભગવાન ગોપસમૂહમાં ઊછર્યા. એમને ગોપ હોવાનું ગૌરવ હતું. નિમ્ન કક્ષાની જ્ઞાતિમાં જન્મવા બદલ લજજા નહોતી. ગોવર્ધનધારણ કર્યા પછી ગોપોએ દીનભાવે એમની પ્રશંસા કરી. ત્યારે ભગવાને પ્રણયરોષથી કહ્યું: "તમારી સાથેના મારા સંબંધથી જો તમને લજજા ન આવતી હોય, તો તમારે માટે હું પ્રશંસાપાત્ર છું એવો વિચાર જ શા માટે કરવો ? હું દેવ, ગંધર્વ, યક્ષ કે રાક્ષસ નથી. હું તો તમારો બાંધવ છું તમારે આ બાબતમાં બીજો કંઈ વિચાર કરવો નહિ." ('વિષ્ણુપુરાણ' ૫–૧૨–૧૦થી૧૨).

નંદગોપ શ્રીમાન હતા. એમની શ્રી એટલે ઘડા ઊભરાઈને દૂધ વહી જાય એટલું ભરપૂર દૂધ દેતી હાથી જેવી ગાયો. અને ગાયો પણ પરમ ઉદાર. દૂધ ખૂબ આપે પણ લાતો મારવી, શિંગડે ચડાવવાં જેવા દોષો વિનાની નિર્દોષ, આવા 'મહાન ઐશ્વર્યશાળી શ્રીમાન (અને આગળની ગાથાઓમાં કહ્યું તેમ અતુલ ઉદાર અને બળવાન) નંદગોપના પુત્ર હે કૃષ્ણ !' એમ ગોપીઓ શ્રીકૃષ્ણને પ્રાર્થે છે. અને એ પ્રાર્થના દ્વારા શ્રીકૃષ્ણને સ્મરણ કરાવે છે: "આપ પરમપદ છોડી, વિવિધ દોષ ભરેલા આ સંસારમાં, અજ્ઞાન અને ગોચારણમાં મગ્ન પશુ સમાન ગોવાળોના સ્થાન વ્રજમાં જે ઉદ્દેશથી પધાર્યા છો તેનું સ્મરણ કરો. અમે કંઈ પરમપદમાં આવીને તમારા આનંદમાં વિઘ્ન નથી કરતી, તેમ ક્ષીરાબ્ધિમાં આવી દેવોની જેમ રોઈ રોઈને તમારી યોગનિદ્રામાં ભંગ પાડતી નથી. અમે તો જયાં તમે સ્વયં કૃપા કરવા પધાર્યા છો તે વ્રજભૂમિમાં, તમારાં જ સ્વજન તરીકે પ્રાર્થના કરીએ છીએ. એ પ્રાર્થના

માનવામાં તમારો ઉદ્દેશ પાર પડે છે. એમાં તમે પરોપકાર નથી કરતા ! ”

ગોદામાએ શ્રીકૃષ્ણને ‘વેદવેદિતવ્ય અને ભકતરક્ષક’ કહ્યા છે. सर्वे वेदा यत्पदमामनन्ति । જે પદનું સર્વ વેદો વર્ણન કરે છે (કઠ. ૧–૨–૧૫); वेदैश्च सर्वैरहमेव वेद्यः। સર્વ વેદોથી જાણવાયોગ્ય હું જ છું. (ગીતા ૧૫–૧૫). વગેરે વચનોથી ભગવાન જાણવા યોગ્ય છે. આશ્રિતોનું રક્ષણ કરવામાં સુદઢ રહેવું એ તો ભગવાનનું વ્રત છે. न मे मत्कः प्रणश्यति। મારો ભકત નાશ પામે જ નહિ. (ગીના ૯–૩૧). અને દ્રૌપદીને અભયવચન આપતાં ભગવાને કહેલું : “કદાપિ આકાશ તૂટી પડે, હિમાલય ફાટી જાય, પૃથ્વીનાં ફાડચાં થઈ જાય અને સાગર સુકાઈ જાય તોપણ મારું વચન મિથ્યા નહિ થાય” न मे मोघं वचो भवेत् । (મ. ભા. ૩–૧૩–૧૧૭). રામાવતારમાં કૈકેયીને કહ્યું છે रामो द्विर्नाभिभाषते । (વા.રા. અયોધ્યા. ૧૬–૧૯)

શ્રીકૃષ્ણને ત્રીજું સંબોધન કર્યું છે: ‘હે મહાન !’ અર્થાત્ ‘હે પરબ્રહ્મ !’ ભગવાન તો અનંતકોટિકલ્યાણગુણસાગર. ગમે તેટલું વર્ણન કરો પણ એમનું પરિપૂર્ણ વર્ણન થઈ જ ન શકે.

ચોથું સંબોધન છે : ‘ વિશ્વમાં આવિર્ભૂત જ્યોતિસ્વરૂપ ! ’ સામાન્ય જીવ સંસારમાં અવતરતાં અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશથી વિવશ થઈ કલેશોથી મલિન બને છે. એ કલેશોમાંથી મુકત થાય ત્યારે જ આનંદમય જ્યોતિસ્વરૂપ બને છે. પરંતુ શ્રીભગવાનનું એનાથી વિપરીત છે. ભગવાન તો શ્રીરામાનુજાચાર્યે ‘શરણાગતિગદ્ય’માં કહ્યું છે એમ ‘સર્વ ત્યાજ્ય ગુણસમુદાયના વિરોધી અને સર્વના કલ્યાણમાં એકાગ્ર’ હોઈ એ નિર્દોષ અને પ્રકાશ સ્વરૂપ છે. એ મલિન બનતા નેથી પરંતુ આ દુઃખપૂર્ણ સંસારમાં એમના દયા, ક્ષમા, સૌશીલ્ય, સૌલભ્ય, મૃદુતા, ઋજુતા, સૌહાર્દ ગાંભીર્ય. ઔદાર્ય, દક્ષતા, ધૈર્ય, શૌર્ય, પરાક્રમ, સત્યકામત્વ, સત્યસંકલ્પતા સત્યકર્મતા કૃતજ્ઞતા. આદિ અસંખ્ય શુભ ગુણોની જ્યોતિ ખાસ પ્રકાશે છે. આ ગુણો પરમપદમાં ગૂઢ હોય છે. આ સંબોધન પાછળ એવો વ્યંગ્ય છે : “હે વિભો ! આપ જો અમારી વિનંતી માનીને શય્યામાંથી નહિ ઊઠો તો આપની જ્યોતિની હાનિ થશે, માટે એવું થવા ન દેશો ! ”

હવે આણ્ડાળ ગોપીઓની સરખામણી, ભગવાનના પરાક્રમથી હારી,

થાકીને એમના શરણે આવતા શત્રુઓ સાથે કરે છે. આ તુલના ગોપીઓની અત્યધિક નમ્રતા અને પ્રપત્તિમાર્ગમાં એમની પરિપૂર્ણ શ્રદ્ધાની દ્યોતક છે. ગોપીઓ માની લે છે કે પોતે કરવા લાયક કર્મો નહિ કરીને ન કરવા લાયક કર્મો કરીને ભગવાનના અનેક અપરાધ કરીને એમનો કોપ વહોરીને એમના શત્રુ જેવું વર્તન કર્યું છે. અહીં એનો પૂરેપૂરો પશ્ચાત્તાપ કરી, ક્ષમા માગીને ભગવાનનું શરણ લીધું છે. અને પછી તો ભગવદ્‌ગીતામાં (૯—૩૦, ૩૧) વચન આપ્યા પ્રમાણે આ ગોપીઓ ધર્માત્મા થઈ જ ગઈ છે, તેથી ભગવાનનું ભક્તિપૂર્વક સ્તવન કરે છે. ગોપીઓને તો પરમ વિશ્વાસ છે કે 'જે ભગવાને મહાપાપીઓને ક્ષમા આપી છે, તે ભગવાન પ્રપન્ન ભક્તજન અમને પરમ પુરુષાર્થ પ્રદાન કરશે જ. ભગવાને ચરમ શ્લોક (ગીતા ૧૮—૬૬) માં વચન આપ્યું છે તે ગોપીઓના હૃદયમાં છે.

શ્રીરામાનુજાચાર્યે 'શરણાગતિગદ્ય'માં આ વિચારોને અદ્‌ભુત રીતે રજુ કર્યા છે.

## પદ ૨૨ : ભાવાનુવાદ :

સુંદર અને વિશાળ ભૂમંડળના સમસ્ત ભૂપતિઓ ગર્વભંજન થતાં આપના સિંહાસનની છાયામાં ટોળાબંધ આશ્રય લે છે, એમ અમે પણ અહંકારશૂન્ય થઈને આપની પાસે આવી છીએ. નાનકડી કિંકિણીના અધખૂલ્યા મુખ સમાન, અને અર્ધવિકસિત કમળ જેવાં આપનાં પ્રેમાળ રક્તનયન શું અમારાં ઉપર નહિ ઠરે ? જાણે એક સાથે ચંદ્ર અને સૂર્ય ઊગતા હોય એવાં આપનાં ઉભય નેત્રોનો કટાક્ષ જો આપ અમારા ઉપર નાખશો તો અમારા ઉપરનો શાપ નાશ પામશે.

## ઉદ્‌ઘાટન :

પૂર્વ ગાથાની સ્તુતિના અનુંસંધાનમાં ગોપીઓ સ્તવે છે: ઐશ્વર્યાભિમાની રાજાઓ, અને બીજા ઐશ્વર્યાભિમાનીઓ પણ અનેક કારણોસર દર્પખંડન થતાં જેમ આપના શરણે આવીને આપની સેવામાં લાગી જાય છે, એમ અમે પણ સર્વ પ્રકારનાં અભિમાન ત્યાગીને કેવળ એક આપની જ સેવા માટે—અનન્યાર્હશેષત્વમાં સ્થિર રહીને આવી છીએ. તો સર્વાન્તર્યામી, સર્વેશ્વર એવા તમારો પ્રેમળ નેત્રકટાક્ષ શું અમારા ઉપર નહિ પડે ? એ પ્રેમપૂર્ણ કટાક્ષ કેવો હોય ? એક સાથે ચંદ્ર અને સૂર્ય ઊગતા હોય તેવો. ચંદ્ર ઊગે

એટલે કમળપુષ્પ બિડાય અને સૂર્યોદય થતાં કમળ ખીલે. એમ તમારાં નેત્ર પણ અર્ધવિકસિત-અર્ધ ખીલેલાં કમળ જેવાં, અધખૂલ્યાં હોય. અર્થાત્ આપનાં કમળનયન અમારા અપરાધ તરફ બંધ હોય અને સાથે જ અમારા નિષ્કામ સ્નેહ તરફ આપનાં એ કમળનયન ખુલ્લાં હોય! અથવા આપની ચંદ્રોદય જેવી દષ્ટિ ભકતપાલક અને સૂર્યોદય જેવી દષ્ટિ શત્રુસંહારક હોય.

અમારાં જન્માંતરનાં પાપોને લીધે આવેલો વિરહતાપરૂપી શાપ આપના કૃપાકટાક્ષ વડે નાશ પામશે અને અમે તમારા નિત્યાનુભવરૂપી વ્રતસ્નાન કરીશું.

**પદ ૨૩ : ભાવાનુવાદ :**

વર્ષા ઋતુમાં પહાડની ગુફામાં લપાઈને ગાઢ નિદ્રા લેતો શ્રેષ્ઠ સિંહ, જાગીને આગ ઝરતી આંખો ખોલી, શરીર હલાવી, સુવાસિત યાળને ઝાટકી, આળસ મરડી, ગર્જના કરી, ગુફામાંથી બહાર નીકળે એમ હે પૂવૈ પુષ્પ-અતસી પુષ્પ જેવા વર્ણના શ્રીકૃષ્ણ! તમે મંદિરમાંથી નીકળી સભામંડપમાં પધારો, અને કલાયુકત મનોહર અતિ શ્રેષ્ઠ સિંહાસન ઉપર બિરાજો, અને કૃપા કરીને અમારી પ્રાર્થના ઉપર વિચાર કરો.

**ઉદ્દ્ઘાટન :**

શ્રીકૃષ્ણ હવે જાગીને શય્યામાં બેઠા છે. ગોપીઓ તેમને નમ્રતાપૂર્વક પ્રાર્થે છે.

શ્રીકૃષ્ણને પર્વતગુફામાં લપાઈને ગાઢ નિદ્રા લેતા સિંહની ઉપમા આપી ગોપીઓ સૂચવે છે: વર્ષા કાળમાં મેઘગર્જના સાંભળી, જાગી, આળસ મરડી, આગ ઝરતી નજરે જોતો અને ગર્જતો સિંહ જેમ ગુફામાંથી બહાર આવે એમ ગોપીઓની સ્તુતિરૂપી ગર્જનાથી પ્રણયકોપ સાથે અળસીના ફૂલ જેવા નીલ વર્ણના શ્રીકૃષ્ણ મંદિરમાંથી બહાર નીકળી સભામંડપમાં પધારે. અને તે પછી આ અહૈતુક ભકિતવાળી ગોપીઓને જોઇ રોષ મૂકી દઈ, એમની વિનંતી સાંભળવા સિંહાસન ઉપર બિરાજે. સિંહ તો સિંહાસન ઉપર બિરાજે ને! એ કંઈ મૃગાસન કે એવાં અન્ય આસનો ઉપર થોડો બેસવાનો!

સભાસ્થાનમાં, ધર્માસન એવા સિંહાસન ઉપર બિરાજેલા રાજરાજેશ્વર ભગવાન આગળ, એમને સ્તુતિથી પ્રસન્ન કરી, એમની પાસેથી અભયવચન પામી, ગોપીઓ એમની આગળ પોતાની માગણી રજૂ કરવાનું ઈચ્છે છે.

પદ ૨૪ : ભાવાનુવાદ :

પેલે દિવસે ત્રૈલોક્યને માપનાર એ શ્રીચરણોનો જય હો ! જય હો ! ત્યાં દક્ષિણમાં જઈને સુંદર લંકાનો નાશ કરનાર તમારા પરાક્રમનો જય હો ! જય હો ! શકટરૂપમાં રહેલ અસુર તૂટી જાય તે રીતે પાટુ મારનાર . તમારા યશનો જય હો ! જય હો ! વાછરડાના રૂપમાં આવેલા વત્સાસુરને લાકડાના ઠ્ઠીમચાની જેમ (કપિત્થાસુર ઉપર) ફેંકનારા તમારા ચરણારવિંદનો જય હો ! જય હો ! ગોવર્ધનને છત્રરૂપે ધારણ કરનારા હે ગિરિધર ! તમારા અસંખ્ય કલ્યાણકર ગુણોનો જય હો ! જય હો ! શત્રુઓને પરાસ્ત કરી દ્વેષ સમાપ્ત કરનારા, તમારા હાથમાં રહેલા વેલાયુધનો જય હો ! જય હો ! આ રીતે તમારાં વીરકર્મોનું યશોગાન કરતી આજે અમે પરૈ—નગારું, પરમ પુરુષાર્થ લેવા આવી છીએ. અમારા ઉપર અનુગ્રહ કરો.

ઉદ્‌ઘાટન :

ગોપીઓના હૃદયમાંથી આવતી પ્રાર્થના સાંભળી શ્રીકૃષ્ણ દ્રવી ગયા. ગોપીઓની ઈચ્છા અનુસાર શય્યા છોડી આસ્થાન મંડપ તરફ મંદ ગતિએ ચાલવા લાગ્યા. આ જોતાં જ ગોપીઓનું હૃદય પ્રેમ, સંકોચ, ભય વગેરે ભાવોથી ભરાઈ ગયું. શ્રીભગવાન તૈયાર થઈને સભામંડપમાં આવતા હોય ત્યારનું એમનું સૌન્દર્ય નીરખવાની લાલસાથી પ્રાર્થના કરી તો ખરી; પણ ભગવાનને ચાલતાં ચાલતાં આવતા જોયા એટલે પહેલાં તો એમની ભકતપરાધીનતા જોઈ ગોપીઓનાં હૃદય પ્રેમથી ખીલ્યાં, પરંતુ એમને આવી તસ્દી આપવા બદલ ગોપીઓને તરત જ સંકોચ થયો. વળી ભગવાનની અપ્રતિમ કોમળતા ગોપીઓના ધ્યાનમાં આવી. કમળનું પરાગ પણ જેને કાંટા જેવું લાગે એવાં કોમળ વિગ્રહધારિણી લક્ષ્મીજીનો કરસ્પર્શ પણ એમનાં ચરણને કઠણ લાગે છે, તેથી લક્ષ્મીજી પણ એમની ચરણસેવા કરતાં સંકોચાય છે, એવા સુકુમાર દિવ્ય ચરણને આ કઠિનતમ પૃથ્વી ઉપર અમારે લીધે મૂકવા પડયા ! આવા આવા વિચાર કરતી ગોપીઓ ભકિતપરવશ થઈને શ્રીકૃષ્ણનું મંગળાશાસન કરે છે, એમનું કુશળ —મંગળ વાંછે છે !

ભગવાનનું મંગળાશાસન થઈ શકે ? એમનું આશીર્વાદપૂર્વક કુશળ—મંગળ વાંછી શકાય ? ભગવાન તો સર્વજ્ઞ, સર્વવ્યાપી, સર્વશકિતમાન, નિર્દોષ અને સર્વકલ્યાણનિધિ, એમનું અમંગળ થાય એ જ અસંભવિત.

અને ધારો કે, અમંગળ થાય તો પણ અલ્પ શકિતવાળો, અલ્પજ્ઞ જીવ એને દૂર કરી શકે? વસ્તુતઃ આ જીવો પોતાનું અમંગળ દૂર કરી કલ્યાણ પામવા ભગવાનની પાસે જઈને એમને પ્રાર્થે છે.

ભગવાન પ્રત્યે ભકતોની બે પ્રકારની પ્રેમાવસ્થા હોય છે. એક તો જ્ઞાનાધિક અને બીજી ઉત્કટ પ્રેમાધિક. જ્ઞાનાધિક અવસ્થામાં શ્રીભગવાનના અપ્રતિમ કલ્યાણગુણોનું ભાન હોઈ ભકત એ સર્વરક્ષક મંગલકારી ભગવાન પાસે રક્ષણ માગે છે, પરંતુ જયારે આ અવસ્થા આગળ વધી પ્રેમ ઘનીભૂત થતાં ભગવાનની સુકુમારતા અને સૌન્દર્ય ઉપર દષ્ટિ સ્થિર થવાથી ભગવાનના સર્વજ્ઞ, સર્વશકિતમાન આદિ ગુણો ભૂલીને ભકત પ્રેમાંધ બની જાય છે. પ્રેમાંધ બનતાં ભકત પોતાને રક્ષક જેવો માનીને ભગવાનનું, એમનાં સૌન્દર્ય અને સૌકુમાર્યનું રક્ષણ વાંછે છે. તદનુસાર એ ચેષ્ટા પણ કરે છે. સમયાનુસાર એ વિભિન્ન રીતે વ્યકત થાય છે. એવી મૌખિક ચેષ્ટા મંગળાશાસન કહેવાય છે. ગોદા દેવીના પાલક પિતા વિષ્ણુચિત્ત આળવારે 'તિરુપ્પલ્લાણ્ડુ' દિવ્ય પ્રબન્ધ ગાઈ ભગવાનનું મંગળાશાસન કરેલું છે. પિતાના પગલે ચાલી આરૂઢ ભકત અને કવયિત્રી શ્રીઆણ્ડાળ પણ ભગવાનના અવતારોનાં દિવ્ય ચરિત્રોનું સ્મરણ કરીને મંગળાશાસન કરે છે.

ઈન્દ્રાદિ દેવો બલિ રાજાથી ત્રાસ્યા ત્યારે ત્રિવિક્રમાવતાર ધરી, તેમની વહારે ધાઈ, ત્રૈલોકયને માપી બલિને રસાતળમાં ચાંપ્યો તે ચરિત્રનું; રામાવતારમાં બળવાન રાવણની લંકાનો ધ્વંસ કર્યો તે પરાક્રમનું; અને શ્રીકૃષ્ણાવતારમાં શકટ ભંગ કર્યો ; વત્સાસુરનો વધ કરી તેને કપિત્થવૃક્ષ ઉપર પછાડયો; તેમજ ગોવર્ધન પર્વતને છત્રની જેમ ધારણ કર્યો તે વીર ચેષ્ટિતોનું મંગળ વાંછીને ગોપીઓએ અભિવાદન કર્યું છે. આ ગાથા દ્વારા 'તિરુપ્પાવૈ'માં ગોદા ત્રિવિક્રમ અવતારનો ત્રીજી વખત, રાવણવધનો ત્રીજી વખત અને શકટાસુરનો વધનો બીજી વખત ઉલ્લેખ કરે છે. જયારે વત્સાસુરનો લાકડાના છૂટા ફીમચાની જેમ ઘા કરી વત્સાસુર અને કપિત્થ વૃક્ષના રૂપમાં રહેલા કપિત્થાસુરનો એમ બે અસુરોનો એક જ ઘાથી નાશ કરવાના પ્રસંગનો; અને ગોવર્ધનધારણના પ્રસંગનો પહેલી જ વખત નિર્દેશ કરે છે.

ઉપર્યુકત વિવિધ ચરિત્રો અને એવા બીજાં ચરિત્રો દ્વારા શ્રીભગવાનના સૌન્દર્ય, સૌકુમાર્ય, લાવણ્ય, યૌવન, વાત્સલ્ય, સૌશીલ્ય, સૌહાર્દ, સૌલભ્ય,

માધુર્ય, ગામ્ભીર્ય કારુણ્ય, શૌર્ય, પરાક્રમ, ચાતુર્ય, સ્થૈર્ય, ધૈર્ય આદિ કલ્યાણકર ગુણસમૂહનો મૃદુ–તીવ્ર પ્રકાશ સર્વત્ર ફેલાય છે. તેનું મંગળાશાસન કર્યા પછી શત્રુવિજયી પરંતપ શ્રીકૃષ્ણના હાથમાં શોભતા, ગોપ જાતિ માટે સમુચિત એવા વેલ્–આયુધનું (ભાલાનું) મંગળાશાસન કર્યું છે. ચક્રરાજ સુદર્શન ભગવાનના વિવિધ અવતારોમાં તે તે પ્રસંગોને અનુરૂપ રૂપ ધારણ કરે છે. જેમ કે વરાહ અવતારમાં દાઢ, નૃસિંહ અવતારમાં નખ, પરશુરામ અવતારમાં પરશુ, રામાવતારમાં બાણ ઈત્યાદિ.

મંગળાશાસન પાછળ ગોપીઓના હૃદયનો ભાવ આ પ્રકારનો છે: "હે નાથ! તમારાં ચરણ, કમળ કરતાં પણ કોમળ અને સુંદર છે. જ્યારે તમે વ્રજમાં ગોચારણ માટે જાઓ છો, ત્યારે તમારા ચરણ કાંકરા, તણખલા અને દર્ભ–કાંટાં વગેરે વાગવાથી સીદાતા હશે એમ વિચારીને, હે કાન્ત! અમારાં મન બેચેન થઈ જાય છે." (ઉત્તમ તો એ છે કે તમારાં ચરણ નીચે અમારાં હૃદયને મૂકી દો તો અમને તમારી અત્યંત દુર્લભ પરમ પવિત્ર ચરણધૂલિનો લાભ મળે અને તમને કષ્ટ ન થાય!)
('ભાગવત' ૧૦–૩૧–૧૧ ઈત્યાદિ).

મંગળાશાસનથી ભગવાન પ્રસન્ન થયા. એમણે ગોપીઓને પૂછયું: "ગોપીઓ! તમારા મંગળાશાસનથી હું પ્રસન્ન છું. બોલો, તમારે શું જોઈએ?"

ગોપીઓની તો કેવળ એક જ અભીપ્સા છે: "ભગવન્! અમે આ રીતે આપનું મંગળાશાસન કરતી કરતી આપની પાસે જ રહીએ અને આપનું નિત્યકૈંકર્ય કરીએ. એ પરમ પુરુષાર્થ પામવા તો અમે અહીં આવી છીએ. આપ અમારા ઉપર અનુગ્રહ કરો."

શ્રીરામાનુજાચાર્યે 'શ્રીવૈકુણ્ઠગદ્ય'માં ભગવાનને આત્મસમર્પણ કરવા સાથે ઉપર્યુક્ત રીતે વીનવેલા છે. 'તિરુપ્પાવૈ જીયર' ઉપર 'તિરુપ્પાવૈ'ની અસર સ્પષ્ટ દેખાય છે.

**પદ ૨૫: ભાવાનુવાદ :**

એક અદ્વિતીય ભાગ્યશાળી સ્ત્રીના (દેવકીના) પુત્રરૂપે જન્મ્યા અને એ જ રાત્રિએ એક અદ્વિતીય ભાગ્યશાળી સ્ત્રીના (યશોદાના) પુત્ર થઈને ગુપ્તરૂપે ઊછર્યા; તે સમયે આપના ઊછેરને ન સહી શકનાર અને

તમારો દ્રોહ કરવાનું ચિંતન કરતા કંસના અભિપ્રાયને ઊલટાવી નાખીને, એના ઉદરની અગ્નિજવાળા બનનાર હે સર્વેશ્વર ! હે ભકતવ્યામુગ્ધ ! અમે સૌ આપને પ્રાર્થતી આવી છીએ. (અમે સૌ આપને જ માંગી લેતી આવી છીએ !) અમારો અપેક્ષિત પુરુષાર્થ—પરે, નગારું, આપ અમને આપી દો એટલે આપનું ઐશ્વર્ય અને પરાક્રમ, જે શ્રીલક્ષ્મીને અનુરૂપ છે તેનું અમે સંકીર્તન કરીશું. અમે વિરહજન્ય વ્યથાનું—(અવિદ્યાદિ પંચ કલેશોનું) નિવારણ કરી મહાનંદપૂર્ણ બનીશું.

**ઉદ્‌ધારન :**

મંગળાશાસન કર્યા પછી ભગવાનની સ્તુતિ કરવાનો મનોરથ હતો તે ગોદા દેવીએ આ ગાથા દ્વારા પૂર્ણ કર્યો.

ભગવાન અજન્મા, અવિનાશી અને પ્રાણીમાત્રના ઈશ્વર છે; તેમ છતાં પોતાની પ્રકૃતિનો આશ્રય લઈને, પોતાની માયાના બળથી જન્મ ધારણ કરે છે. (ગીતા ૪-૬). એ કંઈ કર્મપરવશ થઈને જન્મતા નથી. અણસમજુ લોકો એમ માની લે ખરા.

આ અજ ભગવાન, ધર્મસંસ્થાપન અને દુષ્ટદમન માટે એક ઠેકાણે પ્રકટયા. તે પણ કેદમાં. ત્યાંથી ચોમાસાની અનરાધાર વરસાદ વરસતી મેઘલી મધ્યરાત્રિએ, યમુનાના પૂરમાં થઈને બીજે સ્થાને ગોકુળમાં ગયા અને બીજા માતાપિતાના કુળમાં ઊછર્યા. આમ માતા દેવકી અને માતા યશોદા બંને ભાગ્યશાળી મહિલાઓને ધન્ય કરી. બંને માતાઓ પોતપોતાની રીતે અદ્વિતીય રહી. અવતાર ધર્યા પહેલાં ભગવાને કંસને જણાવ્યું પરંતુ ઊછર્યા એવી ગુપ્ત રીતે કે બ્રહ્મા અને ઈન્દ્ર પણ ભુલાવામાં ગડી ગયા ! કેટલાક વિદ્વાન ટીકાકારો બે મહામહિમ્ મહિલાઓને 'ૐ નમો નારાયણાય' અને 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ બે વ્યાપક વૈષ્ણવ મંત્રોનાં પ્રતીક માને છે.

શ્રીકૃષ્ણ વ્રજમાં કોઈ અસુરને આયુધ ધારણ કરીને મારવા નથી ગયા. જાણે કે અસુરો જ દ્વૈષની આગમાં જલતા રહ્યા અને એ આગથી બળીને ભસ્મીભૂત થયા. કંસે તો જાતે આમંત્રણ આપી, શ્રીકૃષ્ણ પાસે સામે ચાલીને મૃત્યુ માગ્યું.

મંગળાશાસનનું મનોહર શુભ ગાન સાંભળી શ્રીકૃષ્ણે આનંદસાગરમાં મગ્ન થઈ કહ્યું; "તમારી મધુરવાણીથી હું પ્રસન્ન થયો છું. માગશરની આ

તીવ્ર ટાઢમાં સવારના પહોરમાં તમે ખૂબ કલેશ વેઠો છો. બોલો, તમારો શો ઉદ્દેશ છે? તમને શું આપું?"

ગોપીઓએ ઉત્તર આપ્યો; "પ્રિયતમ! તમારાં દિવ્ય જન્મ અને કર્મનું ગાન કરતી કરતી, આનંદભર્યા હૈયે તમારી સંનિધિમાં અમને કોઈ પણ કલેશ કેમ નડે? અમારા કલેશ દૂર થયા છે. અમને આનંદ જ આનંદ છે. અમારો એક જ ઉદ્દેશ છે. અમને તો તમે જ જોઈએ."

કંસભયના નિમિત્તે શ્રીકૃષ્ણ વ્રજમાં આવ્યા. કંસ પાછળ પડયો. એણે ગુપ્તરૂપે વ્રજમાં અસુરો મોકલવા માંડયા. તેમની મારફતે શ્રીકૃષ્ણની હત્યા કરાવી, તે પછી 'અરે રે! મારો ભાણેજ મૃત્યુ પામ્યો!' એમ કૃત્રિમ વિલાપનો અભિનય કરવા ધારેલું. પરંતુ અહીં તો શ્રીકૃષ્ણે સર્વ અસુરોનો સંહાર કર્યો. કંસના આમંત્રણથી ધનુર્યાગમાં ભાગ લેવા મથુરા આવ્યા. ત્યાં કંસના ધોબી, કુવલયાપીડ હાથી અને ચાણૂર–મુષ્ટિક આદિ મલ્લોનો સંહાર કરી કંસના પેટમાં આગ લગાડી દીધી. એ પછી સ્વયં કંસને પણ મારી નાખ્યો અને પછી, આતુર થઈને મામીઓ આગળ, 'અરે રે! મારા મામા મરી ગયા!' એમ રડયા અને મામીઓને સાન્ત્વન પણ આપ્યું! આ રીતે કંસના અભિપ્રાયને સદંતર ઉલટાવી નાખ્યો. (જુઓ 'વિષ્ણુપુરાણ' ૫–૨૧–૭, ૮; 'ભાગવત' ૧૦–૪૪–૪૯).

ભગવાનને એક સાથે 'કંસના ઉદરની અગ્નિજવાળા' અને 'ભકતવ્યામુગ્ધ કે આશ્રિતવ્યામુગ્ધ' કહ્યા છે, તે ગાથા ૨૦ ના ઉદ્ઘાટનમાં દર્શાવ્યા અનુરૂપ છે. તે છતાં અહીં ભગવાનને આશ્રિતજનોની ભકિતથી વ્યામુગ્ધ થઈ જનારા, ભકતો જેમ સ્નેહથી ભગવાન ઉપર વ્યામુગ્ધ થઈ જાય એમ ભગવાનને ભકતો ઉપર નિસ્સીમ સ્નેહથી વ્યામુગ્ધ થઈ જનારા કહ્યા છે. તમિળમાં 'માલ્' પદનો અર્થ છે વ્યામોહ અથવા સીમાતીત પ્રેમ. ભગવાન નિસ્સીમ પ્રેમાળ છે તેથી તેમનું નામ થઈ ગયું 'માલ–વ્યામુગ્ધ'. અને ભકતો ઉપર અનહદ પ્રેમ કરવાને કારણે કંસ જેવાના હૃદયમાં આગ લાગી ગઈ! સીમાતીત પ્રેમને કારણે તો વિશ્વવિજયી પુરુષોત્તમ નારાયણ અર્જુનના સારથિ થયા. પોતાનું ધ્યાન ધરતા ભકત ભીષ્મનું એકાગ્ર ચિત્તે ધ્યાન કર્યું. (મ. ભા. ૧૨–૪૬–૧૦ થી ૨૩). ધર્મરાજ અને અર્જુન બંનેને અનુનય–વિનયથી બચાવ્યા. ('શ્રીકૃષ્ણ : પુરુષોત્તમ અને અન્તર્યામી' ઉત્તરાર્ધ, પૃ. ૧૫૪–૧૭૮). અને વ્રજમાં જે બાળલીલાઓ કરી તેનું પૂછવું શું? અરે, છેવટે

શ્રીઆણ્ડાળની પહેરેલી ઉચ્છિષ્ટ માળાઓ પોતે પહેરીને 'ધૃતમુકતમાલા નાયિકા'નો મહામહિમા કર્યો.

ભગવાનના ચાર પ્રકારના ભકતો. તે પૈકી આર્ત, જિજ્ઞાસુ અને અર્થાર્થી ભગવાન પાસેથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ માગે છે. જ્યારે અનન્યપ્રયોજન જ્ઞાની ભકત તો સ્વયં ભગવાનને જ માગે છે. ભગવાનનો જ નિરંતર અનુભવ અને નિત્યકૈંકર્ય માગે છે. એ તો વાસુદેવઃ સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભઃ। (ગીતા. ૭–૧૯) પ્રમાણે આવા સુદુર્લભ મહાત્મા બનવાની તીવ્રતમ ઉત્કંઠા ધરાવનારી ગોદા દેવી સહિતની ગોપીમંડળી પરમ પુરુષાર્થ નિત્ય કૈંકર્યરૂપી 'પરૈ' માગે છે.

**પદ ૨૬ : ભાવાનુવાદ :**

હે વ્યામુગ્ધ! હે નીલમણિવર્ણ! અમારા વડીલો જે માર્ગશીર્ષ વ્રતસ્નાન કરતાં તેમાં આવશ્યક ઉપકરણોની વિગત સાંભળો. સમગ્ર ભૂમંડળ કંપી ઊઠે એવી ઘનઘોર ગર્જના કરતા દૂધ જેવા શ્વેત વર્ણના, તમારા પાંચજન્ય જેવા જ શંખ; અત્યંત વિશાળ અને બહુ મોટી ભેરી, મંગળાશાસન કરનારા મહાભકત વૈતાલિકો, મંગળદીપ, વિજયપતાકા અને ચંદરવો, હે વટપત્રશાયી! અમને આપવાની કૃપા કરો.

**ઉદ્‌ઘાટન :**

હવે 'તિરુપ્પાવૈ' ની સમાપ્તિનો ખંડ શરૂ થાય છે. હરિરૂપી તીર્થજળમાં ડૂબકી મારી સ્નાન કરવું એ તો અમારા શ્રેષ્ઠ પૂર્વજો પરાપૂર્વથી કરતા આવ્યા છે. શ્રેષ્ઠોનું આચરણ એ પ્રપન્નો માટે વિધિ છે. અને આપે પણ શ્રીમુખે કયાં નથી કહ્યું? યદ્યદાચરતિ શ્રેષ્ઠસ્તત્તદેવેતરો જનઃ। (ગીતા. ૩–૨૧). જે જે આચરણ શ્રેષ્ઠ જનો કરે છે તેનું અનુકરણ સામાન્ય જનો કરે છે. તેથી સ્નાન કરવું અમારા માટે વિહિત છે. અને તે વ્રતસ્નાન માટે જરૂરી વસ્તુઓ પણ તમારી પાસેથી લેવાની છે. આ તમારી વસ્તુઓ તમારી પાસેથી મેળવી તમારા જ ઉપયોગમાં લેવાની છે. વળી તમે તો વચન આપી ચૂકેયા છો: "અનન્યભાવે મારું ચિંતન કરતા જે લોકો મારી ઉપાસના કરે છે: તેવા મારામાં જ નિરંતર જોડાયેલાઓના યોગક્ષેમનો ભાર હું ઉઠાવું છું. યોગક્ષેમં વહામ્યહમ્ ॥ (ગીતા ૯–૨૨). તદનુસાર વ્રતને આવશ્યક ઉપકરણ તમે પૂરાં પાડો, તેને સુરક્ષિત રાખો અને વ્રત પણ

પરિપૂર્ણ કરો ! આ માર્ગશીર્ષવ્રતસ્નાનના વિધાનનું કોઈ શાસ્ત્ર નથી, અગાઉ શિષ્ટોએ આચરેલું છે તેથી ગોપીઓ તેનું અનુષ્ઠાન કરે છે.

વળી આ વ્રતનું નિમિત્ત તો દુષ્કાળ છે. વડીલોએ તેને કારણે તો વ્રત કરવાની આજ્ઞા કરી અને ભગવાનને મળવાની છૂટ આપી એમ એ દુષ્કાળ ગોપીઓ માટે તો 'સુકાળ' થઈ ગયો. આ વ્રતાનુષ્ઠાન આવશ્યક છે. તે માટે સામગ્રી જોઈએ જ. ગોપીઓ અનન્યપ્રયોજનવાળી છે એટલે ઉપકરણોમાં એવા પદાર્થ માગે છે કે સ્વયં ભગવાનને પણ ગોપીઓની સાથે જ જવું પડે ! જેમ કે ગોપીઓએ પાંચજન્ય સમાન ઘોર ગર્જના કરતા શંખ માગ્યા. એ તો પાંચજન્ય જ હોય. ભગવાન એને કેવી રીતે છોડે ? અર્થાત્ ગોપીમંડળમાં સ્વયં ભગવાને ભળવું પડે !

ભકતો ઉપર ભગવાન નિસ્સીમ-પ્રેમ કરે છે તેથી તેમનું બિરુદ છે, વ્યામુગ્ધ. ગોપીઓની ભકિતથી વ્યામુગ્ધ ભગવાને વિચાર્યું : "આ નાનકડી ગોપબાળાઓ માગશરની કરડતી ટાઢમાં, વહેલે પરોઢિયે ઊઠીને, એકબીજાને જગાડીને, મારા પ્રાસાદે આવી; દ્વારપાળ, પિતાજી, માતાજી, મોટાભાઈને જગાડયા; તે પછી નીલા દેવી અને મને પણ મધુર વાણીથી સ્તવન કરીને જગાડીને, મને સિંહાસન ઉપર બેસાડી, અમને વિવિધ પ્રકારે મંગળાશાસન શ્રવણ કરાવી, પોતાનું અનન્યપ્રયોજનત્વ દર્શાવી રહી છે. અહો ! એમનાં જ્ઞાન-વૈરાગ્ય-ભકિત-પ્રપત્તિ ખરેખર અદ્ભુત છે ! " એમ ભગવાનના ચિત્તમાં રહેલા પ્રેમરૂપી મહાસાગરમાં ભરતી આવી. તેઓ મુગ્ધ થઇ ગયા અને ગોપીઓને જોતાં જોતાં પરવશ થઈ ગયા ! સર્વતંત્રસ્વતંત્ર ભગવાન પ્રેમથી પરવશ થઇ ગયા ! ગોપીઓ ભગવાનની મુગ્ધાવસ્થા જાણી ગઈ એટલે સંબોધન કર્યું : 'હે વ્યામુગ્ધ !'

ગોપીઓએ શ્રીકૃષ્ણને બીજું સંબોધન કર્યું છે : 'હે નીલમણિવર્ણ !' એ સંબોધન દ્વારા ભગવાનના સૌલભ્ય, સૌન્દર્ય, લાવણ્ય, ઐશ્વર્યાદિ ગુણો વર્ણવ્યા છે. શ્રીકૃષ્ણ પરાત્પર હોવા છતાં ભક્તોને અતિ સુલભ છે. યશોદામાતાએ એમને દામણાથી બાંધ્યા, અર્જુને સારથિ બનાવ્યા અને તિરુમંગે આળવારે એમને લૂંટી લીધા !

ભગવાનને ત્રીજું સંબોધન કર્યું છે : 'હે વટપત્રશાયી !' શ્રીભગવાનની અકલ્પ્ય, અનિર્વચનીય, આશ્ચર્યવિમૂઢ કરી નાખે તેવી શક્તિનું આ સંબોધનમાં

સ્મરણ છે. પ્રલયકાળે જયારે સર્વત્ર જળજળબંબાકાર હતું ત્યારે ભગવાન એક નાના બાળકના રૂપે વટપત્ર ઉપર સૂતા હતા અને એમના એ નાનકડા ઉદરમાં વિશ્વ સમાયેલું હતું ! પરંતુ એ પ્રલયાર્ણવમાં વટપત્ર કયાંથી આવ્યું અને વિશ્વ એ બાલમુકુંદના ઉદરમાં કેવી રીતે સમાયું તેની કલ્પના ય કેવી રીતે થઈ શકે ? એ સંબોધન દ્વારા ભગવાનનું અઘટિત ઘટના સામર્થ્ય દર્શાવ્યું છે.

ગોપીઓએ પાંચજન્ય જેવા શંખ માગ્યા, એટલે સ્વયં ભગવાનને ગોપી-મંડળમાં આવવું જ પડે. હવે વ્રતોત્સવની શોભાયાત્રા નીકળે ત્યારે ભેરી તો વગાડવી જ પડે. તો પછી એ ભેરી નાની શા માટે માગવી ? માટે મોટી ભેરી માગી. અને શોભાયાત્રામાં મંગળાશાસન કરવા માટે સામાન્ય વૈતાલિકો નહિ, પરંતુ વિષ્ણુચિત્ત આળવાર જેવા મહાભકત વૈતાલિકો માગ્યા : જેઓ "જય હો ! જય હો ! વિજયી હો ! વિજયી હો ! હે ચાણૂરાદિ મલ્લોનો નાશ કરનારી બલિષ્ઠ ભુજાઓવાળા ! હે ઈન્દ્રનીલમણિવર્ણ ! આપનો યુગોયુગ જય થાઓ ! આપના ચરણારવિંદના અતુલ સૌન્દર્યનો ચિરકાળ જય હો !" એ પ્રમાણે ભગવાનની નિષ્કામભાવે સ્તુતિગાન કરતા કરતા ચાલે. મંગળદીપ, વિજય-પતાકા અને ચદરવો માગ્યાં. પાંચજન્ય ૐકારનું પ્રતીક છે. તે દ્વારા સૂચવ્યું છે આપણે સૌ ભગવાનનાં જ છીએ, અન્ય કોઈનાં જ નહિ. ભેરી ભગવત્ પારતંત્ર્ય સૂચવે છે. મહાભકત વૈતાલિકો દ્વારા આળવારો જેવા એકનિષ્ઠ એકાંતિક સંતોના સત્સંગનો નિર્દેશ છે. મંગળદીપ જીવાત્માના શેષત્વનું, ભગવાનના સેવક હોવાનું પ્રતીક છે આપણું અસ્તિત્વ ભગવાનની સેવા કરી તેમને આનંદ આપવા માટે છે. વિજયપતાકા ભગવાન અને ભાગવતોની સેવાનું પ્રતીક છે. ચંદરવાની છાયા ભકતની નિ:સ્વાર્થતા અને નિષ્કામતાનું પ્રતીક છે ગોપીઓના વ્યાજે ગોદા દેવીએ આ વ્રતોપકરણો દ્વારા ભગવાનનું નિરંતર સાહચર્ય માગી લીધું છે અને એ સેવામાં ભગવાનની નિષ્કામ, નિ:સ્વાર્થ સેવા કરી તેમને આનંદ આપવાનો એક માત્ર એકાંતિક આશય છે.

**પદ ૨૭ : ભાવાનુવાદ :**

વિમુખ જનોને પણ આકર્ષીને જીતી લેવામાં સમર્થ ગુણશાળી હે ગોવિન્દ ! તમારું સંકીર્તન કરી તમારી પાસેથી પરમ પુરુષાર્થરૂપી ઢોલ મેળવ્યા પછી તમે અમારું ભારે સમ્માન કરો એવી અપેક્ષા છે. એ બહુમાનમાં આખું જગત પ્રશંસા કરે એવી ચૂડીઓ, હાથના બાજુબંધ, કર્ણકુંડળ, કર્ણપુષ્પ અને પગનાં

નુપૂર આદિ તમારી પાસેથી પ્રાપ્ત કરીને અમે પહેરીશું. અમે સરસ વસ્ત્રો પહેરીશું. એ પછી જમતાં કોણીએથી ઘીના રેલા ઊતરે એ રીતે ઘી નાખીને તરબોળ કરેલું ક્ષીરાન્ન અમે જમીશું. એમ આપણે સૌ એકત્ર મળીને શીતળ કરનાર આનંદ ભોગવીશું.

ઉદ્‌ઘાટન :

વિમુખ જનો ઉપર દયા કરી તેમને પોતાના રૂપગુણમાધુર્યથી મોહિત કરીને જીતી લે એવા સમર્થ ગોવિંદ છે. આ રીતે શ્રીઆણ્ડાળ ગોપીઓના અને પોતાના વ્યાજથી મુમુક્ષુ જીવો માટે કહે છે: અનાદિકાળથી તમારાથી અમે વિમુખ રહ્યા, પરંતુ તમે તો વ્યૂહ, અવતાર, અન્તર્યામી અને અર્ચા એમ અનેકવિધ રીતે અમારા ઉપર પ્રભાવ પાડી અમને જીતી ગયા. અમને તમારું જ નિત્ય–અનુસંધાન કરનારાં બનાવી દીધાં. તમારાં યશોગાન અને તમારું નિત્યકૈંકર્ય અમારું જીવન બની ગયું. અમે કૃતાર્થ થઈ ગયાં.

વિમુખો અનેક પ્રકારના હોય છે. પરમ ભક્તો પણ ઘણી વાર ભગવાનથી વિમુખ થવા ઈચ્છે છે. એક તો પ્રણયરોષથી અને બીજું નૈચ્યાનુસંધાનથી–પોતાની અલ્પતાના ભાનથી–ગોપીઓના ચિત્તમાં પ્રણયરોષ તો વારંવાર આવે છે. વિરહવ્યથાથી પીડિત ભક્તો, અપેક્ષિત કાળે ભગવાનનાં દર્શન ન થાય, અથવા પ્રથમથી સંકેતિત કરેલા સમયે ભગવાન આવતાં વિલંબ કરે ત્યારે, એમનાં દર્શન થતાં જ પ્રણયરોષથી વિમુખ થવા ઇચ્છે છે. અથવા નૈચ્યાનુંસંધાન એટલે પોતાની અલ્પતાનો વિચાર કરીને ભક્ત એવો સંકોચ કરે છે કે, "અરેરે ! પરમપવિત્ર ભગવાન કયાં અને પતિત એવો હું કયાં ? એમને પ્રાપ્ત કરવા ઈચ્છવું એ જ ઘોર અપરાધ છે. એમની સેવા કરવા જવાની મારી કોઈ લાયકાત નથી." વળી શત્રુઓ દ્વેષથી વિમુખ થવા ઈચ્છે છે; તો કેટલાક ભક્ત કે શત્રુ નહિ એવા ઉદાસીન હોય છે આ સૌને ભગવાન વિનય, સૌશીલ્ય, શૌર્ય, પરાક્રમ, સામર્થ્ય, લાવણ્યાદિ ગુણો વડે જીતી લે છે.

ભગવાન પાસેથી પરમ પુરુષાર્થરૂપી 'પર' પ્રાપ્ત કર્યા પછી ગોપીઓ ભગવાન તરફથી, સમગ્ર જગત પ્રશંસા કરે એવું બહુમાન પ્રાપ્ત કરવા ઈચ્છે છે. વિરક્ત અને નિષ્કામ, ભગવત્ કૈંકર્યની ઈચ્છાવાળા જ્ઞાની ભક્તો મહાસમ્માનની આશા રાખે ? હા, રાખે. આ બહુમાનનો અર્થ ભગવાનનાં

દયા, ઔદાર્ય, વાત્સલ્ય, સૌશીલ્ય, સૌલભ્યાદિ ગુણોની, એટલે વસ્તુત: ભગવાનની પ્રશંસા છે. આ પ્રશંસાના કારણે કેટલાય દ્વેષી અને ઉદાસીન જનો ભગવદભિમુખ બનીને પરમ પુરુષાર્થ પામવા ઉદ્યુકત બને.

બહુમાનનાં વસ્ત્રાભૂષણો વિભિન્ન બાબતોનાં પ્રતીક છે. ભગવાનને પ્રેમપૂર્ણ નમસ્કાર કરવા માટે હાથ જોડવા તે ચૂડીઓ. બાજુબંધ તે 'તાપ'– હોમાગ્નિમાં તપ્ત શંખ–ચક્રની છાપ. કાનના કુંડળ તે 'તિરુમંત્ર' 'ૐ નમો નારાયણાય'. કાનની ઉપરના ભાગે પહેરવાનાં કર્ણપુષ્પ તે દ્વય મંત્ર. પગનાં નૂપુર તે ભગવદ્ગીતાનો (૧૮-૬૬) ચરમ શ્લોક. વધૂ માટે આભૂષણ કરતાંય વસ્ત્રનું મહત્ત્વ વિશેષ છે. અહીં સરસ વસ્ત્ર એટલે તનમનને પૂરેપૂરી ઢાંકતી 'અમે સંપૂર્ણ રીતે ભગવાનનાં જ છીએ' એવી દૃઢ પ્રપત્તિ–ભાવના.

ઘીથી તરબોળ ક્ષીરાન્ન તો સંસારના મૃત્યુપાશમાંથી મુકત થઈને શ્રીભગવાનની નિત્ય સેવામાં લાગી ગયાનો નિરંતર અનુભવ. એ શીતળ કરનાર આનંદાનુભવમાં ભગવાન પણ સંમીલિત છે. ભગવદ્વિરહને લીધે ચિરકાળથી વ્યથિત આત્મા નિત્યકૈંકર્યરૂપી ક્ષીરાન્ન ભગવાનને નિવેદિત કરી, ભગવાનનો આનંદ નીરખીને, તે ભગવદાનંદને કારણે પોતે અસીમ આનંદનો શીતળ અનુભવ કરીને પરમાનંદ અનુભવે છે.

## પદ ૨૮ : ભાવાનુવાદ :

હે પરિપૂર્ણ ગોવિન્દ! અમે તો ગાયોની પાછળ પાછળ જંગલમાં જઈને ભોજન જમનારી, ઢોર જેવી છીએ; છતાં તદ્દન અબુધ એવા અમારા ગોવાળ કુળમાં અમે તમને અમારા સ્વજનરૂપે મેળવ્યા એટલું તો અમારું પુણ્ય છે જ. હે સ્વામી! આપણો સંબંધ તમારાથી કે અમારાથી, કોઈનાથી ય તોડી શકાય નહિ એવો છે. અમે તો જ્ઞાનશૂન્ય બાળાઓ છીએ. અમોએ તમને પ્રેમવશ થઈને અલ્પ નામથી બોલાવ્યા છે, માટે હે વત્સલ! તમે રુષ્ટ ન થશો. અમને અપેક્ષિત પુરુષાર્થ આપો.

## ઉદ્‌ઘાટન:

આગલી ગાથાના ઉત્તરમાં શ્રીકૃષ્ણે કહ્યું "ગોપીઓ! તમારો અભિપ્રાય મેં જાણી લીધો તમે મહાપુરુષાર્થ અને સાથે બહુમાન પણ માગો છો. પરંતુ

પરમ પુરુષાર્થ પામવા માટે તો પરિશ્રમ કરવો જોઈએ. પરિશ્રમ વિના પરમ પુરુષાર્થ મળતો હોત તો સૌને મળી જાત. બોલો, તમે શું અનુષ્ઠાન કર્યું છે?"

ગોપીઓનો ઉત્તર 'ભકિત' સિવાય બીજો શો હોય? શાસ્ત્રોમાં તો ઉત્તમ પુરુષાર્થ પામવાનાં અનેક સાધન બતાવ્યાં છે, પણ ભગવાન એ સાધનોથી ઝટ પ્રસન્ન થતા નથી. અનન્ય ભકિત અને શરણાગતિથી એ પ્રસન્ન થાય. શ્રીયામુનાચાર્યે (ઈ. સ. ૯૧૮–૧૦૩૮) 'આળવન્દારસ્તોત્ર' ૨૫ માં ગાયું છે. "હે ભગવન્! હું ધર્મનિષ્ઠ નથી, આત્મજ્ઞાની નથી, તેમ આપનાં ચરણોમાં ભકિત પણ ધરાવતો નથી. હું તો અકિંચન, અનન્યગતિ છું અને શરણાગતરક્ષક આપનાં ચરણોની શરણમાં આવ્યો છું'. એમ અકિંચન અને અનન્યગતિવાળો નમ્ર શરણાગત મનુષ્ય જ પ્રભુનો શીઘ્ર કૃપાપાત્ર બને. ગોપીઓને શાસ્ત્રજ્ઞાન નહોતું પરંતુ નિષ્કામ ભકિતથી આવેલી કોઠાસૂઝને કારણે આ રહસ્યજ્ઞાન હતું એટલે ભગવાનની ક્ષમાયાચના કરતાં કરતાં કહે છે: "હે સર્વથા ન્યૂનતાશૂન્ય પૂર્ણ ગોવિન્દ! અમે તો અપૂર્ણ છીએ. તમે જ અમને પૂર્ણ કરી દો. અમને કર્મયોગ કે જ્ઞાન-યોગમાં કંઈ સમજ ન પડે. કર્મયોગી અને જ્ઞાની મહાત્માઓની સેવા કરીને એમની પાછળ પડીએ ત્યારે મહામહેનતે જ્ઞાની બનાય છે. તે જ્ઞાનને "હે અર્જુન! તું તત્વદર્શી જ્ઞાનીઓની સેવા કરીને અને તેમને પ્રણામ કરીને–વિનય, વિવેકથી નમ્રતાપૂર્વક વારંવાર પ્રશ્નો કરીને જાણજે. એટલે તેઓ તને ઉપદેશ કરશે." (ગીતા.૪-૩૪). એમ તમે તો કહ્યું છે. અમે તો જાનવરોની પાછળ જનારી, અને ગાયોની જેમ જંગલમાં જમનારી. અમને શું સમજ પડે? અમે પુણ્ય પણ કયાંથી ઉપાર્જન કર્યું હોય?

"આમ અમે ભલે પુણ્યોપાર્જન ન કર્યું હોય, તેમ છતાં અમારું એટલું પુણ્ય તો છે જ કે, સર્વથા જ્ઞાનહીન એવા ગોવાળોના કુળમાં તમે અમારા સ્વજન થઈને અવતર્યા છો. તમારી સાથેનો આ અતૂટ સંબંધ જ અમારું મહદ્ ભાગ્ય છે. એના બળ ઉપર તો અમે તમારી સાથે નિર્ભયપણે વાત કરીએ છીએ. પ્રપન્ન ભકત=સખા–શિષ્ય અર્જુન અર્થાત્ એકાંતિક પ્રપન્ન ભકત માટે તમે શ્રીમુખે જ કહ્યું છે:

'न हि दारा न मित्राणि ज्ञातया न च बान्धवा: ।
कश्चिन्नान्य: प्रियतर: कुन्तीपुत्रान्ममार्जुनात् ॥

अनर्जुनमिमं लोकं मुहूर्तमपि दारुक ।
उदीक्षितुं न शक्तोऽहं भविता न च तत्तथा ॥
(મ. ભા. ૭–૫૬–૨૩, ૨૪.)

મને પત્નીઓ, મિત્રો, સગાં કે સંબંધીઓમાંથી કોઈ પણ કુંતીપુત્ર અર્જુન કરતાં વધારે પ્રિય નથી, હે દારુક! અર્જુન વિનાના આ જગતને હું એક મુહૂર્તભર પણ જોઈ શકું નહિ. જો કે, એમ બનવાનું નથી.'

"જ્ઞાનીઓ તો તમને જ ધર્મ કહે છે. रामो विग्रहवान्धर्मः (વા. રામા. ૩–૩૫–૧૩); स हि धर्मः सनातनः તે શ્રીકૃષ્ણ જ સનાતન ધર્મ છે. (મ. ભા. ૩–૮૬–૨૧; ૫–૮૩–૭); नमो धर्माय महते नमः कृष्णाय वेधसे। મહાન ધર્મને, વિશ્વવિધાતા શ્રીકૃષ્ણને મારા નમસ્કાર (મ. ભા. ૧૨-૫૬-૧૦; ૬૦-૬; 'ભાગવત' ૧૨ ૧૨-૧), વળી ઉપનિષદ કહે છે: "આ પાપશૂન્ય, જરા, મરણ, શોક, પિપાસારહિત સત્યકામ, સત્યસંકલ્પ પરમાત્માને શોધવો અને જાણવો જોઈએ." (છાંદોગ્ય. ૮-૭-૧). આવા તમને સર્વ કોઈ શોધવા અને જાણવા ફરે તે સ્વયં માનો કે અમને જ શોધતા અમારા આયરોના કુળમાં ગોવાળ થઈને જન્મ્યા એ શું ઓછું છે? અમે તો મહાભાગ્યશાળી છીએ. હવે અમારી વિનંતીને તમે કેવી રીતે અવગણો છો તે જોઈએ."

શ્રીકૃષ્ણ વિચારે છે: "અહો? મહાજ્ઞાનીઓને પણ દુર્લભ એવો નિશ્ચય અને ખંત ગોપીઓમાં છે. પરમ પુરુષાર્થ માટે આમના કરતાં કોણ વધારે યોગ્ય હશે?" છતાં જરા વધુ પરીક્ષા કરવાના ઈરાદે બોલ્યા: "તમે કહો છો તે તો બરાબર છે કે હું ગોપકુળમાં યશોદા અને નંદરાયને ત્યાં જન્મ્યો છું. એટલે હું તો એમનું કામ કરું, કંઈ તમારા સૌનું કામ કરવા બંધાયેલો છું?"

ગોપીએ ચટ ઉત્તર આપ્યો: "હા જી. બંધાયેલા જ છો. આપણો સંબંધ તોડયો તૂટે નહિ એવો છે. તેથી તો હે ગોવિંદ! હે નાથ! તમને લોકો ગોપીજનવલ્લભ કહે છે. જીવાત્મા પરમાત્માનો સેવક છે. જીવ અને ઈશ્વરનો સંબંધ અતૂટ છે. પ્રણવનો રહસ્યાર્થ એ જ છે." અહીં યામુનાચાર્યના એક વચનનું સ્મરણ થાય છે: "હે હરિ! તમે જ જગતના પિતા, માતા, પ્રિય પુત્ર, પ્રિય સુહૃદ, મિત્ર, ગુરુ અને ગતિ છો; અને હું આપનો સંબન્ધી, તમારો સેવક, તમારો પરિચારક, તમને જ એકમાત્ર ગતિ માનનારો અને તમારો પ્રપન્ન છું. એ રીતે આપને જ મેં બધો ભાર સોંપ્યો છે, એ સત્ય છે." ('આળવન્દારસ્તોત્ર' ૬૩).

પરંતુ ગોપીઓ આગળ ચાલતાં પોતાને જ્ઞાનહીન બાળાઓ કહીને, ભગવાનને અલ્પ નામથી બોલાવ્યા તે માટે, 'હે વત્સલ! તમે ગુસ્સે ન થશો;' એમ પ્રાર્થે છે. એ અલ્પ નામ એટલે કયાં નામ હશે? ભગવાનનાં નામ બે પ્રકારનાં હોય છે. એમનાં શ્રેષ્ઠત્વસૂચક અને સૌલભ્યસૂચક. શ્રેષ્ઠત્વસૂચક નામમાં ભક્ત–ભગવાન વચ્ચે થોડું અંતર રહે છે. સૌલભ્યસૂચક નામમાં નિકટતા હોય છે. નારાયણ નામ પરત્વસૂચક છે, તેથી એ અલ્પ કહેવાય. ગોપીઓએ 'તિરુપ્પાવૈ' માં અગાઉ ભગવાનને 'નારાયણ' નામથી સંબોધ્યા છે તે માટે ક્ષમા માગી છે. અને તેનો બદલો વાળતી હોય એમ ગાથા ૨૭.૨૮ અને ૨૯ માં ભગવાનને પ્રિય અને સ્નેહની ગાઢ નિકટતા દર્શાવતા 'ગોવિંદ' નામથી સ્તુતિ કરી હોય એવું લાગે છે.

સર્વ ભાવથી ભગવાનને શરણે જઈને ગાઢ સ્નેહસંબંધના નાતે એ ભકતવત્સલ પાસેથી આ અકિંચન, અનન્યગતિ ગોપીઓ પરમ પુરુષાર્થ માગે છે.

**પદ ૨૯ : ભાવાનુવાદ :**

હે ગોવિંદ ! ઉષ:કાળે અહીં આવી,તમને નમસ્કાર કરી તમારાં સુવર્ણકમળ સમાન ચરણારવિંદનું મંગળાશાસન કરવાનું પ્રયોજન સાંભળો. ગાયો ચારીને જીવન વ્યતીત કરનારા કુળમા જન્મ્યા પછી, તમારે અમારી અંતરંગ સેવા લીધા વિના ન રહેવું જોઈએ–તમારે અમારી સેવા લેવી જ જોઈએ. આજે ભેરી આદિ વ્રતોપકરણો લેવા માટે જ કંઈ અમે નથી આવી, પરંતુ સદાકાળ માટે અમે (આપના અને અમારા) જન્મજન્માંતરમાં પણ સંબંધ રાખનારી બનીશું. અમે તમારી જ સેવા–કૈંકર્ય કરીશું આ સિવાયની અમારી બીજી સર્વ મનોકામનાઓને કૃપા કરી શાન્ત કરો–દૂર કરો.

**ઉદ્ઘાટન :**

આ પદ 'તિરુપ્પાવૈ' નું હાર્દ છે.

આ પદના આધારે શ્રીપરાશર ભટ્ટર સ્વામીએ શ્રીઆણ્ડાળ માટે 'અધ્યાપયન્તી'–ઉપદેશ કરનારી, શીખવનારી એવો શબ્દપ્રયોગ કરે છે. (જુઓ મંગલાચરણનું સંસ્કૃત તનિયન્).

આ દિવ્ય પ્રબંધમાં શરૂઆતથી જ વારંવાર 'પરૈ' (નગારું, ભેરી, ઢોલ) શબ્દ આવે છે. તે શબ્દનું ઉદ્ઘાટન પ્રસ્તુત પદનું લક્ષ્ય છે. એનો અર્થ

સ્પષ્ટ કર્યો છે. એનો અર્થ છે, જન્મજન્માંતરમાં ભગવાનનું જ કૈંકર્ય, ભગવાનની જ સેવા. આ સિવાયની બધી મનોકામનાઓને દૂર કરવાનું પ્રાર્થ્યું છે.

સામાન્યત: બ્રહ્મપ્રાપ્તિને પરમ પુરુષાર્થ કહેવામાં આવે છે. એમ છતાં એ વિવરણમાં કંઈક ખૂટે છે. આ ચેતન જીવ પરબ્રહ્મને પામીને શું કરશે? ગોદા દેવી એ ખોટ પૂરી કરીને કહે છે કે "એ ભગવાનનું કૈંકર્ય કરશે."

વળી એવી માન્યતા પ્રચલિત છે કે શરીર છૂટયા પછી પરમપદ પામો એટલે મોક્ષ મળે. મોક્ષ એટલે છૂટવું. પણ શાનાથી છૂટવાનું? સર્વ સ્વાર્થી ભાવનાઓમાંથી મુક્ત થઈ ભગવદનુભવ કરવો તે મોક્ષ તે માટે પરમપદ જવાની ખાસ આવશ્યકતા નથી. અથવા પરમપદ કરતાં પણ આ લોકોનો અનુભવ વિશિષ્ટ હોઈ શકે. એટલે તો કહેવાયું: "आसामहो चरणरेणुजुषामहं ક્યાં મારા માટે સર્વોત્તમ વસ્તુ તો એ હોય કે હું વૃંદાવનમાં કોઈ વૃક્ષ, લતા અથવા ઔષધિ બની જાઉં ઓહો! જો હું એમ બનું તો મને આ વ્રજાંગનાઓની ચરણરજનું સેવન કરવા મળશે! જેને છોડવો અત્યંત કઠણ છે એવો સ્વજનોનો સંબંધ અને લોકમર્યાદાનાં બંધન તોડી નાખીને, જે પદવીને શ્રુતિઓ પણ શોધ્યા કરે છે તે ભગવાન મુકુંદની પદવીને તેમણે પ્રાપ્ત કરી છે." ('ભાગવત' ૧૦-૪૭-૬૧).

ગુણાનુભવની દૃષ્ટિએ પણ આરૂઢ ભક્તો પરમપદની અપેક્ષાએ સંસારનો વિશેષ આદર કરે છે; કારણ કે સમસ્ત ભગવદ્‌ગુણોનું પ્રકાશન અહીં જ થાય છે. નરસિંહ મહેતાએ 'ભૂતળ ભક્તિ પદારથ મોટું', બ્રહ્મલોકમાં નાહિ રે...' અને 'ધન વૃન્દાવન, ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે; અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઊભી, મુક્તિ છે એમની દાસી રે;' વગેરેથી આ ભાવનાને અભિવ્યક્ત કરી છે.

ગોપીઓ પ્રેમાધિક્યથી આવતી નિકટતાના બળે ભગવાનને કહે છે: "અમે તો તમારાં પ્રેમપાત્ર એટલે તમે અમને રાજી રાખવા પ્રેમચેષ્ટા કરતા. અમે અજ્ઞાન કંઈ નહોતાં સમજતાં. હવે સમજ પડી એટલે પ્રાત:કાળે ઊઠીને તમારી પાસે આવી છીએ. આજે અમારો જન્મ સફળ થયો આપનાં સુવર્ણસમાન પાદારવિંદનું મંગળાશાસન કરવા આવી તેમાં ખાસ પ્રયોજન છે તે તમે સાંભળો. તમે તો પ્રેમાધિક્યથી મુગ્ધ થઈ જનારા એટલે મુગ્ધ થયા વિના ધ્યાનથી સાંભળો. 'ગોવાળ કુળમાં જન્મેલા તમારે અમારી સેવા

લેવી જ જોઈએ. ગોવાળોને તારવા ગોપકુળમાં જન્મેલા એવા તમારે અવતાર-પ્રયોજન સફળ કરવું જોઈએ.' "

ભગવાને ઉત્તર આપ્યો : "તમે તો વ્રતોપકરણ લેવા આવી છો. તે હું આપું છું. એ પછી સમુચિત સમય આવ્યે તમારી સેવા પણ ગ્રહણ કરીશ."

જવાબમાં ગોપીઓ બોલી: "અમે સ્પષ્ટ કરીએ છીએ કે અમે એકલાં વ્રતોપકરણ લેવા નથી આવી. વ્રત તો તમને મળવાનું નિમિત્ત હતું, એટલે વ્રતોપકરણ માંગ્યાં. પરંતુ અન્તર્યામી તમે શું અમારા હૃદયનો અભિપ્રાય નથી જાણતા? અમારી મનીષા તો જન્મજન્માંતરમાંયે તમારું નિત્ય કૈંકર્ય, નિત્ય સેવા કરીને તમારા આનંદમાં વૃદ્ધિ કરવાની છે. અમે ભેરી-પરે કહીએ છીએ ત્યારે ભેરી આદિ વ્રતોપકરણો સાથે આપની સદાકાળ સેવા કરવાનો પરમ પુરુષાર્થ પણ માગીએ છીએ."

"એ સેવા માત્ર આ જન્મમાં, આ શરીર ટકે ત્યાં સુધી જ નહિ પણ આપના અને અમારા જન્મજન્માંતરમાંયે અવિચ્છિન્ન ચાલુ રહેવાની છે." અહીં ગોદા દેવીનો નિર્દેશ: 'હે અર્જુન! મારા અને તારા અનેક જન્મ વ્યતીત થઈ ગયા.' (ગીતા ૪-૫) એ ભગવદ્‌વચન તરફ છે. અર્થાત્ આ જન્મમાં ગોપીઓને મોક્ષ મળે અને પરમપદ પામે તો પણ ભગવાન ચેતનોનું રક્ષણ કરવા સારુ જયારે જયારે અવતાર ધારણ કરે ત્યારે ત્યારે, ગોપીઓને, મહાભકતોને સાથે લઈને અવતરે. તેમાં પણ એક વિશિષ્ટતા છે. રામાવતારમાં સીતાજીને વિરહવ્યથા વેઠવી પડી. કૃષ્ણાવતારમાં મહિષીઓને વૈધવ્યનું હૃદય નીચોવી નાખતું દુઃખ વેઠવું પડયું ગોપીઓ ઈચ્છે છે કે અમારી બાબતમાં એવું ન થવું જોઈએ. અમે તો તમારા નિત્યકૈંકર્યની સેવા ચાલુ જ રાખીશું સંક્ષેપમાં આ શરીર ટકે ત્યાં સુધી આપની નિત્યસેવા કરવાની. શરીર છૂટયા પછી પરમપદમાં નિત્ય સેવા કરવાની. ભગવાન અવતાર ધારણ કરે ત્યારે સાથે જન્મીને નિત્યસેવા કરવાની. એ જન્મોમાં વિરહ થાય જ નહિ. એક ક્ષણાર્ધ માટે પણ સેવા કરવામાં અંતરાય ન પડે.

ભગવાન અને એમના પરિકરના અવતારમાં એક ખાસ વિશિષ્ટતા છે. તેઓ કર્મપરવશ નથી, પણ જીવોના કલ્યાણ માટે દયાથી અવતાર ધારણ કરે છે. એમને કર્મબંધન નથી, જન્મ–મરણ–જરા–વ્યાધિ–અવિદ્યા જનિત દુઃખ પણ નથી.

કર્મપરાધીન સાંસારી જનો અનેક વ્યક્તિઓની સેવા કરે છે. એનાથી કદાચિત થોડો ઘણો લાભ પામે તો તેને પુરુષાર્થ માની બેસે છે. કેટલાક ભગવાનની સેવા કરે છે અને બીજાનીય કરે છે. ગોપીઓ તો કહે છે: "હે ગોવિંદ! અમને તો તમને છોડીને બીજા કોઈનીય સેવા કરવાનું દૌર્ભાગ્ય ન જ સાંપડો. ભગવત્પરિજનોની સેવા, ભાગવતોની સેવા, આચાર્યસેવા અને સર્વ કંઈ વાસુદેવ છે એવા અપરોક્ષજ્ઞાને પ્રાણીમાત્રની સેવા એ તો ભગવત્સેવાનો જ—આપની જ સેવાનો પ્રકાર છે. અમે આપની પ્રસન્નતા માટે જ સર્વાન્તર્યામી, સર્વેશ્વર એવા આપની સેવા કરીશું."

"અમારી અન્ય સર્વ મનોકામનાઓ શાન્ત કરો," એમ કહ્યું છે. એ કયી મનોકામનાઓ? 'તિરુપ્પાવૈ' માં વારંવાર પરમ પુરુષાર્થની માગણી કરી છે, તેથી ધન, પુત્ર, પશુ, ભોગવિલાસ, સત્તા, આયુષ્ય આદિ ક્ષુદ્ર પુરુષાર્થો મેળવવાના મનોરથોનું તો સ્મરણ પણ ન થાય. અનન્યપ્રયોજન પરમ ભક્તોના મનમાં પણ એક એવી આશા ઉત્પન્ન થયા કરે છે તે, સ્વાર્થસેવા. ભગવાનની સેવા કરવાથી અમને આનંદ મળે, અમે બ્રહ્માનંદ લૂંટીએ, અમે પરમાનંદનો ઉપભોગ કરીએ. ત્યારે અહીં ગોપીઓ માગે છે. "હે નાથ! અમારા આનંદ માટે અમે આપની સેવા કરીએ એવા સ્વાર્થી ભાવને તમે દયા કરીને દૂર કરો. અમે તો આપ પ્રસન્ન થાઓ એ રીતે, આપની પ્રીતિ અર્થે, ભગવત્પ્રીત્યર્થે આપની સેવા કરીએ એવી અમને નિષ્કામ, નિઃસ્વાર્થ, નિર્મળ બુદ્ધિ કૃપા કરીને આપો." આ રીતે ગોપીઓએ વ્યંજિત કર્યું છે: અમે આપ્તકામ બનીએ. ભગવત્કૈંકર્ય સ્વાર્થ માટે નહિ પરંતુ ભગવાનની પ્રસન્નતા માટે ભગવત્પ્રીત્યર્થે છે. જીવાત્મા પરમાત્માને મળે તેનાથી જીવાત્માને આનંદ થાય તે કરતાં અધિક આનંદ પરમાત્માને થાય છે. ભગવાનને આનંદ કરતા જોઈને પોતે આનંદ પામવો એ ચેતન આત્માનું કાર્ય અથવા પ્રયોજન છે. જ્યારે આત્મા-પરમાત્માનું મિલન થાય છે, અને ભગવાન ચેતનનો, આત્માનો અનુભવ કરે છે ત્યારે આ ચેતન સમુચિત કાયિક, વાચિક, માનસિક ચેષ્ટાઓથી ભગવાનના સુખને વધારે છે. ભગવાનનું એ સુખ જોઈને ચેતન-આત્મા સ્વયં કૃતાર્થ અને આનંદી થાય છે. આ એના ચૈતન્યનું ફળ છે—પરમ પુરુષાર્થ છે. અર્થાત ભગવાનનો આનંદ જોઈને જીવને જે આનંદ થાય તે અદ્વિતીય બ્રહ્માનંદ,

**પદ ૩૦ : ભાવાનુવાદ :**

ચંદ્રમુખી, શુભ્રાભરણભૂષિત ગોપીઓએ તરંગાયુત ક્ષીરસાગરનું મંથન કરનારા, માધવ કેશવની પાસે જઈ, તેમની પાસેથી વ્રજમાં ઈચ્છિત પુરુષાર્થ પ્રાપ્ત કર્યો. જગદાભરણરૂપ શ્રીવિલ્લિપુત્તૂર નગરના નિવાસી, તાજાં કમળનાં પુષ્પોની સુશીતળ માળાથી સુશોભિત પટ્ટર પિરાન્–શ્રીભટ્ટનાથની (પુત્રી) ગોદાએ તેનું મનોહર શૈલીમાં વર્ણન કર્યું છે, સમૂહમાં ગાવા યોગ્ય મધુર તમિળ ભાષાની માળારૂપ આ ત્રીસ ગાથાઓનું અહીં અચૂક પ્રેમપૂર્ણ અધ્યયન કરનારાઓ, પર્વતોપમ, ચતુર્ભુજ, રકતનયન, સૌમ્ય મુખકમળવાળા, ઐશ્વર્યશાળી, શ્રીપતિ શ્રીકૃષ્ણની સર્વત્ર કૃપા પામીને આનંદ કરશે.

**ઉદ્‌ઘાટન :**

આ ગાથા દિવ્ય પ્રબંધની ફલશ્રુતિ છે. ફલશ્રુતિમાં કવયિત્રી નામાંકન કરતાં પોતાને ' પટ્ટર્ પિરાન્ કોદૈ ' અર્થાત્ ભટ્ટનાથની ગોદા કહે છે. સ્પષ્ટ રીતે વિષ્ણુચિત્ત સ્વામીની પુત્રી કહેતાં નથી. વિષ્ણુચિત્ત આળવાર પાલિત પિતા હોવા ઉપરાંત ગોદા દેવીના ગુરુ પણ છે તેથી સ્પષ્ટતા નહિ કરી હોય એમ લાગે છે. શ્રીઆણ્ડાળે એમના બીજા દિવ્ય પ્રબન્ધ 'નાચ્ચિયાર તિરૂમોળિ'—'ગોદા શ્રીસૂકિત' માં પણ આ રીતે જ નામાંકન કરેલ છે.

આ પ્રબંધને ગોદા દેવીએ 'માળા' કહ્યો છે. ગોદા દેવીએ ભગવાનને પુષ્પમાળા અને ભકતોને પદ્યમાળા આપી. ભગવાન પુષ્પમાળા કંઠમાં ધારણ કરે છે. અને ભક્તો પણ પદ્યમાળાને કંઠમાં ધારણ કરે છે.

'તિરુપ્પાવૈ'ના પાઠની સમાપ્તિ પછી શાન્તિપાઠરૂપે બે સ્તુતિપદ્ય ગાવાની પરંપરા છે. એ બંને પદ્યોનો ભાવાર્થ નીચે પ્રમાણે છે :

શ્રી વિલ્લિપુત્તૂર નગર ગોદાની જન્મભૂમિ છે; ગોવિંદનું નિવાસસ્થાન છે; શુભ્ર મણિમય પ્રાસાદોથી અલંકૃત છે; ઉત્તમ ભગવદ્‌ભકતો અહીં વસે છે; અહીં ચારે વેદોનું નિરંતર અધ્યયન ચાલે છે. વેદાચાર્ય વિષ્ણુચિત્ત સ્વામીની આ જન્મભૂમિ છે.

સર્વપાપપ્રણાશક, ભગવચ્ચરણારવિંદમાં સ્થિર રાખનાર, વેદોના બીજભૂત અને ગોદા દેવી દ્વારા અનુગૃહીત તમિળ ભાષાનાં આ ત્રીસ પદ્યોથી અજ્ઞાન વ્યકિત આ જગત ઉપર ભારરૂપ છે.

આણ્ડાળ તિરુવડિહળે શરણમ્.
આણ્ડાળનાં શ્રીચરણો અમારું શરણ હજો.

# ૪. નાચ્ચિયાર તિરુમોળિ

## ( ગોદા શ્રીસૂક્ત )

'નાચ્ચિયાર તિરુમોળિ' એ આણ્ડાળે રચેલો બીજો ગ્રંથ છે. ચાર હજાર દિવ્ય પ્રબંધમાં, પહેલા હજારમાં આ ચોથો પ્રબંધ છે, તમિળ ભાષામાં નાચ્ચિયાર શબ્દનો અર્થ છે દેવી. અહીં ગોદા દેવી ઉદ્દિષ્ટ છે. તિરુ એટલે શ્રી અને મોળિ એટલે સૂક્ત. એટલે 'નાચ્ચિયાર તિરુમોળિ'નો અર્થ થયો 'ગોદા શ્રીસૂક્ત' આ ગ્રંથમાં ૧૪ દશક છે. કેટલાક દશકમાં ૧૧ પદ હોઈ કુલ ૧૪૩ પદ છે. એના પ્રત્યેક દશકમાં ગાઢ મધુરા ભક્તિનું દર્શન થાય છે. આ દિવ્ય પ્રબંધમાં વિદુષી કોદૈએ ઉજ્જવળ ભક્તિરસ ઉપરાંત અનેક ગૂઢ રહસ્યોને ગૂંથી લીધાં છે. મોટાભાગના દશકોમાં છેલ્લું પદ ફલશ્રુતિનું છે.

### પહેલું દશક

### ઉપક્રમ

ભગવદ્વિરહની વ્યથા શાન્ત કરવા વ્રજાંગનાઓની જેમ માર્ગશીર્ષ સ્નાનનું અનુષ્ઠાન કરી ગોદાએ 'તિરુપ્પાવૈ' દિવ્ય પ્રબંધની રચના કરી. તે પછી 'નાચ્ચિયાર તિરુમોળિ'ની રચના પણ એ જ આશયથી કરી છે.

ગોદાની વિરહવ્યથા બહુ વધી ગઈ. એના મનમાં ભગવદ્મિલનની ઉત્કટ આકાંક્ષા જાગી. આથી એ આકાંક્ષા પૂર્ણ કરવા એણે પ્રેમીઓનું મિલન કરાવનારા મન્મથ દેવની ઉપાસના કરવા વિચાર્યું. એણે પોતાની મનોભિલાષા વ્યક્ત કરતાં પ્રાર્થના કરી : "હે કામદેવ! સમગ્ર પોષ માસ હું તમારી અને તમારા ભાઈ સાંબની ઉપાસના કરીશ. મને વેંકટાદ્રીશ્વર, બકાસુરહંતા ગોગાળકૃષ્ણનો મેળાપ કરાવી આપો. ભગવાનને અર્પણ કરવા લાયક હવિષ્યને જંગલમાં ફરતું શિયાળ જો સૂંઘી લે તો તે જેમ તદ્ન અપવિત્ર અને નિરૂપયોગી બની જાય એમ શ્રીભગવાનને જ સમર્પિત આ શરીર બીજા કોઈ મનુષ્ય માટે કોઈ રીતે ઉપભોગ્ય નથી. કોઈ પણ મનુષ્યના વિવાહનો પ્રસ્તાવ

હું સહન કરી શકીશ નહિ. એટલે તમે મારા ઉપર એટલો અનુગ્રહ કરો કે, ઘનશ્યામ શ્રીકૃષ્ણનો મારા ઉપર કૃપાકટાક્ષ પડે અને એમના સુકુમાર શ્રીહસ્તથી મારો સ્પર્શ કરીને મને એમનાં ચરણકમળની સેવા કરવાનો અવસર આપે."

અહીં એક પ્રશ્ન ઉદ્ભવે કે કેવળ એક ભગવાનનું જ શરણ લેનારી પોતાને કેવળ એક ભગવાનની જ સેવક માનનારી અને કેવળ એક ભગવાનની જ પ્રાપ્તિના ઉદ્દેશવાળી પરમ એકાંતિક ભગવદ્ભકત ગોદા દેવીએ કામદેવની ઉપાસના શાથી કરી? અન્ય દેવને શ્રેષ્ઠ દેવ માનીને ઉપાસના કરી તેની પાસેથી ફળ માગવું તે તો અનુચિત છે. અહીં ગોદા દેવી એમ નથી કરતાં. એ તો પ્રેમીઓનો મેળાપ કરાવનાર કામદેવને આ કાર્ય કરાવી શકે તેવો યોગ્ય દેવ માની પ્રેમાવેશમાં આવી એટલું જ પ્રાર્થે છે કે, મને ભગવાનનો મેળાપ કરાવી આપો. આ પ્રમાણે આ તો સીમાતીત પ્રેમકાર્ય હોઈ ગુણ બને છે. એટલે તો પ્રથમ દશકના સારસંગ્રાહક શ્લોકમાં કહેવામાં આવ્યું છે:

"વિષ્ણુચિત્ત આળવારની પુત્રી ગોદા દેવી 'શ્રીકૃષ્ણ સિવાય બીજો કોઈ મારો પતિ ન જ થઈ શકે' એવા પોતાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરતાં, ભ્રાતા સહિત મન્મથના શરણે ગઈ. એનાથી એવો સિદ્ધાંત થયો કે, જ્ઞાન પરિપકવ થતાં તેના ફળરૂપે જે અજ્ઞાન ઉદ્ભવે તે સર્વ રીતે આદરણીય છે."

## પ્રથમ દશકનાં પદોનો ભાવાનુવાદ

### પદ ૧:

હે અનંગદેવ! સમગ્ર પોષ માસમાં તમારી શોભાયાત્રા માટે શેરીઓને સાફ કરી, મંડળપૂજા માટે સુંદર મંડળ વેદી બનાવીને, માઘ માસના પૂર્વ પક્ષમાં સુંદર બારીક રેતી પાથરીને નવજીવન પામવા માટે હું તમને અને તમારા ભાઈ સાંબને પ્રણામ કરું છું. તમે પ્રસન્ન થઈને મને સુતીક્ષ્ણ, જવાલામાલી ચક્રરાજથી સુશોભિત કરવાળા શ્રી વેંકટાદ્રિનાથ ભગવાનની નિત્યકિંકરી બનાવી દો.

[કામદેવની આરાધના કરી વર માગતી આણ્ડાળ ભગવાન ઉપરનો ગાઢ પ્રેમ વ્યકત કરે છે.

કામદેવના ભાઈ સાંબનો અહીં નિર્દેશ છે. 'ભાગવત' (૧૦–૫૫) અનુસાર શ્રીકૃષ્ણનો રુકિમણીથી થયેલ પુત્ર પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર મનાય છે. શ્રીકૃષ્ણનો જામ્બવતીથી થયેલ પુત્ર સાંબ તેનો નાનો ભાઈ થાય. અહીં આ સાંબનો ઉલ્લેખ કરેલો જણાય છે.]

પદ ૨ :

હે કામદેવ ! તદ્દન ધવલ અને સૂક્ષ્મ સિકતાકણોથી શેરીઓને સજાવી, પ્રાતઃ સંધ્યાના પ્રકાશ પહેલાં જ તળાવમાં સ્નાન કરી, પરિશુદ્ધ સમિધથી અગ્નિમાં હોમ કરી હું તમારી પૂજારૂપ વ્રત કરું છું આનાથી પ્રસન્ન થઈને તમે પણ મધુ વહી જનારા પુષ્પોનું તમારા ધનુષ્યમાં બાણરૂપે સંધાન કરી (તે બાણ ઉપર મને મૂકી) સાગરવર્ણ શ્રીકૃષ્ણનું નામ હૃદયમાં અંકિત કરીને, બકાસુરહંતા ભગવાનને લક્ષ્ય બનાવીને મને છોડો. (એટલે લક્ષ્યરૂપ શ્રીકૃષ્ણમાં હું મળી જાઉં.)

પદ ૩ :

હે કામદેવ ! તમને ગમતાં ધંતૂરા અને ખાખરાનાં પુષ્પો સવાર, બપોર અને સાંજે એમ ત્રણે સમયે તમારાં પાદયુગ્મમાં અર્પણ કરીને હું પૂજા કરું છું; એટલે અત્યંત હૃદયવેદનાને લીધે વ્યથિત થઈને, 'આ તો નકલી દેવ છે' એમ કહીને તમને કલંકિત કરવા પડે એવો અવસર મને આપશો નહિ. માટે તમે ખીલેલાં પુષ્પોરૂપી બાણોને તમારા ધનુષ્યમાં સાંધીને, મનમાં ગોવિંદનું નામ અંકિત કરીને, મહા દક્ષ શ્રીવેંકટનાથ નામના દીવામાં મને મેળવી દો.

[હું તમારી પૂજા કરું છું તે ભગવાનના મિલનની આશાએ. જો તમે મારી ઈચ્છા પૂર્ણ નહિ કરો, અથવા પૂર્ણ નહિ કરી શકો તો સંતાપને કારણે હું તમારી નિંદા કરીને તમારી અપકીર્તિ ફેલાવીશ. માટે એમ કરવું પડે એવો સમય આવે તે પહેલાં જ તમે મને શ્રીવેંકટનાથ ભગવાનમાં એકરૂપ કરી દો.]

પદ ૪:

હે કામદેવ ! ઘરની ભીંત ઉપર તમારું નામ લખી, સાથે મત્સ્યધ્વજ, ઘોડા, ચામર કરનાર સ્ત્રીઓ, ઈક્ષુધનુષ્ય (શેરડીનું ધનુષ્ય) વગેરે ચિતરીને હું મારી કૃતજ્ઞતા પ્રગટ કરીશ. "શ્રીકૃષ્ણમાં જ પ્રેમ કરીને બચપણથી જ ઊગેલાં મારાં પીન પયોધર દ્વારકાધીશ ભગવાનનાં જ ઉપભોગ્ય બનો;" એવો સંકલ્પ કરીને હું તમારી સેવા કરતી આવી છું. મારા આ સંકલ્પને તમે શીઘ્ર સફળ કરી દો.

[સ્તન અર્થાત્ ભગવદ્ભોગ સાધન જ્ઞાન અને ભક્તિ. વિમર્શ માટે જુઓ નીચે ૮-૭.]

પદ ૫ :

હે મન્મથ! સ્વર્ગમાં વસતા દેવો માટે બ્રાહ્મણોએ યજ્ઞકાર્ય માટે રાખેલા હવિને, જંગલમાં ફરનારું શિયાળ એને પગથી સ્પર્શીને સૂંઘે તો તે જેમ અપવિત્ર થઈને કશાય કામનું રહેતું નથી, એમ, શંખચક્રધર મંગળવિગ્રહવાળા પુરુષોત્તમ ભગવાનના ઉપભોગ માટે પ્રેમથી ઉત્પન્ન થયેલાં મારાં આ પીન સ્તનોનો કોઈ માનવ માટે ઉપભોગ કરવાનો પ્રસ્તાવમાત્ર સાંભળવાથી પણ હું જીવતી રહી શકીશ નહિ.

[મારો જન્મ ભગવાનના ઉપભોગ માટે જ. પરણીશ તો ભગવાનને જ.]

પદ ૬ :

હે કામદેવ! કામશાસ્ત્રમાં નિપુણ અને તે શાસ્ત્ર અનુસાર વર્તનારી લાવણ્યમયી યુવતીઓની સાથે તમારા ફાલ્ગુન મહોત્સવ—વસંતોત્સવમાં શેરીઓને સજ્જ કરીને, તમારું સ્વાગત કરી, એકાગ્રચિત્તે હું દરરોજ તમારું વ્રત કરીશ. જળ ભરેલા મેઘ સમાન વર્ણના, અતસી પુષ્પ જેવા સુકુમાર અને વન્ય પુષ્પ સમાન ઉજ્જવળ ભગવાન, એમના કમળ સમાન કાંતિવાળા મુખ, ઉપર શોભતાં ચક્ષુઓ વડે મારા ઉપર કૃપાકટાક્ષ કરે એવો અનુગ્રહ કરો.

પદ ૭ :

– હે મન્મથ! ડાંગરની સાથે શેરડી, ગોળ, અક્ષત વગેરે ચડાવીને, કામતંત્રમાં નિપુણ શાસ્ત્રજ્ઞો પાસે તમારા સ્તુતિમંત્રોનો પાઠ કરાવીને હું તમારું વ્રત કરું છું. પ્રાચીન કાળમાં સમગ્ર વિશ્વને પોતાના પાદપદ્મોથી માપી લેનારા ત્રિવિક્રમ ભગવાન મારા કાંતિયુક્ત ઉદર અને વિરહ—અસહિષ્ણુ પીન પયોધરને સ્પર્શ કરે એવો અનુગ્રહ કરીને જગતમાં તમે મારો યશ ફેલાવો.

[ભગવત્સંસ્પર્શથી પાપ-તાપ ટળી જતાં ભગવત્સેવાનો અધિકાર મળતાં હું યશસ્વિની થઈશ.]

પદ ૮ :

હે વિરહીઓનો મેળાપ કરવામાં સમર્થ! હે યશસ્વી કામદેવ! મારું

શરીર મલિન થઈ ગયું છે. મારા કેશ વિખરાઈ ગયા છે. મારા હોઠ વિવર્ણ થઈ ગયા છે. હું એક જ વેળા ભોજન કરીને વ્રતાનુષ્ઠાન કરું છું. હવે હું તમને વીનવું છું કે તમે મારા જીવનની રક્ષા કરો અને 'આ શ્રીકેશવ ભગવાનની ચરણસેવા કરનારી છે.' એવો મને યશ આપો.

[ભગવાનની ચરણુસેવા ન મળે તો મારાથી જીવી શકાય એમ નથી.]

**પદ ૯:**

હે કામદેવ! તમારા ચરણોમાં પવિત્ર પુષ્પોને અર્પણ કરીને હું તમારી ત્રિકાળ પૂજા કરું છું. તમારી આટલી પૂજા કર્યા પછી પણ જો હું ક્ષીરાબ્ધિશાયી ભગવાનની નિષ્કામ સેવા કરીને કૃતાર્થ ન બની શકું, અને જો રડતાં રડતાં, હાય હાય કરતાં દુ:ખ ભોગવતી રહી તો તમને ભારે પાપ લાગશે. હળમાં જોતરેલા બળદને ચારો પણ ચરવા દીધા સિવાય પરોણા મારીને કામ લીધા જેવું એ મહાપાપ હશે.

**પદ ૧૦:**

પુષ્પનાં બાણોને ધારણ કરનારા ઈક્ષુધન્વી મન્મથનાં ચરણોમાં પ્રણામ કરી, "કંસના ભયથી ચીંધાડતા કુવલયાપીડ હાથીના દાંત તોડીને તેનો સંહાર કરનારા, બકાસુરનું મુખ ચીરી નાખનારા અને નીલમણિ જેવા શ્યામસુંદર શ્રીકૃષ્ણની મને વલ્લભા બનાવી દો;" એમ પ્રાર્થતી; પર્વત જેવા ઊંચા ઊંચા મહાલયોથી શોભતા શ્રીવિલ્લિપુત્તૂરના શ્રીવિષ્ણુચિત્ત સ્વામીની પુત્રી ગોદાએ તન્મયતાથી ગાયેલી તમિળ ગાથાઓનું ગાન કરનારા, નિત્યસૂરિઓના નાથ ભગવાનનાં ચરણારવિન્દને પામશે.

[ફલશ્રુતિ છે. આ દશકનું અધ્યયન કરનારને શ્રીઆણ્ડાળની જેમ વિરહવેદના ભોગવવી નહિ પડે. એમને તો નિત્યમુકતોની જેમ ભગવાનની ચરણસેવા કરવાનું સદ્ભાગ્ય સાંપડશે.]

## દશક બીજું

શ્રીઆણ્ડાળે પોતાને ગોપીરૂપે નિરૂપી, ગોપીઓની સાથે કામદેવનો આશ્રય લીધો.

કામદેવના વ્રતથી શ્રીકૃષ્ણ રાજી થયા, સાથે એમને પસ્તાવો થયો: 'ગોપીઓને મળવામાં મેં વિના કારણે વિલંબ કર્યો. ચાલો એમને મળું.' અહીં ગોપીઓનો પ્રણયરોષ બહુ વધી ગયો. એમણે શ્રીકૃષ્ણની સામે ન જોવું એવું નક્કી કરી, શેરીઓમાં રેતીનાં ઘર—ક્રીડાગૃહ બનાવવા માંડયાં. આ બધી ગોપીઓ સાત—આઠ વર્ષની ઉંમરની બાળાઓ છે. શ્રીકૃષ્ણ આવ્યા, પણ ગોપીઓએ તો તેમની સામે પણ ન જોયું. શ્રીકૃષ્ણને માઠું લાગ્યું. શ્રીકૃષ્ણ એમનાં લીલાગૃહ તોડવા લાગ્યા. એટલે ગોપીઓ માટે વાર્તાલાપ કરવાનું ફરજિયાત બની ગયું. ગોદા દેવી પ્રણયકુપિત ગોપકુમારીઓનો ભાવ અપનાવીને આ મનોહર ધ્વન્યાત્મક પ્રસંગ વર્ણવે છે.

## બીજા દશકનાં પદોનો ભાવાનુવાદ

**પદ ૧ :**

હે સહસ્રનામોથી સ્તવાતા નારાયણ ! હે નરરૂપધારી ! હે ધૂર્ત ! તમને જો અમે અમારી થનાર સાસુના પુત્ર અર્થાત્ પતિ બનાવીએ તો શું અમારાં કષ્ટ કદીય દૂર થશે ખરાં ? આ ફાગણ માસમાં મન્મથદેવની શોભાયાત્રા નીકળશે, તે નિમિત્તે અમે શેરીઓ સજાવીએ છીએ. હે મસ્તીખોર શ્રીધર ! અમારી રમવાની જગ્યાએ આવીને અમારાં રમકડાંનાં ઘર ભાંગો નહિ.

[ગોપીઓ શ્રીકૃષ્ણને પ્રણયથી ઉપાલંભ આપે છે; સગપણ નથી તે છતાં આટલું વિતાડો છો, તો જો તમે અમારા પતિ બનો તો વિતાડવામાં કંઈ બાકી રાખો ખરા ! ]

**પદ ૨ :**

આજે આખો દિવસ ભારે પરિશ્રમ કરી, પીઠ દુ:ખાડીને બનાવેલાં અમારાં આ ક્રીડાગૃહોને તમે અત્યંત આદરથી નીરખીને અમારી આશાને સફળ બનાવો. મહાપ્રલય સમયે નાનકડા શિશુ બનીને વટપત્ર ઉપર શયન કરનારા અમારા આરાધ્યદેવ ! અમારા ઉપર તમને દયા નથી આવતી એ અમારા પાપનું જ ફળ છે.

[માર્કંડેય ઋષિને નારાયણે માયાદર્શન કરાવેલું. વડના પાંદડાના પડિયામાં સૂતેલા બાલનારાયણની સ્તુતિ કરતાં ઋષિએ ગાયું હતું : "જ્ઞાન જેવી દેખાતી જેની માયામાં વિદ્વાનો પણ મોહ પામે છે, તે શરણાગતોને અભયદાન કરનારા

આપના ચરણારવિંદનું હે હરિ ! મેં શરણ લીધું છે." ('ભાગવત' ૧૨-૧૦-૨.) આવા મહાદુર્લભ માયાવી શ્રીકૃષ્ણ ગોપીઓ સાથે ખેલ કરે છે ! ]

પદ ૩ :

હે અગાધસાગરશાયી ! હે ઉગ્ર સિંહ સદૃશ ! હે મત્ત ગજેન્દ્રના રક્ષક ! હે આશ્રિતદુ:ખવિમોચક ! અમે તો તમારાં દર્શન કરીને ગાંડીઘેલી બની જઈએ છીએ. તમે અમને કટાક્ષ દ્વારા સતાવો નહિ. રેતીનાં આ ઘર બનાવવા માટે બારીક સિક્તાકણ એકઠાં કરતાં આ કંકણાલંકૃત હાથોને બહુ જોર પડયું છે તેથી હે ધવલતરંગવેષ્ટિત–ક્ષીરસાગરશાયી ! અમારા પરિશ્રમને ધ્યાનમાં રાખીને અમારાં નાનાં નાનાં ઘર ભાંગશો નહિ.

[ભગવાનના આશ્રિતદુ:ખવિમોચક સ્વભાવનો નિર્દેશ કરી ગોપીઓ ક્રીડાગૃહ તોડતાં વારે છે. ભગવાન સાગરમાં યોગનિદ્રા કરતાં સાવધાન રહીને જગતનું કુશળ ચિંતવે છે. 'ઉગ્ર સિંહ સદૃશ' સંબોધન પ્રહ્લાદના રક્ષક નૃસિંહ ભગવાનનું અને 'મત્ત ગજેન્દ્રરક્ષક' સંબોધન ગ્રાહના મુખમાંથી હરિએ ગજેન્દ્રને છોડાવ્યો તે પ્રસંગો સૂચવે છે.]

પદ ૪ :

હે જલધર મેઘ જેવા શ્યામ ! તમારી મનોહર વાતો અને ચેષ્ટાઓ અમને પૂરી પાગલ બનાવી દે છે. તમારા મુખમાં શું માયામંત્ર મૂકયો છે ? અમે તમને કડવાં વચન નથી સંભળાવતી, કારણ તેને લીધે કદાચ તમે અમને ઓછી બુદ્ધિની સમજી બેસો. હે પુંડરીકાક્ષ ! અમારાં ક્રીડાગૃહ તોડશો નહિ.

પદ ૫ :

હે ચોરમાધવ ! અમે શેરીઓમાં ધવલ સિક્તાકણોથી અદ્‌ભુત્ ઘર સજાવ્યાં છે. જોનારાં સૌ લોક આશ્ચર્યચકિત થઈ જાય એવાં લીલાગૃહોનો તમે નાશ કરો છો; પરંતુ એને કારણે તો તમારા સૌશીલ્યનું ધ્યાન કરતાં અમારાં હૃદય દ્રવી જાય છે. અમારાથી ક્રોધ નથી થઈ શકતો. તો પણ આવી સુંદર રમવાની વસ્તુઓને તોડવા તૈયાર થનારા હે કેશવ ! તમને આંખો છે કે નહિ !

[શઠકોપ આળવારનું એક પદ અહીં તુલના કરવા યોગ્ય છે. દિવ્યપ્રબન્ધમ્—ચતુર્થ સહસ્ર ૬—૨—૧૦ : "હૃદયની પ્રીતિ દેખાડીને હે પ્રભો !

અમારા મનને પીગળાવીને, તમારાં કમળનયનોની જાળમાં ફસાવવા માટે તમે તમારા ચરણપ્રહારથી અમારાં રેતીનાં ઘર–ક્રીડાગૃહ નષ્ટ કરી દીધાં. આ તો તમે નિર્દય કાર્ય કર્યું. અમે રમતમાં બનાવેલાં રેતીનાં ઘર અને ભોજનને જોઈને તમારે આનંદથી મંદહાસ્ય કરવું જોઈએ. પરંતુ અમારા દુર્ભાગ્યે તમે ઊલટું આચરણ કરો છો !" ગોપીનો આનંદ અને કૃત્રિમ રોષ, ખેદ સ્પષ્ટ છે.]

પદ ૬ :

સાગર ઉપર સેતુ બાંધી, લંકાને યુદ્ધક્ષેત્ર બનાવી, રાક્ષસોનો ઉચ્છેદ કરનારા હે પ્રતાપી ! અમે તો હજી નાનકડી કન્યાઓ છીએ, યુવતીઓ નથી. ભોળી કન્યાંઓના ક્રીડાગૃહ તોડવાના બહાને તમે દરરોજ ક્ષુદ્ર ચેષ્ટાઓ કરો છો. તમારા જેવી પ્રણય ચેષ્ટાઓ અમને નથી આવડતી. કૃપા કરીને અમને વૃથા સતાવો નહિ.

['પ્રણય ચેષ્ટાઓ' દ્વારા ભગવદ્‌મિલન વ્યંજિત કર્યું છે.]

પદ ૭ :

હે તરંગયુકત મહાસાગર સમાન શ્યામ ! તમે તો બહુ શૃંગારમય મીઠી મીઠી વાતો કરો છો. એનું રસાસ્વાદન તો શૃંગારના મર્મજ્ઞો કરી શકે. અમે તો અજ્ઞાન ભલીભોળી કન્યાઓ છીએ. અમને સતાવવાથી તમને શો લાભ થશે ? હે સેતુબંધન કરનાર સમર્થ ! અમારાં લીલાગૃહ તોડો તો તમને તમારી પત્નીઓના સોગન છે !

પદ ૮ :

હે જ્યોતિર્મય સુદર્શનચક્રધારી ! હે નીલસાગરવર્ણ મુકુંદ ! રમકડાના ઘડા, સૂપડાં, રેતી વગેરે લઈને અમે મોજથી રમીએ છીએ. અમારાં નાનકડાં ઘર ભાંગવાથી તમને કંઈ લાભ ખરો ? અમને અડકીને અને લાતો મારીને ન સતાવો. જીભ કડવી થઈ જાય તો, અર્થાત્ મન કડવું થઈ જાય તો, ગોળ પણ કડવો લાગે છે તે જાણો છો કે નહિ ?

પદ ૯ :

હે ગોવિન્દ! તમે ત્રિવિક્રમરૂપે એક પગલાથી સમગ્ર ધરાતલ માપ્યું

અને બીજે પગલે તો સમગ્ર ઊર્ધ્વલોકને માપી લીધા. હવે અમારા ક્રીડાંગણમાં ઘૂસી, તમારું મંદહાસ્ય કરતું રૂપાળું મુખ દેખાડી, અમારા લીલાગૃહોનો નાશ કરી તમારી ચેષ્ટાઓમાં લોભાવી અમને શા સારું સતાવો છો? વળી આ અધુરું હોય એમ તમે અમને ગાઢ આલિંગન કરવા આવો છો. તો જોનારા લોકો શું કહેશે?

[ગોપીઓને તેમનો નિર્વ્યાજ સ્નેહ જોઈને બાલકૃષ્ણ અનુગ્રહ કરી વિભિન્ન રીતે ચીડવે છે અને સતાવે છે. ગોપીઓ ચિડાય છે ત્યારે મંદહાસ્ય સાથે અનેક લીલાઓ કરી તેમને લોભાવે છે. અને પરમ અનુગ્રહ કરી મિલનનો આનંદ લેવા ગાઢાલિંગન કરવાનો પ્રયત્ન કરે છે. નમ્માળવાર પોતે ગોપી-ભાવે ભગવાનને ભજે છે અને પ્રણયરોષ આવતાં ભગવાનને કઠોર શબ્દો કહે છે: "એક દિવસ તમારી સાથે લાકડી લઈને ઝગડો કરવો પડશે...." જ્યારે અહીં ગોદા દેવી સ્ત્રીસુલભ માર્દવથી કહે છે: "જોનારા લોકો શું કહેશે તેનો કંઈ વિચાર કરો છો?"]

**પદ ૧૦ :**

"સીતા દેવીના અધરામૃતનું પાન કરવામાં રસિક હે ભગવન્! અમારાં ક્રીડાગૃહોનો નાશ ના કરો;" એમ વિનંતી કરતી, ગોપકન્યાઓ સાથે જે મુગ્ધ મધુર વાર્તાવિનોદ થયો તેનું વર્ણન, વેદાધ્યયન–અનુષ્ઠાનાદિસંપન્ન, શ્રેષ્ઠ શ્રીવૈષ્ણવોથી સુશોભિત શ્રીવિલ્લિપુત્તૂરના શ્રીવિષ્ણુચિત્ત આળવારની સુપુત્રી ગોદા દેવીએ તમિળ (મધુર) ભાષામાં કર્યું. આ ગાથાઓનું અધ્યયન કરનાર નિરંતર ઐશ્વર્ય પ્રાપ્ત કરીને ઉચિત સમયે પરમપદ પામશે.

[આ પદમાં ફલશ્રુતિ છે.]

## દશક ત્રીજું

પ્રસ્તુત દશકમાં ગોપીચીરહરણની કથાનું સુંદર વર્ણન છે. ભગવાનના વિરહથી પીડિત ગોપીઓ વિરહાગ્નિની આગ બુઝાવવા પરોઢિયે વહેલાં વહેલાં ઊઠીને યમુના નદીના એક ધરાના શીતળ જળમાં સ્નાન કરવા ગઈ. શ્રીકૃષ્ણ પણ પોતાના મિત્રો દ્વારા ગોપીઓની આ પ્રવૃત્તિ જાણીને યમુનાતટે પહોંચીને એક વૃક્ષની પાછળ સંતાઈ ગયા. ગોપીઓ વસ્ત્રાભૂષણ ઉતારીને જળમાં ક્રીડા કરવા લાગી. દરમિયાન શ્રીકૃષ્ણ આ સર્વ વસ્ત્રાભૂષણોને

ચૂપકીદીથી લઈને એક કુંદ વૃક્ષ ઉપર ચઢી ગયા. જળક્રીડા સમાપ્ત કરી ગોપીઓએ વસ્ત્રો તરફ નજર કરી તો, વસ્ત્રાભૂષણ ગાયબ! એને શોધતાં કુંદ વૃક્ષ ઉપર જોયું તો વસ્ત્રાભૂષણો સાથે અતિ રમણીય શોભાન્વિત મનમોહન શ્રીકૃષ્ણનાં દર્શન થયાં.

ગોપીઓ વિનય, રોષ, શિક્ષાનો ભય વગેરે દર્શાવીને શ્રીકૃષ્ણ પાસે વસ્ત્ર માગવા લાગી છેવટે શ્રીકૃષ્ણે કહ્યું: "જળની બહાર નીકળી, હાથ જોડીને વસ્ત્રો લઈ જાઓ." ગોપીઓએ એકબીજીના હાથ મેળવી અંજલિ બનાવી, નમસ્કાર કરીને વસ્ત્રાભરણ પાછાં મેળવવા પ્રાર્થના કરી. કરુણામૂર્તિ શ્રીકૃષ્ણે કન્યાઓને વસ્ત્ર પાછાં આપ્યાં. આ દશકમાં શ્રીગોદા દેવી ચીરહરણ લીલાના સ્વાનુભવનું વર્ણન કરે છે.

## ત્રીજા દશકનાં પદોનો ભાવાનુવાદ

**પદ ૧ :**

હે શેષશાયી! કૂકડો બોલે એ પહેલાં તો જળમાં ડૂબકી મારીને સ્નાન કરવા માટે અમે અહીં આવી ગઈ છીએ. હવે તો જ્યોતિઃપુંજ સૂર્ય પણ ઊગી ગયો. તમે અમને બહુ કષ્ટ દીધું. હવે અમે સોગન ખાઈને સાચું કહીએ છીએ કે, અમે ફરીને કોઈ દિવસ આ ધરામાં જળક્રીડા કરવા નહિ આવીએ. સખીની સાથે મળીને અર્થાત્ બબ્બે સખીની જોડમાં અમે તને અંજલિ બાંધીને નમસ્કાર કરીએ છીએ. મહેરબાની કરી અમારાં વસ્ત્ર આપી દે.

[તિમળ સાહિત્યમાં જળક્રીડાને મિલન–સંશ્લેષણના રૂપમાં સ્વીકારેલું છે. અર્થાત્ સ્થૂલ અર્થમાં સ્ત્રી–પુરુષમિલન અને સૂક્ષ્મ અર્થમાં ભકત અને ભગવાનનું પ્રેમપૂર્ણ અનુપમ ઐક્ય.]

**પદ ૨ :**

હે મધુમય તુલસીમાલાધરી! હે અત્યાશ્ચર્યમય! હે અમારા અમૃત! તમે અહીં આવ્યા જ કેમ? તમે કયા માર્ગે અહીં આવ્યા? અમે અભાગણીઓ તમારો સંશ્લેષ ઇચ્છતી નથી. હે આશ્ચર્ય ચેષ્ટા કરનાર બાળક! ઉતાવળ ન કર. હે કાલિયનાગની ફણાઓ ઉપર કૂદીને આનંદનૃત્ય કરનારા! કુંદ વૃક્ષ ઉપર મૂકેલાં અમારાં વસ્ત્રો આપી દે.

['મધુમય તુલસીમાલાધારી' સંબોધન ભગવાનનો આશ્રિતરક્ષક ગુણ સૂચવે છે. તુલસીમાલા ધારણ કરવા દ્વારા ભગવાન પોતાના આશ્રિત ભક્તોનું રક્ષણ કરવા તૈયાર ખડા છે એમ દર્શાવે છે.

શ્રીકૃષ્ણ કુંદ વૃક્ષ ઉપરથી ઊતરીને આલિંગન આપવા આગળ વધ્યા ત્યારે ગોપકન્યાઓ તેમને અટકાવીને કહે છે: "હે બાળક! ત્વરા ન કરો... અમારાં વસ્ત્ર આપી દો."]

પદ ૩ :

ધનુષ્યબાણ વડે લંકાનો વિનાશ કરનારા હે નાથ! આ તે તમારી કેવી બાળલીલા! અમારી માતાઓ જો આ જોઈ જશે તો તેઓ નારાજ થઈને અમને ઘરમાં પેસવાય નહીં દે. અમને નગ્ન કરી નાખવાં એ અનુચિત છે તેની તો તમને ખબર નથી લાગતી! ખીલેલાં ફૂલવાળા કુરુંદ (કુંદ) વૃક્ષ ઉપર ચઢી બેઠેલા તમે અમારી પાસે જે કંઈ માગશો તે અમે આપીશું, પરંતુ કૃપા કરીને પહેલાં અમારાં વસ્ત્રો આપી દો, એટલે કોઈ અમને અહીં જોઈ જાય તે પહેલાં જ અમે અહીંથી બીજે ચાલ્યાં જઈએ.

પદ ૪ :

હે લંકાનો વિધ્વંસ કરનારા અમારા સ્વામી! અહીં અનેક લોકો સ્નાન કરવા આવે છે. એવા સ્થાને આ હૃદમાં વસ્ત્રહીન દશામાં અમે ઊભી છીએ. અમારી આંખોમાંથી રોકી રોકાય નહિ એવી અવિરત અશ્રુધારા નીકળે છે. જરા આંખો ખોલીને, નજરને ચારે બાજુ ઘુમાવીને આ કરુણ દૃશ્ય જુઓ તો ખરા! હે મહાનિર્દય! અમને બરાબર સમજ પડી ગઈ છે કે તમે વાનરોના નેતા છો! કુરુંદ વૃક્ષ ઉપર મૂકી રાખેલાં અમારાં વસ્ત્ર આપી દો.

[રામાવતારમાં લંકાનો વિધ્વંસ કરવા ભગવાને વાનરોની મદદ લીધેલી. અને અત્યારે પણ વૃક્ષ ઉપર વારંવાર ચઢતા–ઊતરતા અને એક ડાળેથી બીજી ડાળે ઠેકડા મારતા શ્રીકૃષ્ણને પરિહાસમાં 'વાનરોના નેતા' કહે છે.]

પદ ૫ :

હે શ્યામસુંદર! અહીં 'કયલ' અને 'વાળ' વગેરે જાતજાતની માછલીઓ અમારા પગ કરડે છે. આ બનાવની અમારા ભાઈઓને ખબર પડશે તો

હાથમાં ભાલા સાથે આવીને તમને દૂર ભગાડી મૂકશે, ત્યારે તમને આ ખેલના પરિણામની ખબર પડશે. એટલા માટે તમને કહીએ છીએ કે અમારાં સુંદર વસ્ત્રો લઈને વૃક્ષ ઉપર કેમ બેઠા છો ? કુરુંદ વૃક્ષ ઉપર મૂકેલાં અમારાં વસ્ત્ર આપી દો.

પદ ૬ :

હે કુંભનર્તન નિપુણ પ્રિયતમ ! આ ખીલેલાં કમળવાળા વિશાળ હ્રદમાં કાંટાવાળાં કમળનાળ અમારા પગમાં ભોંકાય છે એને કારણે જાણે પગમાં ઝેરી વીંછીના ડંખ વાગ્યા હોય એવી ભારે વેદના થાય છે. કૃપા કરી તમારી આ ધૂર્ત ચેષ્ટાઓ છોડી દો અને અમારાં વસ્ત્રો આપી દો.

[ કુંભનર્તન અથવા ઘટનર્તન એટલે 'કુડકૂત્તુ'. આહીરોમાં માથા ઉપર, ખભા ઉપર, બેડાં મૂકીને અને બંને હાથમાં અકેક ઘડો રાખીને, હાથમાં રાખેલા ઘડા ઉછાળીને, વિભિન્ન રીતે અદલાબદલી કરવા સાથે કરવામાં આવતું નૃત્ય. ગુજરાતની ગરબી સાથે આનું સામ્ય ગણાય. આયરોમાં 'કુરવૈ-કુત્તું' —રાસ, 'અલ્લીઆડલ'—પુષ્પનૃત્ય' વગેરે બીજાં પણ નૃત્યો પ્રચલિત હતાં. ]

પદ ૭ :

પ્રલયકાળમાં પણ જગતના રક્ષણ માટે સાવધાન હે પ્રિયતમ ! અમે લાંબા સમયથી જળમાં ઊભી ઊભી બહુ દુઃખ વેઠીએ છીએ. તમે તો બહુ અન્યાય કરો છો. અરેરે ! અમારું ગામ અને ઘર પણ અહીંથી ખૂબ દૂર છે. તમે અમને આટઆટલું વિતાડો છો, તો પણ અમે તો તમને પ્યાર કરીએ છીએ. તમારી ચેષ્ટાઓથી પરવશ બની ગયેલી અમને, જો અમારી માતાઓ જોઈ જશે તો કોણ જાણે શુંયે કરી નાખશે ! કૃપા કરી અમારાં વસ્ત્ર આપી દો. કુરુંદ વૃક્ષ ઉપર બેસીને અમને ન સતાવો.

પદ ૮ :

હે સદા જાગૃત કમળનયન ! તમારી પત્ની થવાની ઈચ્છા રાખનારી અમે કન્યાઓ જ નહિ, પરંતુ તમારી સાથે વિવિધ સંબંધ ધરાવનાર સ્ત્રીઓ પણ અહીં રહે છે. તેથી હે આયરોના કોમળ બાળક ! અમે તમને સ્પષ્ટ કહી દઈએ છીએ કે તમારી આ ચેષ્ટા તદ્દન અનુચિત છે. કુરુંદ વૃક્ષ ઉપર લટકાવેલાં અમારાં વસ્ત્ર આપી દો.

પદ ૯ :

કંસે તમારો વધ કરવા જાળ રચી. પરંતુ અમને ગોપ કન્યાઓને આ રીતે નગ્ન કરી દુ:ખી કરવા માટે જ તમે, અવતાર થતાં વેંત, ગાઢ અંધકારભરી એ રાતે જ કંસની કપટજાળને ભેદીને વ્રજમાં આવી ગયા ! તમારી માતા યશોદા પણ તમને ધમકાવતી નથી, ઊલટું આવાં તોફાનમસ્તી કરવા માટેજ જાણે તમને ઊછેરે છે ! હે કપટરૂપધારિણી પિશાચી પૂતનાનું સ્તન્યપાન કરનારા ! હે નિર્લજ્જ ! અમારાં વસ્ત્ર આપી દો.

પદ ૧૦ :

અમારા શ્યામસુંદર સ્વામી શ્રીકૃષ્ણે, ગોપકુમારીઓ સાથે દિવ્ય લીલા કરી, તેનું વર્ણન કરનારી, સુવર્ણમય મહેલોથી અલંકૃત શ્રી વિલ્લિપુત્તૂરના શ્રી ભટ્ટનાથ સ્વામીની સુપુત્રી ગોદાએ ગાયેલા આ તમિળ ભાષાના ગીતદશકનું અધ્યયન કરનારા ઉચિત સમયે અર્ચિરાદિ માર્ગે પરમપદ પહોંચીને ત્યાં નિત્ય નિવાસ કરનારા શ્રીમન્નારાયણનો નિત્યાનુભવ કરશે.

[ આ ફલશ્રુતિની ગાથા છે. અર્ચિરાદિ માર્ગ એટલે ઉપનિષદો અને અને ભગવદ્‌ગીતામાં જેનું મહત્ત્વ અંકિત છે તે દેવયાન પથ. ]

બાલકૃષ્ણ એટલે નિખિલ વિશ્વના આત્મા. નાનકડી ગોપ કન્યાઓ તે ભગવદભિમુખ મનોવૃત્તિઓ. નિર્દોષ કુમારીઓ શ્રીકૃષ્ણને પતિરૂપે વરવા ઈચ્છે છે, પણ શુભ-અશુભ સંસ્કારોનાં આવરણરૂપી વસ્ત્ર હટે તો ભગવાન મળે ને ! ગોપીઓના શુદ્ધ ભાવથી શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા. પરંતુ ગોપીઓ—સમર્પણ કરનાર સાધકો, પોતાની શક્તિ અને સંકલ્પના બળથી કેટલું સમર્પણ કરી શકે? સમર્પણ કરનાર બધું સમર્પણ કર્યા પછી પોતે તો બાકી જ રહી જાય છે ! 'મેં અથવા અમે સમર્પણ કર્યું' એવો અહંભાવ તો રહે જ છે ! સમર્પણ ત્યારે પૂર્ણ થાય છે, જયારે સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની સમપર્ણની તૈયારી જોઈને સંકલ્પસ્વામી ભગવાન સ્વયં આવીને સમર્પણની સાથે સમર્પણ કરનારને પૂર્ણતયા સ્વીકારી લે છે. શ્રીકૃષ્ણ પણ ગોપીઓનાં સમસ્ત સંસ્કારોના આવરણરૂપી વસ્ત્રો લઈને કુરુંદના વૃક્ષ ઉપર ચઢી ગયા. કાલિન્દીના જળમાં રહેલી ગોપીઓ એવું ધારતી હતી કે, સર્વવ્યાપી, સર્વદર્શી, સર્વમય ભગવાન અમને જળના આવરણને કારણે જોઈ શકતા નથી ! અગાધ સંસાર સાગરના જળમાં આકંઠ ડૂબેલા, આસક્તિ—અનાસક્તિમાં ઝોલાં ખાતાં, તે છતાં તેમાંથી નીકળવાનો

ભક્તિ અને પ્રપત્તિપૂર્વક પ્રયત્ન કરનારા લોકો ભગવાનને ભૂલી જાય છે. ભગવાન એમને લીલયા સમજાવે છે : "રસિક ભક્તો ! (વહાલી ગોપીઓ !) નિરાવરણ થઈ, માયાનો પડદો દૂર કરી મારી પાસે આવો. આ પડદો પ્રેમથી જ દૂર થાય છે." પ્રેમથી આકૃષ્ટ ભગવાને આ પડદો દૂર કર્યો. ગોપીઓને ગાઢ આશ્લેષમાં ભીડી દીધી. ભગવાનનો સંસ્પર્શ પામી માયાનો પડદો પણ ભગવત્કૃપા બની ગયો. ગોપીઓ દિવ્ય રસના અમૃતાર્ણવમાં નિમગ્ન થઈ ગઈ–ડૂબી ગઈ ! એમની નજર સમક્ષ કેવળ શ્યામસુંદર જ છે.

ગોદાએ ગોપીઓનો દિવ્ય અનુભવ, સ્વાનુભવ કર્યો. પોતાની દિવ્ય ગાથાઓમાં ગાયો. આણ્ડાળના હૃદયથી જે એને અનુભવવા ઈચ્છશે તેને તે નવજીવન બક્ષશે.

## ચોથું દશક

વિરહી જનો ચિત્તની સમતા જાળવવા માટે એક જાતની શકુનપરીક્ષા કરે છે. એ માટે તેઓ કોઈ પ્રશ્નશાસ્ત્રવેત્તા અથવા દૈવી શક્તિથી આવિષ્ટ કોઈ મનુષ્યને પ્રશ્ન કરે છે. પરંતુ એવી વ્યક્તિ વખતસર ન મળે તો ભૂમિ ઉપર 'કૂડલ' દોરે છે. એમાં વિરહિણી આંગળી વતી એક મોટું વર્તુળ દોરીને તેમાં બીજાં અનેક નાનાં વર્તુળ દોરે છે. એ પછી અંદરનાં વર્તુળ ગણવામાં આવે છે. હવે જો એ અંદરનાં વર્તુળનો સરવાળો બેકી નંબરના મેળમાં થાય તો સ્વામી (અહીં શ્રીકૃષ્ણ) જલદી મળશે એમ મનાય છે; પરંતુ જો એકી સંખ્યા થાય અને બેકી સંખ્યાનો મેળ ન મળે તો શ્રીકૃષ્ણનું દર્શન નહીં થાય એમ માનવામાં આવે છે. બીજી રીત જમીન ઉપર આંગળી અથવા બીજા સાધન વડે ઊભી રેખાઓ દોરી તેને ગણવાનો છે. તેમાં પણ બેકી નંબરની સંખ્યાનો મેળ મળે તો શ્રીકૃષ્ણ શીઘ્ર મળશે એમ મનાય છે. ત્રીજી પ્રથામાં આંખો બંધ કરીને વિરહિણી એક વર્તુળમાં રેખાઓ દોરે છે. જો રેખાઓ પૂરેપૂરી મળી જાય તો શ્રીકૃષ્ણ મિલન થશે એમ માનવામાં આવે છે. આ શકુન પરીક્ષા, 'કૂડલ ઈળૈત્તલ' કે 'કૂડલ કુરી' કહેવાય છે.

પ્રસ્તુત દશકમાં આ શકુન પરીક્ષાનું માર્મિક ચિત્ર દોરીને, ગોદા દેવી પ્રિયતમ ભગવાનને મળવાની તીવ્ર ઉત્કંઠા વ્યક્ત કરે છે.

# ચોથા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧ :

હે કૂડલ ! અનેક નિર્મળ ભક્તોએ સેવેલા પરમોદાર, તિરુમાલિરું-શોલેમલૈના સ્વામી ભગવાન જ્યાં, અર્થાત્ શ્રીરંગક્ષેત્રમાં શયન કરે છે ત્યાં જો તેઓ મને તેમની ચરણસેવા કરવા દેવાના હોય તો તમે રેખાઓ મેળવી દો, અર્થાત્ ભગવાન મને મળશે એવા સમાચાર આપો.

[કૂડલ એ પણ મન્મથની જેમ વિરહી દંપતીનો મેળાપ કરાવી શકે એવો દેવ છે એમ કલ્પીને ગોદા દેવી તેને સંબોધે છે

તિરુમાલેરુંશોલેમલૈ મદુરાથી બાર માઈલ દૂર એક પર્વત છે. એનું અત્યારનું નામ 'અળિકર કોઈલ' છે. ત્યાં સુંદરબાહુ વિષ્ણુનું મંદિર છે. એ વિષ્ણુ ભગવાન શયન કરવા માટે શ્રીરંગમ્માં જાય છે, કારણ કે ત્યાં સુંવાળી શેષશય્યા છે ! ]

પદ ૨ :

હે કૂડલ ! વનમાં રહેનારા, અને વેંકટાચળ તેમ જ શ્રીકૃષ્ણપુર (કણ્ણપુર) નગરમાં આનંદપૂર્વક નિત્ય વિરાજમાન વામન ભગવાન શીઘ્ર દોડતા આવીને મારો હાથ પકડી એમની છાતીએ લગાડવાના હોય તો, તમે રેખાઓને પૂરેપૂરી મેળવી દો.

[ મધ્ય તમિળનાડુમાં તિરુક્કણ્ણપુરમ્ છે ત્યાં શૌરિરાજ ભગવાનનું મંદિર છે. ]

પદ ૩ :

હે કૂડલ! નાભિકમળમાંથી ઉત્પન્ન બ્રહ્માજી વડે અને નિત્યસૂરિઓ વડે વંદનીય, સુંદર લલાટવાળી દેવકી અને ઉત્તમ ગુણવિભૂષિત વસુદેવના શ્રેષ્ઠ પુત્ર, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ અહીં પધારવાના હોય તો, તમે રેખાઓ મેળવી દો.

પદ ૪ :

હે કૂડલ ! સમસ્ત ગોપ—ગોપીઓ ભયભીત બની જાય એ રીતે, પુષ્પોથી લચી પડતા કદંબ વૃક્ષ ઉપર ચઢી, ત્યાંથી હ્રદમાં કૂદી, ભાગ્યશાળી

કાલિયનાગની ફણાઓ ઉપર નૃત્ય કરનારા નટવર કૃષ્ણ જો અહીં આવવાના હોય તો તમે રેખાઓ મેળવી દો.

[ભગવાનનાં શ્રીચરણ મસ્તક ઉપર ધારણ કરવાને કારણે કાલિય ભાગ્યશાળી. ગોદા દેવી કાલિયની ફણાઓના ભાગ્યની સ્પર્ધા કરે છે. શ્રીરામાનુજના પટ્ટશિષ્ય કૂરેશ એમના 'સુંદરબાહુસ્તવ'માં આતુર હૃદયે પ્રાર્થે છે "ભગવાનનાં શ્રીચરણોનો દિવ્ય સ્પર્શ થાય તે માટે મારું મસ્તક કાલિયની ફણા અથવા કદંબની ડાળ થવા ઝંખી રહ્યું છે. ]

પદ ૫ :

હે કૂડલ ! કુવલયાપીડ નામના મત્ત માતંગનો સંહાર કરનારા શ્રીકૃષ્ણ, અનેક મજલાવાળા ઊંચા મહેલોથી ભરપૂર મથુરામાં અમારા ઘરને શોધતા શોધતા, જો અમારી શેરીમાં આવવાના હોય તો, તમે રેખાઓ મેળવી દો.

[ ગોદા દેવી ભાવપ્રકર્ષથી અહીં સ્વયં ગોપી બની જાય છે. એ ગોપી 'વિષ્ણુપુરાણ'માંના મથુરાના માળાકારની કથા સાંભળી માળાકાર બનનાર વિષ્ણુચિત્ત આળવારની પુત્રી છે. ભગવાન ભકતોને શોધે છે. કબીરની એક ઉકિતનું અહીં સ્મરણ થાય છે :

કબીર મનુ નિરમલ ભયા, જૈસા ગંગા નીરુ
પાછે લાગો હરિ ફિરે કહત કબીર ! કબીર !
(ગુરુ ગ્રંથસાહેબ, પૃ. ૧૩૬૭)

પદ ૬ :

હે કૂડલ ! મારા સર્વસ્વ, યમલાર્જુન વૃક્ષોને ઉખાડીને, ભાંખોડિયે ચાલનારા, કંસસંહારક, ઉજ્જવળ મથુરાના અધિપતિ શ્રીકૃષ્ણ અહીં આવવાના હોય તો, તમે રેખાઓ મેળવી દો.

પદ ૭ :

હે કૂડલ ! નિંદ્ય કર્મો જ કરનાર શિશુપાલ, યમલાર્જુન વૃક્ષો, સાત વૃષભો, બકાસુર અને જયપ્રદ ભાલો ધારણ કરનાર કંસનો વિનાશ કરનાર શ્રીકૃષ્ણ અહીં આવવાના હોય તો, તમે રેખાઓ મેળવી દો.

[ શ્રીકૃષ્ણનાં વિભિન્ન ચરિત્રોનું ગાન કર્યું છે. તેમાં સાત વૃષભોનો ધ્વંસ નપ્પિન્નૈ સાથે પરણ્યાનું સૂચવે છે. 'ભાગવત'માં ઉલ્લિખિત નાગ્નજિતીના પરિણયનું સ્મરણ અહીં કરી શકાય. કંસ ભાલાધારી–વેલાયુધધારી અર્થાત્ ગોપ છે.]

પદ ૮:

હે કૂડલ! ભક્તિભાવથી પરિપૂર્ણ ભક્તોનાં પ્રેમાળ હૃદય વિના બીજે ક્યાંય પણ નહિ રહેનાર, સુરભિયુક્ત દ્વારકાપુરીના સ્વામી, અને વાછરડાં ચારીને ક્રીડા કરતા ગોપાલ કૃષ્ણ અહીં આવવાના હોય તો, તમે રેખાઓ મેળવી આપો.

['દ્વારકાના સ્વામી' વિશેષણથી શ્રીકૃષ્ણનું પરત્વ અને 'વાછરડાં ચારનારા' વિશેષણથી શ્રીકૃષ્ણનું સૌલભ્ય સૂચવ્યું છે.]

પદ ૯:

હે કૂડલ! પ્રાચીન કાળમાં કૌપીન, કટિસૂત્ર, મુંજમેખલા, મૃગચર્મ, પલાશદંડ, પવિત્રી આદિથી વિભૂષિત સુંદર વામન બ્રહ્મચારીનું રૂપ ધારણ કરી, મહાબલીની યજ્ઞશાળામાં પહોંચી, એક ચરણથી ભૂમિ અને બીજા ચરણથી આકાશને માપનારા ત્રિવિક્રમ ભગવાન અહીં આવવાના હોય તો, તમે રેખાઓ મેળવી આપો.

[વામન ભગવાને ત્રણ પગલાંમાં ત્રૈલોકય માપેલું. અહીં તો બે જ પગલાંની વાત છે. પરાશર ભટ્ટર કહે છે: વેદોએ, ભગવાને ત્રણ પગલાંથી માપેલા લોક શોધવા તપાસ કરી. નિષ્ફળ ગયા. એટલે તેમણે કહ્યું: "હે પ્રભુ! તમે બે પગલાંથી માપેલા લોક તો સૌ જાણે છે, પણ ત્રીજા પગલાથી માપેલ લોક તો તમે એકલા જ જાણો છો. બીજા કોઈને ય ખબર નથી!" તેથી ભગવાને પગલાં તો ત્રણ જ ભરેલાં, પણ ત્રીજા પગલાની જાણ તો કેવળ ભગવાનને જ છે!]

પદ ૧૦:

હે કૂડલ! અનાદિ ચાર વેદોના પ્રતિપાદ્ય, મદ ઝરતા ગજેન્દ્રનું રક્ષણ કરી એને નવજીવન આપનારા, અમારા ચિત્તને મંત્રમુગ્ધ કરી દેનારા અને

ગોપીઓના હૃદયમાં સદા નિવાસ કરનારા ત્રિભુવનસુંદર શ્રીકૃષ્ણ અહીં આવવાના હોય તો, તમે રેખાઓ મેળવી આપો.

પદ ૧૧ :

ભગવાન ઉપર પ્રણયથી રોષે ભરાવું, ફરી દૂત મોકલવા દ્વારા મળવાની ઈચ્છા વ્યકત કરવી, ફરી ભગવાનને મળવું; આવાં કાર્યોમાં બહુ પ્રીતિ રાખનારી કીર્તિમાન ગોપીઓએ કૂડલ ક્રીડા કરી તેનું વર્ણન કરનારી, સુંદર કેશપાશવાળી ગોદાએ રચેલી આ દશકની ગાથાઓનું કીર્તન કરનારા ભકતો ભગવાનથી અલગ પાડનારાં પાપોથી મુકત થશે.

[ આ ગાથા ફલશ્રુતિની છે. ]

## પાંચમું દશક

ગોદા દેવીએ પોતાના ઉદ્યાનમાં વિવિધ પક્ષીઓને ભગવન્નામ રટણ કરતાં શીખવીને પાળ્યાં હતાં. કૂડલને ઘણીયે પ્રાર્થના કરી પણ ફળી નહિ. એટલે અચેતન કૂડલને છોડી કવિયત્રી આણ્ડાળે સચેતન કોકિલ શિશુને સંબોધન કરી પોતાના ભાવ અભિવ્યકત કરવા માંડયાં.

## પાંચમા દશકનાં પદ્યોનો ભાવાનુવાદ

પદ ૧ :

પુન્નાગ, માધવી, પ્રિયંગુ, સુરપુન્નગાદિ વૃક્ષોથી ભરેલ ઉપવનમાં વસતા હે કોકિલ ! નિત્ય નિસ્સીમ યશવાળા, લક્ષ્મીનાથ, નીલમણિસમાન વર્ણના, નવરત્નખચિત કિરીટધારી, ધીર ભગવાનના પ્રતિ અનુરાગ કરવા માત્રાથી મારા હાથમાંથી ચૂડીઓ નીકળી ગઈ. શું એમ થવું જોઈએ ખરું ? પરવાળાં જેવા હોઠવાળા, મારા પ્રિયતમ, અહીં મારી પાસે આવે તે માટે એમને બોલાવવા તું નિરંતર રાત-દિવસ એમનાં નામોનું રટણ કર્યા કર.

[ વિરહવ્યથાથી આણ્ડાળનું શરીર એટલું ક્ષીણ થઈ ગયું કે એમના હાથની ચૂડીઓ નીકળીને પડી ગઈ. તેથી એ પ્રશ્ન કરે છે : "શું ભકિત કરનારને ભગવાન આ ઈનામ આપે છે? શું આ ઉચિત છે ?" ]

પદ ૨ :

ચંપાના ફૂલમાંથી મધુ પીને મસ્ત થઈ ગાન ગાતા હે કોકિલ ! ડાબા હાથમાં ધ્વનિ કરતો ધવલ શંખ ધારણ કરનારા પરમ પવિત્ર પ્રિયતમ મને પોતાનું દર્શન દેવા ઈચ્છતા નથી: ઊલટું મારા હૃદયમાં પ્રવેશી, મનને અત્યંત દુ:ખી કરીને સંતોષ પામે છે. મને મરવાય દેતા નથી. તું તારા અવ્યક્ત મધુર સ્વરથી મારી વિરહવ્યથા વધાર્યા વિના, શ્રી વેંકટાચળમાં વિરાજતા ભગવાનને અહીં બોલાવ.

પદ ૩ :

નવવિકસિત શ્રેષ્ઠ કુસુમોની તાજી સુગંધથી ભર્યા ભર્યા ઉપવનમાં સુંદર ભ્રમરોનું મધુર ગીત સાંભળતાં સાંભળતાં પોતાની પ્રેયસી સાથે વિહાર કરતા હે કોકિલ ! અગાઉ રામાવતારમાં ચાબૂકધારી માતલિ સારથિ સ્વયં આગળ આવી રથ હાંકીને રાવણની સામે લઈ ગયો, ત્યારે શરવર્ષા કરી, રાવણનાં મસ્તકને વારંવાર કાપીને ધરાશાયી કરનારા મારા પ્રિયતમનું આગમન તો કયાંય કળાતું નથી, તું નીલરત્ન જેવા વર્ણના મારા સ્વામીને અહીં બોલાવવા ટહુકા કર.

પદ ૪ :

હે કોકિલ ! મારાં તો હાડકાંય પીગળી ગયાં. (વિરહથી હું એટલી ક્ષીણ થઈ ગઈ.) મારી બરછી જેવી આંખો નિંદ્રા વિના પલક પણ પાડતી નથી. હું વિરહવ્યથાના મહોદધિમાં વૈકુંઠ નામની નૌકાના અભાવમાં ડૂબકાં ખાતી ખાતી ખિન્ન હાલતમાં ભટકું છું. તને પણ ખબર છે કે પ્રિયતમના વિયોગથી કેટલું દુ:ખ પડે છે ! તેથી તપાવેલા સુવર્ણ જેવા સુંદર વિગ્રહવાળા ગરુડધ્વજ, સાક્ષાત્ પુણ્યસ્વરૂપ-ધર્મસ્વરૂપ ભગવાનને અહીં બોલાવ.

પદ ૫ :

જ્યાં સુંદર ગતિવાળા હંસો સર્વત્ર વિહાર કરે છે, એવા શ્રી વિલ્લિ-પુત્તૂરમાં વિરાજતા ભગવાનનાં સુવર્ણ સમાન શ્રીચરણોનાં દર્શનની આશામાં પરસ્પર સ્પર્ધા કરતી બે માછલી જેવાં મારાં બે નયનમાં નિંદ્રા નથી. હે કોયલ ! મધુર ક્ષીરાન્ન ખવડાવીને ઊછેરેલા મારા સુંદર પોપટને હું તારો

મિત્ર બનાવીશ. તારે પણ બદલામાં વિશ્વને માપનારા ત્રિવિક્રમ ભગવાનને અહીં બોલાવવા.

[આ ગાથાના આધારે એમ માનવામાં આવે છે કે સ્વજનો આણ્ડાળને શ્રીવિલ્લિપુત્તૂરના મંદિરમાં દર્શન કરવા જવા દેતા નહીં હોય. સાધારણ મનુષ્યો તો મંદિરમાં જઈને પણ ઉત્કટ ભકિત નહિ હોવાના કારણે જેવાં ગયાં હોય તેવાં જ પાછાં આવે; પરંતુ આણ્ડાળનાં સ્વજનોને એવો સંદેહ પડયો હોય કે, ભગવાનના શ્રીવિગ્રહનાં દર્શન કરતાં જ ગોદા સાનભાન ખોઈને ઉન્મત્ત થઈ જશે, એટલે દર્શન કરવા જવા દેતાં નહિ હોય.

મીરાંબાઈ કોયલને તેની ચાંચ સોને મઢાવવાનું વચન આપે છે તેથી તેની તુલના કરો.

થારા સબ્દ સુહાવણ રે, જો પિવ મેલા આજ;
ચોંચ મઢાઊં થોરી સોવની રે, તૂ મેરે સિરતાજ.

['મીરાંબાઈ કી પદાવલિ' પદ ૮૪]

પદ ૬ :

ખીલેલાં પુષ્પગુચ્છોથી ઉદ્યાનના એક સુંદર મનોહર સ્થળે નિદ્રા કરનારા હે કોકિલ શિશુ ! ચતુર્દિશાના દેવોથી સ્તવાતા હૃષીકેશ મને દર્શન ન દઈને ત્રાસ આપે છે. આને કારણે તો હું આટલી કૃશ થઈ ગઈ છું. મોતી જેવું મારું શુભ્ર મંદહાસ્ય, રકત અધર અને સ્તન—એ સર્વ પોતાનું સૌંદર્ય ખોઈને ફીકાં પડી ગયાં છે. હે કોયલ ! મારા પ્રાણાધાર મૂળતત્ત્વ ભગવાનને તું અહીં બોલાવી શકે તો, હું આખો જન્મારો તારા ચરણમાં મસ્તક મૂકીને આભાર માનીશ. આ વિના હું બીજું કરીય શું શકું ?

પદ ૭ :

હે સુંદર કોયલ ! તરંગ ઉછાળતા ક્ષીરાબ્ધિમાં શયન કરનારા ભગવાન દ્વારા આલિંગિત થવાની આશાથી પ્રોત્સાહિત થયેલાં મારાં પીન પયોધર, મારા આત્માને આકુળવ્યાકુળ કરે છે. મારાથી છુપાઈને રહેવાથી શો લાભ છે ? શંખ ચક્રગદાધર ભગવાનને તું બોલાવીશ તો તને મહાપુણ્ય થશે.

પદ ૮ :

મધુર ફળવાળા આંબાવાડિયામાં લાલ કુંપળો ખાવામાં તત્પર હે તરુણ કોકિલ! શારંગ ધનુષ્ય ખેંચીને પણછ ચડાવવાની શક્તિ ધરાવનારી વિશાળ ભુજાઓવાળા, સકળ દક્ષતાપૂર્ણ ભગવાન પ્રણયરીતિમાંય દક્ષ છે. મારું એમની સાથે મિલન થયું હતું ત્યારે અમારી વચ્ચે થયેલા સંકેતોને અમે બે જ જાણીએ છીએ, બીજું કોઈ જાણતું નથી. હવે બહુ દૂર વસેલા તિરુમાલને-લક્ષ્મીપતિને જો તું અહીં શીઘ્ર બોલાવીશ, તો પ્રણયરોષથી હું શું કરું છું, તે તને જોવા મળશે.

[ગોદા દેવી કોયલને કહે છે: શૂરવીર પ્રિયતમને તું બોલાવી લાવીશ તો, પ્રણયસંકેતનો ભંગ કરીને જે તિરુમાલ વિષ્ણુએ મને તડપાવી છે તેમને હું પણ પ્રણયરોષ કરીને બરાબર તડપાવીશ. જો તું શ્રીકૃષ્ણને અહીં બોલાવી લાવીશ તો પ્રણયરોષનું આવું અતિ વિરલ દશ્ય તને બદલામાં જોવા મળશે.

ભગવાન ભક્તના પ્રેમસભર મુખના દર્શન કર્યા વિના રહી શકતા નથી, એને માટે તડપે છે.]

પદ ૯ :

મધુપાનથી દીપતા મદમસ્ત ભ્રમરોના ગુંજારવથી ગુંજતા ઉદ્યાનમાં સાનંદ વિહરતા હે કોકિલ! મારી આ વાત તું ધ્યાનથી સાંભળ. હું તો સુંદર શુક શિશુ જેવા મનોહર વર્ણની શ્રીધર નામની એક જાળમાં ફસાઈ ગઈ છું. એટલે કાં તો તું શંખચક્રધર ભગવાનને અહીં બોલાવ અથવા મારાં સુવર્ણ કંકણ લાવીને મને પહેરાવ. તારે જો આ ઉદ્યાનમાં રહેવું હોય તો તારે બેમાંથી એક કાર્ય તો કરવું જ પડશે.

[સંક્ષેપમાં આણ્ડાળ કોયલને કહે છે, તું ભગવાન સાથે મારો મેળાપ કરી દે. ભગવદ્‌મિલન થાય તો જ, તેના આનંદથી ગોદાના હાથ પુન: પુષ્ટ થાય અને તે કંકણ પહેરી શકે એ શક્ય બને. ભગવાનને બોલાવી લાવવા અને કંકણ પહેરાવવાં બંને વસ્તુત: એક જ કાર્ય છે.]

પદ ૧૦ :

પૂર્વે ત્રૈલોક્યને માપી લેનારા ત્રિવિક્રમ ભગવાનની સેવા કરવાની મારી ભારે ઉત્કંઠા છે, પરંતુ એ તો મને સતાવે છે. આવા વિરહવ્યથાના સમયમાં

આ દક્ષિણનો સમીર અને શીતળ કિરણવાળો ચંદ્ર એ બંને મારું શરીર ચીરી અંદર પ્રવેશી મને જે વ્યથા પહોંચાડે છે એનું કારણ મને સમજાતું નથી. આ તો અન્યાય છે. હે કોકિલ! તું તો આ ઉદ્યાનનો કાયમી નિવાસી છે, પણ તુંય તારા શ્યામ વર્ણથી ભગવાનનું સ્મરણ કરાવી મને દુઃખ દે છે. જો તું નારાયણને અહીં નહિ બોલાવી લાવે તો હું તને આ બગીચામાંથી બહાર કાઢી મૂકીશ.

**પદ ૧૧ :**

પોતાનાં ચરણ લંબાવી વિશ્વને માપનાર ત્રિવિક્રમ ભગવાન ઉપર સ્નેહ કરનારી, તીક્ષ્ણ બરછી જેવાં વિશાળ અને સુંદર નેત્રોવાળી, સ્ત્રીઓને ઉચિત ગુણોવાળી, 'હે કૃષ્ણ કોકિલ! હું સાગરવર્ણ મારા સ્વામીનાં દર્શન કરું એ રીતે તું એમને બોલાવ,' કહેનારી, સ્વરપ્રધાન ચારે વેદોનું અધ્યયન કરનારા શ્રી વૈષ્ણવોથી ભરપૂર, શ્રી વિલ્લિપુત્તૂરના પટ્ટર પિરાન્ વિષ્ણુચિત્ત આળવારની ગોદા દેવીએ રચેલી આ ગાથારૂપી માળાનું કીર્તન કરનારા 'નમો નારાયણાય' મંત્રના સમુચિત મનનનું ફળ મેળવશે.

[ 'નમો નારાયણાય' અર્થાત્ 'ૐ નમો નારાયણાય' અષ્ટાક્ષર મૂળમંત્ર. એ મંત્રના મનનનું ફળ એટલે નિષ્કામ, નિઃસ્વાર્થ ભગવત્કૈંકર્યરૂપી પરમ પુરુષાર્થ.

આ ગાથા ફલશ્રુતિની છે. ]

## છઠ્ઠું દશક

પાંચમા દશકમાં ગોદા દેવીએ કોકિલને વિનંતિ કરવાના નિમિત્તે, અપાર પ્રેમ સહિત માધવ શ્રીકૃષ્ણને મળવાની તીવ્ર ઉત્કંઠા વ્યકત કરી. એ ઉત્કંઠાને થોડી સફળ કરવા અને ધૈર્ય આપવા દીનબંધુ શ્રીકૃષ્ણે ગોદાને સ્વપ્નમાં અતિવિલક્ષણ અને મનોહર અનુભવ કરાવી આશ્વાસન આપ્યું.

સ્વપ્નમાં કિશોર શ્રીકૃષ્ણ સાથે ગોદા દેવીનો સાંગ સવિધિ વિવાહ થયો. પ્રાતઃકાળ થતાં શ્રીઆણ્ડાળ પોતાની સખી આગળ એ પરિતોષક અનુભવનું સુમધુર શબ્દોમાં વિશદ, મનોહર વર્ણન કરે છે. આ મંગળમય પ્રબંધનું અત્યારે પણ લગ્ન સમયે ગાન કરવાની રૂઢિ છે.

# છઠ્ઠા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧ :

સકલકલ્યાણગુણપરિપૂર્ણ શ્રીમન્નારાયણ હજારો માતંગોથી વીંટાઈને જમણી બાજુથી પધારી રહ્યા છે. માર્ગમાં સર્વત્ર તોરણ બાંધ્યાં છે, અને લોકો જલપૂર્ણ સુવર્ણકુંભોથી એમનું સ્વાગત કરી રહ્યાં છે. હે સખી ! મેં આવું સ્વપ્નું દીઠું,

[ જમણી બાજુથી આગમન શુકનવંતુ છે. ]

પદ ૨ :

"આવતી કાલે ગોવિંદની સાથે ગોદા દેવીનો લગ્નોત્સવ થશે," એ નક્કી થતાં, સોપારી, કેળ વગેરેથી સજાવેલા વિવાહમંડપમાં નરસિંહ, માધવ, ગોવિંદ ઈત્યાદિ શુભ નામવાળા એક નરર્ષભે પ્રવેશ કર્યો. હે સખી ! મેં આવું સ્વપ્નું દીઠું.

પદ ૩ :

ઈન્દ્રાદિ સર્વ દેવો આવ્યા. મારાં માતપિતા સાથે ચર્ચા વિચારણા કરી મને કૃષ્ણપત્ની તરીકે પસંદ કરી. એ પછી તરત નણંદ દુર્ગા દેવીએ મને પુષ્પમાળા અને મંત્રવસ્ત્ર,–મંગલવસ્ત્ર, પાનેતર પહેરાવ્યાં. હે સખી ! મેં એવું સ્વપ્નું જોયું.

[તામિળનાડુમાં નવવધૂને મંત્રવસ્ત્ર પહેરાવવાનો અધિકાર નણંદનો છે. મંત્રવસ્ત્ર પહેરાવવાની વિધિ વખતે આ ગોદા દેવીના સ્વપ્નવિવાહ વર્ણનનાં પદ ગાવામાં આવે છે. શ્રીકૃષ્ણ અને ગિરિજાનો જન્મ એક સાથે થયેલો. ('ભાગવત' ૧૦–૩–૪૭). કંસે જયારે દુર્ગાને વસુદેવની પુત્રી સમજી વધ કરવા માટે પછાડી ત્યારે તે 'અંતર' માં અર્થાત્ આકાશમાં અન્તર્ધાન થઈ ગઈ તેથી તમિળમાં તેને 'અંતરિ' કહે છે.]

પદ ૪ :

વેદપારંગત શિષ્ટ બ્રાહ્મણોએ ચારે દિશાઓમાંથી લાવેલા પવિત્ર તીર્થજળ વડે અમ નવદંપતીને પ્રોક્ષણ કર્યું. ઉચ્ચ સ્વરે સ્વસ્તિવાચન કરી આશીર્વાદ

આપતાં પુષ્પમાળાથી અલંકૃત શ્રીકૃષ્ણને અને મને મંગલ રક્ષાસૂત્ર બાંધ્યું. હે સખી! મેં સ્વપ્નામાં આવું જોયું.

પદ ૫ :

સુંદર નવયુવતીઓ સૂર્યની જેમ ઝગમગતા દીવાઓ અને સુવર્ણકળશો હાથમાં લઈને સ્વાગતાર્થે સામૈયું કરવા આવી રહી છે. એ જ સમયે મથુરાધિપ ભગવાન પાદુકાઓ પહેરી, ધીર ગંભીર ચાલે પ્રવેશ કરી રહ્યા છે. હે સખી! મેં એવું સ્વપ્નું દીઠું.

પદ ૬ :

મણિમુકતાની સેરોથી સજાયેલા લગ્નમંડપમાં મૃદંગ અને સુંદર રેખાલંકૃત શંખ વાગી રહ્યા છે. મારા પ્રિય સ્વામી મધુસૂદને આવીને મારું પાણિગ્રહણ કર્યું. હે સખી! મેં આવું સ્વપ્નું જોયું.

પદ ૭ :

નિપુણ વેદવેત્તા બ્રાહ્મણો વેદોનો સસ્વર મનોહર પાઠ કરી રહ્યા છે. સમુચિત મંત્રોચ્ચારણ સહિત હરિત દર્ભોનું ચોમેર પરિસ્તરણ કરી, સમિધોથી આહુતિ આપીને, મત્તગજસદૃશ ભગવાને મારો હાથ પકડીને અગ્નિની પરિક્રમા કરી. હે સખી! મેં આવું સ્વપ્નું દીઠું.

પદ ૮ :

હે સખી! મારા જન્મ-જન્માંતરના રક્ષક, મારા સ્વામી, સમસ્તકલ્યાણગુણનિધાન શ્રીમન્નારાયણે, પોતાના અત્યન્ત સુંદર હાથથી મારા ચરણ પકડીને શિલા ઉપર મૂકયા, તે મેં સ્વપ્નામાં જોયું.

[લગ્નનો આ વિધિ અશ્મારોહણ કહેવાય છે.]

પદ ૯ :

ધનુષ્ય જેવી ભમરવાળા અને તેજસ્વી મુખમુદ્રાવાળા મારા ભાઈઓએ આવી, અગ્નિને પ્રજવલિત કરી, તેની સન્મુખ ઊભી રાખી, નૃસિંહ શ્રીકૃષ્ણના હાથ ઉપર મારો હાથ રાખીને લાજા હોમ કરાવ્યો. હે સખી! મેં આવું સ્વપ્નું દીઠું.

પદ ૧૦ :

અમારા શરીર ઉપર કુંકુમ અને શીતળ ચંદનનો લેપ કરી, શ્રીકૃષ્ણ અને મને મદમત્ત ગજ ઉપર બેસાડી, લગ્નોત્સવ ઊજવવા સજાવેલી શેરીઓમાં જમણી બાજુથી નગરપરિક્રમા કરાવી. ત્યાર પછી સુવાસિત જળ અને હળદરથી અમને બંનેને સ્નાન કરાવ્યું. હે સખી ! મેં એવું સ્વપ્નું જોયું.

[દક્ષિણ ભારતમાં નવદંપતીને નગરનાં સ્નેહીજનોના પરિચય માટે નગરપરિક્રમા કરાવવાનું વિધાન છે. પરિક્રમા પછી વસંતસ્નાન કરાવવામાં આવે છે. લગ્ન પછી મોટે ભાગે ચોથા દિવસની રાતે વસંતસ્નાન કરાવવાનો રિવાજ છે. એ પછી વરવધૂને આશીર્વાદ સહિત ભેટો આપવામાં આવે છે.]

પદ ૧૧ :

વૈદિક ભગવદ્‌ભક્તોથી સ્તવાતા શ્રીવિલ્લિપુત્તૂરના સ્વામીની પુત્રી ગોદા દેવીએ, શ્રીકૃષ્ણ સાથે પોતાનું લગ્ન થયું, એવું સ્વપ્ન જોયું, તેનું વર્ણન કરતાં તમિળ ભાષાનાં આ દસ સ્વપ્નગીતોનું અધ્યયન કરનાર—ગાનાર, સદ્‌ગુણી અને સુંદર સંતાનો પામીને આનંદ કરશે.

[ આ ગાથા ફલશ્રુતિની છે. ]

## સાતમું દશક

ગોદા દેવીએ સ્વપ્નમાં શ્રીભગવાન સાથે લગ્ન કર્યું. ભગવદનુભવનો એ અતિ આનંદમય અતિઅદ્‌ભુત લ્હાવો લીધો. પરંતુ એ તો સ્વપ્ન હતું, વાસ્તવિકતા નહિ. એ આનંદ અલ્પ સમય રહ્યો. પુનઃ વિરહદુઃખ તો આવી પડ્યું. ઊલટું આ વિરહપીડા તો અગાઉ કરતાં ય વસમી થઈ પડી. એણે વિચાર્યુ: "ભગવાન શું સર્વ ભક્તો સાથે આવી ધૂર્તવિદ્યા કરતા હશે ? કે કોઈને નિરંતર આનંદાનુભવ કરાવના હશે ?" વિચારતાં વિચારતાં એને લાગ્યું કે મહાભાગ્યશાળી પાંચજન્ય શંખ ભગવાનની હથેળીમાં રહીને ભગવાનના અધરામૃતનું પાન કર્યા કરે છે, અને એમનાથી ક્ષણમાત્ર પણ અલગ થયા વિના એમના નિત્યસંશ્લેષરૂપ મહારસ લૂંટે છે. શંખરાજ પાંચજન્યના પરમ ભાગ્યનું ચિંતન કરતાં કરતાં ગોદાને મનમાં ધરપત આવી, તો બીજી તરફ શંખની જરાક ઈર્ષ્યા પણ થઈ. એવામાં પાંચજન્યનો સાક્ષાત્કાર

થતાં શ્રીઆણ્ડાળ કિંચિત્ ઈર્ષ્યાવશ થઈને આ દશકમાં સંબોધન કરે છે: 'મધુર પદાર્થનો ઉપભોગ એકલાએ ન કરવો,' એવું નીતિવચન છે. તારું આ કાર્ય અનુચિત છે. ભગવાનનું અધરામૃત પીવાની ઈચ્છાવાળી હું એક નહિ, બીજી સોળ હજાર મહિષીઓ છીએ. અમે ચૂપ નહિ બેસીએ"

## સાતમા દશકનાં પદોનો ભાવાનુવાદ

**પદ ૧ :**

હે ગંભીર ધવલ શંખ! કુવલયાપીડ નામના મદ ઝરતા હાથીના દાંત તોડી નાખનારા શ્રીકૃષ્ણના અધરના સ્વાદ અને સુગંધ અંગે હું તને ઉત્કંઠાથી પૂછું છું. તું કહે તો ખરો કે, સુંદર પરવાળાં જેવા એમના અધર કપૂર જેવી સુવાસવાળા છે? કમળના પુષ્પ જેવી સુગંધવાળા છે? કે મીઠા રસવાળા છે? એનો પ્રકાર મને બતાવ.

**પદ ૨ :**

હે શ્રેષ્ઠ શંખ! તું લવણસાગરમાં જન્મ્યો, પાંચજન અસુરના ઉદરમાં ઊછર્યો, પોતાની જન્મભૂમિ અને નિવાસસ્થાનની ફિકર કર્યા વિના ભગવાનના કરકમળરૂપ ઉચ્ચ સ્થાને આરૂઢ થયો, અને અસુરોનાં હૃદયને વિદારી નાખે તેવો જયનાદ કરવાનું તને મહા ભાગ્ય સાંપડયું!

[એક ક્ષુદ્ર સ્થાનમાં જન્મ્યો, ક્ષુદ્રતર નિકૃષ્ટ સ્થાનમાં ઊછર્યો, તેમ છતાં ભગવાનની હથેળીરૂપી શ્રેષ્ઠ સ્થાનમાં નિવાસ મળ્યો. પાંચજન્યના મહાભાગ્યની ઈર્ષ્યા કેમ ન થાય? ભગવત્પ્રાપ્તિ માટે ઉચ્ચ કુળ વગેરેની જરૂર નથી.]

**પદ ૩ :**

હે સુંદર મહાશંખ! શરદપૂર્ણિમાના દિવસે ઉદયાચળ ઉપર ઊગનારા પૂર્ણ ચન્દ્રની જેમ તું પણ ઉત્તર મથુરાધિપતિ વાસુદેવની હથેળીમાં નિત્યનિવાસ કરીને શોભે છે. અહો, તારું ભાગ્ય!

**પદ ૪ :**

હે દક્ષિણાવર્ત શંખ! દામોદર શ્રીકૃષ્ણના કરકમળમાં ચંદ્રમંડળની જેમ નિત્ય નિવાસ કરતાં કરતાં એમનો ગાઢ સંશ્લેષ પામીને તું કદાચિત્ એમના

કાનમાં કંઈ ગુપ્ત વાતો કહેતો હોય એવું લાગે છે. ઐશ્વર્યમાં તો સ્વર્ગનો ઈન્દ્ર પણ તારી તોલે ન આવે !

૫૬ ૫ :

હે પાંચજન્ય ! મહોદધિમાં તો તારી સાથે બીજા કેટલાય પદાર્થ છે, પરંતુ કોઈ એમને પદાર્થમાંય માનતું નથી—એમને કોઈ લેખામાંય લેતું નથી. કેવળ તું એક જ સર્વવ્યાપી મધુસૂદનના અધરામૃતનું સદા પાન કર્યા કરે છે.

૫૬ ૬ :

હે દક્ષિણાવર્ત શંખ ! બહુ દૂર પ્રવાસ કરી, ગંગાદિ તીર્થોમાં સ્નાન કરવાનું કષ્ટ વેઠયા વિના જ, નારદ ઋષિના શાપથી વૃક્ષ બનેલા યમલાર્જુન વૃક્ષોને ઉખાડી નાખનારા શ્રીકૃષ્ણના કરકમળ ઉપર આરૂઢ થઈ તું ત્યાં સદાકાળ નિવાસ કરે છે, અને એ કમળનયન ભગવાનના પરમ પવિત્ર અધરામૃત તીર્થમાં સ્નાન કરે છે! અહો, તારું ભાગ્ય !

૫૬ ૭ :

તાજા ખીલેલા લાલ કમળનું મધુપાન કરનારા હંસની જેમ, રકતનયન શ્યામ વાસુદેવના લાલ કમળ જેવા સુંદર કરતલ ઉપર આનંદથી નિદ્રા કરનારા હે શંખરાજ ! તારું ઐશ્વર્ય પરમોત્કૃષ્ટ છે.

૫૬ ૮ :

હે પાંચજન્ય ! ત્રિવિક્રમ ભગવાનનું અધરામૃત તારું ભોજન છે. સાગરશ્યામ ભગવાનનું કરતલ તારું શયનગૃહ છે. બીજાને ન મળતો અતિ દુર્લભ એવો દિવ્યાનુભવ કરનારા તને સર્વ સ્ત્રીવર્ગ નિંદે છે. તારું કાર્ય તદ્દન અનુચિત છે.

[ભગવાનના અધરામૃતનું પાન એમના સર્વ ભકતોને મળવું જોઈએ; ત્યારે તું તે એકલપેટો બનીને એકલો જ અધરરસનો અનુભવ લે છે.]

૫૬ ૯ :

હે મહદૈશ્વર્યસંપન્ન શંખ ! સોળ હજાર મહિષીઓ શ્રીકૃષ્ણનું અધરામૃત પીવા માટે આતુર છે. ભગવાન સાથે સંબંધિત સર્વ જનોએ સાથે મળીને

અનુભવવા લાયક માધવના એ અધરામૃતને જો તું એકલો જ પીધા કરીશ તો, શું બીજાઓ તારી સાથે કલહ નહિ કરે ?

પદ ૧૦ :

ભગવાન પદ્મનાભ સાથે ઘનિષ્ઠ સંબંધવાળા પાંચજન્યને અનુલક્ષીને, સુંદર શ્રીવિલ્લિપુત્તૂરમાં જન્મેલ, યશસ્વી શ્રીભટ્ટનાથની પુત્રી ગોદાએ ગાયેલ આ દશ ગાથાઓનું અધ્યયન કરી, ભગવાનનું સ્તવન કરનારા, પાંચજન્ય શંખની જેમ ભગવાનનું નિત્ય મિલન પામશે–ભગવાનનું નિત્ય કૈંકર્ય કરશે.

[ ફલશ્રુતિની ગાથા ]

## આઠમું દશક

ગોદાની વિરહવ્યથા અધિકાધિક વધવા લાગી. એવામાં વિરહીઓની પીડા વધારીને સતાવનારી વર્ષા ઋતુ આવી. ઘનઘોર મેઘ ગર્જના કરતા આકાશમાં ઘૂમવા લાગ્યા. વીજળીઓ ચમકવા લાગી. આણ્ડાળને ભગવાનના વચનનું સ્મરણ થવા લાગ્યું. ગોદા દેવીને મળ્યા પછી વિદાય લેતાં ભગવાને વર્ષા ઋતુમાં ફરી આવવાનું વચન આપેલું પરંતુ ભગવાન તો આવ્યા નહિ, એટલું જ નહિ ક્યાંયથી ભગવાનના કંઈ સમાચાર કે આવવાની એંધાણી પણ મળી નહિ. એટલે આણ્ડાળે મેઘોને દૂત બનાવી ભગવાનને સંદેશો મોકલ્યો !

"આપનું યશોગાન કરતાં કરતાં હું તો બહુ કમજોર થઈ ગઈ. તમે મને એક સાંત્વનાવચન પણ નહિ કહો ? તમે આશ્રિતજનની રક્ષાની ઉપેક્ષા કરશો અને જો મને મરવા દેશો તો તમને સ્ત્રીહત્યા લાગશે, અને એનો અપયશ આખા જગતમાં ફેલાઈ જશે. હે મેઘ ! એવો અપયશ મળે એવો પ્રસંગ આવે એ પહેલાં જ તેઓ મારી રક્ષા કરે એવી પ્રાર્થના નીલમેઘ જેવા શ્યામ વેંકટાદ્રિનાથને પહોંચાડી દે."

## આઠમા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧ :

આકાશમાં ફેલાયેલા નીલ વર્ણના વિશાળ ચંદરવા જેવા દેખાતા હે મેઘો ! નિર્મળ જળધારાઓથી વીંટાયેલા વેંકટાદ્રિમાં નિવાસ કરતા મારા નાથ

તિરુમાલ શ્રીપતિ તમારી સાથે શું આ તરફ આવ્યા છે? વિરહને લીધે મારી આંખમાંથી ઝરતી અશ્રુધારા દ્વારા મારું સ્રીત્વ વિનષ્ટ થતું જાય છે તે શું એમના મહિમાને ઉચિત છે ખરું ?

પદ ૨ :

સુંદર મુકતા અને નિધિની વર્ષા કરનારાં હે વાદળ! શ્યામસુંદર વેંકટાદ્રિનાથનો કોઈ સંદેશો છે! કામાગ્નિ મારા શરીરમાં પ્રવેશીને બાળી રહ્યો છે. વળી મધ્ય રાત્રિએ વાતા દક્ષિણના પવનની લહેરોથી સંતાપ પામીને હું દુઃખ ભોગવું છું. શું આ એમને ઉચિત છે?

[નિત્યકૈંકર્યની કામનાનો કામાગ્નિ]

પદ ૩ :

હે. કરુણામય મેઘ! મારા શરીરની ક્રાંતિ, વર્ણ, કંકણ, મન અને નિદ્રા એ સર્વ મારું દૈન્ય જોઈ મને ત્યજીને, મને વિશેષ દીન બનાવીને દૂર ચાલ્યાં ગયાં. સુશીતળ નિર્ઝરોથી સુશોભિત મારા શ્રી વેંકટાદ્રિનાથ ગોવિંદના કલ્યાણકર ગુણોનું યશોગાન કરતી કરતી હું કેવી રીતે જીવી શકીશ ?

પદ ૪ :

વિદ્યુત્ પ્રકાશથી ચમકતા હે મેઘો! મહાલક્ષ્મીજીના નિત્ય નિવાસસ્થાન ઉત્તમ વક્ષઃસ્થળવાળા વેંકટાદ્રિનાથને મારી વિનંતી પહોંચાડજો કે, "મારાં બાલસ્તન એમના સુંદર વક્ષઃસ્થળ સાથે ગાઢ સંશ્લેષ કરવા અત્યંત ઉત્સુક છે."

[ કાળાં વાદળમાં ચમકતી વીજળી ઘનશ્યામ શ્રીકૃષ્ણના વક્ષઃસ્થળ ઉપર રહેલાં મહાલક્ષ્મીની સમુચિત ઉપમા છે.

બાલસ્તન તે તો સમર્થ જ્ઞાન અને ભકિત. ]

પદ ૫ :

આકાશમાં સર્વત્ર ફેલાઈને, વેંકટાદ્રિના મધુ–મકરંદ ઝરતાં પુષ્પોનો વિનાશ કરીને વરસનારાં હે કાળાં વાદળ! બલિષ્ઠ અને તીક્ષ્ણ નખથી

હિરણ્યકશિપુનું શરીર ચીરી નાખનાર ભગવાન મારી ચૂડીઓ હરી ગયા છે તે શું મને પાછી આપશે ખરા? કહો.

[ભગવાનની વિરહિણી આણ્ડાળ વ્યથાથી એટલી કૃશ થઈ ગઈ કે હાથમાંની ચૂડીઓ નીકળી ગઈ એ ચૂડીઓ પાછી આપવાનું તાત્પર્ય એ છે કે, ભગવાન સાથે પુન: સંશ્લેષ થાય, અને શરીર ચૂડીઓ પહેરી શકાય એવું પુષ્ટ થાય.]

પદ ૬ :

સાગરજળ શોષીને ગગનમાં વિરાજતાં હે સુશીતળ વાદળ! મહાબલિ પાસેથી ભૂમિને સ્વાધીન કરનાર ભગવાનના નિત્યનિવાસસ્થાન વેંકટાદ્રિ ઉપર ફેલાઈને વરસનારા હે મેઘ! કીડા, કપિત્થ ફળને—કોઠાને ખાઈ જાય એમ, મારી અંદર પ્રવેશી મારો અંતસ્સાર ગળી જાય એ રીતે મારું સર્વસ્વાપહરણ કરનાર નારાયણને, મારી અપાર મનોવેદના સાંભળાવો.

[અંતસ્સાર અર્થાત્ અહંકાર નારાયણે ઓગાળી નાખ્યો છે. હવે મિલન અપેક્ષિત છે.]

પદ ૭ :

શંખોથી શોભતા મહાસાગરનું મંથન કરનારા ભગવાન વેંકટેશ સાથે સંબંધવાળા હે મેઘ! શ્રીવેંકટાચળમાં નિત્ય નિવસતા કમળનયન ભગવાનનાં ચરણકમળમાં આ દાસીની અરજી સાંભળાવજો : એક દિવસ અહીં પધારીને તેઓ મારાં સ્તન ઉપર લગાડેલા તમામ કુંકુમલેપને લૂછી નાખે એવું મને ગાઢ આલિંગન આપશે, તો જ હું જીવિત રહી શકીશ.

[આ ગાથામાં કરેલી ગાઢ આલિંગનની વિનંતી ઉપર ઉપરથી પ્રાકૃત કામોપભોગ જેવી લાગે. પરંતુ આ દિવ્ય પ્રબંધમાં અન્યત્ર અનેક સ્થળોએ (જેમકે ૧–૮, ૫–૧) સ્પષ્ટ દર્શાવ્યું છે કે, ભગવાનની ચરણસેવા જ—નિત્ય કૈંકર્ય જ ગોદાનો અપેક્ષિત પરમ પુરુષાર્થ છે. અહીં પણ પરમ પુરુષાર્થ પ્રાપ્ત કરવાના સાધનની વાત છે. એ સાધન તે જ્ઞાન અને ભક્તિની વિશદતા. વળી સ્તન શબ્દ ભગવદ્ભોગસાધન જ્ઞાન અને ભક્તિ સૂચવે છે. એના બે આકાર છે. સ્વાભાવિક અને આરોપિત. માત્ર ભગવાનને લક્ષ્ય

કરવા સ્વાભાવિક આકાર છે અને સ્વાર્થને લક્ષ્ય કરવો તે આરોપિત આકાર છે. બીજા શબ્દોમાં નિષ્કામ જ્ઞાન-ભક્તિ સ્વાભાવિક આકાર છે, અને સકામ જ્ઞાન-ભક્તિ આરોપિત આકાર છે. જ્ઞાન-ભક્તિરૂપી સ્તન ઉપર રજોગુણરૂપી કુંકુમ લગાડવાથી તેનો સ્વાભાવિક આકાર ઢંકાઈ જઈને આરોપિત આકાર આવે છે. એ આરોપિત આકારનો, સકામ આકારનો નાશ ભગવાનના દૃઢ આલિંગન દ્વારા પ્રાર્થિત છે. અર્થાત્ ભગવાનની કૃપાથી, એમનું દર્શન અને મિલન થતાં, કામના માત્ર નાશ પામે અને પરિશુદ્ધ સ્વાભાવિક જ્ઞાન-ભક્તિનો ઉદય થાય. કુંકુમ લાલ રંગનું હોય છે તેથી તે રજોગુણ સૂચવે છે. કુંકુમનો નાશ એટલે રજોગુણનો નાશ. તમોગુણનો નાશ રજોગુણના નાશની અંતર્ગત છે. રજસ્ તમસ્‌ના નાશ દ્વારા શુદ્ધ સત્ત્વગુણ માગ્યો છે]

પદ ૮ :

વર્ષાકાળમાં શ્રી વેંકટાચળ ઉપર છવાઈને દર્શન દેનારા હે શ્યામ મેઘો! યુદ્ધસમયે રણાંગણમાં વિજયી થતા શ્રીરામચંદ્રજીનું હું સદૈવ યશોગાન કરું છું. વર્ષાકાળના સુપક્વ અર્કપત્ર—આકડાના પાનની જેમ શિથિલ રહેનારી મારા માટે શું તેઓ કોઈ અનુગ્રહપૂર્ણ સંદેશો નહિ મોકલે?

[આકડાનાં સૂકાં પાંદડાં, વરસાદના પાણીના મારથી નીચે પડી જાય છે, એમ વિરહિણી આણ્ડાળ વ્યથાને કારણે કમજોર—અશકત બનતી જાય છે.]

પદ ૯ :

વર્ષાઋતુમાં વેંકટાચળમાં સદા છવાઈને રહેનારાં હે મત્તગજગામી કાળાં વાદળ! શેષશાયી ભગવાનના કંઈ સમાચાર છે? એ સ્વયં તો સદા આશ્રિત-રક્ષક છે. પોતાનો એ સ્વભાવ ભૂલીને જો તેઓ આ બાલિકાની ઉપેક્ષા કરીને એનો વધ કરશે તો નારીઘાતક એવા એમને કોણ માનશે?

પદ ૧૦:

સુંદર લલાટવાળી અને પરિપૂર્ણ ભગવદનુભવ કરવામાં નિરત, શ્રીવિલ્લિ-પુત્તૂરના અગ્રેસર શ્રીવિષ્ણુચિત્તની પુત્રી ગોદાએ શેષશાયી શ્રીવેંકટાદ્રિનાથ ભગવાન પ્રત્યેના અનુરાગથી, એમની સંનિધિમાં મેઘોને દૂત તરીકે મોકલતી આ તમિળ ગાથાઓ ગાઈ. આ ગાથાઓને પોતાના હૃદયમાં ધારણ કરીને, વાણીથી કીર્તન કરનારા ભગવાનના નિત્યકૈંકર્યનું મહાભાગ્ય પામશે.

[ આ ગાથા ફલશ્રુતિની છે. ]

## નવમું દશક

ગોદા દેવીએ જળ ભરેલા મેઘોને દૂત બની શ્રીવેંકટાદ્રિનાથ ભગવાન પાસે જઈ, એમને પોતાની વિરહજન્ય દુર્દશાના સમાચાર આપી, મળી જવાનો સંદેશો કહેવા વિનવ્યા. પણ વાદળાં તો સંદેશો લઈ જવાને બદલે વરસી ગયાં ! પરિણામે ચોમેર લીલુંછમ ઘાસ ઊગ્યું, ફૂલ ખીલ્યાં; ઈન્દ્રગોપ, કોયલ, મોર વગેરે ચોમેર દેખાવા લાગ્યાં અને કલરવ કરવા લાગ્યાં. આને કારણે આણ્ડાળની ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છા અત્યંત ઉત્કટ થઈ ગઈ. એની વિરહવ્યથા વધતી ગઈ. એ અસહ્ય વેદનાનું વર્ણન હવેનાં બે દશકોમાં ગોદા દેવી કરે છે. પ્રસ્તુત દશકમાં ગોદા સુંદરબાહુ ભગવાનનું કૈંકર્ય કરવાની અભિલાષા વ્યક્ત કરે છે.

## નવમા દશકનાં પદોનો ભાવાનુવાદ

**પદ ૧ :**

તિરુમાલિરુંશોલૈ ક્ષેત્રમાં (વનગિરિમાં) જ્યાં જુઓ ત્યાં સર્વત્ર લાલ સિંદુર જેવા રંગના ઈન્દ્રગોપ ચારે તરફ ફેલાઈ ગયા છે. સમસ્ત દેવતાઓએ જ્યારે શરણે આવીને ક્ષીરસાગરમાંથી અમૃત કાઢવાની વિનંતી કરી ત્યારે, મંદર પર્વતનો રવૈયો બનાવી, તેનાથી સમુદ્રમંથન કરી, સારતમ અતિ મધુર અમૃત કાઢનારા સુંદરબાહુ ભગવાનની માયાજાળથી હું કેવી રીતે બચી શકું એમ છું?

[આળવારોમાં અમૃતને 'ક્ષારરસ' કહેવાની પરંપરા છે! અહીં 'સારતમ અતિ મધુર અમૃત' દ્વારા ક્ષીરાબ્ધિમંથનમાંથી નીકળેલા અમૃતના પણ મધુર સારરૂપ લક્ષ્મીજીનો નિર્દેશ છે. આ મહાલક્ષ્મીને પામવા સૌ પ્રયત્ન કરતાં હતાં, પરંતુ લક્ષ્મીજી તો સકલકલ્યાણગુણસંપન્ન, નિર્દોષ અને લક્ષ્મીની પણ અપેક્ષા વિનાના ભગવાનને વર્યાં. ભગવાનની માયાજાળ તે અનુપમ સૃષ્ટિસૌંદર્ય.]

**પદ ૨ :**

દંતૂશળથી પર્વત વિદારણમાં પ્રવીણ અથવા યુદ્ધપ્રવીણ મદમત્ત ગજરાજોથી ભરેલા તિરુમાલિરુંશોલૈ પર્વતની તળેટિમાં ખીલેલાં જૂઈનાં ફૂલ મને સુંદરબાહુ ભગવાનના મંદહાસ્યનું દર્શન કરાવે છે. અને બીજી તરફ કેટલીય લતાઓ ભગવાનના મુકત હાસ્યનું સ્મરણ કરાવતાં પુષ્પો, કળીઓ ઈત્યાદિ દેખાડતાં : "હે ગોદા ! અમને જોયા પછી પણ તું જીવતી રહી શકીશ" ? એમ કહીને

જાણે કે મારો ઉપહાસ કરે છે. હે મારી પ્રાણસખી ! હું જેની અપેક્ષા રાખું છું તે પ્રિયતમ ભગવાને ભુજાઓ ઉપર પહેરેલી માળાઓ પ્રાપ્ત કરવાની મારી ઉત્કંઠાને લીધે મને જે વ્યથા પહોંચે છે, તેને હું કેવી રીતે વર્ણવું ?

પદ ૩ :

હે મનોહર કાકણ પુષ્પો ! હે સુંદર અતસી કુસુમો ! મારા અનુરાગના લક્ષ્ય ભગવાન તિરુમાલની કાંતિના તમે સ્મારક છો; માટે તમારા દર્શનથી એમનું સ્મરણ કરીને પિડાતી મને એ પીડા પાર કરીને જીવવાનો ઉપાય બતાવો. મહાલક્ષ્મીના ક્રીડાસ્થળરૂપી દૃઢ ભુજાઓવાળા તિરુમાલિરુંશોલૈના નાથે સ્વયં મારા ઘેર પધારીને મારી ચૂડીઓનું હરણ કર્યું. શું આ ઉચિત છે ?

પદ ૪ :

વિશાળ ઉદ્યાનમાં વસતા હે કોકિલો ! હે મયૂરો ! હે રમણીય કાકણ પુષ્પો ! હે નૂતન કલાફળો ! હે મનોહર રંગ અને સુવાસભર્યાં અતસી પુષ્પો ! તમે પાંચે પંચ મહાપાતકી છો ! રમણીય તિરુમાલિરુંશોલૈમાં વિરાજતા સુંદરબાહુ ભગવાન જેવો રંગ તમને શાથી મળ્યો છે ?

[ અહીં સંબોધેલ બે પક્ષી અને ત્રણ વનસ્પતિના રંગ શ્યામ છે. શ્રીકૃષ્ણ સદૃશ શ્યામ રંગ હોવાને કારણે ગોદા દેવીનું વિરહદુઃખ વધારે છે, અને ભગવાનનો મેળાપ કરાવતાં નથી તેથી તેમને પંચ મહાપાતકી કહ્યાં છે પંચ મહાપાતકની જુદી જુદી વ્યાખ્યાઓ અપાય છે. ]

પદ ૫ :

ખીલેલાં પુષ્પોથી ભરેલાં ઉદ્યાનવનોથી ભરેલ ઊંચા તિરુમાલિરુંશોલૈ પર્વતમાં ઊભેલા કમળનયન, ઘનશ્યામ, ભગવાનની સુંદર દિવ્ય મૂર્તિ સમાન, પુષ્પોનું મધુ પીનારા હે ભ્રમરસમૂહો ! હે સુંદર સરોવરો ! એ સરોવરોમાં ખીલેલાં હે કમળપુષ્પો ! મારી વિરહવ્યથા વધારનાર તમને સૌને યમદૂત સમાન માનનારી મને વિરહવ્યથા દૂર થાય એવો કોઈ ઉપાય બતાવો.

પદ ૬ :

સુવાસિત વનોથી ભરેલા તિરુમાલિરુંશોલૈમાં વિરાજતા સકલકલ્યાણગુણ પરિપૂર્ણ મારા આરાધ્ય દેવને હું મારી વાણીથી એકસો ઘડા માખણ અર્પણ

કરું છું; અને એકસો ઘડા ભરીને ક્ષીરાન્ન પણ અર્પણ કરું છું; પ્રતિક્ષણ વર્ધમાન ઐશ્વર્યવાળા એ સુંદરબાહુ ભગવાન અહીં પધારીને આ માખણ અને ક્ષીરાન્નને સ્વીકારશે ખરા?

[ અસહ્ય દુઃખમાં પણ ગોદા દેવીએ ભગવાનની સેવા કરવાનું માગ્યું છે. શિષ્ટ સંતો નિરંતર ભગવત્સેવા કરવાનું વિચારીને વિરહવ્યથા હળવી કરે છે.

આ પદના કારણે શ્રીરામાનુજાચાર્યને 'ગોદાગ્રજ'નું બિરુદ મળ્યું છે. જુઓ પ્રકરણ ૨ પૃ. ૫૬. ]

**પદ ૭ :**

જ્યાં સુગંધપૂર્ણ દક્ષિણનો પવન વાય છે તે તિરુમાલિરુંશોલૈમાં વિરાજતા મારા સ્વામી સુંદરબાહુ આજે અહીં પધારીને વાણી દ્વારા અર્પેલી મારી આ સેવાનો જો સ્વીકાર કરશે અને જો મારા હૃદયમાં નિરંતર નિવાસ કરશે તો, એમની દાસી એવી હું પૂર્વોક્ત એકસો ઘડામાંના એકેક ઘડાને સ્થાને એકસો અથવા તો એક હજાર ઘડા અર્પણ કરીશ; અને તે ઉપરાંત તેમનું સર્વ પ્રકારે કૈંકર્ય કરીશ—સેવા કરીશ.

[ ભગવાન તો અવાપ્તસમસ્તકામ છે. એ તો ભક્ત ઉપર કેવળ અનુગ્રહ કરવા જ સેવા સ્વીકારે છે. તેથી સાચા ભક્તની આકાંક્ષા પણ સેવા સ્વીકારનાર ભગવાનના કૃતજ્ઞ થઈને તેમનું કૈંકર્ય કરવાની હોય છે. ક્ષુદ્ર મનુષ્યો ભગવત્સેવાના બદલામાં કંઈક અલ્પફળ માગે છે; જ્ઞાની તત્ત્વવેત્તા ભક્તો તો ભગવાન સેવા સ્વીકારે તો તેમણે જેટલી સેવા સ્વીકારી હોય તેના કરતાં સેંકડો કે હજાર ગણી સેવા કરવાનું માગે છે. ]

**પદ ૮ :**

શ્યામ રંગની દેવચકલીના સમૂહો, પ્રાતઃકાળમાં વહેલાં ઊઠી, તિરુમાલિરુંશોલૈના નાથ, દ્વારકાધીશ, વટપત્રશાયી ભગવાનનું નામસંકીર્તન કરે છે. આ પક્ષીઓ એ રીતે અવ્યક્ત મધુર સ્વરથી પ્રભુ અહીં પધારી રહ્યાનું સૂચન કરતું ગાન કરે છે. શું એ સાચું પડશે?

**પદ ૯ :**

ખીલેલાં સુવાસિત ફૂલવાળાં વૃક્ષોથી પરિપૂર્ણ તિરુમાલિરુંશોલૈ પર્વત

ઉપર ઊગતા કરેણના વૃક્ષ ઉપર લટકતાં પીળાં પુષ્પોની જેમ મારો જન્મ પણ વ્યર્થ જાય છે. હાય ! અતિરમણીય હોઠ ઉપર રાખીને વગાડાતા પાંચ-જન્ય શંખનો ધ્વનિ અને શારંગ ધનુષ્યની પણછનો ટંકાર સાંભળવાનો સુવઅવસર મને કયારે પ્રાપ્ત થશે ?

[ તિરુમાલિરુંશોલે પર્વત ઉપર પીળાં કરેણનાં વૃક્ષો ઘણાં થાય છે. એનાં ફૂલ સુંદરબાહુ ભગવાનને ચઢતાં નથી અને અન્ય દેવના ભકતો ત્યાં આવતા નથી, એટલે એ ફૂલનો કંઈ ઉપયોગ થતો નથી. ગોદા દેવી સૂચવે છે : આ રીતે મારો જન્મારો વ્યર્થ જતો લાગે છે.

પાંચજન્યનો ધ્વનિ અને શારંગનો જયાઘોષ ભગવાનના આગમનનો સંકેત છે . ]

પદ ૧૦ :

ચંદન અને અગરૂનાં વૃક્ષોને ઘસડીને, તેમજ અનેક તળાવોને પણ ભરી દઈને વહેનારી નૂપુરગંગાથી વિભૂષિત તિરુમાલિરુંશોલૈ પર્વતમાં વિરાજતા સુંદરબાહુ ભગવાનને લક્ષ્ય કરીને ભ્રમરોથી સેવાતા કેશવાળી ગોદા દેવીએ ગાયેલી આ દશ તમિળ ગાથાઓનું તન્મય થઈને ગાન કરનારા તિરુમાલનાં—શ્રીપતિનાં ચરણકમળ પ્રાપ્ત કરશે.

[ આ ફલશ્રુતિની ગાથા છે. ]

## દશમું દશક

નવમા દશકની જેમ આ દશકમાં પણ ગોદા દેવી પોતાની અસહ્ય વિરહવેદનાને ફૂલો અને પક્ષીઓના માધ્યમ દ્વારા વાચા આપે છે .

## દશમા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧ :

હે શ્યામ કોડલ પુષ્પો ! નીલાબ્ધિ વર્ણના શ્યામસુંદર શ્રીકૃષ્ણ કયાં રહે છે ? શું એમણે તમને યુદ્ધ કરવા માટે સજ્જ કરીને મારા ઉપર આક્રમણ કરવા મોકલ્યાં છે ? તમારા દર્શનથી ઉત્પીડિત હું મારી દુર્દશા કોને કહું ? આવી અવદશામાં પણ મારું ચિત્ત એમની તુલસીમાળામાં લુબ્ધ થઈને એમની પાછળ દોડે છે ! હું શું કરું ?

[કોડલ એક પ્રકારનું શ્યામ રંગનું ફૂલ છે.

વિરહિણી આણ્ડાળ પોતાની વ્યથા સહાનુભૂતિપૂર્વક સાંભળે અને માર્ગ-દર્શન આપે એવા ભક્ત–સંતને ખોળે છે. તુલસીમાળા ભગવાનના આશ્રિત-રક્ષક ગુણનો સંદેશો આપી આશ્વાસન આપે છે.]

પદ ૨ :

હે વૃક્ષાદિ ઉપર ખીલનારાં પુષ્પો ! સમસ્ત ઊર્ધ્વ લોકોને પાર કરી વિરાજતા પરમપદનિવાસી, વેદવેદ્ય શ્રીમન્નારાયણના જમણા હાથમાં શોભતા ચક્રરાજ સુદર્શનની તીવ્ર જયોતિથી દાઝવા દીધા વિના, એ ભગવાનના નિત્ય કૈંકર્યની ગોઠડીમાં તમે મને પહોંચાડી દેશો ?

પદ ૩ :

હે બિમ્બલતા ! તું તારાં સુંદર પુષ્પો વડે ભગવાન શ્રીકૃષ્ણના મનોહર હોઠનું સ્મરણ કરાવીને મને શા સારું સતાવે છે ? બિંબફળ (પાકાં ઘીલોડાં) સમાન સુંદર અધરવાળા ભગવાનના સ્મરણમાત્રથી પણ હું ડરું છું. મુજ પાપિણીના જન્મ પછી શેષશાયી ભગવાન પણ એમની શય્યા શેષજીની જેમ બે જીભવાળા બેવચની થઈ ગયા ! એ બીજાઓની બાબતમાં તો એમ વર્તતા નથી પરંતુ નિર્લજ્જ એવી મારી બાબતમાં જ બેવચની થયા છે !

[ભગવાને મને મળવાનું વચન આપ્યું છે, પણ પાળતા નથી. પૂર્વે રામાવતારમાં તેમણે કહ્યું છે : रामो द्विर्नाभिभाषते । રામ બે વચન બોલતો નથી. વા. રા. ૩–૧૬–૧૯; કૃષ્ણાવતારમાં કહ્યું છે : नोक्तपूर्वं मया मिथ्या स्वैरेष्वपि कदाचन । મેં અગાઉ સ્વૈર વર્તનમાં પણ કદીય મિથ્યા ભાષણ કર્યું નથી. મ. ભા. ૧૪–૬૮–૧૯. એટલે સત્યવચની તરીકે પ્રસિદ્ધ ભગવાન મારી બાબતમાં જ બે જીભવાળા થયા હોય એવું લાગે છે ! અને હું યે નિર્લજ્જ છું કે એવા વચન નહિ પાળનારા ભગવાનની પાછળ મારું મન લાગ્યું છે !]

પદ ૪ :

ગંભીર સ્વભાવની હે યૂથિકા લતા ! હે દેવી ! ભગવાનના મંદહાસ્યનું સ્મરણ કરાવતા તારા વિકાસથી–ફૂલવા ફળવાથી, તું મને ત્રાસ ન આપ. એ

માટે હું તારું શરણ સ્વીકારીશ. મર્યાદાનું ઉલ્લંઘન કરનાર શૂર્પણખાનું નાસિકાચ્છેદન કરનાર ભગવાન રામચંદ્રનું આશ્રિતરક્ષણ કરનારું પ્રતિજ્ઞાવચન પણ જો મિથ્યા થાય તો થવા દો; પરંતુ વિષ્ણુચિત્ત આળવારની પુત્રી તરીકેનો મારો જન્મ પણ શું મિથ્યા થશે ?

[ભગવાન રામચંદ્રે વચન આપ્યું છે: "सकृदेव प्रपन्नाय तवास्मीति च याचते। अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ॥ વા. રા. ચાલુ આવૃત્તિ, યુદ્ધકાંડ ૧૮–૩૩; અધ્યાત્મ રામા. યુદ્ધ ૩–૧૨ ॥ જે એક વખત પણ મારા શરણે આવીને 'હું તમારો છું" એમ રક્ષણની યાચના કરે છે. તેને હું ભૂત-માત્ર તરફથી નિર્ભય કરું છું. આ મારુ વ્રત છે. "ભગવાન સ્વતંત્ર હોઈ કોઈ વખત ભકતની ઉપેક્ષા કરતા હશે. પરંતુ ગોદા દેવી કહે છે: "તમારાથી મારી ઉપેક્ષા નહિ જ થઈ શકે. કારણ હું પેરિયાળવારની પુત્રી છું. તે મારા પિતા છે તેમ જ આચાર્ય પણ છે. શાસ્ત્રો તો સ્પષ્ટ છે કે, 'ભગવાનની સેવા કરનારને સિદ્ધિ મળે કે ન યે મળે, પરંતુ એમના ભકતોની પરિચર્યા કરનારને તો સિદ્ધિ મળે જ મળે,' અને આ પિતા–આચાર્ય પણ કેવા ? ભગવાનનું રક્ષાસ્તોત્ર 'તિરુપ્પલ્લાણ્ડુ' નું ગાન કરનારા.]

પદ ૫ :

હે ગવૈયા કોકિલો ! આ કર્ણકઠોર કયું ગીત ગાઓ છો ? શ્રીવેંકટાચળ-નાથ ભગવાન અહીં પધારીને મારા ઉપર કૃપા કરવાના હોય તો તમે અહીં આવીને ગાન કરો. આનંદનર્તનશીલ ગરુડને ધ્વજામાં ધારણ કરનાર શ્રીકૃષ્ણ જો કૃપા કરીને અહીં આવશે અને મને મળશે તો હું જ તમને બોલાવીને તમારાં ગીતો સાંભળીશ .

[ કોકિલાનું કૂજન વિરહમાં કર્ણકઠોર લાગે છે અને સંશ્લેષમાં કર્ણપ્રિય લાગે છે . ]

પદ ૬ :

ભગવાન શ્રીકૃષ્ણના દિવ્ય રૂપ સમાન તમારું રૂપ દેખાડીને નૃત્ય કરનારા હે શ્રેષ્ઠ મયૂરોના ગણ ! હું તમારા પગ પકડીને માંગું છું કે, વિરહવ્યથા વધારી દેનારી તમારી આ ચેષ્ટા બંધ કરો. શેષશય્યા ઉપર પોઢનારા ભગવાને મારી આ કેવી દુર્દશા કરી છે !

પદ ૭ :

પીંછાં ફેલાવી, કળા કરીને નૃત્ય કરનારા હે સુંદર મયૂરો ! મારામાં તમારું આ મનોહર નૃત્ય જોવાની ક્ષમતા રહી નથી. કુંભનર્તક ગોવિંદે પોતાની અસાધારણ લીલાથી મારું સર્વસ્વ હરી લીધું છે. આવી દુરવસ્થામાં મારી સમક્ષ નૃત્ય કરીને મારા પ્રાણ લેવા તમારે માટે તદ્દન અનુચિત છે.

પદ ૮ :

હે વાદળાં ! હે મેઘ ! બહાર માટીનો લેપ કરી અંદરથી સારભૂત વસ્તુ કાઢી લેનારની જેમ, પહેલાં મને ગાઢ આલિંગન આપી, પછી મારા આત્માને વિરહપીડાથી પીગળાવીને બહાર કાઢી લેનાર સુંદરમૂર્તિ શ્રી વેંકટાદ્રિ-નાથને મારી સાથે ગાઢ સંશ્લેષ કરાવીને પછી તમે ખૂબ વરસો.

[ધાતુપ્રતિમા બનાવનારાઓ પહેલાં માટીની પ્રતિમા બનાવી, તેના ઉપર મધુચ્છિષ્ટ–મીણનો લેપ કરી તેના ઉપર ફરી માટીનો લેપ કરી, વચમાંના મીણને એક છેદથી બહાર કાઢી લઈ તેને બદલે કાંસું, પિત્તળ વગેરે ધાતુરસ ભરીને પ્રતિમા ઢાળે છે. તેની ઉપમા આપી ગોદા દેવી વિરહવ્યથા વ્યકત કરે છે.]

પદ ૯ :

હે સાગર ! હે મહાસાગર ! પોતાના શય્યાગૃહ એવા તને પણ ભગ-વાને મંદર પર્વત વડે મથી નાખી, તારી અંદરના સારભૂત એવા અમૃતને બહાર કાઢી લીધું ને ? એ જ રીતે મારા સારભૂત આત્માને હરી લેનારા ભગવાનને એમની શય્યા–શેષનાગની સમીપ જઈને મારી અસહ્ય પીડાના સમાચાર આપો.

પદ ૧૦ :

હે મારી પ્યારી સખી ! શેષશય્યા ઉપર પોઢનારા ભગવાન મહા શ્રીમાન અને સર્વશ્રેષ્ઠ છે. અમે તો રહ્યાં ક્ષુદ્ર માનવ. અમે શું કરી શકીએ ? સર્વોત્તમ ભગવાન સાથે અતિ ક્ષુદ્ર અમારો મેળાપ કેવી રીતે થાય ? શ્રીવિલ્લિપુત્તૂરના વિષ્ણુચિત્ત સ્વામી પોતાના આરાધ્ય દેવને અહીં કોઈ ઉપાયે લાવશે તો અમે એમનું કલેશ વિના, સહેજે દર્શન પામીશું.

[ બીજાં દશકોમાં છે એવી આ ફલશ્રુતિ નથી. એને ફલશ્રુતિ ગણી શકાય. અહીં આચાર્યની–સદ્‌ગુરુની મહત્તા પ્રતિષ્ઠાપિત કરી, તેમના દ્વારા ભગવત્સંશ્લેષ, ભગવદ્‌મિલન સુલભ છે તે દર્શાવ્યું છે. ]

## અગિયારમું દશક

શ્રીકૃષ્ણે વરાહાવતારમાં ભૂદેવી, રામાવતારમાં સીતાજી અને શ્રીકૃષ્ણાવતારમાં રુકિમણી આદિ પોતાની દિવ્ય મહિષીઓ પ્રત્યે વિવિધ પ્રકારે જે જે વિશેષ અનુગ્રહ કરેલા તે તરફ તેમનું ધ્યાન દોરી, પોતે પણ તેવા અનુગ્રહને જ યોગ્ય એમની રાણી છે એમ ગોદા દેવીએ આ દશકમાં દર્શાવ્યું છે. આ દશકમાં પોતાના ઉત્કટ મનોભાવ યથાતથ વ્યકત કરીને, અને સાથે જ ભગવાનનાં અભયવચનનું સ્મરણ કરીને આણ્ડાળ ધૈર્ય રાખે છે.

## અગિયારમા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧ :

હે આભરણભૂષિત સુંદરીઓ! વિષાગ્નિનું વમન કરનારા શેષનાગરૂપી શય્યા ઉપર શયન કરનારા શ્રીરંગનાથ ભગવાન મારું મુખ પણ જોવા ઇચ્છતા નથી એમ લાગે છે. (એટલે તો મારું શરીર ક્ષીણ થઈ ગયું અને હાથમાંથી ચૂડીઓ નીકળી ગઈ.) મને એ ચૂડીઓ બહુ પ્રિય છે. શું એ ચૂડીઓ ભગવાનના પ્રિય અને તેમના હાથમાં વિરાજતા શંખરાજ સમાન નથી?

[ પાંચજન્યને જરા પણ અલગ કર્યા વિના ભગવાન નિરંતર પોતાના હાથમાં રાખે છે તો શું ગોદાનો પણ ચૂડીઓ સદાકાળ પહેરવાનો અધિકાર નથી? પરંતુ શ્રીકૃષ્ણ કૃપા કરીને નિત્યસંશ્લેષ કરે અને કૃશપણું દૂર થઈ, હાથ પરિપુષ્ટ થાય તો જ એ બને. ]

પદ ૨ :

(વડીલ સ્ત્રીઓને ઉદ્દેશીને કહે છે) હે સુંદરી માતાઓ! પરમભોગ્ય દિવ્ય અમૃત સમાન પ્રિયતમ શ્રીરંગનાથ ભગવાનનાં કેશપાશ, અધર, નેત્ર અને નાભિકમળ સુંદર છે. એવા સર્વાંગે નિતાંતસુંદર મારા સ્વામીએ મારા હાથમાંના કળલ વલયને–સુંદર વલયને, કળલ વલય–ઢીલાં વલય બનાવી દીધાં!

[કળલ વલય = ૧. સુંદર વલય ૨. ઢીલાં વલય. ભગવાને વિરહવ્યથા આપી કૃશ બનાવી એટલે હાથમાં ચૂડીઓ રહેતી નથી.]

પદ ૩ :

તરંગમાળાવાળા મહાસાગરથી પરિવેષ્ટિત ભૂમંડળ અને પરમપદના શાસક, આજ્ઞાદંડધારી શ્રીરંગનાથ ભગવાન મારા હાથમાંનાં વલયનું હરણ કરીને શું અધિક શ્રીમાન બની જશે ?

પદ ૪ :

સુસજ્જ મહેલો અને પ્રાકારોવાળી શ્રીરંગપુરીમાં વિરાજતા દેવાધિદેવ શ્રીરંગનાથે, અગાઉ વામનાવતારમાં બલિ રાજા પાસેથી ઉદકધારા દ્વારા ભિક્ષા લીધેલી તેમાં કદાચ કંઈક ન્યૂનતા રહી ગયેલી ! એટલે તે ઉણપ પૂરવા તેઓ મારી ચૂડીઓ ઈચ્છે છે ! તો પછી તેઓ શા માટે મારી શેરીમાં થઈને નીકળતા નથી ?

[મારી શેરીમાંથી નીકળે તો હું ય બલિરાજાની જેમ એમને સર્વસ્વ અર્પી દઈશ.]

પદ ૫ :

નિતાન્તસુંદર વામનરૂપ ધરી, પોતાના સુંદર કરકમળથી ભિક્ષા ગ્રહણ કરી, ત્રૈલોકયને માપી લેનારા અને સજ્જનોના નિવાસસ્થાન, સમસ્તસંતાપ-હારી શ્રીરંગક્ષેત્રમાં શેષશય્યા ઉપર પોઢનારા ભગવાન, દીન એવી મારા સર્વ-સ્વનું (શરીરનું, પ્રાણોનું) હરણ કરવા ઈચ્છતા હોય એવું જણાય છે.

પદ ૬ :

સર્વત્ર ખેતરોમાં થઈને વહેનારી, નિર્મળ જળવાળી કાવેરીથી વીંટાયેલા શ્રીરંગક્ષેત્રમાં વિરાજતા, સમસ્ત જડ-ચેતનના અન્તર્યામી, અતિ દુર્લભ, ચારે વેદોના સર્વ મંત્રોના તાત્પર્યરૂપ શ્રીરંગનાથ ભગવાને પહેલેથી જ કર-વલયરૂપી મારું ધન લૂંટી લીધું ; અને હવે તો મારું શરીરરૂપી ધન પણ લઈ લેવા ઈચ્છે છે.

પદ ૭ :

સુદઢ પ્રાકારોથી વીંટાયેલા શ્રીરંગધામમાં વિરાજતા શ્રીપતિએ રામાવ-તારમાં સીતા નામના સ્ત્રીરત્ન ઉપર આસક્ત થઈ, આહાર-નિદ્રા ત્યજી, સમુદ્ર ઉપર સેતુ બાંધવાનું અતિમાનુષ કાર્ય પાર પાડી, ભૂમિપુત્રી સીતા પ્રત્યેનો નિસ્સીમ પ્રેમોન્માદ પ્રગટ કર્યો. હવે તો એ પોતાના પૂર્વચરિત્રના મહિમાના ધ્યાનમાં મગ્ન રહીને મારી ઉપેક્ષા કરતા લાગે છે!

પદ ૮ :

પૂર્વે દીર્ઘકાળ સુધી પ્રલયાર્ણવમાં ડૂબેલી રહેવાને કારણે શેવાળ વગેરેથી વિકાર પામેલી ભૂદેવીના ઉદ્ધાર માટે કીચડ અને જળ ટપકતું અતિ મલિન શરીર ધારણ કરી, વરાહરૂપ ધારણ કરનારા, તેજોમય દેવાધિદેવ શ્રીરંગનાથ ભગવાને જે અભયપ્રદ વાણી કહી છે તે ભૂલી ભુલાય એવી નથી.

પદ ૯ :

પાણિગ્રહણ માટે જરૂરી સર્વ વ્યવસ્થા કરી દઈ, રુકિમણી સાથે લગ્ન કરવાનો દઢ નિશ્ચય રાખનારો શિશુપાળ નિસ્તેજ થઈને હવા ખાતો રહી જાય એ રીતે દેવી રુકિમણીનો પાણિગ્રહણ કરનાર ભક્તવલ્લભ ભગવાને પોતાના નિવાસસ્થાન તરીકે સ્વીકારેલા દિવ્ય દેશનું નામ શ્રીરંગક્ષેત્ર છે. (હું ત્યાં જઈશ).

પદ ૧૦ :

આર્જવ ગુણના અખૂટ ભંડાર શ્રીરંગનાથ ભગવાને શ્રીકૃષ્ણાવતારના સમયે પોતાના ચરણકમળના આશ્રિત અર્જુનને જે સત્યાર્થસંપન્ન અભય-વચન કહેલાં તે શ્રવણ કરીને મારા આચાર્ય શ્રીવિષ્ણુચિત્ત સ્વામી તેના ઉપર નિર્ભર રહે છે.

[આગલા દશકની જેમ આ દશકમાં પણ સ્પષ્ટ ફલશ્રુતિ નથી.]

શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને અનેક અભયવચન આપ્યાં છે. પિતા અને ગુરુ પેરિયાળવાર એ વચનો ઉપર નિર્ભર રહે છે. અને એમની ચરણાશ્રિત ગોદા દેવી પણ એ વચનો ઉપર નિર્ભર છે. નિષ્કામ, નિ:સ્વાર્થ,

જ્ઞાની ભક્તને પરમાત્મા અત્યંત પ્રિય છે અને પરમાત્માને જ્ઞાની ભક્ત અત્યંત પ્રિય છે.

प्रियो हि ज्ञानिनोऽत्यर्थमहं स च मम प्रियः ॥

ગીતા ૭–૧૭.

ભગવદ્‌ગીતાનાં કેટલાંક અભય વચન :

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९–२२.

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत् कश्चिद्दुर्गतिं तात गच्छति ॥ ६–४०.

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः ।
तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः ॥ ८–१४.

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥ १८–६५.

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥ १८–६६.

જે મનુષ્યો અનન્યભાવે મારું ચિંતન કરતાં મને ઉપાસે છે તેવા નિત્ય મારામાં જ જોડાયેલા રહેનારાના યોગક્ષેમનો ભાર હું જ ઉપાડું છું. (૯-૨૨).

હે પાર્થ! એવા (ભક્ત)નો નાશ આ લોક કે પરલોકમાં ક્યાંય થતો નથી. હે તાત! કલ્યાણકર કાર્યો કરનાર કોઈની પણ દુર્ગતિ થતી જ નથી. (૬-૪૦).

હે પાર્થ! ચિત્તને બીજે ક્યાંય રાખ્યા વિના, મારામાં જ ચિત્ત રાખીને જે નિત્ય મારું સતત સ્મરણ કરે છે તે નિત્ય-યુક્ત યોગીને (નિત્ય-કૈંકર્ય કરનારને) હું સુલભ છું. (૮-૧૪).

મારી લગની લગાડ, મારો ભક્ત થા, મારું યજન કર, મને નમસ્કાર કર: તું મને પામીશ જ, એ મારી સત્ય પ્રતિજ્ઞા છે. તું મને પ્રિય છે. (૧૮-૬૫).

સર્વ ધર્મોનો (સર્વ ઉપાયોનો, અને શબ્દાદિ વિષયોમાંની આસક્તિનો) ત્યાગ કરીને તું એક મારું જ શરણ લે, હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. તું શોક ન કર. (૧૮-૬૬).

ભગવાન ઋજુતાના ભંડાર છે. એમણે જ સંક્ષેપમાં ધર્મલક્ષણ દર્શાવતાં કહ્યું છે:

सर्वं जिह्मं मृत्युपदमार्जवं ब्रह्मणः पदम् ।
एतावाञ्ज्ञानविषयः किं प्रलापः करिष्यति ॥

म. भा. १४—११—४.

સર્વ પ્રકારની કુટિલતા એ મૃત્યુપદ છે અને સર્વ પ્રકારનું આર્જવ એ બ્રહ્મનું પદ—પરમપદ છે. આટલો જ જ્ઞાનનો વિષય છે, ખાલી પ્રલાપ કરવાથી શું?]

## બારમું દશક

શ્રીઆણ્ડાળ અત્યંત કૃશ અને દુર્બળ થઈ ગયાં છે. વિરહવ્યથા અને અશક્તિને કારણે જાતે તો ક્યાંય જઈ શકે એમ નથી, પરંતુ ભગવાનનાં તે તે વિહારસ્થાનોનું ધ્યાન કરી, ત્યાં જઈ ભગવદનુભવ કરવાની તીવ્ર ઉત્કંઠા સેવે છે. જ્યારે માતા વગેરે વડીલો તેને હઠ ન કરવા બહુ સમજાવે છે, ત્યારે ગોદા કહે છે: તમારી સાથે વાર્તાલાપ કરવો તે મૂક-બધિરસંવાદ જેવો વ્યર્થ છે એ સ્વજનોને વીનવે છે કે, મને યશોદાને ત્યાં ઊછરના ભગવાનની મથુરા-પુરીની નિકટ મૂકી આવો. આ વિરહજન્ય મંદવાડમાં સેવા કરતાં સ્વજનોને એ સાવધ કરે છે: "જો મને બચાવવી હોય તો મને વ્રજભૂમિમાં મૂકી આવો. માતા-પિતાદિ સ્વજનો હતાં, તે છતાં ગોદા સૌને મૂકીને ભાગી ગઈ એવો અપયશ ફેલાય તે પહેલાં જ મને રાત્રિના અંધકારમાં નંદ ગોપને ત્યાં મૂકી આવો......" એ રીતે ગોદા દેવી મથુરા, વ્રજ, નંદ ગોપનું ભવન, યમુનાતટ, કાલિયહ્રદ, ભક્તવિલોચન ક્ષેત્ર, ભાંડીરવટ, પ્રલંબાસુરવધસ્થાન, ગોવર્ધન અને છેવટે દ્વારકા એમ ભગવાનનાં નવ દિવ્ય વિહારક્ષેત્રોમાં પોતાને લઈ જવા વીનવે છે.

## બારમા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧:

હું માધવ ઉપરના ગાઢ સ્નેહથી મુગ્ધ છું. તમે મારા પ્રેમને સમજી શકો એમ નથી એટલે તમારી સાથે વાર્તાલાપ કરવો એ મૂક-બધિરસંવાદ જેવો

ફોકટ છે. તમારે તો આટલું જ કામ કરવાનું છે : જન્મદાત્રી માતા દેવકીને છોડી, વ્રજમાં માતા યશોદાને ત્યાં ઊછરનારા, મલ્લયુદ્ધવિશારદ ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ મથુરામાં મને પહોંચાડી દો.

[માતાએ ભગવાનની અહેતુકી કૃપા અને તેમનાં અભયવચનો ઉપર શ્રદ્ધા રાખી ધૈર્ય રાખવા કહ્યું. ગોદા દેવીએ ઉત્તર આપ્યો : "મા, તારી વાત સાચી, પરંતુ હું અસહાય છું મારાથી ભગવાન વિના રહેવાય એમ છે જ નહિ." આવા વાદવિવાદના અંતે અકળાઈને શ્રીઆણ્ડાળે આ સંવાદને વ્યર્થ કહ્યો પોતાને ભગવાન પાસે મથુરા પહોંચાડવા કહ્યું.]

**પદ ૨ :**

હવે લજ્જિત થવાનું કંઈ કારણ નથી; કારણ મારી આ અવસ્થાને ગામનાં મત્સરવાળાં ચાર પ્રકારનાં લોકો જાણી ગયાં છે. મારો સમુચિત ઉપચાર કરી, મારી પૂર્વની કાંતિ પાછી આવે એમ જો તું ઈચ્છતી હોય તો, અને મને મૃત્યુના મુખમાંથી બચાવવાની તમારી સૌની ચાહના હોય તો મને વિના વિલંબે વ્રજમાં લઈ જાઓ. ત્યાં જો મને લોકવિક્રાન્ત ત્રિવિક્રમ ભગવાનનાં દર્શન થશે તો મારું દુઃખ ઓછું થશે

[મત્સરવાળાં ચાર પ્રકારનાં લોકો તે : કર્મ, જ્ઞાન અને ભક્તિથી સાધના કરતાં ત્રણ પ્રકારનાં; અને પ્રપન્ન હોવા છતાં પણ અહંકાર સર્વથા ગયો ન હોય એવાં ચોથા પ્રકારનાં લોકો, પરમૈકાંતિક શુદ્ધ પ્રપન્ન ઉપર મત્સર અર્થાત્ દ્વેષ રાખે છે. પરમૈકાંતિક પ્રપન્ન આવી ચાર પ્રકારની વ્યક્તિઓથી ગુપ્ત રીતે પોતાની નિષ્ઠામાં રહે છે; પણ જ્યારે એ ચારે પ્રકારનાં જનોને આ નિષ્ઠાની ખબર પડી જાય છે ત્યારે પરમ=એકાંતિક પ્રપન્ન પ્રેમી ભક્ત કોઈની દરકાર રાખ્યા વિના નિષ્ઠાનું દઢીકરણ કર્યે જાય છે મીરાંબાઈનાં પદ સાથે તુલના કરો :

અબ તો બાત ફૈલ પડી. જાણે સબ કોઈ;
મીરાં એમ લગણ લાગી, હોની હોય સો હોઈ.
અબ સો બાત ફૈલ પરી જૈસે બીજ બટકી ]

**પદ ૩ :**

આ જગતમાં જો એવો અપયશ ફેલાઈ જાય કે પિતા, માતા અને અન્ય બંધુજનો હતાં છતાં આ પુત્રી એ સૌને છોડીને પોતાના માર્ગે ચાલી

ગઈ, તો એને દૂર કરવો બહુ કઠણુ પડશે. અતિઆશ્ચર્યમય ગુણકર્મવાળા માયી શ્રીકૃષ્ણ મારી સામે આવીને મને આકર્ષે છે એટલે હું એમની પાછળ પડી છું. તેથી મને બચાવવા તમે રાત્રિના અંધકારમાં દુર્વિનીત અને ધૂર્તચેષ્ટ શ્રીકૃષ્ણના પિતા નંદ ગોપાલને ઘેર મને મૂકી આવો.

પદ : ૪

સુંદર હથેળીમાં ચક્રરાજ સુદર્શનને ધારણ કરનારા ગોવાળબાળ ભગવાન વિના બીજા કોઈનું ય મુખ નથી જ જોવું એવો દઢ નિશ્ચય કરી, અરુણ રંગની સરસ કંચૂકીથી પોતાને છુપાવીને રહેનારાં, અને તેને કારણે સાધારણ માણસોને જોઈને અધિક જુગુપ્સા અને લજ્જા પામનારાં મારાં સ્તન તરફ તમે નજર નાખી લો ! હું તમને ફરી ફરીને કહું છું કે મારાં આ સ્તન ગોવિંદ વિના બીજા કોઈને ય ચાહતાં નથી. મને અહીંથી શીઘ્ર વિદાય કરી યમુનાતીરે મૂકી આવો.

પદ ૫ :

હે માતાઓ ! મારો આ વિચિત્ર રોગ મોટા જ્ઞાનીની સમજમાં ય નહિ આવે તો પણ તમે આ રોગની ચિંતા ન કરશો, કેમ કે એને તત્કાળ મટાડી શકે એવો સિદ્ધ ઉપચાર છે : તે છે નીલ સાગરવર્ણ એક મહાત્માનો કરસ્પર્શ. એટલે તમારે સૌએ આટલું જ કરવાનું કે, તટ ઉપર ઊભેલા કદંબ વૃક્ષ ઉપરથી કાલિય નાગની ફણા ઉપર કૂદી, તટને રણક્ષેત્ર બનાવી, ભીષણ નૃત્ય કરનારા નટવર શ્રીકૃષ્ણની પાસે, મને યમુનાતીરે પહોંચાડી દેવી.

પદ ૬ :

વર્ષા ઋતુનો મેઘ, કરુવિળ પુષ્પ, અતસી પુષ્પ અને કમળ પુષ્પ એ સો મળી મને હૃષીકેશ કૃષ્ણ પાસે જવાની પ્રબળ પ્રેરણા કર્યા કરે છે; તેથી ગાયો ચરાવવાના પરિશ્રમથી પરસેવે રેબઝેબ થયેલા, ભોજનનો સમય થવાથી ભૂખ્યા થયેલા અને ભોજન માટે ઋષિપત્નીઓના આગમનની પ્રતીક્ષા કરતા શ્રીકૃષ્ણની પવિત્ર દષ્ટિના સ્થાન ભક્તવિલોચન ક્ષેત્રમાં મને પહોંચાડો.

[ભક્ત = ભોજન, વિલોચન = જોવું = ભોજનની પ્રતીક્ષા કરવી. 'ભાગવત' ૧૦-૨૩માં ઋષિપત્નીઓએ શ્રીકૃષ્ણ અને ગોવાળોને ભક્તિથી ભોજન જમાડી

નૃત્ય કર્યા અને તોડી ન તૂટે એવી ગૃહસ્થીની–વિષયાસક્તિની બેડીઓ તોડી નાખી; અને તેમાંની એક ઋષિપત્ની તો ધ્યાનમાં મનોમન ભગવદાલિંગન કરી આ કર્મજન્મ શરીર છોડી ભગવાનમાં મળી ગઈ તેની અનેક વ્યંજનાઓ સહિત ગૂઢ રહસ્યો પ્રકાશિત કરતી કથા છે. જે સ્થાને ઋષિપત્નીઓએ ભગવાનને જમાડેલા તે સ્થાન ' ભક્તિવિલોચન ક્ષેત્ર ' કહેવાય છે. પદ ૫, ૬, ૭માં ઋષિપત્નીઓની કથાનો આદર્શ ગોદા દેવી સમક્ષ હોય એમ સંભવે. ]

**પદ ૭ :**

શરીરની વિવર્ણતા, મનની શિથિલતા, નિર્લજ્જતા, હોઠની ફીકાશ, અન્નમાં અરુચિ અને અંતઃકરણની દુર્બળતા : આ સર્વ દુરવસ્થાઓ નીલાબ્ધિશ્યામ ગોપાલકૃષ્ણની તુલસીમાલા મને પહેરાવશો એટલે દૂર થઈ જશે તમારાથી તુલસીમાલા લાવી શકાય એમ ન હોય તો, જ્યાં બલદેવજીએ પ્રલંબાસુરનો વધ કરેલો તે પાણ્ડિવટ પાસે મને તમે અત્યારે જ મૂકી આવો.

[ પાણ્ડિવટ એટલે ભાગવતપ્રસિદ્ધ ભાણ્ડીરવટ ૧૦–૧૮.]

**પદ ૮ :**

(કેટલાક લોકો શ્રીકૃષ્ણની નિંદા કરે છે. તેમને ધ્યાનમાં રાખીને શ્રી આણ્ડાળ કહે છે

મારા પ્રિયતમ સ્વામીએ ગાયો ચરાવી હતી; અને નવનીતની ચોરી કરી એટલે એમને ઊખળથી બાંધ્યા હતા; આ સર્વ તદ્દન સાચું છે પરંતુ અસૂયાથી ગુણને દોષ બનાવનારા હે પાપીઓ ! ભગવાનનું અસીમ સૌલભ્યગુણ દર્શાવતું ચરિત્ર તમારી નિંદાનો વિષય બન્યું ! સ્તુતિપાત્ર સુલભ ભગવાનની નિંદા કરીને, તમે શા માટે મારા ધિક્કારને પાત્ર બનો છો ? ગોધનની રક્ષા કરવા માટે વર્ષાનું વિઘ્ન દૂર કરવા શ્રીકૃષ્ણે જેને છત્રરૂપે ધારણ કર્યો હતો, તે ગોવર્ધન પર્વત ઉપર મને પહોંચાડી દો.

**પદ ૯ :**

મેં પાળેલો પોપટ પાંજરામાં બેઠાં બેઠાં કાયમ, 'ગોવિંદ, ગોવિંદ' એમ જોરથી રટે છે. જો હું એનો આહાર બંધ કરીને સતાવું છું તો, એ ઓર જોરથી, 'હે ત્રિવિક્રમ પ્રભુ' એમ પોકારવા માંડે છે. આ રીતે ભગવન્નામોનું

શ્રવણ કરવાથી મારી વિરહવ્યથા હદપાર વધી જાય છે. આ રીતે વિરહપીડાથી મુંઝાઈને હું તમારી અનુમતિ વિના પણ શ્રીકૃષ્ણની પાછળ ચાલી જઈશ. આમ થતાં જગતમાં તમારી નિંદા થશે, તમારો યશ નષ્ટ થશે અને તમારાં મસ્તક શરમથી ઝૂકી પડશે. માટે મને વેળાસર જ ઊંચા ઊંચા મહાલયોવાળા દ્વારકા ક્ષેત્રમાં પહોંચાડી દો.

પદ ૧૦ :

સુવર્ણના મહેલોથી સુશોભિત શ્રીવિલ્લિપુત્તૂરના સ્વામી શ્રીવિષ્ણુચિત્તની મનોહર કેશવાળી ગોદાએ મથુરાથી દ્વારકા સુધીનાં કેટલાક સ્થાનોનું નામ દઈ દઈ સ્વજનાને પોતાને તે તે સ્થાનોએ લઈ જવા વિનવતાં, જે મધુર ગીતો દ્વારા પોતાના દઢ નિશ્ચયને પ્રકટ કર્યો, તે ગીતોનું અધ્યયન કરનારાને પરમપદ પ્રાપ્ત થશે જ.

[ ફલશ્રુતિની ગાથા છે. ]

## તેરમું દશક

બારમા દશકમાં ગોદા દેવીએ પોતાને ભગવાનનાં દિવ્ય વિહારક્ષેત્રો મથુરાદિ સ્થાનોએ લઈ જવા સ્વજનોને વિનંતી કરી, પરંતુ તે તો પૂરી થઈ નહિ એટલે હવે તે સ્વજનોને પ્રાર્થે છે : મને દિવ્ય વિહારસ્થાનોએ ન મૂકી આવો તો કંઈ નહિ, પરંતુ મને ભગવાનની પ્રસાદીની વસ્તુઓ લાવી આપીને મારો વિરહાગ્નિ કંઈક ઘટે એવું તો કરો. મને ભગવાનના પીતાંબરથી પવન નાખી મારો સંતાપ ઘટાડો; મુકુંદ ભગવાનની શીતળ તુલસીમાળા મારા કેશ ઉપર મૂકો; પ્રિયતમ શ્રીકૃષ્ણની વનમાળા મારા વક્ષ:સ્થળ ઉપર મૂકો; ગોપાલ-કૃષ્ણનું અધરામૃત લાવીને મને પાઓ; આશ્રિતવ્યામુગ્ધ મુરલીધર કૃષ્ણની મુરલીના છેદમાંથી ઝીલેલો અમૃતરસ લાવીને મારા મુખ ઉપર ચોપડો; અથવા નિર્દય નંદકિશોરની ચરણરજ લાવીને મારા શરીર ઉપર લગાડો. આ રીતે અનેક પ્રકારે ભગવાન સાથે સંબંધિત પ્રસાદીના પદાર્થોની પ્રાપ્તિની વિનંતિ કરીને, છેવટે ગોદા દેવી ભગવાનને ઉપાલંભ પણ આપે છે.

## તેરમા દશકનાં પદોનો ભાવાનુવાદ

પદ ૧ :

હે માતાઓ ! શ્રીકૃષ્ણ નામના શ્યામસુંદર પરમદેવનું દર્શન કરવાની મને

ઉત્કંઠા છે. તમે મારી સાથે શત્રુ જેવું વર્તન રાખીને, ઘા ઉપર જાણે આમલીનો રસ છાંટતાં હો એમ મને આકરાં વેણ-ન સંભળાવો; પરંતુ લલનાદુ:ખ-અનભિજ્ઞ શ્રીકૃષ્ણ પ્રભુએ કટિ ઉપર પહેરેલ પીતાંબર લાવીને મને તેનાથી પવન નાખો તો, તેનાથી મારો વિરહસંતાપ કંઈક ઘટે.

પદ ૨ :

અત્યંત કોમળ વટપત્ર ઉપર શયન કરનારા પરમ પુરુષ નારાયણના પ્રેમપાશમાં બંધાઈ ગયેલી મને, તમે મનમાન્યાં કઠોર વચન સંભળાવીને વધારે દુ:ખી ન કરો. પરંતુ ગોવાળોને ઉચિત હાથમાં લાકડી લઈ ગોચારણ કરનારા, ઘટનર્તનપ્રવીણ, કુંભઘોણ ક્ષેત્રના સ્વામી મુકુંદ ભગવાનની સુશીતળ સુંદર તુલસીમાળા લાવીને મારા કોમળ વાંકડિયા કેશ ઉપર મૂકો.

[ઘટનર્તન કે કુંભનર્તન માટે જુઓ દશક ૩-૬ ઉપરની નોંધ.]

પદ ૩ :

ધનુષ્ય સમાન વક્ર ભમરવાળા કંસમર્દક શ્રીકૃષ્ણે કટાક્ષરૂપી તીરથી વીંધેલી, તેને કારણે ઘવાયેલા હૃદયવાળી અને આવી ભાગ્યહીનતાથી અત્યંત દુ:ખ પામતી એવી મને, એક અભયવચન પણ નહિ કહેનારા ભગવાન, છળકપટ રાખ્યા વિના જો પોતાના વક્ષ ઉપર પહેરેલી વનમાળા મને આપી દે તો તે વનમાળા લાવીને મારા વક્ષ ઉપર મૂકી દો.

પદ ૪ :

સમસ્ત વ્રજભૂમિને વશ કરી, વ્રજનો સુખાનુભવ લેનારા, ઋષભ સમાન શ્યામસુંદરથી પીડાઈને, અત્યંત દુ:ખી અને અશકત રહેનારી મને કોણ સાન્ત્વન આપશે? અપર્યાપ્તામૃત—અમર્યાદિત અમૃત બિરુદધારી ગોપાલકૃષ્ણના દિવ્ય મુખારવિંદમાંથી નીકળતો અમૃતરસ લાવી મને પાઈ દો, અને મારો સંતાપ દૂર કરો.

પદ ૫ :

બહુ આર્તપ્રલાપ કરીને વારંવાર પ્રણામ કરવા છતાં પણ પોતાના દિવ્યમંગલ વિગ્રહનું દર્શન નહિ દેનારા અને અભયવચન નહિ ઉચ્ચારનારા એક મહાપુરુષ મારા ચિત્તમાં સન્મુખ આવીને મને ગાઢ આલિંગન આપીને

મને બહુ ત્રાસ આપે છે પરંતુ આ કંઈ પ્રત્યક્ષ અનુભવ નથી. તેથી મોરપીંછની છાયામાં, ગાયોની પાછળ પાછળ બંસી બજાવતાં બજાવતાં જનારા આશ્રિતવ્યામુગ્ધ સર્વેશ્વરની મુરલીના છિદ્રમાંથી ઝરતો અમૃતરસ લાવી તેનું મારા મુખ ઉપર પ્રોક્ષણ કરીને મારા મુખને શીતળ બનાવી દો.

પદ ૬ :

મૂળથી જ અન્યાયી આ દુનિયામાં રહીને, નંદગોપના પુત્ર નામના એક સ્વાર્થી, નિર્દય, રમાપતિથી પીડાયેલી મુજ અબળામાં હાથપગ હલાવવાની ય શકિત રહી નથી એટલે એ ધૂર્ત શ્રીકૃષ્ણના ચરણન્યાસથી ધન્ય થયેલી ભૂમિ ઉપરથી એમની ચરણરજ લાવીને મારા મરવાના વાકે જીવતા શરીર ઉપર લગાવી દો.

પદ ૭ :

વિજયી ગરુડધ્વજ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરી શકે એવા આ જગતમાં યશોદા માતાએ પુત્ર ગોપાળકૃષ્ણને જલદી કોઈના ઉપયોગમાં ન આવે એવા લીમડાની જેમ ઊછેર્યો છે! ઠીક છે, પણ હવે ભગવાન વિના બીજા કોઈનીય આશા નહિ રાખનારાં મારાં આ નિર્દોષ સ્તનને એ નંદકુમારના સુંદર અને વિશાળ બાહુઓ સાથે સુદૃઢ રીતે બાંધી દો; એટલે ભગવત્પરાયણતાના દોષનું પ્રાયશ્ચિત્ત થાય!

[વિરહવ્યથાને ભગવાનની આજ્ઞા સમજીને હવે આણ્ડાળ વેઠે છે. એ હવે માને છે કે સુખદુઃખ ભગવદાજ્ઞા અનુસાર થતાં હોઈ તેને માટે રોવું વ્યર્થ છે. પણ એવી આજ્ઞા થવાનું કારણ શું? ગોદા દેવી કહે છે સ્તન ભગવત્પરાયણ થયાં તે દોષ. માટે તેમને બંધનમાં નાખી દો. કયાં? ભગવાનના બાહુપંજરમાં! એમ આ ચમત્કારિક પદાવલિથી ગોદા દેવી ભગવાનના ગાઢ સંશ્લેષની માગણી કરે છે.]

પદ ૮ :

હું મનમાંને મનમાં પીગળીને વિહ્વળ થઈ ગઇ છું 'આ જીવે છે કે મરી ગઇ છે?' એવી ખબર સરખી પણ નહિ પૂછનારા અને મારા સર્વસ્વનું હરણ કરનારા, ધૂતારા અને સ્રીજન તરફ અત્યંત કઠણ ચિત્ત રાખનારા

ગોવર્ધનધારી શ્રીકૃષ્ણને હું જે દિવસે જોઈ જઈશ, તે દિવસે સર્વથા નિષ્પ્રયોજન એવાં મારાં સ્તનને સમૂળ ઉખાડીને એમના વક્ષ:સ્થળ ઉપર ફેંકીને હું કંઈક શાંતિ પામીશ.

[શ્રીજન = ઉજજવળ ભક્તિ કરતા ભકતો.

ભગવદનુભવ રહિત હોઈ જ્ઞાન–ભક્તિરૂપ સ્તન વ્યર્થ થઈ ગયાં. એ બંનેને સમૂળ ઉખાડીને ગિરિધરના વક્ષ:સ્થળ ઉપર ફેંકવાં અર્થાત્ જ્ઞાન=ભક્તિરૂપ ઉપાયોને પણ ભગવાનમાં લીન કરી દેવા. ઉપાય અને ઉપેયને એકાકાર કરવા. એમ 'અહં' કારને ભગવાનનો પૂર્ણરૂપે દાસ કરીને શાંતિ મેળવવાની.]

પદ ૯ :

સુપુષ્ટ એવાં પયોધરોનો સંતાપ દૂર થઈ જાય એ રીતે આ જન્મમાં જ ગોવિંદ ભગવાનનું કૈંકર્ય કરવાનું છોડીને અન્યત્ર બીજો જન્મ લઈ કૈંકર્ય કરવાનું–સેવા કરવાનું શા કામનું? એ ભગવાન પોતાના સુશોભન વક્ષ વડે મારું આલિંગન કરે તો તો સારું, પણ જો તેમની એવી ઈચ્છા ન હોય તો, મારી સમક્ષ આવીને મને કહી દે કે, "હે ગોદે! હું તને ચાહતો નથી" તો વળી વધારે સારું!

[ભગવાનનો તિરસ્કાર પ્રણયરોષથી અધિકારપૂર્વક માગ્યો છે. તિરસ્કાર કરવા માટે ભગવાને પ્રત્યક્ષ થઈને વાત કરવી પડે!

"इहैव सन्तोऽथ विद्मस्तद्वयं न चेदवेदिर्महती विनष्टिः। ये तद्विदुरमृतास्ते भवन्त्यथेतरे दुःखमेवापियान्ति ॥ બૃહ. ૪–૪–૧૪॥ આ શરીર ટકેલું છે ત્યાં સુધીમાં જ જો તે બ્રહ્મને જાણી લઈએ–અનુભવીએ તો તો સારું, પણ તેને ન જાણીએ તો મહા વિનાશ છે. જે એને જાણે છે તે અમૃત બને છે, જ્યારે બીજાઓ દુ:ખને જ પામે છે." આ શ્રુતિવચન અહીં પડઘાય છે.]

પદ ૧૦ :

ભકતોને વિરહવ્યથા આપીને 'મહાન' બનનારા, વ્રજના મંગળદીપ જેવા, ગોપાળને અનુલક્ષીને, અતિ આશ્ચર્યમય ગુણશ્રીવાળી, ધનુષ્ય ઉપર વિજય પામે એવી વાંકી ભમરવાળી, શ્રીવિલ્લિપુત્તૂરના અગ્રેસર શ્રીવિષ્ણુચિત્તની પુત્રી

ગોદા દેવીએ અત્યંત આદર અને સ્નેહના અભિનિવેશથી રચેલાં ગીતોનું પ્રેમાદરપૂર્વક અધ્યયન કરનારા દુઃખસાગરમાં નહિ ડૂબે [એમને ભગવાન આ જન્મમાં અહીં જ મળશે. એમને બીજા જન્મની કે મરણ પછી પરમ પદ પામવાની પ્રતીક્ષા કરવાની નથી.]

[ ફલશ્રુતિની ગાથા.]

## ચોદમું દશક

ભગવાન પરમ કરુણામય છે. દયાના સાગર છે ભક્તોની મનકામના પૂરનારા છે. નિરંતર ભગવદનુભવ કરવાની ઈચ્છા રાખનારા ભક્તોની અભીપ્સા અનેકવિધ ઉપાયોથી તીવ્ર બનાવવાનો એમનો વિશિષ્ટ સ્વભાવ છે. અભિલાષા પરિપક્વ થાય કે તરત જ પોતાનો પ્રત્યક્ષાનુભવ કરાવી તેઓ ભક્તને કૃતકૃત્ય અને આનંદવિભોર કરી દે છે. પોતાના પ્રસન્ન મુખકમળનો નિરંતર અનુભવ કરાવી, નિત્યકૈંકર્યનો લાભ આપીને આનંદથી પરિપૂર્ણ રાખે છે. અહીં શ્રીઆણ્ડાળને પણ દીર્ઘ સમય સુધી દર્શન આપ્યા વિના બહુ તડપાવીને તેની વિરહવ્યથા અને સાથે જ અભિલાષાને ખૂબ વધારી દીધાં; અને સમુચિત સમયે પોતાનું દિવ્ય દર્શન આપી કૃતાર્થ કરી દીધી.

આ છેલ્લા ચોદમા દશકમાં બે નિકટની સખીઓના પ્રશ્નોત્તરના રૂપમાં ભગવદ્દર્શનનું કાવ્યમય વર્ણન છે.

## ચોદમા દશકનાં પદોનો ભાવાનુવાદ

**પદ ૧ :**

કોઈની રોકટોક વિના નિરંકુશ રીતે ઘૂમ્યા કરતા, બલદેવના અનુજ, શ્યામ વૃષભ જેવા શ્રીકૃષ્ણને, આનંદની મસ્તીમાં અત્યંત શોર મચાવતાં મચાવતાં અહીંથી નીકળતા જોયા ?

હા, પ્રેમપાત્ર ગોધનને ચરાવી અને પાણી પાઈ તૃપ્ત કરી એમની સાથે વૃંદાવનમાં આનંદથી ખેલતા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં.

**પદ ૨ :**

મને અહીં વિરહવ્યથા આપી, વ્રજમાં ગોપીઓ સાથે યથેચ્છ વિહાર કરે છે તે બાલ વૃષભ જેવા ગોવર્ધન શ્રીકૃષ્ણને તમે જોયા છે ?

હા જી. અમે વિદ્યુત્ મિશ્રિત મેઘ જેવા શ્યામ, વનમાળાથી સુશોભિત, શ્રીકૃષ્ણને વૃંદાવનમાં મિત્રોની સાથે ક્રીડા કરતાં નીરખ્યા છે.

પદ ૩ :

બીજાઓને વ્યામોહિત કરનારા, અસંગત અનૃત વચન બોલનારા અને ભક્તો માટે મૂર્તિમાન વ્યામોહ—ભક્તવ્યામુગ્ધ શ્રીકૃષ્ણને તમે અહીં ક્યાંય ફરતા દીઠા ?

હા જી. તડકાથી બચવા વૈનતેય ગરુડની પાંખોના ચંદરવાની છાયામાં આવતા શ્રીકૃષ્ણને અમે વૃંદાવનમાં જોયા છે.

[અતિ સૌલભ્ય અને સૌશીલ્યાદિ ગુણોનું પ્રકાશન કરતા માખણચોર, બાલકૃષ્ણની ધીંગામસ્તી અને એમની ભક્તો પ્રત્યેની વ્યામુગ્ધ અવસ્થાનું પદ્યના પૂર્વખંડમાં વર્ણન છે. ભગવાનનું સુકુમાર શરીર ક્લેશ ન પામે તે માટે વિનતા-પુત્ર ગરુડ એમના ઉપર પોતાની પાંખોની છાયા કરે છે.] 'વેદત્રયીરૂપ ગરુડ ભગવાનના દાસ, સખા, વાહન, આસન, ધ્વજા, ચંદરવો અને પાંખો આદિ બનીને ભગવાનની સેવા કરે છે. ભગવાન સવારી કરતા હોઈ ગરુડના શરીર ઉપર ભગવદ્ચરણનાં આંટણ પડયાં છે' 'સ્તોત્રરત્ન' ૪૧.

પદ ૪ :

શું તમે મેઘોત્પન્ન શ્યામ કમળની જેમ શોભતા અને પોતાનાં દિવ્ય નેત્રોરૂપી વિશાળ જાળમાં મને ફસાવીને પોતાની સાથે ઘસડી જતા મારા પ્રાણ-નાથને અહીં આવતા જોયા છે?

હા જી. કેમ નથી જોયા ? મોતી ભરેલાં વસ્ત્ર પહેરેલા, મોટા ગજશિશુ જેવા, સ્વેદ બિંદુઓથી સુશોભિત શ્રીકૃષ્ણને મેં વૃંદાવનમાં ક્રીડા કરતા જોયા છે.

પદ ૫ :

શું તમે નીલમણિ જેવા શ્યામ, મારા સ્વામી માધવને ક્યાંય જોયા? એ તો જાળમાંથી છૂટીને ભાગતા વરાહના જેમ અત્યંત ગર્વથી બીજાને કંઈ આપતા નથી. [મને નિરંતર કૈંકર્યનો લાભ આપતા નથી.]

હા જી. ઘૂંટણ ઢંકાય એવું પીળું પીતાંબર પહેરીને, નીરભરી કાળી વાદળીની જેમ, વૃંદાવનની શેરીને પ્રેમથી ભરી દેતા શ્રીકૃષ્ણને રમણીય શોભા-યાત્રામાં મેં દીઠા છે.

પદ ૬:

જે દયા નામના ધર્મને તો જરા પણ જાણતા નથી, જે પરમ ધૂર્ત છે. જે પોતાના હસ્તસ્થિત શારંગ ધનુષ્ય જેવી વક્ર અને સુંદર ભમરવાળા છે, અને જે પોતાના પ્રિય ભકતોને મૂકીને, બીજે ઘૂમ્યા કરે છે, એમને તેં કયાંય દીઠા ?

હા જી. રકતકમળ જેવા મુખવાળા અને ઉદયાચળ ઉપર ઊગતા બાલ-સૂર્ય જેવા તેજસ્વી શ્યામસુંદરનાં અમે વૃંદાવનમાં દર્શન કર્યાં જ છે.

[ભગવાનને જરા પણ દયા વિનાના કહીને તેમની પ્રત્યે ગહન પ્રણય વ્યકત કર્યો છે. ખરેખર તો ભગવાનનો દયા ગુણ સર્વથી મહાન છે. શ્રીવેદાંત-દેશિકે એમના 'દયા શતક' માં દયાને ભગવાનની મહિષી કલ્પીને સ્તવન કરેલું છે. એમાં કહ્યું છે: ભગવાનને લક્ષ્મી, ભૂદેવી અને નીલા દેવી પ્રિય છે કારણ તેઓ દયાની છાયારૂપ છે (૩૬); ભગવાનના સર્વ કલ્યાણગુણોમાં દયા દેવી સામ્રાજ્ઞી છે (૩૦,૧૦૧); દયા દેવી ન હોય તો જ્ઞાન, બળ, ઐશ્વર્ય, સામ-ર્થ્યાદિ ભગવાનના ગુણો અપૂર્ણ મનુષ્યો માટે તો દોષ રૂપ નીવડે, કારણ ભગ-વાન ન્યાય તોળીને શિક્ષા કર્યા કરે ! (૧૫); ખરેખર તો આપણાં પાપોનો પ્રતિકાર કરવા ભગવાન દયાનું કવચ પહેરે છે. (૨૮); વેદો ભગવાનના બે ગુણ: જગદ્વ્યાપાર અને જીવોને મુકિતપ્રદાન, માટે ભગવાનનાં યશોગાન કરે છે એ કરુણ દેવીને કારણે. (૬૮); દયા એ આપત્તિમાં પડેલાંનું રક્ષણ કરનારી ભગવાની ઈચ્છા શકિત છે. (૭૦).

ભગવાન ધૂર્ત છે. પ્રપન્નની સર્વ સાંસારિક આસકિતઓને ધૂતી લે છે.]

પદ ૭:

બૃહદ્ શ્યામ મેઘ જેવા શ્યામસુંદર, અંતરમાં પણ શ્યામ અને મારા મનોરથોને વિનષ્ટ કરનારા, મારા પ્રિય સ્વામીને તમે કયાંય જોયા ?

હા. હા. સુંદર નક્ષત્રોથી મંડિત આકાશની જેમ પોતાના અસંખ્ય મિત્રો-ની મંડળી સાથે મેં એમને વૃંદાવનમાં દીઠા છે.

પદ ૮:

શ્વેત શંખ, પીતાંબર, અને ચક્રાયુધધારી, પરમ કૃપાળુ શ્રીપતિને તમે ક્યાંય જોયા છે?

હાજી. જેમની વિશાળ ભુજાઓ ઉપર ફેલાયેલા સુવાસિત અને સુંદર કેશ જાણે મધુપાનથી મત્ત ભમરાઓ ઘૂમતા હોય એવી શોભા આપે છે, તેમનાં મેં વૃંદાવનમાં દર્શન કર્યાં છે.

પદ ૯:

શું તમે એ વિમળ પ્રિયતમને ક્યાંય જોયા, કે જે જગત્સર્જન માટે પોતાના શીતળ નાભિકમળમાંથી બ્રહ્માદિનું સર્જન કરીને આનંદાનુભવ કરે છે?

હા, હા, વનમાં જઈ ધેનુકાસુર, કુવલયાપીડ હાથી, અને બકાસુર વગેરેનો સંહાર કરીને પાછા ફરતા એમનાં મેં વૃંદાવનમાં દર્શન કર્યાં છે.

પદ ૧૦:

" વિશાળ પગવાળા ગજેન્દ્ર ઉપર કૃપા કરનારા પરમપુરુષનાં દર્શન મને વૃંદાવનમાં થઈ ગયાં;" એમ વર્ણવતાં, શ્રીવિષ્ણુચિત્ત આળવારની સુપુત્રી ગોદા દેવીએ રચેલાં આ ગીતોનું, સંસારરૂપી વ્યાધિનું આ તો ઔષધ છે, એમ સમજીને, જેઓ મનન કરશે, તેઓ મહામહિમ ભગવાનનાં ચરણોનો નિત્યાનુભાવ પ્રાપ્ત કરશે.

[ફલશ્રુતિની આ ગાથા છે]

આણ્ડાળ તિરુવડિહળે શરણમ્

આણ્ડાળનાં શ્રીચરણો અમારું શરણ હજો

# ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની યાદી

## ૧. તમિળ


અમલનાદિપિરાન્ (મૂળ તમિળ અને અંગ્રેજી ટીકા)
—ડી. રામસ્વામી આયંગાર, મદ્રાસ, ૧૯૭૦

તિરુપ્પલ્લાણ્ડુદિવ્યપ્રબન્ધ (તમિળનું નાગરી લિપ્યંતર; સંસ્કૃત અને હિન્દી ટીકા)
—કાંચી પ્ર. ભ. અણ્ણઙ્ગરાચાર્ય, કાંચીપુરમ્, ૧૯૪૭

તિરુપ્પલ્લાણ્ડુવ્યાખ્યાન (પેરિયવાચ્ચાન્ પિળ્ળૈની તમિળ ટીકા સહિત)
—યુ. વી. કે. શ્રીનિવાસ આયંગાર, તિરુચી, ૧૯૪૯

તિરુપ્પાવૈ (મૂળ તમિળ અને અંગ્રેજી અનુવાદ)
—ડી. રામસ્વામી આયંગાર, મદ્રાસ, ૧૯૬૭

દ્રાવિડવેદદિવ્યપ્રબન્ધટીકા ભાગ ૨ દિવ્ય પ્રબન્ધમ્ પ્રથમ સહસ્રના આઠ પ્રબન્ધ. તમિળનું નાગરી લિપ્યંતર અને હિન્દી ટીકા)
—કાંચી પ્ર. ભ. શ્રીમદણ્ણઙ્ગરાચાર્ય, કાંચીપુરમ્, ૧૯૬૨

દ્રાવિડામ્નાય દિવ્યપ્રબન્ધટીકા (દિવ્ય પ્રબન્ધમ્ ચતુર્થ સહસ્રનું ષષ્ઠ શતક તમિળનું નાગરી લિપ્યંતર; સંસ્કૃત અને હિન્દી ટીકા)
—કાંચી પ્ર. ભ. શ્રીમદણ્ણઙ્ગરાચાર્ય, કાંચીપુરમ્, ૧૯૬૭


## ૨. સંસ્કૃત


અધ્યાત્મ રામાયણ
—ગીતા પ્રેસ, ગોરખપુર

અષ્ટાધ્યાયી (પાણિની કૃત) ખંડ ૧ થી ૩
—બ્રહ્મદત્ત જિજ્ઞાસુ અને પ્રજ્ઞાદેવી, અમૃતસર, ૧૯૬૪–૬૮

અહિર્બુધ્ન્ય સંહિતા (બે ગ્રંથ)
—એમ. ડી. રામાનુજાચાર્ય, અડ્યાર, ૧૯૧૬

ઉપનિષદ્વાક્ય –મહાકોશ :
—ગજાનન શંભુ સાધલે, મુંબઈ, ૧૯૪૦–૪૧

ઋગ્વેદ–સંહિતા
—સ્વાધ્યાયમંડલ, પારડી, ૧૯૪૦

કઠોપ્રનિષદ્
—ગીતા પ્રેસ, ગોરખપુર, સં. ૨૦૦૨
કુલશેખર આળવાર કૃત સૂક્તિસંપત (પેરુમાળ્ તિરુમોળિનો સંસ્કૃત અને અંગ્રેજીમાં ભાવાનુવાદ)
—ઈરંગતિ રઙ્ગાચાર્ય, મદ્રાસ, ૧૯૭૮
ગોદાસ્તુતિ: (વેદાંતદેશિક કૃત. મૂળ સંસ્કૃત, તમિળ અને અંગ્રેજી અનુવાદ સહિત)
—સેવા શ્રીનિવાસ રાઘવન, મદ્રાસ, ૧૯૬૭
છાંદોગ્યોપનિષદ્
—ગીતા પ્રેસ, ગોરખપુર, સં. ૨૦૨૩
દિવ્યસૂરિચરિતમ્ (પંડિત ગરુડવાહન કૃત. હિન્દી અનુવાદ સહિત)
—સંપાદકો ટી એ સંપત્કુમારાચાર્ય અને કે.કે એ. વેંકટાચારી, મુંબઈ, ૧૯૭૮
ન્યાસતિલકમ્ (વેદાંતદેશિક કૃત અંગ્રેજી અનુવાદ સહિત)
—ડી રામસ્વામી આયંગાર, મદ્રાસ, ૧૯૮૦
ન્યાસદશકમ્ (વેદાંતદેશિક કૃત. અંગ્રેજી અનુવાદ સહિત)
—ડી રામસ્વામી આયંગાર, મદ્રાસ, ૧૯૮૦
ન્યાસવિંશતિ: (વેદાંતદેશિક કૃત. તમિળ અને અંગ્રેજી ટીકા સહિત)
—ડી રામસ્વામી આયંગાર, મદ્રાસ, ૧૯૭૯
મહાભારત (૧૯ બૃહદ્ ગ્રંથ)
—ભાં. ઑ. ઇ. પૂનાની સમીક્ષિત વાચના.
મુકુન્દમાલા (કુલશેખર આળવાર કૃત. હિન્દી અનુવાદ સહિત)
—સંપાદક: ડૉ. ગોવર્ધનનાથ શુક્લ, અલીગઢ, સં.૨૦૨૪
યજુર્વેદ-સંહિતા
—સ્વાધ્યાયમંડલ, ઔંધ, સં. ૨૦૦૩
વાલ્મીકિ રામાયણ (૪ બૃહદ્ ગ્રંથ)
—ઑ ઇ. વડોદરાની સમીક્ષિત વાચના. બાલકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ
વિશિષ્ટાદ્વૈતસિદ્ધિ:
-ડી. ટી. તાતાચાર્ય, તિરુપતિ, ૧૯૬૫
વિષ્ણુપુરાણ
ગીતા પ્રેસ, ગોરખપુર, સં. ૨૦૦૮
વિષ્ણુસહસ્રનામ—(શાંકરભાષ્ય અને હિન્દી અનુવાદ સહિત)
— ગીતા પ્રેસ, ગોરખપુર, સં.૧૯૯૮

વેદાન્ત-દર્શન
—ગીતા પ્રેસ, ગોરખપુર
શરીરસિદ્ધિ:
—ડી. ટી. તાતાચાર્ય, તિરુપતિ, ૧૯૬૭
શ્રીપાતંજલ યોગદર્શનમ્ (ગુજરાતી અનુવાદ સહિત)
—ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૬૩
શ્રીમદ્ ભગવદ્ગીતા (શાંકરભાષ્ય અને બીજા સંખ્યાબંધ ભાષ્યોના આધાર અને ગુજરાતી અનુવાદ સહિત)
— વિશ્વનાથ સ. પાઠક, રાજકોટ, ૧૯૦૯–૧૨
શ્રીમદ્ ભાગવત
—ગીતા પ્રેસ, ગોરખપુર
શ્રીવેગાસેતુસ્તોત્રમ્ અષ્ટભુજા સ્તોત્રમ્ ચ (વેદાંતદેશિક કૃત. મૂળ સંસ્કૃત, તમિળ અને અંગ્રેજી અનુવાદ સહિત)
— ડી. રામસ્વામી આયંગાર ઈ., મદ્રાસ, ૧૯૬૮
સ્તોત્રાણિ (વેદાંતદેશિક કૃત સ્તોત્રસંગ્રહ)
—શ્રીવેદાંતદેશિક સંપ્રદાય સભા, મુંબઈ, ત્રીજી આવૃત્તિ, ૧૯૭૩
હયગ્રીવ સ્તોત્રમ્ (વેદાંતદેશિક કૃત. તમિળ અને અંગ્રેજી અનુવાદ સહિત)
—ડી. રામસ્વામી આયંગાર, મદ્રાસ, ૧૯૭૮
હરિવંશ
—ગીતા પ્રેસ, ગોરખપુર

## ૩. હિન્દી

આળવાર ભક્તોં કા તમિલ પ્રબન્ધમ્ ઔર હિન્દી કૃષ્ણકાવ્ય
— ડૉ. મલિક મોહમ્મદ, આગરા, ૧૯૬૪
'કલ્યાણ' — ઉપનિષદ્ અંક–ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૪૯
'કલ્યાણ' — ઉપાસના અંક — ગીતા પ્રેસ, ગોરખપુર
'કલ્યાણ' — ભગવન્નામમહિમા ઔર પ્રાર્થના અંક —ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૬૫
'કલ્યાણ' — વિષ્ણુ અંક— ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૭૩
'કલ્યાણ' — વેદાન્ત અંક—ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૩૬
'કલ્યાણ' — શ્રીકૃષ્ણવચનામૃતાંક — ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૬૪

'કલ્યાણ' – સંત અંક – ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૩૭
'કલ્યાણ' – સંતવાણી અંક – ગીતા પ્રેસ, ગોરખપુર, ૧૯૫૫
તમિલ ઔર હિન્દીકા ભકિત સાહિત્ય
– ડૉ. એન. ચન્દ્રકાન્ત, મદુરા, ૧૯૭૧
પ્રાચીન ચરિત્રકોશ
–સિદ્ધેશ્વર શાસ્રી ચિત્રાવ, પૂના, ૧૯૬૪
ભાગવત સંપ્રદાય
–બલદેવ ઉપાધ્યાય, કાશી, સં. ૨૦૨૦
ભારતીય દેવશાસ્ત્ર
–સૂર્યકાન્ત, દિલ્હી, ૧૯૬૧
મરાઠી ઔર હિન્દી કૃષ્ણકાવ્ય કા તુલનાત્મક અધ્યયન
–ડૉ. ર. શ. કેલકર, દિલ્લી, ૧૯૬૬
મીરા ઔર આણ્ડાળકા તુલનાત્મક અધ્યયન
–ડૉ. ના સુન્દરમ્, હિન્દી સાહિત્ય સમ્મેલન, પ્રયાગ, ૧૯૭૧
વૈદિક–કોશ
–સૂર્યકાન્ત, વારાણસી, ૧૯૬૩
વૈષ્ણવ ભકિત – આન્દોલન કા અધ્યયન
–ડૉ. મલિક મોહમ્મદ, દિલ્લી, ૧૯૭૧
શ્રી ગોદામા કૃત ગાન (તિરુપ્પાવૈનો સંસ્કૃત અનુવાદ, હિન્દી સમશ્લોકી અનુવાદ અને હિન્દી ટીકા)
–શ્રીવૈષ્ણવ અનન્તપ્રસાદ, પાટણ, ૧૯૧૦
સંસ્કૃતિ કે ચાર અધ્યાય
–રામધારીસિંહ દિનકર, ત્રીજી આવૃત્તિ, પટણા, ૧૯૬૨
હિન્દી ઔર તેલુગુ કે કૃષ્ણકાવ્યોંકા તુલનાત્મક અધ્યયન
–ડૉ. એન. એસ. દક્ષિણામૂર્તિ

## ૪. ગુજરાતી

ગીતા ત્રિપુટી
–ગાંધીજી, અમદાવાદ, ૧૯૬૦
દક્ષિણના વૈષ્ણવ આળવાર ભકતો
–ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા

નચિકેતા
—ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, અમદાવાદ, ૧૯૮૨
ભારત—રત્ન
—ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, વડોદરા, ૧૯૬૭
યયાતિ
—ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, અમદાવાદ, ૧૯૭૭
વેદવ્યાસ અને મહાભારત
—ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, અમદાવાદ, ૧૯૭૬
શ્રીકૃષ્ણનું વૈવાહિક જીવન અને રાસલીલા
—ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, અમદાવાદ, ૧૯૭૫
શ્રીકૃષ્ણ : પુરુષોત્તમ અને અન્તર્યામી (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ)
—ડૉ. ઉપેન્દ્રરાય સાંડેસરા, અમદાવાદ, ૧૯૭૩—૧૯૭૮

## ૫. અંગ્રેજી

A Descriptive Bibliography of the Printed Texts of the Pancharatragama
—H. Daniel Smith, Baroda
A History of Indian Philosophy
—Dr. S. N. Dasgupta, Cambridge University, 1952
A History of South India
—K. A. Nilkantha Shastri, Oxford University, 1966
Cultural Heritage of India Vols. III, IV (2nd edition)
—Ramakrishna Mission, Calcutta, 1956
History of Dharmashastras Vols I-V.
—Dr. P. V. Kane, Poona, 1930-1962
History of Indian Literature Vol. III
—M. Winternitz, Delhi, 1963
Hymns of the Alvars
—J. S. M. Hooper, Calcutta, 1929
India as Known to Panini
—V. S. Agrawala, II edition, Varanasi, 1963
Indian Philosophy Vols. I II
—Dr. S. Radhakrishnan, London 1962.

Indian Wisdom
–Monier Williams, Varanasi, 1962
Introduction to the Pancharatra and the Ahirbudhnya Samhita
–F. Otto Schradder, Madras, 1916
Iran League Quarterly Vol. XIX, 1949
Life of Sri Ramanuja
–Swami Ramkrishnananda, Madras, 1959
Ramanuja's Teachings in His Own Words
–M. Yamunacharya, Bombay, 1963
Ramanuja Vani (Quarterly) Vols. I–IV, 1978–1981
Shrimad Rahasyatryasara of Sri Vedantadesika
–Translated by M. R. Rajgopal, Kumbakonam, 1956
Shrivaishnava Manipravala
–K. K. A. Venkatachari, Bombay, 1978
The Abhiras, Their History & Culture
–B. Suryavamshi, Baroda, 1962
The Bhagvadgita
–S. Radhakrishnan, London, 1960
The Holy Lives of The Azhvars or The Dravida Saints
–A. Govindacharya
(Photostat Copy of the book published in 1902.)
The Philosophy of Ramanuja
–Krishna Datta Bharadvaj, New Delhi, 1958
The Philosophy of The Shrimad Bhagwata
–Siddheshwar Bhattacharya, Shantiniketan, 1960
The Philosophy of Vishistadvaita
–P. V. Srinivasachari, Adyar, 1946
Tiruppavai of Goda
–S. L. N. Simha, Bombay, 1982
Vaishnavism, Shaivism and Other Minor Religious Sects
–Dr. R. G. Bhandarkar
Vedanta Deshika : His Life, Works and Study
–Dr. Satya Vrata Singh, 1958

# લેખકનાં પ્રકાશનો

૧. મહાભારત અને ઉત્તરાધ્યયન-સૂત્ર, ૧૯૫૩
૨. ભારત-રત્ન (મહાભારતનાં સૂક્તિરત્નોનું સમાલોચન ૮૦૦ પૃષ્ઠનો ગ્રંથ). પ્રથમ આવૃત્તિ ૧૯૬૩; બીજી આવૃત્તિ ૧૯૬૭. આ ગ્રંથને ૧૯૬૩નો શ્રી અરવિંદ સુવર્ણ ચન્દ્રક મળ્યો છે.)
૩. શીખધર્મદર્શન (એમ. એ. ના વર્ગમાં વ્યાખ્યાનો), ૧૯૭૩
૪. શ્રીકૃષ્ણ: પુરુષોત્તમ અને અન્તર્યામી (પૂર્વાર્ધ), (શ્રીકૃષ્ણના જીવનના સર્વ પાસાંઓને આવરી લેતા બૃહદ્ ગ્રંથનો ક્રાઉન આઠ પેજી સાઈઝના ૫૦૦ પૃષ્ઠનો પ્રથમ ભાગ), ૧૯૭૩
૫. સમદર્શી ગુરુ, ૧૯૭૫
૬. શ્રીકૃષ્ણનું વૈવાહિક જીવન અને રાસલીલા, ૧૯૭૫
૭. ગાંધારી, ૧૯૭૫
૮. દ્રૌપદીવસ્ત્રાહરણ, ૧૯૭૬
૯. શીખ દર્શન; ૧૯૭૬
૧૦. ગોવર્ધનધારણ અને કંસચાણૂરમર્દન, ૧૯૭૬
૧૧. ધર્મસંસ્થાપક શ્રીકૃષ્ણ, ૧૯૭૬
૧૨. પૂજ્યતમ શ્રીકૃષ્ણ, ૧૯૭૬
૧૩. શ્રીપતિ શ્રીકૃષ્ણ, ૧૯૭૬
૧૪. વેદવ્યાસ અને મહાભારત, ૧૯૭૬
૧૫. ધર્મરક્ષક શ્રીકૃષ્ણ, ૧૯૭૬
૧૬. મહાભારત: અદ્યતન સંદર્ભમાં, ૧૯૭૬
૧૭. યુધિષ્ઠિરનું સમદર્શન, ૧૯૭૭
૧૮. યુધિષ્ઠિરની સત્યનિષ્ઠા, ૧૯૭૭
૧૯. 'મન તારું મહાન થજો,' ૧૯૭૭
૨૦. મંત્રી શ્રીકૃષ્ણ, ૧૯૭૭
૨૧. સારથિ શ્રીકૃષ્ણ, ૧૯૭૭
૨૨. ધર્મવ્યાધ, ૧૯૭૭
૨૩. યયાતિ, ૧૯૭૭
૨૪. શકુન્તલા અને સાવિત્રી, ૧૯૭૭
૨૫. રોગનિવારક મહા-ઓષધ વિષ્ણુપ્રિયા તુલસી, ૧૯૭૭

૨૬. Tulasi - The Holy Basil I edition, 1977, II edition, 1979
૨૭. ધૃતરાષ્ટ્રનું શોકનિવારણ, ૧૯૭૮
૨૮. તુલાધાર. ૧૯૭૮
૨૯. જનક અને સુલભા, ૧૯૭૮
૩૦. મહાભારતના ધર્મસંવાદ ભાગ—૧, ૧૯૭૮
૩૧. અભિમન્યુ, ૧૯૭૮
૩૨. શીખ ધર્મ (પરિચય પુસ્તિકા), ૧૯૭૮
૩૩. શીખ ધર્મ (યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ), ૧૯૭૮
૩૪ શ્રીકૃષ્ણ : પુરુષોત્તમ અને અન્તર્યામી (ઉત્તરાર્ધ) (શ્રીકૃષ્ણના જીવનના સર્વ પાસાંઓને આવરી લેતા બૃહદ્ ગ્રન્થનો ક્રાઉન આઠ પેજી ૫૦૦ પૃષ્ઠનો બીજો ભાગ ), ૧૯૭૮
૩૫. પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ ભાગ પહેલો (શ્રીકૃષ્ણ: પુરુષોત્તમ અને અન્તર્યામી પૂર્વાર્ધની લોકભોગ્ય આવૃત્તિ ), ૧૯૭૯
૩૬. નચિકેતા, ૧૯૮૨
૩૭. યુધિષ્ઠિર—શૌનક સંવાદ, ૧૯૮૩
૩૮. સોળ રાજાઓનાં ચરિત્ર (ષોડશ રાજકીય), ૧૯૮૩
૩૯. મહાભારતની દૃષ્ટાંત કથાઓ—૧, ૧૯૮૪
૪૦. શ્રીઆણ્ડાળ, ૧૯૮૪

<u>હવે પછી</u>

૪૧. ગુરુ નાનક ( બાલોપયોગી કથા )
૪૨. સંત આણ્ડાળ ( ,, )
૪૩. મહાભારતઃ એક દૃષ્ટિ ( મુંબઈ યુનિવર્સિટીમાં સને ૧૯૭૯નાં ઠક્કર વસનજી માધવજી એન્ડાઉમેન્ટ લેકચર્સ આપ્યાં તે )
૪૪. દક્ષિણના વૈષ્ણવ આળવાર ભક્તો
૪૫. પૂર્ણાવતાર શ્રીકૃષ્ણ ભાગ—૨
૪૬. શુકદેવ
૪૭. મહાભારતના ધર્મસંવાદ ભાગ—૨
૪૮. મહાભારતની દૃષ્ટાંત કથાઓ—૨
૪૯. મહાભારતના ધર્મસંવાદ ભાગ—૩
૫૦. મહાભારતના ધર્મસંવાદ ભાગ—૪
૫૧. નારદપ્રોક્ત રાજધર્મ
૫૨. પ્રાણાયામ